# કુરાનિક કહાણીઓ

: મણકો બીજો :

## વિધ્વસ્ત પ્રજાઓ
## Destroyed Nations

**લેખક : અહમદ સુલૈમાન પટેલ**
બી.એ., (ઓનર્સ) : બી.ટી.ડીપ. બી.એડ.
નિવૃત શાસનાધિકારી : મ્યુ. કોર્પો. સ્કૂલ બોર્ડ - અમદાવાદ.

: પ્ર[illegible] :
શાર્પ પબ્લીકેશનસ
(ડો. રઈ[illegible]
સાહિલ હોસ્પીટલ, અમદાવાદ મ્યુનિસિ[illegible]
અહમદાબાદ-૩[illegible]
ફોન : (૦૭૯) ૫૩૫૫૩૬૧, ૫૩૯૦૦૮૨

કિંમત રૂા. ૪૦/-

Dr. RAIS PATEL
M. D. (Medicine)
Consulting Physician
A 401-404, Sivanta One Business Park,
Opp. Nalli Sarees, Pritamnagar,
Ahmedabad-380006
Ph. 8155030308 Reg. No.:G-5219

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | અન્યની પૂજાનો આરંભ ... ... | ૧ |
| ૨. | શીષ અલૈહિસ્સલામ ... ... | ૪ |
| ૩. | વિદ્યાઓના પિતા ઈદ્રીસ અલૈહિસ્સલામ ... | ૧૦ |
| ૪. | મૂર્તિપૂજાનો આરંભ અને ફેલાવો ... ... | ૧૭ |
| ૫. | નૂહ અલૈ. અને મૂર્તિપૂજાની રોકથામ ... ... | ૨૬ |
| ૬. | નૂહ અલૈ.ની કિશ્તી ... ... | ૪૦ |
| ૭. | મહા જળ-પ્રલય ... ... | ૪૬ |
| ૮. | તોફાનનું શમવું ... ... | ૫૪ |
| ૯. | માનવ-જીવનનો પુનઃવસવાટ ... ... | ૫૮ |
| ૧૦. | આદ-પ્રજાનો વિધ્વંશ ... ... | ૭૨ |
| ૧૧. | સમૂદ-પ્રજાનું સત્યાનાશ ... ... | ૮૭ |
| ૧૨. | લૂત-પ્રજાનું નખ્ખોદ ... ... | ૧૦૪ |
| ૧૩. | મદયન અને અયકા લોકોની પાયમાલી ... | ૧૧૮ |
| ૧૪. | રસ્સ લોકોનો વિનાશ ... ... | ૧૩૭ |
| ૧૫. | સબા જાતિના લોકોનો વેરવિખેર ... ... | ૧૪૧ |
| ૧૬. | અસહાબે ઉખ્દૂદ અથવા તુબ્બઅ કોમનો વિનાશ | ૧૬૮ |
| ૧૭. | અસ્હાબે ફીલની દુર્દશા ... ... | ૧૯૨ |
| ૧૮. | દ્રવિડ પ્રજાનું પતન ... ... | ૨૧૪ |

## : બીજી આવૃત્તિની પ્રસ્તાવના:

કુરાનિક કહાણીઓ ભાગ-૨ની બીજી આવૃતિ પ્રગટ કરતાં હું ઘણીજ ખુશી અનુભવું છું, લેખક જનાબ **એહમદ સુલેમાન પટેલ સાહબ**ના ઈન્તિકાલ પછી દસ વર્ષે આ પુસ્તકનો બીજો ભાગ પ્રગટ થઈ રહ્યો છે. સમાજમાં આ પુસ્તકની પુષ્કળ માંગ હોવા છતાં અનિવાર્ય સંજોગોને કારણે આ આવૃતિ પ્રગટ કરવામાં જે મોડું થયું છે તે બદલ વાંચકોને દરગુજર કરવા વિનંતી કરુ છું આ પુસ્તક સર્વ માન્ય અને પ્રમાણિત છે. તેમ છતાં પુસ્તકમાં ભૂલો રહી ગઈ હોયતો સુજ્ઞ વાચકો તેને દરગુજર કરે તેવી આશા છે. અને ભૂલો પ્રત્યે અમારૂ ધ્યાન દોરવા વાચકોને વિનંતી જેથી નવા અંકમાં તેને સુધારી શકાય.

આ પુસ્તક છપાવવામાં મુફ્તી અબદુસ્સલામ સાહબ તથા જનાબ ઇમદાદુલ્લાહભાઈનો ઘણો મોટો ફાળો છે તેમના હૃદય-પૂર્વકના પ્રયત્નો અને અથાગ મહેનતના કારણે આ પુસ્તક તૈયાર કરવામાં તેમજ ભૂલો સુધારવામાં ઘણીજ સરળતા રહી છે. આ ઉપરાંત આ પુસ્તક તૈયાર કરવામાં ઝુલેખા એહમદ પટેલે પણ નાણાંકીય મદદ કરી છે, તે માટે હું તેમનો પણ આભારી છું અને સૌના માટે દુઆ ગુઝારુ છું

અંતમાં હું આપ સૌને વિનંતી કરીશ કે આ પુસ્તકના લેખક મર્હુમ એહમદ સુલેમાન પટેલની મગફિરત માટે અલ્લાહથી દુઆ કરેં તેમજ આ પુસ્તકનો ત્રીજો અને પાંચમો ભાગ પણ ઝડપથી છપાય તે માટે પણ અલ્લાહ તઆલાથી દુઆ કરેં.

લી. પ્રકાશક :

**ડો. રઈસ એમ. પટેલ**
**શાર્પ પબ્લીકેશનસ**
સાહિલ હોસ્પીટલ, મ્યુનિસિપલ કોર્પોરેશનની સામે,
ખમાસા, અહમદાબાદ-૩૮૦૦૦૧. (ગુજરાત)
ફોન : (૦૭૯) ૫૩૫૫૩૬૧, ૫૩૯૦૦૮૨

## : સંક્ષેપોની સમજ :

૧. ૨:૨૫૫ એટલે પવિત્ર કુરઆનની બીજી સૂરાની ૨૫૫મી આયત

૨. ૩૭:૧૮૧ એટલે પવિત્ર કુરઆનની ૩૭માં પ્રકરણની ૧૮૧મી આયત આ પ્રમાણે જયાં જયાં આવી નોંધ કે લખાણ આવે ત્યારે પહેલો આંક સૂરા કે પ્રકરણ દર્શાવે છે અને બીજો આંક તે સૂરા કે પ્રકરણની આયત અર્થાત વાકય દર્શાવે છે આજ પ્રમાણે તૌરાત કે ઈન્જિલનું પણ સમજવું.

૩. સ.અ.વ. : સલ્લલાહો અલયહે વસલ્લમ એટલેકે મુહમ્મદ સલ્લલાહો અલયહે વસલ્લમ અર્થાત એમના ઉપર અલ્લાહના સલામ અથવા શાંતિ હોજો.

૪. અલૈ. : અલૈહિસ્સલામો વસ્સલ્લામ એટલે કે એમના ઉપર સલામ અર્થાત શાંતિ હોજો.

૫. રદી. : રદીઅલ્લાહો અનહો એટલે કે અલ્લાહ તેમનાથી ખુશ રહે.

૬. અનુવાદવાળી આયતોમાં પયગંબરોનાં નામ આવતાં હોય તો ત્યાં સ.અ.વ. અને અલૈ. માનાર્થે વપરાય છે તે મૂકયા નથી કારણ આયતોમાં તેવું હોતું નથી.

૭. આયતોના અનુવાદમાં કૌસમાં અર્થાત ( ) આ ચિન્હો વચ્ચે આવેલ શબ્દો અસલ ભાષામાં નથી, પણ અર્થ સ્પષ્ટ કરવા માટે ભાષાંતરમાં ઉમેરવામાં આવેલા છે.

૮. કેટલીક વેળા મૂળ શબ્દોની સાથે તેમના ગુજરાતી શબ્દો આપેલા છે. જેમકે મખલૂક અર્થાત કૃતિ, મોહતાજ કે ગરજવાન, શિર્ક અથવા ઈશ્વરપણાની ભાગીદારી વગેરે.

૯. મવાહિબ : મવાહિર્બુરહમાન નામની તફસીર કુરઆનનું ભાષ્યકાર જસ્ટીસ અમીર અલી. પ્રકાશક નવલ કિશોર પ્રેસ લખનૌ.

૧૦ ઈબ્ને કસીર : મૂળ અરબીમાં લખેલી તફસીર છે. પ્રકાશક કુતુબખાનાએ તિજારત, કરાંચી હાફિઝ અમાનુદ્દીન.

૧૧. તફસીરે અઝીઝી : મૌલાના શાહ અ.અઝીઝ મુહદીસ દહેલવી રહે. એ લખેલ. પ્રકાશક કુતુબખાના રહીમમીઆ દેવબંદ યુ.પી.

૧૨. ગુજરાતી કુરઆન : મૌલવી અ. રહીમ સાદિક ગુજરાતી તરજુમો
પ્રકાશક સાદિક બુક ડિપો રાંદેર.
૧૩. હિન્દી કુરઆન મજીદ : મૌલવી ફતેહ મુહમ્મદ હિન્દી તરજુમો
પ્રકાશક મકતબા અલ-હસનાત રામપુર, યુ.પી.
૧૪. મઆરિફુલ કુરઆન : તફસીર - મૌલાના મુફતી મુહમ્મદ શફી
પ્રકાશક ઈદારાએ અલ-મારિફ કરાંચી.
૧૫. કુરઆન મજીદ : ગુજરાતી અનુવાદ હબીબ ઈસ્માઈલ મેમોરીયલ ટ્રસ્ટ
પાયધુની, મુંબઈ.
૧૬. Translation of the Holy Quran Abdullah Yusuf Ali Published
by the Muslim World League. Mecca.
૧૭. તફસીરે હક્કાની : લેખક અ. હક્ક સાહેબ હક્કાની દહેલવી.
પ્રકાશક કુતુબખાના નઈમિયા દેવબંધ.
૧૮. તફસીરે કાદરી : તરજુમો કરનાર મુહમ્મદ ફખરૂદ્દીન
પ્રકાશક મુન્શી તેજકુમાર લખનૌ.
૧૯. કસસુલ કુરઆન : હિફ્ઝુરેહમાન
પ્રકાશક નદવતુન મુસીદ્દીન દિલ્હી.

# આમુખ

જેનામાં સમજ શકિત છે તે સારી રીતે સમજી શકે છે કે સૃષ્ટિનો કોઈક સર્જનહાર છે જ, તેનો કોઈ ભાગીદાર હોઈ શકે નહીં, તે દરેક દુર્ગુણથી પર છે અને તે કોઈનો મોહતાજ કે ગરજવાન હોતો નથી. જ્યારે કોઈ વસ્તુને આપણે જોઈએ છીએ જેમકે પેટી, પાકીટ ત્યારે આપણને તરતજ ખબર પડી જાય છે કે તે વસ્તુનો બનાવનાર કોઈક તો હોવો જ જોઈએ. તેવી રીતે આપણને ખબર પડી જાય છે કે આ સૃષ્ટિની વસ્તુઓનો જેવી કે સૂર્ય, ચંદ્ર વગેરેનો કોઈક બનાવનાર અદ્‌ભૂત અને પ્રવિણ કારીગર હોવોજ જોઈએ અને એવું માન્યા વિના ચાલતું પણ નથી. આવો અદ્‌ભૂત કારીગર બીજો કોઈ નહીં પણ સૃષ્ટિનો સર્જનહાર અલ્લાહ છે. તે અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેવાનો છે. તે મૌજૂદ છે અને સજીવ પણ છે. આવું બધું તેના માટે આપણે બધાજ સાહજિક રીતે માનીએ છીએ. આ અંગે અલ્લાહ તઆલા જાતે ફરમાવે છે કે **''જેમ અલ્લાહ મૌજૂદ છે એવી માન્યતા સાહજિક છે તેમ તે દયામય છે તેવી માન્યતા પણ સાહજિક છે''**

પોતાની દયામય-વૃતિના કારણે તેણે પેદા કરેલી દરેક સજીવ કે નિર્જીવ વસ્તુ માટે તેણે પૂરતી વ્યવસ્થા કરી છે : જેમકે, કરોળિયાના મોંમાં લાળ મૂકી કે જેથી તે પોતાનું જાળું તૈયાર કરે અને તેમાં બેઠો-બેઠો શિકાર કરી આજીવિકા મેળવે. ઉંચાં ઉંચાં ઝાડોની ડાળીઓ પર કે પર્વતોના શિખરો પર કે બખોલાંમાં પક્ષીઓ પોતપોતાને ગોઠે તેવા માળાઓ બાંધે તેવી વૃત્તિ તેમને આપી ઉડવા માટે પાંખો આપી. શરદી ગરમીથી બચવા માટ જમીનમાં દર બનાવવાની વૃત્તિ જીવ-જંતુઓને તેણે ઈનાયત કરી. જંગલી પ્રાણીઓને વનવગડામાં રહેવાની વૃત્તિ આપી તથા શિકારી દાંત પંજા આપ્યા જેથી તેમના વડે શિકાર કરી પોતાનું પેટ ભરે, વનસ્પતિને જમીનમાંથી રસ ચૂસવા માટે મૂળિયાં અને હવામાંથી કાર્બન ડાયોકસાઈડ ચૂસવા માટે પાંદડાં ઈનાયત થયાં. આમ અલ્લાહ તઆલાએ પશુ-પક્ષીઓ, વનસ્પતિ વગેરેને જીવવા માટે પૂરતી કાળજી લીધી છે; તો જગતની શ્રેષ્ઠ કૃતિ અને વળી પોતાના પ્રતિનિધિ ઈન્સાન માટે શું ન કર્યું હશે ! અત્રે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. છતાં એટલું કહીશ કે આજીવિકા મેળવવા અલ્લાહે માનવીને અનેક પ્રકારની શારીરિક

અને માનસિક શકિતઓ આપી છે અને સાથે સાથે પરલોકનું ચિંતન કરવા બુધ્ધિ કે આધ્યાત્મિક શકિત પણ આપી છે. અને તેથી જ તે સર્વ કરતાં ઉત્કૃષ્ટ છે.

પોતાના સર્જનહાર પ્રત્યે રજૂ રહે, તેની જ ઉપાસના કરતો રહે અને સત્ય-અસત્યનાં પારખાં કરી શકે. તે માટે તેને માર્ગ ચીંધનારની જરૂર રહે છે. ચિંતનમાં તેને એ જાણવાની જરૂર છે કે મરણ પછીનું જીવન શકય છે કે કેમ? શકય હોય તો તે કેવું હશે? ત્યાં આજીવિકાનો કેવો પ્રબંધ હશે? ત્યાં મોત હશે કે નહીં? ત્યાં પણ અહીંની જેમ જીવન-મરણના ફેરા થતા રહેશે કે કેમ? આવા અનેક પ્રશ્નોની ખોજ બુધ્ધિ કર્યા કરે છે પણ પરલોકનો સ્પષ્ટ ખ્યાલ તેને આવતો નથી. તે ગૂંચવાઈ જાય છે તેથી તેને માર્ગદર્શનની જરૂર પડે છે. એ માર્ગદર્શન  પયગંબરો આપે છે.

બીજી રીતે વિચારીએ તો બુધ્ધિ સાથે વહેમ બાથ ભીડયા કરે છે અને બુધ્ધિને ગૂંચવી નાંખે છે : જેમકે અવાવરા ઘરમાં રાતના સમયે કોઈક શબ જોવામાં આવે તો કેટલાક બહુ ડરી જાય છે. બુધ્ધિ તેને ઘણુંયે સમજાવે છે કે પ્રાણ વિનાનું શરીર કશું પણ કરી શકે નહીં; પરંતુ વહેમ અથવા વસવસો તેને કહે છે કે એવું શરીર જ પ્રેત બની જીવતાંઓને વળગે છે અને તેમને નુકસાન પહોંચાડે છે. આવા પ્રસંગોમાં બુધ્ધિ અટવાઈ પડે છે તેથી તેને દોરવણીની જરૂર રહે છે.

એ તો તમે જાણો છો કે મોટા ભાગે બુધ્ધિ ઈંદ્રિયો દ્વારા કામકાજ કરે છે. ઈંદ્રિયોની પકડ બહારની વસ્તુ હોય ત્યારે તેને સમજવા માટે શ્રેણીબધ્ધ દલીલો ગોઠવી પરીણામ કાઢવું પડે છે. આ અંગેના પુરાવા તર્કશાસ્ત્ર (Logic)માંથી મળી શકશે. છતાં એક બાબત અહીં રજૂ કરું છું  એક દલીલ છે કે ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ : પરંતુ જિન્નાતોનું એક પ્રતિનિધિ-મંડળ આપ સ.અ.વ. પાસે આવ્યું હતું ત્યારે ધુમાડો થયો હતો પણ અગ્નિએ દેખાઈ દીધી ન હતી. આમ જ્યાં ઈંદ્રીયો પારખી શકતી ન હોય ત્યારે બુધ્ધિને ખૂબ જ કસવી પડે છે; જેમકે પરલોક-જીવનને જાણવાનું અલ્લાહને ઓળખવાનું, તેની શકિતઓ અને તેના ગુણો જાણવાનું ઈંદ્રીયોથી પૈર છે. આવી બાબતો સમજવામાં બુધ્ધિ ગૂંચવાઈ પડે છે એટલે જ માનવોને હિદાયતની જરૂર પડે છે. વળી માણસની શારીરિક સ્થિતી બદલાતી રહે છે. તે જ્યારે ભૂખ્યો કે

તરસ્યો હોય, માંદો કે સાજોમાજો હોય, આનંદમાં મગ્ન હોય કે ગરમીમાં તરબોળ હોય, મોજ મજામાં હોય કે માથે દુ:ખનો ટોપલો આવી પડયો હોય ત્યારે તેની બુધ્ધિ એક સરખી રીતે કામ કરતી નથી. આ કારણે પણ લોકોમાં ઘણાં મતભેદ પ્રર્વતતા રહે છે. એક જ બાબતને એક વ્યકિત ભલી જાણે છે, જ્યારે બીજી વ્યકિત તેને નઠારી જાણે છે. એ બાબત તમે જાણતા હશો કે પહેલાં અગ્નિ, વાયુ, પાણી અને માટી એ ચાર મૂળભૂત તત્ત્વો ગણાતા હતા. આજના વૈજ્ઞાનિક યુગમાં બોંબના પરમાણુઓ જુદા પાડતાં પ્રોટોન અને ન્યુટ્રોન નામના નવા મૂળતત્ત્વ શોધાયા. આ ઉપરથી એવું ફલિત થાય છે કે, બુધ્ધિ ભૂલો ન કરે એ સંભવિત નથી.

આ દ્રષ્ટિએ તેમજ આત્માના સુધાર માટે બુધ્ધિને માર્ગદર્શન આપવાની જરૂર રહે છે. માનવીના જન્મ વેળાએ જ અલ્લાહે નિર્દેશ કર્યો હતો કે **"હે આદમના વંશજો ! જો તમારી પાસે તમારા માંથી એવા રસૂલો આવે કે જેઓ તમને મારી આયતો (ઉપદેશ) સંભળાવે તો તમે તેનો સ્વીકાર કરી લેજો"** ૭ : ૩૫ આ નિર્દેશથી ફલિત થાય છે કે જો અલ્લાહે દયામયભાવે નબીઓ કે રસૂલો દ્વારા માર્ગદર્શન ન આપ્યું હોત તો ઈન્સાન તેના સર્જનહાર કે પાલનહારને ભૂલી ગયો હોત.

આ માટે અલ્લાહ તઆલા એવા મનુષ્ય પેદા કરે છે જેમનામાં વહેમો કે વસવસા હોતા નથી; જેમનામાં મનોવાસનાઓ હોતી નથી; જેમને આકાશ અને પૃથ્વીના રહસ્યોનું (Secrets of the earth and Heaven) અને તેમાની વસ્તુઓના મૂળભૂત તત્ત્વોનું અદ્વિતીય જ્ઞાન હોય છે; તેમનામાં મરણ પછીના જીવનની માહિતગારી હોય છે અને માનવ જાતિને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સરસ માર્ગ દેખાડવાની શકિત હોય છે. આવી વ્યક્તિઓ પયગંબર, નબી કે રસૂલ કહેવાય છે. તઓ માસૂમ કે નિરપરાધી હોય છે. અલ્લાહ તેમને પોતાના પ્રતિનિધિ બનાવે છે, તેમના પર અલ્લાહ માનવ-જાતિની હિદાયત માટે ફરિશ્તાઓ મારફત પોતાના પયગામો વહી કરે છે. તેઓ પોતપોતાની કોમોને, પ્રજાઓને, પોતપોતાના જાતિભાઈઓને કે પોતપોતાના જન-સમુદાયોને તેમની જ ભાષામાં સરળ રીતે ઉપદેશ આપે છે. પવિત્ર કુરઆનમાં આ રીતે કહેવામાં આવ્યું છે કે **"અમારો પયગામ આપવા માટે જ્યારે નબી કે રસૂલ મોકલ્યો છે ત્યારે તેણે પોતાની કોમની ભાષામાં તે પયગામ લોકોને સારી રીતે સમજાવ્યો છે."** ૧૪:૪ વળી કોઈપણ પ્રજાના, કોઈપણ કોમ કે

કોઈપણ સમુદાયના લોકોમાં તેમની હિદાયત માટે અલ્લાહ તઆલાએ કોઈને કોઈ નબી, રસૂલ અથવા પયગંબર મોકલ્યો ન હોય એવું બન્યું નથી. પવિત્ર કુરઆનની નીચેની આયતોથી આ પુરવાર થાય છે.

**''દરેક પ્રજા માટે એક રસૂલ મોકલવામાં આવ્યો છે.'' ૧૦ : ૪૭**

**''દરેક કોમ માટે એક ઉપદેશક મોકલવામાં આવ્યો છે.'' ૧૩ : ૭**

**''કોઈ પણ જન-સમુદાય એવો નથી રહ્યો કે જેમાં ડરાવનાર (રસૂલ કે નબી) ન થઈ ગયો હોય.'' ૩૫ :૨૪**

આથી એવું પણ ફલિત થાય છે કે ઉપદેશ આપનારા અને ડરાવનારા નબીઓ, રસૂલો કે પયગંબરો દરેક પ્રજામાં દરેક કોમમાં દરેક જન-સમુદાયમાં વારાફરતી પેદા થતાં ગયા છે. આ ક્રમમાં સૌથી છેલ્લા નબી અને રસૂલ હજરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ થઈ ગયા. હવે તેમના પછી કોઈ નબીકે રસૂલ થવાના નથી. એ બાબતમાંથી એ પણ ફલિત થાય છે કે માનવ જાતિને સંપૂર્ણ હિદાયત આપી દેવામાં આવી છે; તેમાં વધારા કે ઘટાડાને કોઈ અવકાશ નથી એટલે જગતના સર્વ દેશોના લોકોએ આપ સ.અ.વ.મે આપેલ હિદાયત પ્રમાણે ચાલવું રહ્યું.

સઘળા પયગંબરોના સંદેશાઓનો પ્રધાન સૂર એ હતો કે માનવ-જાતિએ સૃષ્ટિના સર્જનહાર જેમનું નામ ''અલ્લાહ'' છે તેમની જ બંદગી કરવી; શિર્ક અર્થાત બહુદેવવાદ કે ઈશ્વરપણાની ભાગીદારી કરવામાં ન આવે; અલ્લાહને માને છતાં તેની શકિતઓ ધરાવનારાઓની કલ્પિત મૂર્તિઓ બનાવી તેમની પૂજા ન કરે, લોકો ઈશ્વરમય જીવન ગાળે અર્થાત અલ્લાહને આધિન બનીને રહે અને સમાજમાં લોકો સાથે ન્યાયથી વર્તે.

તેમનો ઉપદેશ કેવળ ધાર્મિક બાબતોને લગતો ન હતો, જીવનની સઘળી બાબતોને જેવી કે રાજકીય, આર્થિક, સામાજિક બાબતોને, અર્થાત સમગ્ર જીવનને સ્પર્શતો હતો. આવા ઉપદેશ સાંભળી શયતાની શકિતઓ પયગંબરોના મિશન કાર્યને અસફળ બનાવવામાં કામે લાગી જતી, તેમાં ખાસ કરીને શ્રીમંત વર્ગ અને સરદારો અગવા સમાજનો ઉપલો વર્ગ ખૂબજ વિરોધ કરતો. આ વર્ગ પયગંબરોના ઉપદેશમાં પોતાનું હિત જોખમાયેલું

જોતો અને તેથી પોતાનો વર્ચસ્વ ગુમાવી બેસવાનો તેને ભય લાગ્યા કરતો. આ વર્ગ સામાન્ય જનતાને પણ વિરોધ કરવા ઉશ્કેરતો રહેતો હતો, પોતાના પૂર્વજો જેમની પૂજા કરતા હતા તેમની પૂજા ચાલુ રાખવા પ્રચાર કરતો હતો. અજ્ઞાન લોકોને એવું પૂછડું પકડાવી દેતો કે **''શું અલ્લાહે આપણા જેવા માનવીને પયગંબર બનાવી મોકલ્યો?''** ૧૭ : ૯૪ પરીણામે પ્રજાઓ કે કોમો પયગંબરોને પાગલ જાદુગર અને જૂઠા કહેતા. ઘણી વેળા તેમને શારીરિક ઈજા પહોંચાડતા એટલુંજ નહીં તેમને પોતાની વસ્તીમાંથી હાંકી કાઢવાની કે પથ્થર મારીને મારી નાંખવાની ધમકીઓ આપતા. આથી અત્યંત દુ:ખદાયક પરિસ્થિતિ સર્જાતી ત્યારે અલ્લાહનો અઝાબ અર્થાત કોપ તે પ્રજા પર ઉતરતો અને તેનો નાશ કરી નાંખતો. આ બાબતનો ખ્યાલ પવિત્ર કુરઆનમાં નીચેની આયતોમાંથી મળી આવે છે.

**''જે કોઈ અલ્લાહ અને તેના રસૂલોનો વિરોધ કરે છે તો નિ:સંદેહ અલ્લાહ તેને સખત શિક્ષા આપે છે.''** ૮ : ૧૩.

**''અને આ વસ્તીઓના (જે વેરાન અને ઉજ્જડ પડેલી છે તે) લોકો પાપી બની ગયા ત્યારે અમે (અલ્લાહે) તેમનો નાશ કરી નાંખ્યો''** ૧૮ :૫૯.

**''જે પાપી હતી એવી કેટલીય વ્યક્તિઓને અમે નાશ કરી નાંખ્યો અને પછી બીજા લોકો પેદા કર્યા.''** ૨૧ : ૧૧

**''અને તારો પરવદિગાર ત્યાં સુધી વસ્તીઓનો નાશ કરી નાંખતો નથી જ્યાં સુધી તેમની મુખ્ય વસ્તીમાં એક પયગંબર મોકલે નહીં જે તેમને અમારી આયતો કહી ન સંભળાવે અને તે પછી પણ અમે તે વસ્તીને બરબાદ કરતા નથી ત્યાં સુધી કે તેવીજ પરિસ્થિતિમાં તે વસ્તીના લોકો પાપી કૃત્યો કરવામાં રચ્યા પચ્યા રહે.''** ૨૮ : ૫૯

આ આયતોથી સમજી શકાશે કે અગાઉથી ખબર આપ્યા વિના એટલે કે ઉપદેશ આપ્યા વિના **''જોરજુલમથી, ત્યાંના લોકો બેખબર હોય તેવી પરિસ્થિતિમાં અલ્લાહ કોઈ કોમનો નાશ કરી નાંખતો નથી.''** ૬ : ૧૩૧ જે તે પયગંબરની પ્રજાના લોકો અલ્લાહ તઆલાની અને તે પ્રજા માટે મોકલેલા પયગંબરની અવજ્ઞા કરવામાં હદ વટવી ગયા હશે ત્યારે અલ્લાહ

તઆલાએ તે પ્રજાના લોકોનો નાશ કર્યો હશે. આ મણકામાં (ભાગમાં) એવી રીતે નાશ થયેલ પ્રજાઓ, જાતિઓ કે જન-સમુદાયની કહાણીઓ વાંચવા મળશે.

વિધ્વસ્ત પ્રજાઓની કહાનીઓના વાંચનથી એમ લાગ્યા વિના રહેતું નથી કે અલ્લાહ અને તેના પયગંબરોની અવજ્ઞા કરનારી પ્રજાઓને અઝાબ આપવાની અર્થાત શિક્ષા કરવાની બે રીતો અલ્લાહે અખ્તયાર કરી છે. જ્યારે જ્યારે અન્યની પૂજા કરનારાઓનો અને પયગંબરોને જુઠલાવનારાઓનો સામનો એકજ અલ્લાહની બંદગી કરનારાઓ અને પયગંબરોને સાચા માનનારાઓ કરી શકયા નહી ત્યારે કોઈક પ્રકારનો આસમાની કે ધરતીય અઝાબ કે પ્રકોપ રાત્રિના કે દિવસના ગમે તે સમયે આવી પડયો હતો અને જે તે પ્રજાનો વિધ્વંશ કરવામાં આવયો હતો; પરંતુ નેક લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. આવા અઝાબના સમય સંબંધી પવિત્ર કુરઆનમાં કહેવામાં આવેલું છે કે, **''અને અમે કેટલીય વસ્તીઓ નાશ કરી નાખી : તેમના ઉપર અમારો અઝાબ અર્થાત પ્રકોપ રાતના સૂતી વેળા અથવા બપોરે આરામ કરતા હોય તે વેળા આવી પહોંચ્યો હતો.''** ૭ : ૪

નૂહ અલૈ.ની કોમ મહા-જલપ્રલયમાં ડૂબીને નાશ પામી: આદ પ્રજા જોરશોરથી ફુંકાતા પવનથી નાશ પામી: સમૂદ જાતિના લોકોનો વિજળીની ગર્જનાથી તથા તેના ચમકારોથી અંત આવ્યો: લૂત અલૈ.ના શહેરો પર ગરમ ગરમ ચૂનાના પથ્થરોનો મારો ચલાવવામાં આવ્યો હતો, તથા તેમને ઉંધા નાખી દેવામાં આવ્યા હતા. શુએબ અલૈ.ના મદયનના લોકો એકાએક થયેલા ભૂકંપથી અને વનવગડામાં રહેતા લોકો પર વાદળીમાંથી અગ્નિ વરસવાથી નાશ પામ્યા હતા: બેબિલોનમાં મહાન સમ્રાટ નમરૂદ અને તેના લશ્કરનો નાશ મચ્છરોના સૈન્યે કર્યા હતા. ફિરઑન અને તેના સૈન્યને સમુદ્રમાં ડૂબાડી દેવામાં આવ્યું હતું. મા'રિબનો વિખ્યાત બંધ મહા રેલે તોડી નાંખ્યો જેથી સબા પ્રજા વેરવિખેર થઈ ગઈ હતી. પવિત્ર કા'બાને તોડી પાડવા આવેલા અબહા અને તેના ૬૦ હજારના સૈન્યનો જેમાં હાથીઓ પણ હતા, નાના-નાના પક્ષીઓએ કાંકરા મારી નાશ કર્યો હતો. આવા સઘળા પ્રસંગોમાં અધર્મીઓનો સામનો કરવાની ધર્મિષ્ઠોને કે તૌહીદ-પરસ્તોની શકિત નહતી, તેથી ગમે તે પ્રકારની કુદરતી આફત ઉતરી પડતી. તેથી અધર્મીઓ પાયમાલ થઈ જતા કે

તેમનો સંપૂર્ણ વિનાશ થઈ જતા, જ્યારે ધર્મિષ્ઠો હેમખેમ ઉગરી જતા હતા.

અલ્લાહ અને તેના પયગંબરો પર વારી જનારાઓ અર્થાત તેમની આજ્ઞા માનનારાઓ સંખ્યા બળમાં અધર્મીઓ કરતાં ઓછા રહ્યા ત્યાં સુધી તેમનું રક્ષણ અલ્લાહે કર્યું, પરંતુ જ્યારે અલ્લાહ અને તેના પયગંબરોના દુશ્મનોથી રક્ષણ કરી શકવા તેમનું આધ્યાત્મિક બળ શક્તિશાળી બની ગયું ત્યારે પોતાનું તેમજ પોતાના ધર્મનું રક્ષણ કરવા જિહાદ કરવાનો, રણમેદાનમાં ઝંપલાવવાનો અને પ્રાણાપર્ણ કરવાનો હુકમ અલ્લાહે સાદર કર્યો. સાથે સાથે અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરો મારફત એવો વાયદો પણ આપ્યો કે આવા યુધ્ધમાં અવશ્ય તેમની જીત થશે. આવા યુધ્ધોમાં અર્થાત જિહાદોમાં કેટલીક વેળા ફરિશ્તાઓનું અદ્રશ્ય સૈન્ય મદદ કરતું અને કેટલાક વેળા તેમની જરૂર પડતી નહીં; વારીજનારાઓ અડગ બની લડતા અને તેમને જીત મળતી.

ટૂંકમાં સત્ય અને અસત્ય, સાચું અને જૂઠું પારખી લીધા છતાં પોતાની શત્રુતા અને ઘમંડતાના કારણે પયગંબરોની તાલીમ અને હિદાયતથી મોં ફેરવી તોળ્યું હોય એટલું જ નહીં પયગંબરો અને તેમના અનુયાયીઓને મીટાવી દેવાના પ્રયત્નો કર્યા હોય તેવી પ્રજાઓને, તેવી જાતિઓને અલ્લાહ તઆલાએ શિક્ષા કરી તેમનું નામનિશાન ભૂંસી નાંખ્યું છે. આવી શિક્ષા કરવામાં અલ્લાહ તઆલાએ પોતાનો કોપ ઉતારવાની કે યુધ્ધ કરાવવાની બે રીતો અખત્યાર કરી છે; પરંતુ આમ કહેવામાં મારો આશય એ નથી કે બીજી રીતો અખત્યાર કરવા શકિતમાન નથી. ગમે તે રીતે આવી અવજ્ઞા કરનારી કોમોનો નાશ કરવા તે શકિતમાન છે: જેમકે દ્વારકાના યાદવો માંહોમાંહે લડીને નાશ પામ્યા; પાંડવો-કૌરવો જુગટું રમ્યા અને માંહોમાંહે કુરૂક્ષેત્રમાં લડી નાશ પામ્યા; રાવણનું દૈત્ય સૈન્ય ફાટફૂટના કારણે નાશ પામ્યું. અહીં જે પ્રજાઓની કહાણીઓ આપી છે તે સર્વ આ બે રીતે વિનાશ પામી છે.

**અહમદ સુલેમાન પટેલ**
નિવૃત શાસનાધિકારી
મ્યુ. કોર્પો. સ્કુલ બોર્ડ અમદાવાદ

# કુરાનિક કહાણીઓ

**-: મણકો બીજો :-**

**વિધ્વસ્ત પ્રજાઓ : Destroyed Nations**

## ૧. અન્યની પૂજાનો આરંભ

આજે દુનિયામાં લોકો અનેક ધર્મો પાળે છે, પરંતુ દુઃખ એ બાબતનું છે કે દરેકને પોતાનો ધર્મ સાચો લાગે છે. આ પરિસ્થિતમાં સાચો ધર્મ કયો તેનો નિર્ણય કરવો અતિ-મૂંઝવણ ભર્યો પ્રશ્ન છે. એ પ્રશ્નનો ઉત્તર તો તમને પવિત્ર કુરઆનમાંથી ઠેકઠેકાણેથી મળી રહેશે., પરંતુ ખાસ કરીને ૨:૨૧૩ અને ૧૦:૧૯ ની આયતોમાંથી બહુ સ્પષ્ટપણે મળી રહે છે. બંને આયતોમાં કહેવામાં આવ્યું છે કે, ''શરૂઆતમાં સઘળા લોકો એકજ પંથના હતા.'' અર્થાત એકજ ધર્મ પાળતા હતા. તેથી એવું ફલિત થાય છે કે શરૂઆતમાં અર્થાત આદમ અલૈ. અને તેમના પછીના ૬-૭ પેઢીઓના લોકો એકજ ધર્મ પાળતા હતા તે ધર્મ સાચો હોવો જોઈએ. હવે તમે બીજો પ્રશ્ન પૂછશો કે, ''તો પછી તે ધર્મ કયો?''

આપણે કુરાનિક કહાણીઓના ભાગ-૧ માં જોઈ ગયા કે, મીસાકે અઝલ અર્થાત આદ્ય કરાર થયા ત્યારે સઘળા માનવ આત્માઓએ અલ્લાહને પોતાનો રબ અર્થાત માલિક માન્ય કર્યો હતો. આ કરારની રૂએ માનવોને અલ્લાહ સિવાય બીજા કોઈની બંદગી કે પૂજા કરવાની રહેતી નથી. અહીં તમે ત્રીજો પ્રશ્ન ઉપસ્થિત કરશો કે જગતમાં એવું કોઈ નથી જે સર્જનહારની ગમે તે નામે પૂજા કરતું ન હોય. બધા ધર્મોવાળા પોતપોતાની રીતે સૃષ્ટાની પૂજા કરે છે. તો તેની પૂજા ઈબાદતની સાચી રીત કઈ? આ અંગે પણ પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે ''મારા તરફથી (ઉત્તરોત્તર) તમને (એટલેકે માનવીઓને) હિદાયત અથવા બોધ મળે તે પ્રમાણે જેઓ વર્તશે તેમને માટે કોઈ દુઃખ કે દીલગીરીનો પ્રસંગ આવશે નહીં. અને જેઓ તેનો (હિદાયતનો) ઈનકાર કરશે અને અમારી અલામતો અર્થાત નિશાનીઓને જૂઠલાવશે તે લોકો (દોજખની) અગ્નિમાં પડશે અને તેમાં સદાસર્વદા રહેશે.'' ૨:૩૮, ૩૯ આ હિદાયત પયગંબરો દ્વારા વખતોવખત આપવામાં આવેલી છે એટલે જે સમયમાં જે પયગંબર થયા હોય તેમની હિદાયત અથવા બોધ પ્રમાણે અને

તેમના આચરણ પ્રમાણે વર્તવું એ જ સાચો ધર્મ છે. બધાજ પયગંબરોએ તૌહીદનો અર્થાત એકેશ્વરવાદનો પાઠ ભણાવ્યો છે એટલે બધાએ એકજ અલ્લાહની બંદગી કરવી જોઈએ અને તેની સંપૂર્ણ તાબેદારી કરવી જોઈએ. અલ્લાહની સંપૂર્ણ તાબેદારી કરવાના ધર્મને ઈસ્લામ કહેવામાં આવ્યો છે. એ ધર્મ જ સાચો છે.

માનવ-જીવનનાં પૃથ્વી ઉપર મંડાણ થયાં ત્યારથી અલ્લાહે સાચો ધર્મ-એકજ અલ્લાહની બંદગી અને સંપૂર્ણ તેની તાબેદારીનો ધર્મ-નિર્માણ કર્યો છે. શરૂઆતનો આજ ધર્મ હતો. બીજા ધર્મો તો પાછળથી અસ્તિત્વમાં આવ્યા. ''શરૂઆતમાં બધાજ લોકો એકજ પંથના હતા. પાછળથી વિભેદો ઉત્પન્ન કર્યા.'' ૧૦ : ૧૯ આ વિભેદો કોણે ઉત્પન્ન કર્યા તે બાબતમાં પણ પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે ''જે લોકોને કિતાબ આપવામાં આવી હતી તથા જે લોકો પાસે સ્પષ્ટ હુકમો આવી ગયા હતા તે લોકોએ (શરૂઆતમાં ધર્મમાં) વિભેદો ઉત્પન્ન કર્યા'' ૨:૨૧૩. આ વિભેદો લોકોએ શા માટે ઉત્પન્ન કર્યા તે અંગે પણ એજ આયતમાં કહેવામાં આવ્યું કે, ''તેમણે જાણીબૂઝીને આજ્ઞાભંગ કર્યો.'' એ આજ્ઞાભંગ કરવામાં તેમનો સ્વાર્થ હતો, તેમનું હિત હતું. તેઓ બીજાઓ ઉપર વર્ચસ્વ ભોગવવા માંગતા હતા અને આર્થિક લાભ પણ લેવા માંગતા હતા. આથી જોઈ શકાશે કે આરંભમાં ધર્મ તૌહીદ કે એકેશ્વરવાદ પર રચાયેલો હતો અને તે સાચો ધર્મ હતો. તેમાં પાછળથી વિભેદો ઉત્પન્ન થયા અને શિર્ક તથા બહુદેવવાદ કે ઈશ્વરપણાની ભાગીદારીના પાયા પર ઘણાં માનવરચીત ધર્મો સ્થપાયા. કેટલાક અજ્ઞાત લોકો આથી ઊલટું માને છે. તેમનું કેહવું છે કે આરંભમાં માનવી બહુદેવવાદ અર્થાત શિર્કમાં માનતો હતો. પછી ક્રમે ક્રમે પ્રગતિ કરતાં કરતાં તે વહેદાનિયત એટલે કે એકેશ્વરવાદને પામી શક્યો. હકીકત તેથી ઊલ્ટી છે. તૌહીદમાં તે હતો અને ત્યાંથી તે ગબડી પડયો અને શિર્કમાં પડી ગયો. એ કેવી રીતે બન્યું તેનું વિવરણ અહીં આપવામાં આવ્યું છે.

હજરત ઈબ્ને અબ્બાસ રદી.નું કહેવું છે કે આદમ અલૈ. અને નૂહ અલૈ. વચ્ચે દસ જમાના એટલે કે દસ યુગ થઈ ગયા. એ દસે યુગના લોકો એક ધર્મના અને એક પંથના હતા અને તેઓ શરીઅત અર્થાત એકજ સામાજિક, ધાર્મિક, રાજકીય અને આર્થિક અનુશાસન પ્રમાણે વર્તતા હતા. એ કાળમાં મુખ્ય કયા કયા લોકો થઈ ગયા તેમનાં નામ તૌરાત અને કુરઆનની તફસીરો પ્રમાણે અહીં આપવામાં આવ્યાં છે.

તૌરાત પ્રમાણે આદમ અલૈ. નું પેઢીનામું :

આદમ અલૈ. (૧) ૯૩૦ વર્ષ જીવ્યા

કાઈન કે કાબીલ (૨) | હાબેલ | શેથ / શીષ અલૈ.(૨) ૯૧૨ વર્ષ

હનોખ (3)

ઈરાદ (૪)

મહૂયાએલ (૫)

મથૂસાએલ (૬)

પરણ્યો=લામેખ (૭) =પરણ્યો

આદાહને (ઈદાને) — બિલ્કાઈન, નઅમઈ પુત્રી

સિલ્લાહને (ઝીલ્લાને) — યાબલ, યૂબલ (૮)

અનૂસ કે અનોસ (3) ૯૩૦ વર્ષ

કેનાન કે કિનાન (૪) ૯૧૦ વર્ષ

માહલાલએલ કે મહેલાઈલ ૮૫૦ વર્ષ

યારેદ કે યરૂદ (૬) ૯૬૨ વર્ષ

હનોખ કે અખનૂક કે ઇદ્રિસ(૭) ૩૬૫ વર્ષ

મથૂસેલાહ કે મનુસલહ (૮)૯૬૯ વર્ષ

લામેખ કે અલમલક (૯)૭૭૭ વર્ષ

નૂહ અલૈ. (૧૦) ૧૦૩૦ વર્ષ

શેમ, હામ, યાફેસ (૧૧)

अ બિલકાઈન પિત્તળના અને લોઢાનાં હથિયાર બનાવતો હતો.

ब યાબલ પશુપાલન કરી ગુજરાન કરતો હતો તેથી આ ધંધો કરનારાઓને આદિ-પુરુષ યાબલ કહે છે.

क યૂબલે વાંસળી અને વીણા પ્રથમ બનાવ્યાં તેથી સંગીત તજજ્ઞોનો આદ-પુરુષ યૂબલ છે.

નૂહ અલૈ. જગતના પહેલા રસૂલ ગણાય છે.

## ૨. શીષ અલૈહિસ્સલામ

એ તો તમે વાંચી ગયા છો કે હવ્વા અલૈ. ને એકંદરે ૧૨૦ પ્રસૂતિઓ થઈ હતી. દરેક પ્રસૂતિમાં પુત્ર-પુત્રીના જોડકાંનો જન્મ થતો હતો. એવા ૧૯ જોડકાંનો જન્મ થયો હતો. ફકત ત્રીજી પ્રસૂતિ વેળા જોડકું જન્મયું ન હતું તે વેળા એકલા શીષ અલૈ. જન્મયા હતા. તેમને વદ અને હેબતુલ્લાહ પણ કહે છે.[૧] પરંતુ તેઓ શીષના નામે ખૂબ જાણીતા છે. તૌરાતમાં તેમને ''શેથ'' કહ્યાં છે. ઉપરોકત રીતે ગણતાં આદમ-હવ્વા અલૈ. ને ૧૨૦ પુત્રો અને ૧૧૯ પુત્રીઓ હતાં.[૧]

એ હકીકત પણ તમે જાણો છો કે આદમ અલૈ. ના સમયમાં ભાઈ-બહેનનાં લગ્ન થતાં હતાં; પરંતુ એકજ જોડકામાં જન્મેલા ભાઈ-બહેનનાં લગ્ન હરામ અર્થાત નિષેધાત્મક ગણાતાં હતાં. એ નિયમનો ભંગ કાબીલે કર્યો અને લગ્નના ઝગડામાં પોતાના ભાઈ હાબીલનું ખૂન કરી નાખ્યું. હાબીલ અત્યંત નેક અને ધર્મિષ્ઠ હતા. આવા નેક પુત્રનું ૨૦-૨૨ વર્ષની[૨] ભરજુવનીમાં થયેલું ખૂન જોઈ આદમ અલૈ. ને એટલો તો આઘાત લાગ્યો કે તેઓ ૧૦૦ વરસ સુધી એટલા ઉદાસીન રહ્યા હતા કે એટલી લાંબી મુદ્દતમાં કદી હસ્યા ન હતા. આ ઉદાસીનતાના કારણે હોય કે પછી બીજા કોઈ કુદરતી કારણે હોય, હાબીલના મૃત્યુ પછી ૫૦ વર્ષ સુધી હવ્વા અલૈ. ને કોઈ પ્રસૂતિ થઈ ન હતી. આ ૫૦ વર્ષ પછી થએલી પ્રસૂતિમાં એકલા શીષ અલૈ.નો જન્મ થયો હતો.[૩] એમના જન્મ અંગે તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, ''અને આદમ જ્યારે ૧૩૦ વર્ષના થયા ત્યારે તેમની શકલ અર્થાત મુખાકૃતિને મળતો એક પુત્ર તેમને ત્યાં જન્મયો અને તેમણે તેનું નામ શેથ રાખ્યું'' ઉત્પત્તિ પ્ર.:૩. કાબીલ તો પોતાની બહેન અકલીમાને લઈ એડનની પૂર્વમાં આવેલા નૂદ નામના ઈલાકામાં જઈ વસ્યો.[૪] ત્યાં શયતાને તેને બહેકાવ્યો કે ''હાબીલ અગ્નિની પૂજા કરતો હતો તેથી કુરબાની કબુલ થઈ હતી. તું પણ અગ્નિ-

---

૧. ઈબ્ને કસીર-સૂરાએ નૂહની તફસીરમાં ૨૦ પુત્ર-પુત્રીઓ કહ્યા છે.
૨. મવાહિબ Vol. V પૃ. ૧૦૪-૫: ૨૭ની તફસીર.
૩. ઉર્દૂ કસસુલ અંબિયા પૃ. ૨૩.
૪. તૌરાત-ઉત્પત્તિ પ્ર. ૪:૧૭.

પૂજા કરીશ તો તારું ધાર્યું કામ થશે.''[૫] કાબીલે તો તેનું કહ્યું માન્યું નહીં હોય પરંતુ પાછળથી તેના વંશજો અગ્નિ-પૂજા કરવા લાગ્યા હશે એમ લાગે છે. કાબીલના નાસી છૂટયા પછી શીષ અલૈ. સર્વ ભાઈઓમાં વડીલ બન્યા.

તૌરાતમાં કહ્યું છે કે આદમ અલૈ. ની ઉંમર ૧૩૦ વર્ષની થઈ ત્યારે શીષ અલૈ. જન્મયા હતા. ત્યાર પછી હવ્વા અલૈ.ને ૧૧૭ પ્રસૂતિઓ થઈ. તેમની બે પ્રસૂતિઓ વચ્ચેના ગાળાનો અંદાજ મૂકવો અતિ કઠિન છે. બે પ્રસૂતિઓ વચ્ચેનો ગાળો ચાર વર્ષનો ગણીએ તો તેમની છેલ્લી પ્રસૂતિ વેળા તેમની ઉંમર ૫૭૫ વર્ષની હશે એમ કહી શકાય. સામાન્યપણે સ્ત્રીઓની અડધી ઉંમરથી કંઈક વધુ ઉંમર સુધી પ્રસૂતિ થાય છે. પછી થતી નથી, જેમ કે અત્રે ૪૫ વર્ષ પછી સામાન્ય પણે સ્ત્રીઓને પ્રસૂતિ થતી નથી. આ ધોરણે હવ્વા અલૈ.ની છેલ્લી પ્રસૂતિ તેમની અડધી ઉંમરથી કંઈક વધારે વર્ષે થયેલી હશે. આ ગણતરી માટે કોઈ આધારભૂત દાખલો મળતો નથી, કેવળ અનુમાન બાંધી ગણતરી કરી છે, ખરું ખોટું ખુદા જાણે.

કાબીલ ખેતી કરીને અને હાબીલ પશુપાલન કરીને પોતપોતાનું ગુજરાન ચલાવતા હતા. તેથી કહી શકાય કે યોગ્ય ઉંમરે પહોંચતા દરેક પુત્ર આદમ-હવ્વા અલૈ.થી જુદો રહેતો હોવો જોઈએ. શીષ અલૈ. ઘણાજ નેક અને ધર્મિષ્ઠ હતા. પોતાનો ઘણો સમય બંદગીમાં અને ઉપદેશ આપવામાં ગાળતા હતા. તે સૌથી વડીલ હતા એટલે બધા ભાઈઓ તેમને સરદાર ગણતા હતા. યુવાન વયે પહોંચેલા દસ ભાઈઓ ખેતી કરતા હતા. તેઓ શીષ અલૈ.ને ખેતીની ઉપજનો દશમો ભાગ આપતા હતા. તેમાંથી શીષ અલૈ. પોતાના કુટુંબનું ગુજરાન સારી રીતે ચલાવતા હતા, આમ દશમાં ભાગ આપવાની પ્રથામાંથી જ જમીન મહેસુલ લેવાનો કાયદો પાછળથી થયો હશે એમ લાગે છે. ઈસ્લામમાં તો ખેતીની ઉપજનો દસમો ભાગ ગરીબોને કે સરકારને આપવાનો કાયદો આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે નર્યો ખેડૂત હંમેશાં કરજવાન હોય છે. પેલા ભાઈઓ એકલી ખેતી કરતા હતા તેથી તેમને કરજ લેવાની વારંવાર જરૂર પડતી હતી. તેઓ શીષ અલૈ. પાસેથી કરજ લેતા હતાં. પરંતુ તેઓ તેમને વિના વ્યાજે કરજ ધીરતા હતા. આ પ્રમાણે કેટલાક વર્ષ ચાલ્યું.

---

૫. તલબીસે ઈબલીસ જૌઝી કૃત-પૃ. ૭૫.

એક વરસ પેલા ભાઈઓને એવું ભૂત ભરાણું કે શીષ કંઈ પણ કામ કરતા નથી, આપણે દશમો ભાગ આપીએ છીએ તેમાંથી તે આસાનીથી ગુજરાન ચલાવે છે અને ઊલ્ટું આપણને કંઈક ધીરે છે, માટે દશમું ભાગ આપવાનું બંધ કરી દેવું જોઈએ.'' તે વર્ષે સઘળા ભાઈઓએ પોતપોતાનું શીષ અલૈ.નું દેવું તો પતાવી દીધું પરંતુ કોઈએ દશમો ભાગ આપ્યો નહીં અને તેજ વરસે તેમને પયગંબરી મળી;[૬] અને કેટલાક સહીફાઓ અર્થાત આકાશી પુસ્તિકાઓ પણ અલ્લાહ તરફથી મળ્યા. હવે તેમને મુખ્ય કામ આ સહીફાઓમાં અથવા અલ્લાહના હુકમો અને નિયમોને યથાવત ભાઈઓમાં પહોંચાડી દેવાનું અને તે પ્રમાણે હિદાયત કરવાનું થયું; એટલે પણ ખેતીના દશમાં ભાગના તે હકદાર બન્યા. હવે બન્યું એવું કે બીજા વર્ષે ખેતી કરવા માટે પેલા ભાઈઓને કરજ લેવાની જરૂર પડી. તે બધા શીષ અલૈ. પાસે આવ્યા. દશમો ભાગ નિયમિત આપવાની શરતે અને સહીફાઓના નિયમો પાળવાની શરતે શીષ અલૈ.મે વિના વ્યાજે કરજ આપ્યું. એમ કહેવામાં આવે છે કે બધા ભાઈઓ એક અંધ ભાઈને મદદ કરતા હતા. આ રિવાજમાંથી લૂલાં-લંગડા, ગરીબ-ગુરબાંને મદદ કરવાનો કાનૂન આવ્યો હશે અથવા સહીફામાં તેમને મદદ કરવાનો આદેશ આવ્યો હશે તેથી ભાઈઓ આવી મદદ કરતા હશે એવું લાગે છે. આથી સાબીત થાય છે કે તેમનામાં ઈર્ષ્યા દ્વેષભાવ ન હતાં, એકબીજાને મદદ કરી સહકાર મૂલક જીવન ગુજારતા હતા. ત્યારે જીવન આજના જેવું જટિલ ન હતું, રોજી-રોટી સહેલાઈથી મળતી હતી.

''તે સમયે બધા એકજ પંથના હતા'' ૧૦:૧૯ એટલે એક જ અલ્લાહની બંદગી કરતા હતા એટલે કોઈ રસૂલની જરૂર ન હતી; પરંતુ ઘરમાં મળેલી તૌહીદની તાલીમ અને તરબિયતને અર્થાત ઘરમાં મળેલ ભણતર અને ઘડતર પ્રમાણેના સંસ્કારો જાળવી રાખવાની જરૂર હતી. તે માટે શીષ અલૈ. ને ઉપદેશકનું પદ આપવામાં આવ્યું હતું. ત્યારે બધા એકજ કુટુંબના માણસો હતા. તેઓ કુટુંબીજનોના આચાર વિચાર અને સંસ્કારો પર ખૂબ ધ્યાન આપતા હતા તથા પોતાને મળેલા ૫૦ આકાશી સહીફાઓ પ્રમાણે બોધ આપતા હતા અને તે પ્રમાણે આચરણ કરવાની તકેદારી રાખતા હતા. નિયમિત અલ્લાહની બંદગી કરતા રહે તે બાબત ઉપર સારું એવું લક્ષ

૬. ઉર્દૂ કસસુલ અંબિયા પૃ. ૨૩

આપતા હતા. આદમ અલૈ.ની હયાતીમાંજ તેમને નબુવ્વત અર્થાત પયગંબરી મળી હતી. આદમ અલૈ.ના મૃત્યુ વેળા તે હયાત હતા. તે ઉપરથી એવું અનુમાન તારવી શકાય છે કે તેમણે પણ ૮૦૦-૯૦૦ વર્ષનું લાબું આયુષ્ય ભોગવ્યું હશે. તૌરાતમાં તેમણે ૯૧૨ વરસનું આયુષ્ય ભોગવયું એવો ઉલ્લેખ છે.[૭] કહેવામાં આવે છે કે તેમને જે ૫૦ સહીફાઓ[૮] મળ્યા હતા તેમને ગ્રીક ફીલસૂફી અર્થાત તત્વજ્ઞાનના પાયા તરીકે લેવામાં આવ્યા છે.[૯] શીષ અલૈ. પર ઉતરેલા સહીફાઓ વેદોના મંત્રો જેવા લાગે છે. તમાં વેદોના મંત્રોની જેમ કુદરતી દ્રશ્યોનાં વર્ણનો અને બંદગી કરતી વેળા ઉચ્ચારવાના સૂત્રો આવે છે. આ કુદરતી દ્રશ્યો દ્વારા સર્જનહારની ઓળખ થાય એવો તેનો મૂળભૂત હેતું હતો. ટૂંકમાં શીષ અલૈ. પોતાના કુટુંબીજનોને અર્થાત તે સમયના લોકોને સહીફાઓ પ્રમાણે ધાર્મિક ક્રિયાકાંડના તથા સામાજિક, આર્થિક અને સાંસ્કારિક નિયમો પાળવા ઉપદેશ આપતા હતા.

જ્યારે તેમનું વય ૧૦૫ વર્ષનું હતું ત્યારે તેમને ''અનોસ'' નામનો પુત્ર થયો હતો.[૧૦] શીષ અલૈ.ના મૃત્યુ પછી પિતાની સરદારી તેમણે સંભાળી લીધી હતી. તે નબી તો ન હતા પરંતુ સરદાર તરીકે બધા નેક જીવન ગુજારે; એકજ અલ્લાહની ઈબાદત કરે; તેની તકેદારી રાખતા હતા. શીષ અલૈ.ને બીજા ઘણા પુત્રો હતા, પરંતુ સૌમાં વડીલ અનોસ હતા. અનોસની ઉંમર ૯૦ વર્ષની હતી. ત્યારે તેમને ''કેનાન'' નામનો પુત્ર જન્મયો હતો[૧૦] અનોસે કેનાનને પોતાનો ખલીફા અને કુટુંબીઓનો સરદાર બનાવ્યો હતો. કહેવામાં આવે છે કે અનોસની કબર આદમ અલૈ.ની કબર પાસે હતી.

કેનાન પણ નેક અને ધર્મિષ્ઠ હતા. પોતાન પૂર્વજોના પંથે ચાલતા હતા. તેમની ૭૦ વર્ષની વયે તેમના ત્યાં ''માહલાલએલ'' નામનો પુત્ર જન્મયો હતો. કેનાન પોતાને મળેલો વારસો માહલાલએલને આપી આ જગતમાંથી વિદાય લીધી હતી. એવું કહેવામાં આવે છે કે માહલાલએલ ઘણા જ સૌંદર્યવાન હતા. તેમનું સૌંદર્ય જોવા દૂરદૂરથી લોકોનાં ટોળેટોળાં તેમના ઘરે ઉમટતાં હતા. તેમના દર્શન કરી સાર્થક થતા હતા; પરંતુ તેમને ભેટ-સોગાત

---

૭. તૌરાત-ઉત્પત્તિ પ્ર. ૫ : ૮
૮. ઈબ્ને કસીર : ૪ : ૧૬૪ની આયતની તફસીરમાંથી.
૯. તફસીરે અઝીઝી. પૃ.૧૨૩.
૧૦. તૌરાત-ઉત્પત્તિ. પ્રકરણ ૫ જુઓ.

આપ્યા વિના રહેતા નહોતા. માહલાલએલ પણ તેમની સારી આગતા-સ્વાગતા કરતા, તેમને ઉપદેશ આપતા અને તેમના ભલા માટે અલ્લાહ પાસે દુઆ માંગતા હતા. કહેવામાં આવે છે કે તેમણે જ બેબિલોન શહેર વસાવ્યું અને ત્યાં જ રહેવાનું રાખ્યું હતું. તે સમયના સમાજમાં તેઓ વડીલ, સરદાર અને પ્રતિષ્ઠિત ગણાતા હતા. લોકો તેમના દર્શનાર્થે આવતા હોવાથી તેમની પ્રતિષ્ઠામાં ખૂબ જ વધારો થયો હતો. તે ૬૫ વર્ષની વયે પહોંચ્યા હતા ત્યારે તેમના ત્યાં પ્રથમ પુત્ર જન્મયો. તેનું નામ તમણે ''યારેદ'' રાખ્યું હતું[૧૧] તેમના મૃત્યુ પછી યારેદ સરદાર બન્યો.

માહલાલએલ મરણ પામ્યા હતા છતાં ભેટ-સોગાત લઈ તેમના દર્શન કરવા આવવાનો રિવાજ પડી ગયો હતો. હવે તેમનાં દર્શન થતાં નહીં એટલે લોકો નિરાશ થઈ પાછા થઈ પાછા ફરતા હતા. એક દિવસ શયતાન એક ઠાવકા માણસનો સ્વાંગ સજી માહલાલએલના પુત્રો ભેગા મળ્યા હશે ત્યાં આવી કહેવા લાગ્યો, ''ભેટ-સોગાત લઈ દૂર દૂરથી લોકો તમારા પિતાશ્રીના દર્શનાર્થે આવે છે; પરંતુ તેમના દર્શન થતાં નથી તેથી તેઓ ઘણા જ નિરાશ થાય છે. હવે લોકો તમારાથી કંટાળી ગયા છે અને જો કોઈ રસ્તો શોધી નહીં કાઢો તો લોકો આવતા અટકી જશે; પરિણામે તમને મળતી ભેટ-સોગાત બંધ થઈ જશે તમારી આવક ઘટી જશે, તમારા કુટુંબની પ્રતિષ્ઠા પણ ચાલી જશે અને તમારું વર્ચસ્વ રહેશે નહીં.''

બધા ભાઈઓ બોલી ઉઠ્યા, ''ભાઈ ! તારી વાત તો સાચી લાગે છે. અમને કોઈ ઉપાય સૂઝતો નથી. તમારા જેવા ઠાવકા માણસ કોઈક ઉપાય બતાવે તો આભાર.''

શયતાને રસ્તો દેખાડયો, ''તમારા પિતાશ્રીના મુખારવિંદને આબેહૂબ મળતી આવે તેવી આકૃતિ બનાવીએ તો લોકો તેનાં દર્શન કરે, તેમને નિરાશ થવું ન પડે, ઊલટું તેઓ સાર્થકતા અનુભવે; વળી તેથી તમને મળતી ભેટ-સોગાત ચાલુ રહેશે, તમારી ઈજ્જત-આબરૂ જળવાતી રહેશે અને લોકો પર તમારું વર્ચસ્વ પણ રહેશે. જો તેવું નહીં કરો તો તમારી ગણતરી થશે નહીં, તમને આગેવાન તરીકે પણ લોકો માનશે નહીં.''

---

૧૧. તૌરાત ઉત્પત્તિ. પ્ર. ૫

સઘળા ભાઈઓ કહેવા લાગ્યા "ભાઈ ! તમારી વાત અમને ગળે તો ઉતરે છે પરંતુ તેવી આકૃતિનું પૂતળું બનાવે કોણ ?"

શયતાન ઝટ બોલી ઊઠ્યો : "ઓહો ! એ બાબતમાં મૂંઝાઓ છો શા માટે ? એવું પૂતળું હું તૈયાર કરી આપીશ." પછી તો તે માહલાલએલનું આબેહૂબ પથ્થરનું સુંદર પૂતળું બનાવી લાવ્યો. તેને માહલાલએલનાં કપડાં પહેરાવ્યાં અને ભાઈઓને આપ્યું. ભાઈઓ ખુશ થઈ ગયા અને એક ઘર બનાવી તેમાં તેને મૂક્યું. તેના ઉપર ગલેફ ઓઢાડી રાખતા. લોકો આવતા ત્યારે મોં ઉઘાડી દર્શન કરી ચાલ્યા જતા. આમ દર્શન કરવાનું કેટલા વર્ષ ચાલ્યું. લોકો માહલાલએલની મૂર્તિની પૂજા કરતા ન હતા; પરંતુ તેમાંથી મૂર્તિ-પૂજાનાં બીજ રોપાયાં. લાભ મેળવવા માટે, વર્ચસ્વ સ્થાપવા માટે, બીજાઓ ઉપર જુલમ અને અન્યાય કરવા માટેના બીજ રોપાયાં તેથી સત્ય માર્ગ દેખાડવા માટે, ન કે નવો ધર્મ સ્થાપવા માટે નબી મોકલવાનું પ્રાયોજન સાબિત થાય છે.

## ૩. વિદ્યાઓના પિતા ઈદ્રીસ અલૈહિસ્સલામ

એમના વિષે મતભેદ પ્રવર્તે છે. કેટલાંક વિદ્વાનો તેમને ઇસરાઈલી પયગંબરોમાં અર્થાત મૂસા અલૈ. પછીના પયગંબરોમાં ગણતરી કરે છે, પરંતુ મોટા ભાગના વિદ્વાનોનો મત એવો છે કે તે નૂહ અલૈ. પહેલાં થઈ ગયા. હદીસમાં એમના સંબંધી કોઈ વાત મળતી નથી. પવિત્ર કુરાનની ૧૯ : ૫૭ ની આયતમાંથી એવું ફલીત થાય છે કે તે આદમ અલૈ. ની ઓલાદમાંથી હતા. તૌરાતમાં જેમનું નામ "હનોખ" (Enoch) આપયું છે તે જ ઇદ્રીસ છે. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે "યારેદ" ૧૬૨ વર્ષનો થયો ત્યારે તેને ત્યાં હનોખનો જન્મ થયો....અને હનોખ ૬૫ વર્ષનો હતો ત્યારે તેને ત્યાં મથૂશેલાહ પેદા થયો અને મથૂશેલાહના જન્મ પછી હનોખ ત્રણસો વર્ષ સુધી ખુદાની સાથે સાથે ચાલતો રહ્યો....અને તે અદ્રશ્ય થઈ ગયો, કારણ કે ખુદાએ તેને ઉઠાવી લીધો." ઉત્પત્તિ પ્ર. ૫ : ૧૮-૨૧-૨૨-૨૪.


આ દ્રષ્ટિએ જોતા તેઓ આદમ અલૈ.થી ૭ મી પેઢીએ થઈ ગયા એમ લાગે છે. તેમના પિતાનું નામ યારેદ અને દાદાનું નામ માહલાલએલ હતું. તેઓ નૂહ અલૈ. ના પ્રપિતામહ થતા હતા. તેમનું મૂળ નામ "અખનૂખ" હતું એવું કેટલાક ભાષ્યકારો કહે છે. તે ઉપરથી સંક્ષિપ્તમાં અનોખ અને અનોખમાંથી હનોખ નામ પડી ગયું હશે. તે શિક્ષણકાર્ય કરતા હતા, અને હિબ્રુ તથા અરબી ભાષામાં પાઠ આપવાના કાર્યને "દર્સ" કહે છે. તે ઉપરથી તેમનું નામ ઇદ્રીસ અર્થાત દર્સ કે પાઠ આપનાર પડયું. પવિત્ર કુરઆનમાં ઇદ્રીસના નામે જ તેમનું વર્ણન કરવામાં આવેલું છે.

આપણે જોઈ ગયા કે આદમ અલૈ. મે એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. એમના મૃત્યુ વેળા ૪૦,૦૦૦ ની વસ્તી થઈ ગઈ હતી. બીજી એક જગ્યાએ કહેવામાં આવ્યું છે કે નૂહ અલૈ. ના સમયમાં થયેલા જળપ્રલયમાં સમગ્ર વસ્તીનો નાશ થયો હતો ત્યારે ૬ કરોડ માણસો ડૂબી મર્યા હતાં. એમ પણ કહેવામાં આવે છે કે આદમ અલૈ. ના મૃત્યુથી લઈ નૂહ અલૈ.ના જન્મ સુધીમાં ૨૨૦૦ વર્ષનો ગાળો પડેલો કહેવાય છે.[1] તમે જાણતા હશો કે વસ્તી ઉત્તરશ્રેઢી (Geometrical Progression) ની ઢબે વધે છે. આ બાબતને લક્ષમાં લેતાં ઈદ્રીસ અલૈ.ના સમયમાં અર્થાત આદમ અલૈ. થી ૭ મી પેઢીમાં

---

૧. તલબીસે ઈબ્લીસ-અલ્લામા જૌઝી. પૃ ૬૭.

જગતની વસ્તી બે અઢી કરોડ હોવાનો અંદાજ મૂકી શકાય. તે સમયે લંકા, બહ્મદેશ, મલેશિયા અને ઈન્ડોનેશિયાના દેશો તથા પૂર્વ અને ઉત્તર આફ્રિકા, અરબસ્તાન, ઈરાન, ઈરાક, સિરીયા, મધ્ય એશિયા અને ગ્રીસના દેશો હિંદના દખ્ખણના ઉચ્ચ પ્રદેશ સાથે જોડાયેલા હતા. અને તેથી એક મહાન ખંડ બનતો હતો. તે ખંડને "કારાએમવ" કહેતા હતાં. ત્યારે આ ખંડમાં જ વસ્તી હતી. બીજા પ્રદેશોમાં વસ્તી ન હતી.



પ્રાગૈતિહાસિક કાળનો ખંડ-કારાએ મવ

આ ખંડની મધ્યમાં બેબિલોનમાં રહેવાનું માહલાલએલે પસંદ કર્યું હતું. માહલાલએલની મૂર્તિ બનાવવામાં આવી હતી. તેના દર્શનાર્થે લોકો આવતા જતા હતાં, તેમાંથી તેમના સમયમાં માનવોમાં બગાડની શરૂઆત થઈ. તેઓ લોકોથી અલગ એકાંતવાસમાં પ્રભુ-ભક્તિમાં દિવસો નિર્ગમન કરતા હતા. ફરિશ્તાઓએ તેમને પોકાર્યા કે "હે હનોખ ! ઊઠો ! એકાંત ત્યજી દો અને લોકોમાં ફરીને તેમને તે માર્ગ દેખાડો જે માર્ગ પર તેમને ચાલવું જોઈએ અને જીવનની તે રીત બતાવો જે રીતનું તેમણે આચરણ કરવું જોઈએ." અલ્લાહનો આ આદેશ મળતાં તેઓ બહાર નીકળ્યા અને ઠેકઠેકાણે લોકોને ભેગા કરી તેમને બોધ આપવા માંડ્યો. લોકોએ પણ તેમનો ઉપદેશ માથે ચઢાવી લીધો અને તે પ્રમાણે આચરણ કરવા લાગ્યા અને અલ્લાહની ભક્તિ કરવા લાગ્યા. ૩૫૩ વરસ સુધી તેઓ લોકોને ઉપદેશ આપતા રહ્યા અને તેમના પર હકૂમત કરતા રહ્યાં. તેમની હકૂમત ન્યાય અને સત્ય પર રચાયેલી હતી તેથી તેમના સમયમાં જમીન પર રહેમત વરસતી હતી."[૨]

૨. The Talmud Selections by Pollock P. 18-21.

આજની જેમ અતિ-વૃષ્ટિ કે અનાવૃષ્ટિ થતી ન હતી. લોકો એકજ પંથના હતા તેથી કોમી રમખાણો થતાં ન હતાં. જમીનમાંથી પાક સારો એવો થયા કરતો હતો તેથી રોટી-રમખાણો પણ થતાં ન હતાં.

ઉપરની બાબતથી ફલિત થાય છે કે તેમને નબુવ્વતનું અર્થાત્ પયગંબરનું કામ સોંપવામાં આવ્યું હતું. પવિત્ર કુરઆનમાં એ અંગે કહેવામાં આવ્યું છે કે, "અને આ કિતાબમાં ઇદ્રીસનું વર્ણન કર. બેશક તે એક સત્યવાદી માણસ અને નબી હતો." ૧૯: ૫૬ તે સમયે રોપાયેલાં મૂર્તિપૂજાનાં બીજનાં અંકુરો ફૂટ્યા હતાં. તેનાથી લોકોને બચાવવાના હતા તથા એક જ અલ્લાહની બંદગી કરાવતા રહેવાનું હતું. તે માટે તેમણે "લાઈલાહ ઈલ્લલ્લાહ"- એટલે કે તેના સિવાય બીજો કોઇ અલ્લાહ નથી - નું સૂત્ર લોકોને આપ્યું. તેમના ઉપર અલ્લાહે ૩૦ સહીફાઓ મોકલ્યા હતા. આ સહીફાઓ પ્રમાણે તેઓ લોકોમાં ઉપદેશ આપતા હતા. લોકોએ પણ તેમના ઉપદેશને સ્વીકારી લીધો અને એક જ અલ્લાહની બંદગી કરવા લાગ્યા અને સાચું આચરણ આચરવા લાગ્યા.

એવું કહેવામાં આવે છે કે તેમણે કેટલીક વિધીઓનાં મંડાણ કર્યાં હતાં. સૌથી પહેલી મૂળાક્ષરોની શોધ તેમણે કરી હતી અને આ મૂળાક્ષરોની મદદથી લખવાની પદ્ધતિ પણ તેમણે જ શરૂ કરી હતી. આજનાં ઈતિહાસકારોનું કહેવું છે કે મૂળાક્ષરોની શોધ તથા તેમની મદદ વડે લખવાની પદ્ધતિની ખોજ સૌથી પહેલાં ફિનિશિયન લોકોએ કરી હતી. એથી એવું અનુમાન તારવી શકાય કે તેમણે પોતાના પિતામહ માહલાલએલે વસાવેલું બેબિલોન શહેર છોડી દઈ સિરિયાના પશ્ચિમ કિનારે સમુદ્ર તટ પર આવેલા ફિનિશિયા દેશમાં જઈ વસ્યા હશે. વળી તેમણે ગગનમંડળના ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ શુક્ર, શનિ જેવા ગ્રહો અને નક્ષત્રમંડળના તારાઓની ગતિનું માપ કાઢી ખગોળ-શાસ્ત્રનો પાયો નાંખ્યો હતો. આ માપની ગણતરીમાંથી ગણિતશાસ્ત્રનાં મંડાણ પણ મંડાયાં. તેમના સમય પહેલાં ઘેટાં-બકરાંનાં ઊન અને વાળનું કાપડ તો વણાતું હતું,. પરંતુ બહુ ઓછા પ્રમાણમાં તે ઉપલબ્ધ થતું હતું. તેથી લોકો મોટાભાગે શરીરે ચામડાં વીંટાળતા હતાં. કાપડ અને ચામડાંને સીવીને પહેરવાનું તેમણે શીખવ્યું હતું. સીવવા માટે સોયનો ઉપયોગ તેમણે કર્યો હોવો જ જોઈએ. એ સોય હાડકાંની કે લોઢાની હશે. તેમને હથિયારો

3. ઈબ્ને કસીર. ૪ : ૧૬૪ની તફસીરમાંથી

બનાવતાં પણ આવડતું હતું. તલવાર, ભાલા, તીર, ઢાલ વગેરે લડાયક હથિયારો બનાવવાની પહેલ તેમણે કરી હતી, એટલે લોઢાની સોય પણ તેમણે બનાવી હશે એમ માનવાને કારણ મળે છે. તે ઉપરાંત તોલમાપમાં વસ્તુઓની લેવડ દેવડનો આરંભ તેમણે કર્યો હતો, તેથી ફલિત થાય છે કે ત્રાજવાં, કાટલાં, માપપટી તથા તોલ-માપનાં એકમો પણ તેમણે જ નિશ્ચિત કર્યાં હશે.

આ જાણી તમે સ્વાભાવિક રીતે પ્રશ્ન પૂછશો કે આવી બધી શોધખોળો એક જ વ્યક્તિએ કરી નથી, એવી શોધખોળો ક્રમે ક્રમે થઈ, તો પછી એમણે આ બધી શોધખોળો કરી હોય તેમ કેવી રીતે માની શકાય? આપણા વિજ્ઞાનકાળમાં ટૉમસ આલવા ઍડિસને લગભગ ૫૦-૫૫ શોધો કરી છે, તો પછી ઇદ્રીસ અલૈ. ને પણ ઉપરોકત વિદ્યાઓના પાયા નાંખ્યા હશે એમ ન માનવાને કોઈ કારણ નથી. તેમણે જ માનવ-જાતિને લખતાં વાંચતા શીખવ્યું, ખગોળ અને ગણિતની વિદ્યાઓ આપી, સીવીને કપડાં પહેરતાં શીખવ્યું, જંગલી જાનવરોથી રક્ષણ કરતાં હથિયારો બનાવતાં શીખવ્યું એટલે માણસ જંગલી જાનવરોથી રક્ષણ કરતાં શીખ્યો, અને તોલ-માપની પ્રથા શરૂ કરી અર્થશાસ્ત્રનો અને લેવડદેવડનો પાયો નાંખ્યો,. એટલે ઇદ્રીસ અલૈ.ને વિદ્યાઓના પિતા કહીએ તો જરાયે ખોટું નથી.

ઇદ્રીસ અલૈ. ધર્મના મહામાત્ર હતા. દરરોજ સમયસર અલ્લાહની બંદગી કરવાનું ચૂકતા નહીં, તેમજ હંમેશાં અપવાસ કરવાનું પણ ભૂલતા નહીં, આથી પવિત્ર કુરઆનમાં બીજા પયંગબરો સાથે એમનો પણ ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "અને ઈસ્માઈલ તથા ઇદ્રીસ તથા ઝૂલકિફલને યાદ કરો. તે બધા ધીરજવાન હતા. અને અમે તેમને અમારી કૃપાદ્રષ્ટિમાં સમાવી લીધા, તે બધા નેક લોકો હતા." ૨૧ : ૮૫ -૮૬ એ તો તમે જોઈ ગયા કે તેમણે કપડાં સીવવાની શરૂઆત કરી હતી, એટલે તેઓ દરજીનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા: પરંતુ સીવતી વેળા પણ અલ્લાહને યાદ કર્યા વિના રહેતા નહીં. કપડાં સીવતાં સીવતાં દરેક ટાંકે ટાંકે "સુબ્હાનલ્લાહ" અલ્લાહ મહાપવિત્ર છે એવા ગુણગાન કર્યા કરતા હતા.

કુદરતનો નિયમ છે કે દરરોજ પ્રત્યેક માનવીનાં કૃત્યોની ખબર ફરિશ્તાઓ અલ્લાહ પાસે લઈ જાય છે. એ નિયમ પ્રમાણે દરરોજનાં તેમણે કયાં કયાં કૃત્યો કર્યાં તેની ખબર ફરિશ્તાઓ અલ્લાહ પાસે લઈ જતા ત્યારે તેમને

જણાયું કે ઇદ્રીસ અલૈ.નાં એકલાના સુકૃત્યો તે સમયના સઘળા લોકોનાં સુકૃત્યો કરતાં વધારે માલમ પડતાં હતાં. આ વાતની ચર્ચા ફરિશ્તાઓમાં થવા લાગી તેથી મલેકુલ મોત અર્થાત્ યમદૂત જેવા કડક સ્વભાવના ફરિશ્તાને પણ તેમને મળવાની ઈચ્છા થઈ.

એ તો આપણે જાણીએ છીએ કે, ફરિશ્તાઓ અલ્લાહના હૂકમ વિના (પૃથ્વી પર) ઊતરતા નથી.'' ૧૯:૬૪ એટલે યમદૂત અલ્લાહની પરવાનગી મેળવી ઇદ્રીસ અલૈ. પાસે આવ્યા. ઇદ્રીસ અલૈ. તો દરરોજ અપવાસ કરતા હતા એટલે સૂર્યાસ્ત સમયે અપવાસનું પારણું કરતી વેળા પોતાના મહેમાનને પોતાની સાથે જમવા બોલાવ્યા, પરંતુ મહેમાને તો જમવા ના પાડી. આ પ્રમાણે મહેમાને ત્રણ દિવસ સુધી લાગલગાટ જમવાની ના પાડી એટલે ઇદ્રીસ અલૈ. આશ્ચર્ય પામ્યા અને મહેમાનને પુછવા લાગ્યા. "તમે ત્રણ દિવસથી જમતા નથી. શું તમને ભૂખ તરસ જેવું કશું લાગતું નથી ? આથી મને નવાઇ લાગે છે. તમે કોણ છો તે કહો."

મહેમાને જવાબ આપ્યો, "હું યમદૂત છું. અલ્લાહની રજા મેળવી બેચાર દિવસ માટે તમારા જેવા ધર્મપરાયણની સેવામાં હાજર થયો છું."

ઇદ્રીસ અલૈ.મેં કહ્યું, "ભલે ! તમે મારૂં એક કામ કરશો ?"

યમદૂતે પૂછ્યું, 'એવું તે કયું કામ છે જે મને સોંપો છો ?"

ઇદ્રીસ અલૈ.મેં કહ્યું, "એક કલાક માટે તમે મારા પ્રાણ હરી લેશો.?"

યમદૂતે જવાબ આપ્યો, "અલ્લાહની પરવાનગી વિના કોઈના પ્રાણ હું હરી લેતો નથી; તો પછી તમારા જેવા ધર્મિષ્ઠ માણસના પ્રાણ માલિકની રજા વિના હું કેવી રીતે હરી શકું ?"

આ વેળા એક કલાક માટે ઇદ્રીસ અલૈ.ના પ્રાણ હરી લેવાનો અલ્લાહનો આદેશ યમદૂતને મળ્યો. એટલે તેણે તેમના પ્રાણ હરી લીધા. એક કલાક પછી પ્રાણ આવ્યો ત્યારે ઇદ્રીસ અલૈ. જીવતા થયા. યમદૂત પૂછવા લાગ્યો, "ભાઈ ઇદ્રીસ ! આમ કરવાનું કારણ શું ?"

ઇદ્રીસ અલૈ.મે ઉત્તર વાળ્યો, "હે મલેકુમ-મોત ! હે પ્રાણ હરી લેનાર ફરિશ્તા ! હે યમદૂત તમે એ વાત તો જાણો છો કે અલ્લાહ તઆલાએ જ

ફરમાવેલું છે કે, "દરેક પ્રાણવાનને મોતનો સ્વાદ ચાખવાનો છે" ૨૧:૩૫ મોતનો સ્વાદ કેવો હોય તે ચાખવાની મારી ઈચ્છા થઈ આવી તેથી તેમાં કેટલું કષ્ટ થાય છે તેનો જાત-અનુભવ મારે મેળવવો હતો, તેથી પ્રાણ હરી લેવા મેં તમને વિનંતિ કરી હતી."

યમદૂતે કહ્યું, "ભાઈ ઇદ્રીસ ! મેં તો તમારા પ્રાણ ઘણી દયા રાખી બહુ હલકા હાથે હરી લીધા; પરંતુ અધર્મીઓના અને મુશિરકોના અર્થાત ઈશ્વરપણાની ભાગીદારીમાં માનનારાઓના પ્રાણ તો અમને જોઈને શરીરમાં છુપાઈ જાય છે તેથી બહુ સખ્તાઈથી અને નિષ્ઠુરતાથી હરી લેવા પડે છે. જ્યારે ફરિશ્તાઓ કાફિરોના પ્રાણ હરી લેતા હોય છે ત્યારે તેમની શી વલે થાય છે તે તમે જોયું હોત તો સાચો ખ્યાલ તમને મળી જાત !' "તેઓ તેમનાં મોં અને પીઠ પર કોરડા મારતા જાય છે અને કહેતા જાય છે કે : લો હવે દોજખમાં બળવાની સજા ભોગવો." ૮ :૫૦.

ઇદ્રીસ અલૈ. બોલી ઊઠ્યા : "તમે બહુ હલકા હાથે મારા પ્રાણ હરી લીધા હશે, પરંતુ માથાથી પગ સુધી મારા બદનની ચામડી ઉતારી લેવામાં આવતી ન હોય તેટલું કષ્ટ મને તો થતું હતું. શું કાફિરો અને મૂર્તિપૂજકોએ આથી ધડો લેવો ન જોઈએ ! તમે મારૂ બીજું એક કામ ન કરો ?" યમદૂતે પૂછ્યું, "વળી બીજું કયું કામ આવી પડ્યું ?"

ઇદ્રીસ અલૈ. બોલ્યા, "મને જન્નત અને દોજખનાં દર્શન ન કરાવો ? તેમનાં પ્રત્યક્ષ દર્શન કરી લઉં તો લોકોને સ્વર્ગના સુખથી અને દોજખના દુ:ખથી વાકેફ કરી શકું : અને હું પણ વધુ નેક કામો કરતો રહું."

યમદૂતે કહ્યું, "અલ્લાહની આજ્ઞા મને મળી ચૂકી છે. ચાલો, મારી પાંખો ઉપર સવાર થઈ જાઓ. પહેલાં તમને દોજખનાં દર્શન કરાવું."

યમદૂત તેમને દોજખના દરવાજા પાસે લઈ આવ્યા. દોજખના સાતેય દરવાજા ઉઘડાવી દોજખનાં દર્શન કરાવ્યાં. પછી સ્વર્ગના દરવાજા ઉઘડાવી તેમાં દાખલ કરાવ્યા. ત્યાં કેટલોક સમય થયો છતાં ઇદ્રીસ અલૈ. પાછા ફર્યા નહીં ત્યારે યમરાજાએ પોકાર કર્યો, "હે ઇદ્રીસ ! ચાલો સમય થઈ ગયો છે."

તેમણે અવાજ તો સાંભળ્યો, પરંતુ સ્વર્ગની બહાર આવવા ના પાડી અને કહેવા લાગ્યા કે અલ્લાહે જાતે ફરમાવ્યું છે કે "જન્નતમાં ન કોઈને

તકલીફ થશે કે ન કોઈને તેમાંથી બહાર કાઢવામાં આવશે." આ વાયદા પ્રમાણે મને બહાર કાઢવો ન જોઈએ.

આ વેળા તેમને ખબર આપવામાં આવી કે : "સ્વર્ગમાં જ્યાંસુધી સર્વ પયગંબરોના સરદાર હજરત મુહમ્મદ સ.અ.વ.નો પ્રવેશ ન થાય ત્યાં સુધી બીજા કોઈને પ્રવેશવાની મનાઈ છે. પછી ભલે ને તે પયગંબર હોય! એટલે ઇદ્રીસ ! તમારે આપમેળે બહાર ચાલ્યા જવું જોઈએ."

આવો આદેશ ગુપ્તરીતે મળતાં તેઓ જન્નતમાંથી બહાર આવ્યા. પછી ત્યાંથી બંને ચોથા આસમાન ઉપર પૂર્વમાં સૂર્યોદય થાય છે તે સ્થળે આવ્યા. આ સ્થળે ઇદ્રીસ અલૈ.ને અલ્લાહના ફરમાન પ્રમાણે મૂકી તેમની રજા લઈ યમરજા ચાલ્યા ગયા. ઇદ્રીસ અલૈ. આજે પણ સૂર્યોદયના સ્થળે હયાત છે. આ ઈસરાઈલની વાતો પૈકીની વાત છે અને એ વાત મુસલમનોમાં પણ સ્વીકારેલી હોય એમ લાગે છે. પવિત્ર કુરઆનમાં તો એટલું જ કહેવામાં આવ્યું છે કે, 'અને અમે તેને ઉચ્ચ સ્થાને ઉઠાવી લીધો હતો." ૧૯: ૫૭ આ આયતનો સીધો સાદો અર્થ તો એવો થાય છે કે અલ્લાહ તઆલાએ તેમને ઉચ્ચ દરજ્જો આપ્યો છે. પરંતુ ઈસરાઈલી વાતને માન્ય રાખવામાં મુસલમાનો પણ એવું માને છે કે અલ્લાહે તેમને આસમાન પર ઉઠાવી લીધા છે. તૌરાતમાં તો એટલું જ કહેવામાં આવ્યું છે કે, "ખુદાએ તેને ઉઠાવી લીધો" તલમૂદમાં એમના માટે લાંબું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં અંતમાં એવું કહેવામાં આવ્યું છે કે "હનોખ ઘોડા જોડેલાં અગ્નિના રથમાં બેસી આસમાન પર ચઢી ગયાં." મેઅરાજની રાત્રે આપ (સ.અ.વ.) ને આ સ્થળે એટલે કે ચોથા આસમાનમાં સૂર્યોદયના સ્થળે ઇદ્રીસ અલૈ. મળ્યા હતા.[૪] હદીસની રૂએ એ તો માન્ય બાબત છે કે મેઅરાજની રાતે કેટલાક મહાન પયંગબરો સાથે જુદા જુદા આસમાનોમાં મુલાકાત થઈ હતી. આથી માનવાને કારણ મળે છે કે ઇદ્રીસ અલૈ.ને આસમાન પર ઉઠાવી લેવામાં આવ્યા હશે.

---

૪. ઈબ્ને કસીર. ૧૭ : ૧ ની તફસીર માંથી.

# ૪. મૂર્તિપૂજાનો આરંભ અને ફેલાવો

એ તો આપણે જોઈ ગયા કે, માહલાલએલની યાદગાર કાયમ રાખવા માટે તેની આબેહૂબ મૂર્તિ બનાવવામાં આવી હતી. દૂરદૂરના પ્રદેશોમાંથી લોકો તે પ્રતિમાના દર્શન કરવા માટે ભેટ સોગાતો અને નજરાણું લઈ બૅબિલોન શહેરમાં આવતા હતા. લોકો મૂર્તિનાં દર્શન કરતા અને ભેટ સોગાત તથા નજરાણું શરૂશરૂમાં તેમના પુત્રોને આપતા હતા. પાછળથી તે મૂર્તિને આ ભેટ સોગાત તથા નજરાણું ભેટ ધરતા હતા. આમ સેવા અને દર્શન કર્યાનો સંતોષ માની પોતપોતાના વતન પાછા ફરતા હતા. તે સમયે આ મૂર્તિની પૂજા કોઈ પણ કરતું ન હતું, ફકત દર્શન જ કરતા હતા : પરંતુ આ પ્રથામાં અલ્લાહ સિવાય અન્યની પૂજાનાં બીજ શયતાને માનવહૃદયમાં રોપ્યાં એમ કહી શકાય : કારણ મૂર્તિની માનની નજરે જોવામાં આવે તો તેની પૂજા તરફ ઢળતાં લોકોને સહેજ પણ ખટકો લાગે તેમ ન હતું. માહલાલએલની મૂર્તિના દર્શને આવવાની પ્રથા થોડા સમય પછી ઈદ્રીસ અલૈ.ના ઉદ્દબોધનથી બંધ પડી ગઈ અને માહલાલએલને સઘળા લોકો વીસરી ગયા. મૂર્તિપૂજાનો આરંભ ઈદ્રીસ અલૈ.ના પુત્રોના મરણ પછી થયો.

ઈદ્રીસ અલૈ.ને વદ્દ, સુવાઅ્, યગૂસ, યઊક અને નસર નામના પાંચ પુત્રો હતા.[૧] તે બધા નેક, પરહેજગાર, ધર્મપરાયણ અને સંત-પુરુષો હતા. તેઓ એટલા બધા ધર્મનિષ્ઠ હતા કે દરેકે બંદગી કરવા માટે પોતપોતાનું અલાયદું પ્રાર્થના-ઘર બનાવ્યું હતું. ત્યાં પોતે અલ્લાહની બંદગી કરતા અને પોતાના ગામના અને આડોશી પાડોશીઓને પોતાનીસાથે બંદગી કરવા બોલાવતા હતા. ત્યાં બધા સામૂહિક બંદગી કરતા હતા. ત્યાં તેઓ શીષ અને ઈદ્રીસ અલૈ. પર આવેલા સહીફાઓ પ્રમાણે ઉપદેશ આપતા હતા. આ પ્રમાણે દરેક સંતની આગેવાની અને રાહબરી હેઠળ સમૂહપ્રાર્થના થતી હતી. એ પ્રકારની પ્રાર્થનામાં તેમને ખૂબ આનંદ આવતો હતો અને તેમનાં મન પ્રફુલ્લિત રહેતાં હતાં. આ પાંચ ભાઈઓમાં સૌથી મોટો વદ્દ હતો. તેનું મૂળ નામ મથૂશેલાહ હતું. તે નૂહ અલૈ.ના પિતામહ થતા હતા. તે એટલા તેજસ્વી હતા અને તેમની યાદશક્તિ એટલી તીવ્ર હતી કે દસ વરસની નાની વયે શીષ અલૈ. તથા તેમના પિતા ઈદ્રીસ અલૈ. પર વહી થયેલા કુલ ૮૦ આકાશી સહીફાઓના

---

૧. તફસીરે અઝીઝી-સૂરાએ નૂહ. પૃ. ૮૨.

તેમને કંઠસ્થ થઈ ગયા હતા. તે આ સહીફાઓના મંત્રો ટાંકીને લોકોને ઉપદેશ આપતા હતા. ખાસ કરીને શીષ અલૈ.ના સહીફાઓ માટે તેમને આધારભૂત અને નિષ્ણાંત ગણવામાં આવતા હતા. શીષ અલૈ.નું ઉપનામ વદ્દ હતું :[૨] એટલે તેમના સહીફાઓ ગાઈ સંભળાવી ઉપદેશ આપવા માટે લોકો તેમને પણ વદ્દ કહી બોલાવતા હશે એવું અનુમાન તારવી શકાય છે.

વદ્દ મહા ધર્મ-ધુરંધર હતા : ઘણાંજ લોકપ્રિય હતા અને લોકોમાં મહા સંત તરીકે જાણીતા હતા. આ કારણે તેમના પ્રાર્થના ઘરમાં બંદગી વેળા ભારે ભીડ જામતી હતી. સમૂહપ્રાર્થનામાં તેમના જેવા ઈમામ કે ધર્મગુરુ કે આચાર્ય સાથે બંદગી કરી લોકો સંતોષ માનતા હતા. આ પાંચ સંતો પૈકી સૌથી પહેલું વદ્દનું મરણ થયું. તેમના અનુયાયીઓ તેમની કબર પાસે બેસી ખૂબ કલ્પાંત કરવા લાગ્યા. આ પરિસ્થિતિ જોઈ ઈબ્લીસે એક બુઝુર્ગ માણસના સ્વરૂપમાં તેમની પાસે આવ્યો અને પૂછવા લાગ્યો "ભાઈઓ ! શા માટે કલ્પાંત કરો છો ? "

જવાબ મળ્યો "એક મહા-સંતપુરુષ અને ધર્મવિદનું અવસાન થયું છે. તેમના વિના અમને પ્રાર્થના કરવામાં મજા પડતી નથી."

ઈબ્લીસ કહેવા લાગ્યો "એમાં ઘભરાઓ છો શા માટે ? તમને પ્રાર્થનામાં પહેલાના જેવી જ મજા પડે તેવો રસ્તો બતાવું ?"

એક જણ બોલી ઉઠયો મુરબ્બી ! કોઈક માર્ગ બતાવો તો તમારો આભાર અમે તે માર્ગ જરૂર અપનાવીશું."

ઈબ્લીસે માર્ગ દેખાડવા માંડયો, "ભાઈઓ ! મેં પણ સાંભળ્યું છે કે વદ્દ ઈદ્રીસ પયગંબરના વડીલ પુત્ર હતા. તે ધર્મવિદ હતા એટલું જ નહીં ધર્મના મહામાત્ર પણ હતા. સહીફાઓના તજજ્ઞ હતા અને સંતપુરુષ હતા તેમના જેવા સંત-સાધુનું સ્મારક શા માટે ખડું કરવું ન જોઈએ ? તેમની જેવીજ પથ્થરની મૂર્તિ બનાવી તેમની યાદગીરી માટે તે મૂર્તિ સ્થાપશો તો તમને તેમનું સ્મરણ થયા કરશે. તેમની મૂર્તિને પ્રાર્થના વેળા તમારી સમક્ષ રાખશો તો અલ્લાહની બંદગી તમે એક ચીત્તે કરી શકશો અને તમને બંદગીમાં પહેલાના જેવીજ મજા પડશે."

---

૨. મુવાહિબ Vol. XVI પૃ. ૧૨૧. ૭૧ :૨૩ ૨૩ની તફસીર

સઘળા અનુયાયીઓ એકી અવાજે બોલી ઉઠ્યા "મોટાભાઈ ! તમારી આ વાત અમને ખૂબજ ગમી ગઈ; પરંતુ પથ્થરમાંથી તેમના જેવીજ મૂર્તિ ઘડવાનું કોઈને આવડતું નથી. વદને આબેહૂબ મળતી આવે એવી મૂર્તિ અમને કોણ બનાવી આપે ?"

ઈબ્લીસ મલકાતા બોલ્યો, "એવી મૂર્તિ બનાવવાનું કામ હું માથે લઉં છું. વદના જેવીજ મૂર્તિ હું તમને બનાવી આપીશ."

બધા ખૂશ થતા બોલ્યા, "તો તો ભાઈ તમારો આભાર. અમને તમારી વાત કબુલ-મંજૂર છે. મૂર્તિ બનાવવામાં અત્રે કોઈ ગુનો થતો નથી. એટલે વદની મૂર્તિ બનાવશોતો અમને વાંધો નથી. તમારા કહ્યા પ્રમાણે તે મૂર્તિને નજર સમક્ષ રાખી અમે બંદગી કરવાનું રાખીશું."

શયતાને બહુ થોડા સમયમાં તાંબું અને કલાઈનું મિશ્રણ કરીને તેને ઢાળીને વદને આબેહૂબ મળતી મૂર્તિ બનાવી. પછી તેને બતાવી પેલા અનુયાયીઓને કહેવા લાગ્યો, ભાઈઓ! જુઓ આ મૂર્તિ ! બરાબર પ્રાર્થના સમયે તમારી નજર સમક્ષ રહે તેવી રીતે તેની પ્રતિષ્ઠા કરો. એ તો તમે જાણો છો કે જે લોકો અલ્લાહના માર્ગમાં ખપી જાય છે તેમને મરણ થયેલા ન કહો, "બલ્કે તેઓ હયાત છે, તેનું તમને ભાન નથી." ૨:૧૫૪ આપણા વદ પણ અલ્લાહના રાહમાં ખપી ગયા છે ને ! એટલે તેઓ હયાત છે. તેઓ જીવતા માણસની માફક હરી ફરી શકતા નથી, બોલી શકતા નથી પરંતુ સાંભળી શકે છે, જોઈ શકે છે. કોઈનો આત્મા નષ્ટ પામ્તો નથી. એટલે તેમનો આત્મા અહીં હયાત છે. તે આત્મા આ મૂર્તિ દ્વારા તમને જોઈ શકે છે માટે મૂર્તિ તમને જુએ, તમને સાંભળી શકે એવી રીતે પ્રાર્થના ઘરમાં સ્થાપીને તેની સામે પ્રાર્થના કરશો તો પહેલાના જેવીજ તમને બંદગીમાં મજા પડશે."

વદના અનુયાયીઓએ શયતાનની સલાહ પ્રમાણે પહેલા તેમના પ્રાર્થના ઘરમાં, મસ્જિદોમાં મહેરાબ હોય છે તે ભીતની વચમાં તે મૂર્તિની પ્રતિષ્ઠા સ્થાપી. આરંભમાં આ વદની મૂર્તિની પૂજા કોઈપણ કરતું ન હતું., ફક્ત તેને નજર સમક્ષ રાખી અલ્લાહની જ બંદગી કરતા હતા પછી થોડા થોડા સમયના અંતરે બીજા ભાઈઓનું જેમ જેમ મૃત્યુ થવા લાગ્યું તેમ તેમ તેમની પણ મૂર્તિઓ બનાવવામાં આવી. પછી તેમના બનાવેલા પ્રાર્થનાઘરોમાં પ્રાર્થના વેળા નજર સમક્ષ રહે તેવી રીતે મૂકવામાં આવી. શરૂઆતમાં અલ્લાહની

બંદગી કર્યા પછી પ્રાર્થનાઘરમાંથી બહાર જતાં પહેલાં મૂર્તિઓના હાથ-પગને ચુંબનકરી અને નમસ્કાર કરી બહાર જવાનો રિવાજ પડયો. આવા નમસ્કાર કરવામાં લોકો એવું માનવા લાગ્યા કે આ સંત-પુરુષોના આત્માઓ એવી સાક્ષી પૂરશે કે ફલાણા ફલાણા માણસોએ અમારી સમક્ષ અલ્લાહની બંદગી સમૂહમાં કે વ્યક્તિગત રીતે કરી હતી ; તેમ જ એ આત્માઓ અમારા સુખ માટે અલ્લાહ પાસે દુઆ માંગતા અને ભલામણ કરતા રહેશે.[3] ધીમે ધીમે અલ્લાહની બંદગી કરવાનું બંધ પડયું. પવિત્ર કુરઆનમાં એ માટે કહેવામાં આવ્યું છે કે, "તેમના પછી નાલાયક લોકો તેમના ઉત્તરાધિકારી બની ગયા અને તેમણે નમાજ ગુમાવી દીધી અર્થાત્ નમાજ છોડી દીધી અને વિષયવાસનાની પાછળ પડી ગયા." ૧૯:૫૯ શરૂઆતમાં નમાજ અર્થાત્ અલ્લાહની બંદગી કરવામાં બેપરવાઈ કરવા લાગ્યા અને પછી ધીમે ધીમે નમાજ પઢવાનું જ છોડી દીધું. નમાજનું બંધન તૂટી જતાં માણસ અલ્લાહથી દૂર ને દૂર થતો જાય છે અને ત્યાં સુધી દૂર થતો જાય છે કે અલ્લાહનો વિચાર સુદ્ધાં પણ તેને આવતો નથી. પરિણામે અન્યની પૂજા કરવા લાગે છે. આ પ્રમાણે લોકો મૂર્તિ પૂજા તરફ વળ્યા. બીજી રીતે કહીએ તો તેમણે બંદગી કરવાનું છોડી દીધું, ફક્ત મૂર્તિઓને ચુંબન કે નમસ્કાર કરવાને બંદગી માનવા લાગ્યા. કંઈક દુઃખ આવી પડતું અથવા કોઈક માદું પડતું ત્યારે આ મૂર્તિઓને ઉદ્દેશી તે દુઃખ કે માંદગી દૂર કરવાની વિનવણી મૂર્તિઓને કરવાનો રિવાજ ચાલુ થયો. તેવામાં કેટલાક આગેવાનો અથવા સરદારો આ મૂર્તિઓના પૂજારીઓ બની બેઠા અને મૂર્તિઓ દ્વારા પેલા સંત-પુરુષોના આત્માઓને ખુશ કરવા મૂર્તિઓને નૈવેદ્ય ધરાવવાનું અથવા ભેટ-સોગાત કે નજરાણું ચઢાવવાનું શરૂ થયું. આમ ધીમે ધીમે વખતનાં વહેણ સાથે ફક્ત મૂર્તિ પૂજા થવા લાગી.

સૌથી પહેલી મૂર્તિ વદ્દની બની હતી. ત્યારપછી તેમના ચાર ભાઈઓ સુવાઅ્, યગૂસ, યઊક અને નસરની મૂર્તિઓ તેમના જેવી જ બની. વખત જતાં આ મૂર્તિઓના આકારોમાં ભારે ફેરફારો થયા. એ ફેરફારમાં જે ભાઈમાં જે ગુણ પ્રાધાન્યપદે હતો તે ગુણ દર્શાવતી મૂર્તિ બનાવવામાં આવી, જેમ કે એક ભાઈ નરમ સ્વભાવનો છે તો તે ગુણ દર્શાવવા તેની મૂર્તિનું મુખ હસતું રાખવામાં આવ્યું. બીજો ભાઈ સ્વભાવે ક્રોધી હોય તો તે ગુણ બતાવવા તેની મૂર્તિનું મુખ રૌદ્ર સ્વરૂપવાળું રાખવામાં આવ્યું. ત્યારપછી વળી મૂર્તિઓના આકારોમાં ફેરફાર કરવામાં આવ્યા. લોકોની કલ્પના-શક્તિ પ્રમાણે, સર્જનહારની

3. તફસીરે અઝીઝી સૂરાએ નૂહ-પૃ. ૮૨

કોઈક શકિત કે તેનો કંઈક ગુણ દર્શાવે તેવી મુખાકૃતિઓવાળી મૂર્તિઓ તૈયાર કરવામાં આવી. અલ્લાહ ફરમાવે છે કે, "મારી એવી ઈચ્છા થઈ કે હું ઓળખાઉં, એટલે મેં સૃષ્ટિનું સર્જન કર્યું કે જેથી મારું ઐશ્વર્ય ઓળખાય."

આ રિવાયત માંથી બે બાબતો ફલિત થાય છે: એક બાબત એ છે કે અલ્લાહે સૃષ્ટિનું સર્જન કર્યું તો તેનું પાલન પણ તે કરે છે. બીજી બાબત એ છે કે સૃષ્ટિ પેદા કરવાનો આશય એ છે કે તેનું ઐશ્વર્ય અર્થાત ઈશ્વરપણું ઓળખાય અને તે ઓળખવા માટે મખલૂક અર્થાત સૃષ્ટિમાં પેદા થયેલ સજીવ કે નિર્જીવ વસ્તુઓ તેને પાલનહાર તરીકે પિછાણે અને તેની બંદગી કે પૂજા કરે. અલ્લાહને તે ઓળખી શકે છે જેને તેના માટે પ્રેમ છે. આ કારણે જગતના લોકોએ પ્રેમના પ્રતિક તરીકે પુરુષને ગણ્યો એટલે વદની મૂર્તિને પ્રેમનું પ્રતિક દર્શાવતી ગણવામાં આવી. હિંદુ શાસ્ત્રોમાં સૃષ્ટિના પાલનહાર તરીકે વિષ્ણુને ગણવામાં આવે છે. વદની મૂર્તિને તે સમયના લોકોએ સૃષ્ટિના પાલનહાર તરીકે ગણી હતી.[૪]

નસલના અર્થાત સંતતિના ઉત્પન્ન કે જન્મ થયા વિના કોઈ વસ્તુ કે કોઈ પ્રાણીનું અસ્તિત્વ ટકતું નથી. પ્રાણીઓમાંથી તેમનાં જેવાં પ્રાણીઓનો જન્મ થતો ન રહે તો તે પ્રાણીઓ પૃથ્વીના તટ પરથી ભૂંસાઈ જાય. માનવ-જાતિનું અસ્તિત્વ જાળવી રાખવા માટે પ્રજોત્પત્તિ જરૂરી છે. પ્રજોત્પાદન શકિત સ્ત્રીઓ અથવા માદાઓમાં જ હોય છે. એ શકિત દર્શાવવા સુવાઅ્‌ની અસલ મૂર્તિમાં ફેરફાર કરી તેને સ્ત્રીની મૂર્તિ બનાવવામાં આવી. આ શકિત બ્રહ્મામાં છે એમ હિંદુઓ માને છે, પરંતુ હિંદુઓને આ મૂર્તિ પુરુષની રાખી છે; જ્યારે પશ્ચિમ એશિયામાં તેને સ્ત્રીઓની મૂર્તિ રાખવામાં આવી હતી. આમ પેદા કરવાની શકિતનું પ્રતિક સુવાઅ્‌ની અને બ્રહ્માની મૂર્તિમાં આવ્યું છે.

લોકોની ફરિયાદ સાંભળે અને તેમનાં દુ:ખો દૂર કરે તેવી શકિત કે ગુણ દર્શાવવા માટે તે સમયના લોકોએ યગૂસની મૂર્તિને યોગ્ય ઠેરવી : પરંતુ તેનું મુખ ઘોડાનું રાખવામાં આવ્યું ; કારણ ઘોડાની ચાલવાની અને દોડવાની ઝડપ બીજાં પાળેલાં જાનવરો કરતાં વિશેષ હોય છે; પરિણામે ઘોડો જ્યાં જવું હોય ત્યાં માણસોને જલદી લઈ જાય છે. એ રીતે ઘોડો માણસને મદદકર્તા થઈ પડે છે. હિન્દુઓ તેને દેવોના દેવ ઈન્દ્ર ગણે છે; પરંતુ તેની મૂર્તિનો આકાર માણસ જેવો રાખ્યો છે.

---

૪. તફસીરે અઝીઝી સૂરાએ નૂહ-પૃ. ૯૩

આપણો પક્ષ લઈ આપણા પર પડેલી આફતો કે આપત્તિઓ ભોળા ભાવે દૂર કરવાની શક્તિ અને ગુણ માટે તે સમયના લોકોએ યઊકની મૂર્તિને લાયક ઠેરવી. આફતો દૂર કરવા માટે રૌદ્ર સ્વરૂપ હોવું જરૂરી છે એવું માની તેનું મોં વાઘનું રાખવામાં આવ્યું. વાઘને જોઈ બધાં પ્રાણીઓ ભાગી જાય છે, કારણ તેઓ તેનો સામનો કરવા શક્તિમાન હોતાં નથી. ઈશ્વરનું રૌદ્ર સ્વરૂપ શીવ કે મહાદેવ ધારણ કરે છે અને તે ભોળો પણ છે એવું હિંદુઓ માને છે.

સર્જનહારનું સામર્થ્ય દર્શાવવા માટે તેમણે નસરની મૂર્તિ પસંદ કરી. સર્વ પક્ષીઓમાં ગરૂડ સૌથી વધુ બળવાન હોય છે તથા તેની ઉડયન શક્તિ પણ સૌથી વિશેષ હોય છે; તેથી તેની મૂર્તિનું મુખ ગરૂડનું રાખવામાં આવ્યું હતું.

આ પ્રમાણે તે સમયના લોકોએ વદ, સુવાઅ્, યગૂસ, યઊક અને નસરની પ્રતિમાઓમાં અલ્લાહની કેટલીક શક્તિઓની વહેંચણી કરી દીધી હતી. એવી જ રીતે હિન્દુઓએ પણ અલ્લાહ તઆલાની અથવા ઈશ્વરની કેટલીક શક્તિઓને કેટલાક ગુણોને વિષ્ણુ, બ્રહ્મા, શિવ, ઈન્દ્ર અને અનેક દેવ-દેવીઓમાં વહેંચી આપેલ છે. આ કારણે તે સમયના લોકોમાં અને અત્રે હિંદુઓમાં એક જ અલ્લાહ-ઈશ્વરને ઓળખવાની અથવા તેની ઉપાસના-આરાધાના કરવાની જરૂર હોતી નથી. પ્રાર્થના કરી કંઈક મેળવવા માટે પણ અલ્લાહ કે ઈશ્વર પાસે તેઓ જતા નથી. જરૂર પ્રમાણે મૂર્તિ પાસે જઈ તેની પૂજા કરી તે મૂર્તિ સમમક્ષ માગણી કરવામાં આવે છે. દુઃખો, આફતો કે આપત્તિઓ આવી પડે અથવા કંઈક મેળવવાની- જેમ કે પુત્ર મેળવવાની જરૂર પડે ત્યારે આ મૂર્તિઓ પૈકી પોતાને જોઈતું આપવાની શક્તિ ધરાવનાર મૂર્તિ પાસે જઈ તેની પૂજા કરવામાં આવે છે અને પ્રાર્થના કરી તે મૂર્તિ પાસે દુઃખ નિવારણની અથવા પુત્ર-પ્રાપ્તિની અરજ કરવામાં આવે છે. આજે તો હિંદુઓમાં જુદી જુદી શક્તિ ધરાવનાર અનેક દેવ-દેવીઓની માન્યતા રૂઢ થઈ ગઈ છે અને ડગલે ને પગલે અનેક મૂર્તિઓની પ્રતિષ્ઠા સ્થાપવાનો ક્રમ ચાલુ જ છે. (હાલમાં જ જેમ કે પરમાણુ બોંબ ફોડયા પછી પરમાણુ દેવની સ્થાપના કરવાનું અમુક હિંદુ સંગઠનોએ નક્કી કર્યું હતું પરંતુ અંદર-અંદરના મતભેદને કારણે શકય ન થયું.) ઉપર જણાવ્યા પ્રમાણે આજે જગતમાં ઘણાં લોકો આવી દેવ-દેવીઓની પૂજા કરે છે અને તેમની પાસે અરજ ગુજારે છે. અલ્લાહ તઆલાની શક્તિ તો અવિભાજિત છે. તેના ભાગલા પાડી તે પોતાની શક્તિ બીજાઓને આપી દે છે એમાં જ શિર્ક કે બહુદેવવાદ જોવા મળે છે. અલ્લાહ

પાસે જ જે કંઈ જોઈતું હોય તે માટે પ્રાર્થના કરી તેની પાસે જ માગવું જોઈએ. સૃષ્ટિનો સર્જનહાર એકલો અલ્લાહ જ છે, એટલે જે કંઈ જોઈતું હોય તે સઘળું આપવાની શકિત તેના એકલામાંજ છે. આ કારણે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કે પૂજા કરવી ઘટિત નથી. તે સમયના લોકો આ સીધી સાદી વાત વીસરી જઈ મૂર્તિપૂજા કરવા લાગ્યા.

શરૂઆતમાં ફકત આ પાંચ મૂર્તિઓ હતી. દરેક સંતનું જ્યાં પ્રાર્થનાઘર હતું ત્યાં તેની મૂર્તિ મૂકવામાં આવી હતી. આથી ફલિત થાય છે કે આ મૂર્તિઓ જુદા જુદા સ્થળોએ હતી. આ મૂર્તિઓનાં નામ પણ પેલા પાંચ સંતોનાં નામ પરથી રાખવામાં આવ્યાં હતાં. આ મૂર્તિઓ જ્યાં હતી ત્યાં દરરરોજ બંદગી માટે જવા-આવવાનું મુશ્કેલ થઈ પડયું હોવાથી તેમના જેવી બીજી મૂર્તિઓ તૈયાર કરાવી જ્યાં જ્યાં વસ્તી હતી ત્યાં ત્યાં સ્થાપવામાં આવી. વળી કેટલાક લોકો ઘરમાં સ્થાપી શકાય તેવી નાની મૂર્તિઓ બનાવી ઘરમાં તેમની પૂજા કરવા લાગ્યા. કેટલાક લોકોએ પોતાને મનગમતી કલ્પિત મૂર્તિઓ ઘડાવી તેમને પોતાના ઘરોમાં પધરાવી પૂજવા લાગ્યા. પરંતુ આ પાંચ મૂર્તિઓ મુખ્ય ગણાતી હતી, ત્યારે વીજળીવેગે મૂર્તિપૂજાનો ફેલાવો થયો. આજે ભારતમાં ભાગ્યે જ કોઈ ગામ મંદિર વિનાનું છે તેમ ત્યારે પણ કોઈ ગામ મંદિર વિનાનું ન હતું. ઈદ્રીસ અલૈ.ના પૌત્ર પરંતુ નૂહ અલૈના પિતા લામેખ અથવા અલ-મલેક લોકોને એક જ અલ્લાહની બંદગી કરવા સમજાવતા ત્યારે લોકો વધુ ને વધુ પ્રમાણમાં મૂર્તિ પૂજા કરવા લાગ્યા.

કુદરતે નિયમ રાખ્યો છે કે લોકો પૂરેપૂરા પાપી બની ન જાય ત્યાં સુધી અલ્લાહ તેમનો નાશ કરતો નથી; પરંતુ સાચો માર્ગ બતાવવા તેમનામાંથી કોઈ પયગંબર ઉપસ્થિત ન થાય અને તે રસૂલ સાચો રાહ ચીંધે નહીં ત્યાંસુધી અલ્લાહ તેમનો નાશ કરતો નથી. પવિત્ર કુરઆનમાં આ બાબતની ૨૮:૫૯ની આયતમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. "અને તારો પરવરદિગાર ત્યાં સુધી વસ્તીનો નાશ કરી નાંખતો નથી જ્યાં સુધી તેમની મુખ્ય વસ્તીમાં એક એવો પયગંબર મોકલે નહીં જે તેમને અમારી આયતો કહી ન સંભળાવે, અને તે પછી પણ અમે તે વસ્તીને બરબાદ કરતા નથી ત્યાં સુધી કે તેવી જ પરિસ્થિતિમાં તે વસ્તીના લોકો પાપી કૃત્યો કરવામાં રચ્યા જ રહે." ત્યારે લોકો અલ્લાહની બંદગી છોડી દઈ મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા હતા એટલે પાપી બની ગયા તેથી અલ્લાહે તેમને સીધો માર્ગ દેખાડવા નૂહ અલૈ.ને રસૂલ તરીકે મોકલ્યા.

એ બાબત આપણે જોઈ ગયા કે "શરૂઆતમાં લોકો એક જ પંથના હતા." ૧૯:૧૦ પછી તેમનામાં વિભેદો ઉત્પન્ન થયા ત્યારે "અલ્લાહે નબીઓ મોકલ્યા." ૨:૨૧૩. "વાંકાચૂકા અર્થાત ખોટા માર્ગો ઘણાંયે છે; પરંતુ સીધો માર્ગ દેખાડવાની જવાબદારી અલ્લાહની છે." ૧૬:૯ આ આયતોથી સૂચના મળે છે કે તે સમયના પાપી લોકોને સાચો માર્ગ દેખાડવાની જરૂર પડી અને તે માટે નૂહ અલૈ.ને મોકલવામાં આવ્યા. સમાજમાં સૌથી પ્રથમ બગાડ નૂહ અલૈ.ના સમયમાં થયો, તેથી તેમને સૌથી પ્રથમ રસૂલ અને નબી તરીકે હિદાયત માટે મોકલવામાં આવ્યા.

નૂહ અલૈ.મે તેમને મૂર્તિપૂજા ન કરવા અને એક જ ખુદાની બંદગી કરવા વ્યકિતગત રીતે, સામૂહિક રીતે, છાની-છપની રીતે, જાહેર રીતે, દલીલો કરીને, કુદરતી વસ્તુઓ પ્રત્યક્ષ બતાવીને, એમ અનેક રીતે લોકોને સમજાવ્યા; પણ કોઈએ તેમની વાત માની નહીં. તેમની વાત સાંભળવા પણ કોઈ ઊભું રહેતું નહીં. તેમને જોઈ લોકો નાસી જતા હતા. તે સમયના અમીર-ઉમરાવો, સરદારો અને શ્રીમંતો કહેતા તે પ્રમાણે લોકો વર્તતા હતા. પવિત્ર કુરઆનમાં તેમની આ વર્તણૂંક માટે કહેવામાં આવ્યું છે કે, એ લોકોને ઘણું ઘણું સમજાવ્યા છતાં, "મારું કહેવું માન્યું નહીં અને એવા લોકોનું જ અનુસરણ કર્યું જેમની સંપત્તિએ તેમ જ સંતતિએ તેમનુ નુકસાન કરવામાં વધારે જ કર્યો છે." ૭૧:૨૧ તેમની કોમના સરદારો અને શ્રીમંતો લોકોને કહેતા હતા કે, "તમે તમારા પૂજ્યોને ત્યજી દેશો નહિ અને ખાસ કરીને વદને તો છોડશો જ નહીં અને વળી ન સુવાઅ્ ને અને ન યગૂસને તેમજ ન યઊકને નસરને ત્યજી દેજો." ૭૧:૨૧. તે સમયે ઊલટી ગંગા વહેવા લાગી : એક પંથના લોકો હવે જુદી જુદી મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા. અલ્લાહની ઈબાદત કરવાના પ્રચારની વિરુધ્ધ તે સમયના સરદારો અને શ્રીમંતો મૂર્તિપૂજા કાયમ રાખવાનો પ્રચાર કરતા હતા.

મહા-જળપ્રલયમાં આ પાંચે મૂર્તિઓ જમીનમાં દટાઈ ગઈ હતી. શયતાનની પ્રેરણાથી વળી પાછી તેમને જમીનમાંથી ખોદી કાઢવામાં આવી અને તેમની પૂજા થવા લાગી. અરબસ્તાનમાં મૂર્તિ પૂજાનો આરંભ અમર બિન લુહ્દી નામના એક માણસે કર્યો હતો. અરબ લોકો પણ આ પાંચે મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા. ઝૂમતુલ-જંદલમાં વદની મૂર્તિની સ્થાપના બનુ કજાઆ નામના કબીલાના લોકોએ કરી અને તેની પૂજા કરવા લાગ્યા.

પાછળથી મૂર્તિ બનુ કલબ નામના કબીલાના લોકોના હાથમાં જઈ પડી અને તેઓ તેને પૂજવા લાગ્યા. આ કલબ કબીલાના લોકો આપ સ.અ.વ. ના સમય સુધી દૂમતુલ-જંદલ માં મૂર્તિની પૂજા કરતા હતા. સુવાઅ્ની પૂજા "હુઝેલ" કબીલાના લોકો કરતા હતા. યગૂસની મૂર્તિની પૂજા શરૂઆતમાં "તય" કબીલાના લોકોમાં થતી રહી. તેમની પાસેથી આ મૂર્તિ "બનુ મુરાદ' કબીલાના લોકો છીનવી લઈ ગયા અને પોતાના શહેરમાં તેની પ્રતિષ્ઠા કરી પૂજવા લાગ્યા. "હમદાન" કુટુંબના લોકો યઊકના પૂજારીઓ હતા અને નસરની મૂર્તિ "બનુખશઅમ" પૂજતા હતા. ઈસ્લામના આગમન સુધી આ કબીલો નસરની મૂર્તિનો પૂજારી હતો.

નૂહ અલૈ.થી રસૂલો મોકલવાની શરૂઆત થઈ. પવિત્ર કુરઆનમાં તેમના માટે કહેવામાં આવ્યું છે કે, "અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો. ૭:૫૯. આવો ઉલ્લેખ ૧૧:૨૫-૨૩:૨૩-૨૯:૧૪ અને ૫૭:૨૬ ની આયતોમાં પણ થયેલો છે. તેઓ પોતાની કોમમાં રહીને લોકોને ૯૫૦ વરસ સુધી હિદાયત આપતા રહ્યા. એ અંગે ૨૯:૧૪ની આયતમાં કહેવામાં આવ્યું છેકે "અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો અને તે કોમમાં એક હજારમાં ૫૦ વરસ ઓછા વરસ રહ્યો." તે રંગે ગોરા વદનના હતા. તેમના માથાના વાળ વાંકડિયા હતા અને આંખો લાલાશ પડતી હતી. માથું મોટું હતું અને દાઢી સુશોભિત હતી.[૫]

આજે જેને આપણે ઈરાક કહીએ છીએ તે પ્રદેશમાં નૂહ અલૈ.ની કોમ વસેલી હતી. હાલમાં અતિ પુરાણા 'શિલાલેખ ઉપલબ્ધ થયા છે તેમના પરથી પણ એવું સાબિત થાય છે કે નૂહ અલૈ.ની કોમનું રહેઠાણ ઈરાકમાં હતું. કુર્દસ્તાન અને આર્મિનિયામાં પુરાણા સમયથી જે દંતકથાઓ પ્રચલિત છે તેથી એવું જણાય છે કે જળ-પ્રલય પછી નૂહ અલૈ.ની કિશ્તી મોસલથી ઉત્તરમાં આવેલા "ઈબ્ને ઉમર" નામના ટાપુની આસપાસ સ્થિર થઈ હતી અને આર્મિનિયા અને કુર્દસ્તાનની સરહદ પર આવેલા 'અરારાતના' પહાડોની ખીણમાં નૂહ અલૈ.ની કોમના વસવાટનાં ચિહ્નો મળે છે અને ત્યાં આવેલા "નખચીવાન" નામના શહેરના રહેવાસીઓમાં એ વાત પ્રચલિત છે કે આ શહેરનનો પાયો નૂહ અલૈ.મે નાખ્યો હતો.

---

૫. ઈબ્ને કસીર : ૭ : ૧૫૭ ની તફસીરમાંથી

## ૫. નૂહ અલૈ. અને મૂર્તિપૂજાની રોકથામ

નૂહ અલૈ. અને તેમની કોમ સંબંધીની હકીકત પવિત્ર કુરઆનની નીચેની આયતોમાં આવેલી છે :-

૩/૩૩, ૪/૧૬૩, ૬/૮૪, ૭/૫૯ થી ૬૩, ૭/૬૯, ૯/૭૦, ૧૦/૭૧

૧૧/૨૫ થી ૪૮, ૧૧/૮૯, ૧૪/૯, ૧૭/૩, ૧૭/૧૭, ૧૯/૫૮, ૨૧/૭૬, ૨૨/૪૨, ૨૩/૨૩થી ૩૦

૨૬/૧૦૫થી૧૨૩, ૨૯/૧૪, ૨૯/૧૫, ૩૩/૭, ૩૬/૪૧, ૩૭/૭૫થી૭૯, ૩૮/૧૨, ૪૦/૫

૪૦/૩૧, ૪૨/૧૩, ૫૦/૧૨, ૫૧/૪૬, ૫૩/૧૨, ૫૪/૯, ૫૭/૨૬, ૬૬/૧૦, ૭૧/૧ થી ૨૮

એકંદરે ૮૬ આયતોમાં એમની હકીકત આવે છે.

પવિત્ર કુરઆનમાં નૂહ અલૈ. અને તેમની કોમ અંગેનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેથી એવું જણાય છે કે તે કોમના લોકો અલ્લાહ તઆલાના અસ્તિત્વનો ઈનકાર કરતા ન હતા; તેનાથી તેઓ અજ્ઞાત પણ ન હતા : તેની ઉપાસના કે આરાધના કરવાનો તેઓ ઈનકાર પણ કરતા ન હતા. તેમની ગુમરાહી અર્થાત્ તે બાબતમાં તેઓ રસ્તો ભૂલ્યા હતા કે તેઓ ઈશ્વરપણામાં બીજી વ્યકિતઓનો પણ હક અને હિસ્સો હોવો જોઈએ એવું માનતા હતા. આ મૂળભૂત ખરાબીમાંથી બીજી અનેક ખરાબીઓ ઉત્પન્ન થઈ. આમાંથી પૂજારી વર્ગ ઊભો થયો : તેમને ટેકો આપતો એક ખાસ અમીર-ઉમરાવો અને સરદારો શ્રીમંતોનો વર્ગ ઊભો થયો. આ બધા ધાર્મિક, રાજકીય, આર્થિક અને સામાજિક બાબતોમાં સમાજના માલિક બની બેઠા. તેથી સમાજમાં ઊંચ-નીચના ભેદ પડી ગયા. સમાજમાં અન્યાય અને ઝઘડા થવા લાગ્યા અને સાચા સંસ્કારો ખોખરા થઈ ગયા. આથી સમાજમાં અનિષ્ટ અને પાપ ખૂબ વધી ગયાં.

કુદરતનો સર્વ-સામાન્ય નિયમ છે કે જ્યારે કોઈ પણ અનિષ્ટ કે પાપનો અતિરેક થાય છે ત્યારે તેનો નાશ થયા વિના રહેતો નથી. એવા અનિષ્ટ કે પાપનો નાશ કરનારાં પરિબળો અસ્તિત્વમાં આવ્યા વિના રહેતાં નથી. હિંદુઓમાં એવી દ્રઢ માન્યતા છે કે જ્યારે પૃથ્વી ઉપર આવાં અનિષ્ટ કે પાપનો ભાર હદ ઉપરાંત વધી જાય છે ત્યારે ભગવાન મનુષ્યનો અવતાર લે છે : અને તેમને પૃથ્વીના પટ પરથી નાબૂદ કરે છે. અસુરોનું અનિષ્ટ દૂર કરવા ભગવાને રામનો અવતાર લીધો. ભારતના રાજાઓનો અને ખાસ કરીને કૌરવોનો ત્રાસ અને અનીતિ દૂર કરવા ભગવાને શ્રીકૃષ્ણનો અવતાર લીધો. તેવી જ રીતે ભારતમાં ઈ.સ. પૂર્વે બ્રાહ્મણોના કર્મકાંડનો ત્રાસ દૂર કરવા ભગવાને ગૌતમબુદ્ધનો અવતાર લીધો. શ્રીકૃષ્ણના અવતારને હિંદુઓ ભગવાનનો આઠમો અવતાર માને છે એટલે ઐતિહાસિક કાળના આરંભ સુધીમાં ભગવાને આઠ અવતાર ધારણ કરી લીધા હતા. આ ઉપરથી એવું પ્રતિપાદન થાય છે કે અનિષ્ટોને દૂર કરવા ભગવાન દુનિયામાં મનુષ્ય બની જન્મે છે : આ માન્યતા હિંદુઓમાં જડ ઘાલીને બેઠી છે.

આપણે જાણીએ છીએ કે ભારતમાં શ્રીરામ, શ્રીકૃષ્ણ અને ગૌતમ બુદ્ધ ભગવાન તરીકે ઓળખાય છે અને લોકો તેમને ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ ભગવાન અને બુદ્ધ ભગવાનના નામે પોકારે છે, એટલું જ નહીં તેમની મૂર્તિઓની પણ ભગવાન તરીકે પૂજા થાય છે. હાલમાં ભારતમાં "ઈશ્વર- અલ્લાહ તેરે નામ" એવું ઐકય- ગીત ગવાય છે. આ ગીતનો મુખ્ય ભાવાર્થ એ છે કે ઈશ્વર કહો કે અલ્લાહ કહો બંને સર્જનહારનાં જુદાં જુદાં નામ છે. જો ઈશ્વર અને અલ્લાહને એક જ ગણીએ તો ઉપરોકત માન્યતા પ્રમાણે અર્થાત્ મનુષ્યરૂપે અવતરવાની માન્યતા પ્રમાણે અલ્લાહ તઆલાની અગાધ શક્તિઓનું જુદા જુદા ભગવાનોમાં વિભાજન થયેલું ગણાય અર્થાત્ આ શિર્ક એટલે કે બહુદેવવાદ કે ઈશ્વરપણાની ભાગીદારી કરેલી ગણાય એટલે તૌહીદના સિદ્ધાંતનું ખંડન થયેલું ગણાય, અને તૌહીદ તો મુસલમાનો અને દરેકે દરેક પયગંબરના ઉપદેશનો મૂળભૂત પાયો છે. આથી એવું કહી શકાય કે ઈશ્વર એક રહ્યો નથી, અનેક-ઈશ્વર બની ગયા; જ્યારે અલ્લાહ એક જ છે અને એક જ રહ્યો છે. ખરી રીતે તો અલ્લાહ એટલો શક્તિશાળી છે કે જો એવું કહે કે "થા" તો તે પ્રમાણે "થઈ જાય છે" આવી અનુપમ શક્તિ હોય તે અલ્લાહને મનુષ્ય અવતાર લેવાની જરૂર શું હોઈ શકે ? તે તો એટલું જ કહે કે સઘળા

અસુરોનો નાશ થાઓ એટલે તરત જ બધા અસુરો તે જ પળે મરણ પામે : એટલે રામાવતાર લેવાની જરૂર શી હોઈ શકે ! ભારતના સઘળા રાજાઓનો ત્રાસ દૂર થાઓ એવું અલ્લાહ ફરમાવે એટલે ત્રાસ દૂર થઈને જ રહે; શ્રીકૃષ્ણ અવતાર લેવો શા માટે પડે ! જો અલ્લાહ તઆલા એટલું જ કહે કે, "સર્વ મૂર્તિઓનો નાશ થાઓ" તો તરત જ તેમનો નાશ થઈને જ રહે. આ દ્રષ્ટિએ વિચારશો તો જણાશે કે ઈશ્વરને મનુષ્ય અવતાર લેવાની કોઈ જરૂર હોતી નથી.

સર્વ ધર્મના લોકો અને હિંદુ લોકો પણ એવું માને છે કે અલ્લાહ નિરંજન નિરાકાર છે. જો તે નિરાકાર છે તો તે મનુષ્ય અવતાર લઈ આકાર શા માટે લે ? જો તે નિરંજન એટલે કે માસૂમ એટલે કે દોષરહિત છે તો પછી મનુષ્ય અવતાર લઈ દોષિત શા માટે બને ? મનુષ્ય અવતાર લેતાં તેને સ્ત્રી-યોનિમાં જન્મવું પડે છે. સ્ત્રી-યોનિ અપવિત્ર થયા કરે છે, જ્યારે ઈશ્વર જેટલું બીજું કોઈ પવિત્ર હોતું નથી, તો પછી મનુષ્ય અવતાર લઈ અપવિત્ર શા માટે થવું પડે ? મનુષ્ય અવતારમાં ઝાડો-પેશાબ અનિવાર્ય થાય છે તો ઈશ્વર ઝાડો-પેશાબ કરી અપવિત્ર શા માટે બને ? આ દ્રષ્ટિથી પણ કહી શકાય કે ઈશ્વર કદી પણ મનુષ્ય અવતાર લેતો નથી.

પવિત્ર કુરઆનમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે "અલ્લાહને કોઈ ઓલાદ નથી અને તે પણ કોઈની ઓલાદમાંથી નથી. તેના જેવું કોઈ જ નથી." ૧૧૨ : ૩-૪ જો ઈશ્વર મનુષ્ય-અવતારમાં જન્મે તો તેને અવશ્ય માતા પિતા હોય જ. વળી તે લગ્ન કરે એટલે તેને પત્ની હોય અને પત્ની હોય તો બાળકો થવાનો સંભવ હોય. આપણે જાણીએ છીએ કે ઈશ્વરી અવતાર લઈ જન્મેલા શ્રીરામને સીતા નામે પત્ની હતી અને લવ-કુશ નામે પુત્રો હતા. શ્રીકૃષ્ણ ભગવાનને તો સોળહજારને એક રાણીઓ હતી અને તેમાં રાધા, સત્યભામા, રૂકમણિ, જાબુવંતી, કાલિંદી, ભદ્રા, વૃંદા અને લક્ષ્મણા નામની આઠ તો પટરાણીઓ હતી. તેમના પુત્ર પ્રદ્યુમ્નને અનિરૂદ્ધ નામે પુત્ર હતો અર્થાત્ તેમને ઓલાદ હતી. ગૌતમબુદ્ધને યશોધરા નામે પત્ની અને રાહુલ નામે પુત્ર હતો. એટલે બધા ભગવાનોને કોઈકને કોઈક ઓલાદ હતી; એટલે અત્રે માનવજાતિમાં ભગવાનના વંશજો હશે જ ને! આમ ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંત-અલ્લાહ કોઈનો પુત્ર નથી, અલ્લાહને કોઈ પુત્ર નથી, તે એકલો જ

છે- એટલે કે તૌહીદના સિદ્ધાંતથી હિંદુઓનો ઈશ્વરી અવતારનો સિદ્ધાંત ઊલટો જ છે. આ દલીલોથી ખાત્રીપૂર્વક કહી શકીએ કે ઈશ્વર કદી પણ માનવ અવતાર લેતો જ નથી. હિંદુઓના આ સિદ્ધાંતથી અલ્લાહની ઉલૂહિયત એટલે કે અદ્વૈતવાદ અને સમદિયત અર્થાત બેગરજાઉપણાનો તથા ઈશ્વરના ઐશ્વર્યનો ભંગ થાય છે અને તેની શાનની બેઅદબી થાય છે. જગતનું સૌથી મોટું અનિષ્ટ શિર્ક એટલે કે ઐશ્વર્ય અર્થાત ઈશ્વરપણામાં અલ્લાહ એકલો નથી, બીજા પણ ભાગીદાર છે તેમ માનવામાં રહેલું છે. ઓલાદ બાપના અંગનો એક ભાગ છે તેથી ભગવાનનો પુત્ર ભગવાનનું એક અંગ ગણાય, પરિણામે ભગવાનનો ભાગીદાર થયો ગણાય અને તે શિર્ક છે. શિર્ક વિશે પવિત્ર કુરઆનમાં ફરમાવવામાં આવેલું છે કે "અલ્લાહ શિર્ક કરનારને કદી માફ કરતો નથી: તે સિવાયના સઘળા ગુનાહ જેના ચાહે તેના માફ કરી દેશે." ૪: ૧૧૬- મૂર્તિપૂજા નર્યું શિર્ક છે. મૂર્તિપૂજાના અનિષ્ટનો નાશ કરવા ઈશ્વરે અવતાર લીધો હોય તેવો કોઈ ઉલ્લેખ કયાંયે મળતો નથી. ઊલટું આ અવતારોએ મૂર્તિપૂજાને પ્રોત્સાહન અને પૃષ્ટિ આપ્યાં છે, એટલે જ ઈશ્વર મનુષ્ય અવતાર લે એ ખ્યાલ જ કમકમાટી ઉપજાવે તેવો છે.

આથી તમે સ્વાભાવિક રીતે પ્રશ્ન પૂછશો કે પૃથ્વી ઉપર પાપનું ભારણ બેહદ વધી જાય તો બીજી કઈ રીતે તેને નષ્ટ કરવામાં આવે છે? અનિષ્ટને નષ્ટ કરવાના ત્રણ માર્ગ છે. એક ખોટા માર્ગે જતા લોકોને સીધા માર્ગે મૂકી દેવાનો. અલ્લાહ પાસે અગાધ શક્તિ છે. તે ચાહે તો અવળા માર્ગે જતા લોકોને સીધા માર્ગ પર ક્ષણભરમાં મૂકી શકે છે, પરંતુ આ માર્ગ તે લેતો નથી, કારણ તેણે ઈન્સાનને મર્યાદિત ખુદ-મુખત્યારી આપી છે. જો તે બળજબરીથી અવળે માર્ગે જતા ઈન્સાનોને સીધા માર્ગે મૂકી દે તો તે મુખત્યારી ચાલી જાય છે એટલે ઈન્સાનની મર્યાદિત ખુદ-મુખત્યારી કાયમ રાખવા સાથે આ માર્ગ સુસંગત થતો નથી. બીજો માર્ગ શિક્ષા કરીને નાશ કરવાનો છે. આ જગતમાં લોકોને કામ કરવા માટે કેટલોક સમય આપવામાં આવ્યો છે. આ સમય દરમ્યાન તે પોતાની મુખત્યારીનો કેવો ઉપયોગ કરે છે તેની પરીક્ષા રાખવામાં આવી છે. અલ્લાહ આ માર્ગ પણ લેતો નથી. ઈન્સાનોનું બંડ જોઈ કે અવળે માર્ગ જતા જોઈ તેમનો નાશ કરી નાખવમાં આવે તો તેમની જિંદગી વહેલી પૂરી થઈ જાય અને તેની પરીક્ષાના સમય સાથે આ માર્ગ સુસંગત થતો નથી. એટલે અલ્લાહ તઆલાએ ત્રીજો માર્ગ લેવાનું રાખ્યું છે અને તે છે

ઉપદેશ દ્વારા સીધા માર્ગે લઈ જવાનો. અલ્લાહ તઆલા જાતે અવતાર લઈ આવતો નથી, પયંગબરો મોકલી તેમના દ્વારા ઉપદેશ આપી સુધરવાની તક આપે છે. જો ન જ સુધરે તો જ આપત્તિ મોકલે છે અથવા તેમનો નાશ કરે છે. આ પયગંબરો માનવ-જાતિમાંથી હોય છે. ઉપદેશ આપવા અંગે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, "(રસૂલો મોકલવાનું કારણ એ છે કે) તારો પરવરદિગાર કોઈપણ વસ્તીને (કે કોમને) જોરજુલમથી તેમની અજ્ઞાત દશામાં નાશ કરતો નથી." ૬:૧૩૧

આ આયાતથી સ્પષ્ટ થાય છે કે લોકોની સુધરવાની પૂરતી તક આપવામાં આવે છે. વળી કહેવામાં આવ્યું છે કે, હે "આદમના વંસજો ! જો તમારી પાસે તમારામાંથી એવા રસૂલો આવે કે જેઓ તમને મારી આયતો (ઉપદેશ) સંભળાવે તો તમે તેનો સ્વીકાર કરી લેજો. " ૭:૩૫ "-પછી મારા તરફથી હિદાયત તો તમારી પાસે જરૂર આવશે." ૨૦:૧૨૩ અહીં ચોખ્ખે ચોખ્ખું કહેવામાં આવ્યું છે કે રસૂલો "તમારામાંથી" એટલે ક મનુષ્ય જાતિમાંથી જ મોકલવામાં આવશે : તેઓ ફરિશ્તાઓ કે ઈશ્વરના અવતારો હોવાના નથી. વળી અહીં રસૂલોનો ઉપદેશ ગ્રહણ કરી સુધરવાનો આદેશ છે." જે કોઈ મારી હિદાયત પ્રમાણે ચાલશે તો તેને ભટકવાનું થશે નહીં અને તેને બદનસીબીમાં ફસાઇ પડવાનું થશે નહીં." ૨૦: ૧૨૩ અર્થાત અલ્લાહના રસૂલોના ઉપદેશ પ્રમાણે વર્તશે તેને બીવાનું કોઈ કારણ રહેશે નહી, પરંતુ જે તેમનો ઉપદેશ ગ્રહણ કરશે નહીં અને તે પ્રમાણે જીવન ગુજારશે નહીં તેને અવશ્ય શિક્ષા થશે.

આદમ અલૈ. પછી લગભગ દસ પેઢીઓ સુધી લોકો એકજ અલ્લાહની બંદગી કરતા હતા. આપણે જોઈ ગયા કે ઇદ્રીસ અલૈ.ના પુત્રોના મરણ પછી મૂર્તિપૂજાનો આરંભ અને ફેલાવો થયો હતો, તેમના પૌત્ર લામેખના સમયમાં અને લામેખના પુત્ર નૂહ અલૈ.ના યૌવનકાળમાં એટલેકે તે રસૂલ બન્યા તે પહેલાના કાળમાં મૂર્તિપૂજા એટલી પાંગરી અને પ્રસરી હતી કે સૌ કોઈ સર્જનહારને ભૂલી ગયા હતા અને સૌ કોઈએ અલ્લાહની બંદગી છોડી દીધી હતી. ઘેરઘેર મૂર્તિપૂજા થતી હતી, તેમાં ખાસ કરીને વદ્દ, સુવાઅ, યગૂસ યઊક અને નસરની મૂર્તિઓની ભારે ઠાઠમાઠથી પૂજા થતી હતી. મૂર્તિપૂજાના અનિષ્ટની રોકથામ કરવા અને એકજ અલ્લાહની બંદગી કરવા-કરાવવા માટે

સૌથી પહેલા રસૂલ તરીકે નૂહ અલૈ. ને મોકલયા હતા. રસૂલોની કે નબીઓની પસંદગીની બાબતમાં અલ્લાહ ફરમાવે છે કે,"બેશક અલ્લાહે દુનિયાના લોકોમાં આદમને, નૂહને ઈબ્રાહીમના વંશજોમાં અને ઈમરાનના વંશજોમાંથી કેટલાકને અગ્રતા આપી છે." ૩ :૩૩ અર્થાત્ તેમને પયગંબરી માટે ચૂંટી કાઢ્યા છે.

નૂહ અલૈ.ને તેમની કોમના રસૂલ તરીકે મોકલવામાં આવ્યા હતા તેવો ઉલ્લેખ કરતી ઘણી આયતો પવિત્ર કુરઆનમાં છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "અમે નૂહને તેની કોમ તરફ રસૂલ બનાવી મોકલ્યો." પોતાની કોમનાં લક્ષણોથી તે સારી રીતે વાકેફગાર હતા, કોમનું ભલું ઈચ્છતા હતા. તેમનું ભલું તેમના હૈયે વસેલું હતું, એટલે જ કોમને ઊંડા અંધારામાંથી પરમ તેજ તરફ લઈ જવા આતુર હતા. બીજી એક જગાએ અલ્લાહ ફરમાવે છે કે, "નિ:સંશય અમે નૂહને તેની કોમ પ્રત્યે (એવી આજ્ઞા આપી) મોકલ્યો કે તેની કોમ ઉપર દુ:ખદાયક અઝાબ અર્થાત્ આપત્તિ આવી પડે તે પહેલાં તેને બીવડાવે," ૭૧:૧ તે પોતાની કોમને કહેતા હતા કે, "હે મારી કોમના લોકો! હું તો તમને ખુલ્લમ ખુલ્લા ડરાવનારો છું. તમે અલ્લાહની ઈબાદત કરો અને તેનાથી ડરતા રહો અને મારું કહેવું માનતા રહો." ૭૧: ૨-૩. તમે વદ્દ સુવાઅ, યગૂસ, યઊક અને નસરની મૂર્તિઓની પૂજા કરો છો તે ખોટી છે. અલ્લાહની જ બંદગી કરો, તેના સિવાય બીજો કોઈ ઈબાદતને માટે યોગ્ય નથી. તે કહેતા કે, "અલ્લાહથી ડરો અને મારી આજ્ઞાઓનું પાલન કરો." ૨૬ : ૧૦૮ પોતાની આજ્ઞાઓનું પાલન કરવા એટલા માટે કહેતા હતા કે પોતે જે આજ્ઞાઓ આપતા હતા, તે અલ્લાહ તરફની હતી અને તેમને તેઓ અક્ષરશ: સહેજ પણ વધઘટ કર્યા વિના યથાવત્ લોકોને સંભળાવી દેતા હતા, કારણ કે તે ઘણા જ સત્યવાદી પયંગબર હતા. "ખરેખર હું તમારા માટે એક વિશ્વાસપાત્ર રસૂલ છું." ૨૬: ૧૦૭ એ આયાતથી તેમની સત્યતા પુરવાર થાય છે. અલ્લાહની શક્તિઓ અને ખાસિયતોને તેઓ જેટલા પ્રમાણમાં પિછાણી શકતા હતા તેટલા પ્રમાણમાં લોકો પિછાણી શકે તેમ ન હતું. છતાં આ શક્તિઓ અને ખાસિયતો સારી રીતે ઓળખી શકે તથા અલ્લાહની બંદગીમાં ભૂલો ન કરે તે માટે તેમનું કહેવું માનવા જેવું હતું. વળી નીતિનિયમો અને શરિયત અર્થાત્ અનુશાસન લોકો જાણી લે અને તે પ્રમાણે આચરણ કરે, અને ગુનાહિત કૃત્યોથી વેગળા રહે તે માટે પણ તેમણે અનુસરવાની જરૂર હતી.

વળી નૂહ અલૈ.ના અનુયાયી બનવામાં શું લાભાલાભ છે તેની પણ તેમણે ચોખવટ કરી હતી. તે કહેતા કે જો તમે મારી તાબેદારી કરશો તો "અલ્લાહ તમારા કેટલાક ગુના માફ કરી દેશે" ૭૧ :૪ "તમે તમારા પરવરદિગાર પાસે ક્ષમા માગો, નિ:સંશય તે મહા ક્ષમાવાન છે." ૭૧: ૧૦ "તે તમને માલ અને ઓલાદથી સહાય કરશે." ૭૧ :૧૨ તેમના કહ્યા પ્રમાણે ન ચાલવામાં શું નુકસાન છે તેની ચેતવણી પણ તે આપતા હતા. તેમના કહ્યા પ્રમાણે આચરણ નહીં કરો તો તમારે ભારે શિક્ષા ભોગવવી પડશે, "અને શિક્ષા કે આપત્તિ આવી પડશે ત્યારે ગમે તેટલું કરગરશો પણ તે ફોગટ જશે. "નિ:સંશય (શિક્ષાનો) નિર્માણ થયેલો સમય આવી પહોંચે છે ત્યારે તેમાં ઢીલ થશે નહીં." ૭૧:૪ તે સમય આવી પડે તે પહેલાં મૂર્તિપૂજા છોડી દો. એક જ અલ્લાહની ઈબાદત કરો. મોક્ષ મેળવવાનો એ જ એક સાચો અને સરળ માર્ગ છે. આ હતો તેમના ઉપદેશનો સારભાગ.

ઉપદેશ આપવામાં તેમણે અથાગ મહેનત લીધી હતી. તેમાં કોઇ મણા બાકી રાખી ન હતી. તેમાંજ અહર્નિશ મગ્ન રહેતા હતા. આ સંબંધમાં પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, "હે મારા પરવરદિગાર! મેં મારી કોમને દિન-રાત (ઈમાન તરફ) બોલાવી, પરંતુ મારા બોલાવવાનું પરિણામ એવું (વિપરીત) આવ્યું કે લોકો મારાથી વધારે નાસવા લાગ્યા : અને જયારે જયારે મેં તેમને ઈમાન લાવવા કહ્યું કે જેથી તું તેમનાં પાપ માફ કરી દે, ત્યારે ત્યારે લોકો પોતાના કાનમાં આંગળાં નાંખી દેતા અને (ઓળખાઈ ન જવાય તે માટે મોં છુપાવવા ) કપડાં ઓઢી લેતા અને પોતાની હઠધર્મી ઉપર અડી રહેતા, તેમજ હદ ઉપરાંત અભિમાન કરતા હતાં. ૭૧:૫-૬-૭. આ આયતોથી સ્પષ્ટ થાય છે કે નૂહ અલૈ.મે ઉપદેશ આપવામાં તનતોડ મહેનત કરી હતી, પરંતુ લોકો એવા હઠીલા બની બેઠા હતા કે તેમના પ્રવચનના શબ્દો પણ તેમના કાને ન અથડાય તે માટે કાન બંધ કરી દેતા હતા અથવા મોં પર પછેડી ઓઢી લેતા હતાં.

આ પરિસ્થિતિમાં તેમણે બીજા માર્ગ અપનાવ્યા. "પછી મેં તેમને મોટા અવાજે બોલાવ્યા, તેમને જાહેરમાં સમજાવ્યા, તેમજ ખાનગીમાં " ૭૧:૮-૯ આ આયતોથી સાબિત થાય છે કે લોકોને સમજાવવા માટે ઢંઢેરો પીટીને એકઠા કરતા હતા, અથવા ચોરે-ચૌટે ભેગા થતા અથવા બજારમાં કે મંદિરો

આગળ જ્યાં પણ લોકો ટોળે વળતા ત્યાં પ્રવચન આપતા હતા. કેટલીક વેળા તો કોઈક ઊંચી જગા કે કોઈ ઊંચી પહાડી પર ચઢી જઈ મોટા અવાજે પ્રવચન કરતા હતા. કહેવામાં આવે છે કે, તેમનો અવાજ એટલો બુલંદ હતો કે, ત્રણ-ચાર હજારની વસ્તીવાળા ગામમાં લોકોને ઘેર ઘેર સ્પષ્ટ સંભળાતો હતો. આમ જાહેરમાં લોકોએ તેમના ઉપદેશ પરત્વે દુર્લક્ષ સેવ્યું ત્યારે મહોલ્લે મહોલ્લે ફરી, દરેકના ઘેરઘેર જઈ લોકોને સમજાવતા હતા. આમ જાહેર રીતે તથા ખાનગી રીતે તેમણે લોકોને ધર્મોપદેશ આપ્યો, પરંતુ લોકોએ તેમની કોઈ વાત ગણકારી નહીં. કહેવામાં આવે છે કે આ અવગણનાની શિક્ષારૂપે લોકોને ત્યાં ૪૦ વર્ષ સુધી-ડૂબી ગયા ત્યાં સુધી -કોઈને ઓલાદ જ ન થઈ. આમ છતાં તે લોકો કેટલા હઠધર્મી હતા કે નૂહ અલૈ. ની વાત જરાયે ગણકારી નહીં.

તેમની કોમના સરદારોએ અને શ્રીમંતોએ તો ઊલટું વલણ લીધું અને નૂહ અલૈ. વિરુધ્ધ પ્રચાર કરવા લાગ્યા. "તેમની કોમના કાફિર સરદારો અને શ્રીમંતો કહેવા લાગ્યા કે આ નૂહ તો તમારા જેવો જ માણસ છે. તે તો તમારા ઉપર વર્ચસ્વ અને મુરબ્બીપણું સ્થાપવા માંગે છે અને અલ્લાહની મરજી હોત તો તેણે કોઈક ફરિશ્તો મોકલ્યો ન હોત ! અમે તો આ સંબંધમાં અમારા પૂર્વજો પાસેથી આવી કોઈ વાત સાંભળી જ નથી." ૨૩:૨૪ "એ તો એવો માણસ છે કે જેને ગાંડપણ થઈ ગયું છે." ૨૩:૨૫. વળી ૧૧:૨૭ની આયતમાં પણ એવું જ કહેવામાં આવ્યું છે. "અમે તો તને અમારા જેવો એક સામાન્ય માણસ જાણીએ છીએ અને અમને એ પણ જણાયું છે કે નીચ અને ગરીબ લોકો સિવાય તેમને તેઓ અક્ષરશ: સહેજ પણ વધઘટ કર્યા વિના યથાવત્ લોકોને સંભળાવી દેતા હતા, કારણ તે ઘણાં જ સત્યવાદી પયગંબર હતા., "ખરેખર હું તમારા માટે એક વિશ્વાસપાત્ર રસૂલ છું" ૨૬ :૧૦૭ એ આયતથી તેમની સત્યતા પુરવાર થાય છે. અલ્લાહની શક્તિઓ અને ખાસિયતોને તેઓ જેટલા પ્રમાણમાં પિછાણી શકતા હતા તેટલા પ્રમાણમાં લોકો પિછાણી શકે તેમ ન હતું. છતાં આ શક્તિઓ અને ખાસિયતો સારી રીતે ઓળખી શકે તથા અલ્લાહની બંદગીમાં ભૂલો ન કરે તે માટે તેમનું કહેવું માનવા જેવું હતું. વળી નીતિનિયમો અને શરિયત અર્થાત્ અનુશાસન લોકો જાણી લે અને તે પ્રમાણે આચરણ કરે, અને ગુનાહિત કૃત્યોથી વેગળા રહે તે માટે પણ તેમને અનુસરવાની જરૂર હતી.

વળી નૂહ અલૈ.ના અનુયાયી બનવામાં શું લાભાલાભ છે તેની પણ તેમણે ચોખવટ કરી હતી તે કહેતા કે જો મારી તાબેદારી કરશો તો "અલ્લાહ તમારાં કેટલાક ગુના માફ કરી દેશે" ૭૧:૪ તમે તમારા પરવરદિગાર પાસે ક્ષમા માગો, નિસંશય તે મહા ક્ષમાવાન છે." ૭૧ :૧૦ "તે તમને માલ અને ઓલાદથી સહાય કરશે." ૭૧:૧૨ તેમના કહ્યા પ્રમાણે ન ચાલવામાં શું નુકસાન છે તેની ચેતવણી પણ તે આપતા હતા. તેમના કહ્યા પ્રમાણે આચરણ નહીં કરો તો તમારે ભારે શિક્ષા ભોગવવી પડશે: "અને શિક્ષા કે આપત્તિ આવી પડશે ત્યારે ગમે તેટલું કરગરશો પણ તે ફોગટ જશે." "નિ:સંશય (શિક્ષાનો) નિર્માણનો થયેલો પડે તે પહેલા મૂર્તિ પૂજા છોડી દો. એક જ અલ્લાહની ઈબાદત કરો. મોક્ષ મેળવવાનો એજ એક સાચો અને સરળ માર્ગ છે. આ હતો તેમના ઉપદેશનો સારભાગ.

ઉપદેશ આપવામાં તેમણે અથાગ મહેનત લીધી હતી. તેમાં કોઇ મણા બાકી રાખી ન હતી. તેમાં જ અહર્નિશ મગ્ન રહેતા હતા. આ સંબંધમાં પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "હે મારા પરવિરદિગાર ! મેં મારી કોમને દિન-રાત (ઈમાન તરફ) બોલાવી, પરંતુ આ બોલાવવાનું પરિણામ એવું (વિપરીત) આવ્યું કે લોકો મારાથી વધારે નાસવા લાગ્યા : અને જ્યારે જ્યારે મેં તેમને ઈમાન લાવવા કહ્યું કે જેથી તું તેમનાં પાપ માફ કરીં, ત્યારે ત્યરે લોકો પોતાના કાનમાં આંગળા નાંખી દેતા અને (ઓળખાઈ ન જવાય તે માટે મોં છુપાવવા) કપડાં ઓઢી લેતા અને પોતાનો હઠધર્મી ઉપર અડી રહેતા, તેમજ હદ ઉપરાંત અભિમાન કરતા હતા. ૭૧ : ૫-૬-૭ આ આયતોતી સ્પષ્ટ થાય છે કે નૂહ અલૈ. મે ઉપદેશ આપવામા તનતોડ મહેનત કરી હતી : પરંતુ લોકો એવા હઠીલા બની બેઠા હતા કે તેમના પ્રવચનના શબ્દો પણ તેમના કાને ન અથડાય તે માટે કાન બંધ કરી દેતા હતા અથવા મોં પરક પછેડી ઓઢી લેતા હતા.

આ પરિસ્થિતિમાં તેમણે બીજા માર્ગ અપનાવ્યા. "પછી મેં તેમને મોટા અવાજે બોલાવ્યા, તેમને જાહેરમાં સમજાવ્યા, તેમ જ ખાનગીમાં ." ૭૧:૮-૯ આ આયતથી સાબિત થાય છે કે લોકોને સમજાવવા માટે ઢંઢેરો પીટીને એકઠા કરતા હતા, અથવા ચોરે ચૌટે ભેગા થતા અથવા બજારમાં કે મંદિરો આગળ જ્યાં પણ લોકો ટોળે વળતાં ત્યાં પ્રવચન આપતા હતાં. કેટલીક

વેળા તો કોઈક ઊંચી જગા કે કોઈ ઊંચી પહાડી પર ચઢી જઈ મોટા અવાજે પ્રવચન કરતા હતા. કહેવામાં આવે છે કે, તેમનો અવાજ એટલો બુલંદ હતો કે, ત્રણ ચાર હજારની વસ્તીવાળા ગામમાં લોકોને ઘેર ઘેર સ્પષ્ટ સંભળાતો હતો. આમ જાહેરમાં લોકોએ તેમના ઉપદેશ પરત્વે દુર્લક્ષ સેવ્યું ત્યારે મહોલ્લે મ્હોલ્લે ફરી, દરેકના ઘેરઘેર જઈ લોકોને સમજાવતા હતા. આમ જાહેર રીતે તથા ખાનગી રીતે તેમણે લોકોને ધર્મોપદેશ આપ્યો, પરંતુ લોકોએ તેમની કોઈ વાત ગણકારી નહીં. કહેવામાં આવે છે કે આ અવગણનાની શિક્ષારૂપે લોકોને ત્યાં ૪૦ વર્ષ સુધી ડૂબી ગયા ત્યાં સુધી કોઈને ઓલાદ જ ન થઈ. આમ છતાં તે લોકો કેટલા હઠધર્મી હતા કે નહ અલૈ.ની વાત જરાયે ગણકારી નહીં.

તેમની કોમના સરદારોએ અને શ્રીમંતોએ તો ઊલટું વલણ લીધું. અને નૂહ અલૈ. વિરૂદ્ધ પ્રચાર કરવા લાગ્યા 'તેમની આ કોમના કાફિર સરદારો અને શ્રીમંતો કહેવા લાગ્યા કે આ નૂહ તો તમારા જેવો જ માણસ છે, તે તો તમારા ઉપર વર્ચસ્વ અને મુરબ્બીપણું સ્થાપવા માંગે છે અને અલ્લાહની મરજી હોત તો તેણે કોઈક ફરિશ્તો મોકલ્યો ન હોત ! અમે તો આ સંબંધમાં અમારા પૂર્વજો પાસેથી આવી કોઈ વાત સાંભળી જ નથી." ૨૩:૨૪ "એ તો એવો માણસ છે કે જેને ગાંડપણ થઈ ગયું છે." ૨૩:૨૫. વળી ૧૧:૨૭ની આયતમાં પણ એવું જ કહેવામાં આવ્યું છે. "અમે તો તને અમારા જેવો એક સામાન્ય માણસ જાણીએ છીએ અને અમને એ પણ જણાયું છે કે નીચ અને ગરીબ લોકો સિવાય બીજા કોઈએ તારૂં અનુસરણ કર્યું નથી. અમારી સરખામણીમાં તારી કોઈ પ્રકારની મોટાઈ અમને જણાતી નથી. ઊલટું અમે તો તને જૂઠો ગણીએ છીએ." આ આયતોમાંથી એવું જણાય છે કે તેમની કોમના આગેવાનોએ ત્રણ મુખ્ય વાંધાઓ તેમની પયગંબરી વિરૂધ્ધ રજૂ કર્યા. (૧) નૂહ અલૈ. અમારા જેવો એક સામાન્ય માણસ છે : માણસ તરીકે તે ચઢિયાતો નથી. ફરિશ્તો ચઢિયાતો હોઇ શકે. (૨) સાવ ગરીબ અને નીચ લોકો સિવાય અને તે પણ ગણ્યાગાંઠ્યા લોકો સિવાય બીજા કોઈ એમના અનુયાયી બન્યા નથી, તેમાં ખાસ કરીને કોમના સરદારો અને શ્રીમંતોમાંથી કોઈએ તેમનો ધર્મ અંગિકાર કર્યો નથી. (૩) અમારા જેવો તે કંઈ માલદાર નથી, તો પછી તે કેવી રીતે ઉચ્ચ કોટિનો હોઈ શકે કે અમે તેનું કહ્યું કરીએ ?

આ પ્રકારના ખ્યાલોના અથવા વાંધાઓના જવાબમાં નૂહ અલૈ. તેમને કહેતા કે, "હે મારા જ્ઞાતિ ભાઈઓ ! હું ગુમરાહીમાં (અર્થાત્ અવળા માર્ગમાં) પડેલો નથી, ઊલટું હું સારીય સૃષ્ટિના પરવરદિગારનો રસૂલ છું. તમને આપણા માલિકના સંદેશાઓ પહોંચાડું છું, તમારૂં ભલું ઈચ્છું છું. અને અલ્લાહની મારફત જે હકીકત હું જાણું છું તે તમે જાણતા નથી. શું તમને એ વાતથી નવાઈ લાગે છે કે તમારી પાસે તમારામાંના (મારા જેવા) એક માણસ મારફત બોધ આવ્યો અને તે એટલા માટે કે તમે બીતા રહો અને નાફરમાનીથી બચો કે જેથી તમારા ઉપર અલ્લાહની કૃપાદ્રષ્ટિ થાય !" ૭ :૫૯-૬૩. વળી તે લોકોને કહેતા કે, "હે મારા જ્ઞાતિજનો ! જરા વિચારો તો ખરા ! હું મારા રબ તરફથી સ્પષ્ટ પ્રમાણ (સાબિતી આપતો) હોઉં અને તેણે જ મને પયગંબરી અર્પણ કરી હોય છતાં તે તમને દેખાતી ન હોય તે શું હું તમને તેવું માની લેવા ફરજ પાડી શકું છું. ?" ૧૧ :૨૮ આ આયતોથી ચોખવટ થાય છે કે પયંગબર ઈન્સાનજ બની શકે છે, ફરિશ્તો નહીં. ''હું એવું પણ નથી કહેતો કે હું ફરિશ્તો છું." ૧૧ :૩૧.

વળી બીજો વાંધો ઉઠાવતાં લોકો નૂહ અલૈ. ને પડકાર કરીને કહેતા કે, " શું અમે તારા ઉપર ઈમાન લાવીએ (અર્થાત્ તારૂં કહ્યું માનીએ) જ્યારે નીચ લોકો તારા અનુયાયી બન્યા છે.?" ૨૬:૧૧૧ "અર્થાત્ ગરીબ અને હલકી વર્ણના લોકોને હઠાવી મૂકવાનો આગ્રહ નૂહની કોમના સરદારો કરતા હતા. તેના જવાબમાં જવાબમાં નૂહ અલૈ. કહેતા કે, "ગરીબ લોકો જે કંઈ કરે છે તેની મને ખબર નથી. " ૨૬ :૧૧૨ અને જે લોકો ઈમાન લાવ્યા છે તેમને હું ધુતકારવાનો નથી." ૧૧:૨૯ "જો હું તેમને ધુતકારી દઉં તો અલ્લાહ સામે મારી કોણ મદદ કરે એમ છે ?" ૧૧:૩૦ એમના કહેવાનું તાત્પર્ય એ હતું કે, "એ મારી ફરજ ન હતી કે જ્યારે તેઓ મારી પાસે હિદાયત મેળવવા આવે ત્યારે તેઓ કયા કુટુંબના છે, કયો ધંધો કરે છે અને તેમની આર્થિક સ્થિતિ કેવી છે વગેરે બાબતોની તપાસ કરવાની હોય ! મારુ કાર્ય તો અલ્લાહનો સંદેશો પહોંચાડવાનું છે.'' "હે મારા જ્ઞાતિજનો ! હું તો તેના (સંદેશો પહોંચાડવાના) બદલામાં તમારી પાસેથી કંઈ માલ (પાઈ -પૈસો) માંગતો નથી, મારો બદલો તો અલ્લાહના શિરે છે." ૧૧:૨૯ પ્રવચન દરમિયાન, કે ઉપદેશ આપતી વેળા જે વાંધાઓ તેમણે ઉઠાવ્યા હતા તેમના ઉપરોક્ત રીતે જવાબો આપ્યા હતા. ત્યારપછી પણ જયારે જયારે કોઈ પયગંબર પોતાની

કોમને ઉપદેશ આપતા ત્યારે ત્યારે આવા જ વાંધાઓ ઉઠાવવામાં આવેલા છે. ઈન્સાનોની હિદાયત માટે ઈન્સાજ જ હોવો ઘટે, ફરિશ્તો કે ઈશ્વરી અવતાર ન હોઈ શકે.સરદારો અને શ્રીમંતોએ કદી પણ પયંગબરોના ઉપદેશને અપનાવ્યો નથી. સૌથી પહેલાં ગરીબો જ નવો રાહ, નવો કાનૂન નવો ધર્મ અપનાવે છે.

નૂહ અલૈ.ના ઉપદેશની લોકો ઉપર કોઈ અસર પડી નહીં, ઊલટા લોકો વધુ ખિજાયા અને ઉગ્ર બન્યા. લોકો નૂહ અલૈ. ને પજવવા લાગ્યા. જયારે પણ પ્રસંગ મળતો ત્યારે લોકો તેમનો એટલો માર મારતા કે તેઓ બેહોશ થઈ પડી જતા. તેમના ગળામાં દોરડાનો ફાંસો નાંખ્યો અને દોરડું ખેંચતાં તેમનું ગળું રૂંધાયું અને બેભાન બની ગયા. ત્રણ દિવસ સુધી દુ:ખી થયા, છતાં તબિયત સુધરી જતાં ઉપદેશ આપવાનું ચાલુ કરી દેતા. લોકો તેમની વાત માનતા ન હતા અને અવળે માર્ગે જઈ આપત્તિ વહોરી લેતા હતા, તે જોઈ તેઓ ખૂબ દુ:ખી થતા અને રડતા. નોહા-એટલે રડવું : લોકો માટે રડ્યા કરતા હતા તેથી તેમનું નામ નૂહ પડી ગયું. તેમનું મૂળ નામ શુક્ર હતું.[૨] લોકો એમના ઉપદેશથી એટલા બધા ચિડાયા કે એક વખતે લોકોએ તેમને ચોખ્ખે ચોખ્ખું પરખાવી દીધું કે, "અય નૂહ ! હવે જો તું નહીં અટકે તો તને પથ્થર મારીને મારી નાખીશું." ૨૬:૨૧૬.

નૂહ અલૈ.મે પણ તેમને હિંમતપૂર્વક સંભળાવી દીધું કે, "હે મારા જ્ઞાતિ-જનો ! જો મારા ઉપદેશથી તમે નારાજ થઈ ગયા હો તો અને મારા દુશ્મન બની ગયા હો તો હું તેની પરવા કરતો નથી. હું તો અલ્લાહ પર જ ભરોસો રાખું છું. તમે બધા જ તેમ જ તમારા માબૂદો અર્થાત તમારા ઉપાસિતો ભેગા થઈ જાઓ અને મને ઈજા પહોંચાડવા માંગતો હો તેવી યુક્તિઓનો નિર્ણય કરી લો, પછી તમને તમારી યુક્તિઓમાં કંઈ શંકા રહેવા ન પામે અર્થાત્ તમારી યુક્તિઓ પરિપૂર્ણ લાગે ત્યારે મારી સાથે જે કરવું હોય તે કરી નાંખજો અને મને થોડીઘણી પણ મહેતલ ન આપશો." ૧૦:૭૧ આ સાંભળી અધર્મીઓ ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને નૂહ અલૈ. ને પડકાર ફેંક્યો કે, "અય નૂહ ! તું અમારી સાથે સારી પેઠે બાથડ્યો છે : હવે જો તું સાચો છે તો જે બાબતથી તું અમને ડરાવે છે, તે અમારી સામે લઈ આવ." ૧૧:૩૨.

---

૨. ઉર્દૂ કસસૂલ અંબિયા. પૃ. ૨૫.

આ પડકારના જવાબમાં "નૂહે કહ્યું કે, અલ્લાહની ઈચ્છા હશે તો તેને (આપત્તિને) તે જાતે તમારા ઉપર લાવશે અને તેમ કરતાં તમે તેને લાચાર બનાવી (અર્થાત્ રોકી) શકવાના નથી." ૧૧:૩૩ અધર્મીઓએ આવો પડકાર કર્યો તેથી તેમણે અલ્લાહ તઆલાને અરજ ગુજારી કે, "હે પરવરદિગાર ! તેમણે મને જૂઠો ઠરાવ્યો છે, માટે તું જ મારી મદદ કર." ૨૩:૨૬.

નૂહ અલૈ.મે પોતાના જ્ઞાતિ-જનોને પચીસ-પચાસ કે સો-બસો વર્ષ ઉપદેશ આપ્યો નથી, ખાસી રીતે નવ સદીઓ સુધી ઉપદેશ આપતા રહ્યા. પવિત્ર કુરઆનમાં તેમણે કેટલા વરસ ઉપદેશ આપ્યો તે સંબંધી કહેવામાં આવ્યું છે કે, "અને અમે નૂહને તેમના જ્ઞાતિ-જનો તરફ મોકલ્યો. અને તેમનામાં એક હજારમાં પચાસ વરસ જેટલાં ઓછા વરસ સુધી રહ્યો." ૨૯:૧૪ તેઓ રસૂલ બન્યા હશે ત્યારે તેમની ઉંમર ૪૦ વર્ષની માનીએ તો તેમનું આયુષ્ય ૯૯૦ વરસનું થાય. તૌરાતમાં તો કહેવામાં આવ્યું છે કે, "નૂહની કુલ ઉંમર સાડીનવસો વરસની થઈ ત્યારે તે મૃત્યુ પામ્યો." ઉત્પત્તિ ૯:૨૯. બહુ પ્રચલિત વાત એવી છે કે, તેમણે ૧૦૩૦ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું. આટલા લાંબા કાળ સુધી અને અનેક પ્રકારે લોકોને ઉપદેશ આપ્યો; છતાં ૮૦ જાણે ૪૦ પુરુષો-૪૦ સ્ત્રીઓએ તેમનો ઉપદેશ શિરોમાન્ય રાખ્યો હતો. આ ૮૦ જણામાં વળી ૩ પુરુષો અને ૪ સ્ત્રીઓ તો નૂહ અલૈ.ના ઘરનાં જ હતાં. તેમના ત્રણ પુત્રો અને ચાર પુત્ર-વધુઓ હતાં. તેમની કોમ મૂર્તિપૂજામાં કેટલી સાંગોપાંગ ડૂબેલી હતી અને કેટલી અચળ હતી તેનો ખ્યાલ આ ઉપરથી આવે છે.

કેટલાયે સૈકાઓ સુધી અસહ્ય દુઃખો વેઠી પોતાના જ્ઞાતિજનોને બોધ આપ્યો, છતાં બહુ જ થોડાં લોકોએ તેમની વાત માન્ય રાખી. વળી તેમને વહી દ્વારા જાણ પડી ગઈ હતી કે, "તારી કોમમાંથી જે ઈમાન લાવી ચૂકયા છે તેમના સિવાય બીજાં કોઇ ઈમાન લાવશે નહિ, માટે તે લોકો જે કંઈ કામો કરે તે માટે તું ચિંતાતુર થઈશ મા." ૧૧:૩૬ વળી તેમને લોકોએ પડકાર પણ ફેંકયો હતો તેથી તેમણે દુઆ માંગી કે, 'હે મારા પરવરદિગાર ! ખરેખર મારા જ્ઞાતિ-બંધુઓએ મને જૂઠો ઠરાવ્યો છે, એટલે તું મારી અને તેમની વચ્ચે

યોગ્ય ફેંસલો કરી દે અને મને તથા જે ઈમાન લાવનારાઓ મારી સાથે છે તેમને બચાવી લે." ૨૬:૧૧૮. પછી તો એમણે કાફિરો અર્થાત અધર્મીઓના સંપૂર્ણ વિનાશ માટે દુઆ માંગી. 'વળી નૂહે અરજ કરી' હે મારા પરવરદિગાર! પૃથ્વી ઉપર વસનારા કાફિરોમાંથી એકમને પણ જીવતો રહેવા ન દઈશ, કારણ કે જો તું તેમને જીવતા રહેવા દઈશ તો નિ:સંશય તેઓ તારા બંદાઓને ગુમરાહ કરશે તથા તેમને નર્યા પાપી અને કટ્ટર કાફિર સંતાનોનો જ જન્મ થશે." ૭૧:૨૬-૨૭. અલ્લાહ તઆલાએ પણ તેમની "દુઆ કબૂલ કરી લીધી : પછી તેને તથા તેના કુટુંબીજનોને સખત મુસીબતોમાંથી ઊગારી લીધા." ૨:૭૬. તેઓ કેવી રીતે બચી ગયા અને નાસ્તિકોનો નાશ કેવી રીતે થયો તે હવે પછી જોઈશું.

## ૬. નૂહ અલૈ.ની કિશ્તી

તે સમયના લોકોના મનોમનમાં એવી વાત ઠસી ગઈ હતી કે આપત્તિ આવી પડશે, આપત્તિ આવી પડશે, એમ કહી કેટલાયે વરસોથી નૂહ (અલૈ.) અમસ્તો ડરાવ્યા કરે છે. અત્યાર સુધી કોઈ આપત્તિ આવી પડી નથી, એટલે આવશે પણ નહિ. લોકોના મનમાં એવી ખાતરી હતી તેથી, પરંતુ ધીરજ ખૂટી ગઈ હતી તેથી એમણે નૂહ અલૈ.ને ચોખ્ખું સંભળાવી દીધું કે, "જો તું સાચો હોય તો જે વસ્તુથી તું અમને ડરાવ્યા કરે છે તે તું લઈ આવ." ૧૧:૩૨. બીજી બાજુ જોઈશું તો જણાશે કે લોકો તેમને ખૂબ ત્રાસ આપતા હતા. તેમને પુષ્કળ મારતા હતા : કેટલાક વેળા તેમનું ગળું દબાવી દેતા હતા. આથી ઘણીવાર તેઓ બેહોશ થઈ જમીન પર ઢળી પડતા હતા. તેઓ લોકોનું અંતઃકરણપૂર્વક ભલું ચાલતા હતા. તેઓ અલ્લાહ પાસે દુઆ પણ માંગતા હતા કે : અય પરવરદિગાર ! મારા જાતિભાઈઓ તો મૂર્ખ લાગે છે, તું તેમને ક્ષમા આપ. તેમને એવી આશા રહેતી કે, હાલના કોઈક કુટુંબ-કબીલામાંથી નહીં તો બીજા કોઈક કુટુંબ-કબીલામાંથી, આ પેઢીમાંથી કોઈક ને કોઈક મારા પર ઈમાન લાવશે અને મારો ધર્મ સ્વીકારશે, મૂર્તિપૂજા છોડી દેશે અને એક અલ્લાહની ઈબાદત કરશે જ : પરંતુ આ આશા ઠગારી નીવડી. બનતું એવું કે, પહેલાંની પેઢીના લોકો કરતાં તેની પછીના પેઢીના લોકો અર્થાત પિતા કરતાં પુત્રો, પુરોગામીઓ કરતાં અનુગામીઓ વધુને વધુ પ્રમાણમાં કટ્ટર મૂર્તિપૂજકો પેદા થતા હતા. આ કારણે પણ નૂહ અલૈ. પોતાના જ્ઞાતિજનોથી કંટાળી ગયા હતા.

વળી આ સમયે અલ્લાહ તઆલાએ તેમને વહી દ્વારા જાણ કરી આપી હતી કે, "તારી કોમમાંથી જે ઈમાન લાવી ચૂકયા છે તેમના સિવાય બીજું કોઈ પણ ઈમાન લાવશે નહીં. માટે તે લોકો જે કંઈ કામો કરે તે માટે તું ચિંતાતુર થઈશ મા." ૧૧:૩૬. આમ બંને પક્ષો ધીરજ ખોઈ બેઠા હતા ને તેમાં પહેલ કાફિરોએ કરી. તેમણે આપત્તિ લઈ આવવાનો પડકાર ફેંકયો, એટલે જ નૂહ અલૈ.મે દુઆ માંગી, "હવે હું હારી ગયો છું. તુંજ નીપટી લે." ૫૪:૧૦ "મારી

અને તેમની વચ્ચે તુંજ ફેંસલો કરી નાંખ." ૨૬:૧૧૮. અને છેલ્લે એવી પણ દુઆ માંગી કે, "પૃથ્વીની સપાટી ઉપર વસતા કાફિરોમાંથી એકને પણ જીવતો રહેવા દઈશ નહીં." ૭૧:૨૬. અલ્લાહ તઆલાએ પણ તેમની આ દુઆ સ્વીકારી લીધી અને તેમને ફરમાવ્યું કે, "અમારી રૂબરૂ અને અમારી આજ્ઞા પ્રમાણે તું એક કિશ્તી તૈયાર કર અને જે લોકો જાલિમ છે અર્થાત્ પાપી છે તેમના છુટકારા માટે કોઈ વાત હવે કરીશ નહીં. (કારણ કે) તેમને ખચીત્ત જ ડૂબાડી દેવામાં આવશે.' ૧૧:૩૧[1] કિશ્તી પ્રથમવાર બનવાની હતી એટલે તેને બનાવતાં કોઈને આવડતું ન હતું. તેને કેવી રીતે બનાવવી તેનું જ્ઞાન અલ્લાહ તઆલાએ નૂહ અલૈ.ને વહ્ય કર્યું હતું એટલે જ સહેલાઈથી સુથારીકામ કરવા તે શક્તિમાન બન્યા હતા.

તે સમયે કોઈએ નાનું સરખું હોડકું પણ બનાવ્યું ન હતું. એક મોટું વહાણ તેમને મળેલા કુદરતી જ્ઞાન પ્રમાણે બનાવવાનું તેમણે શરૂ કર્યું. કહેવામાં આવ્યું છે કે તેમને સાગનું ઝાડ રોપવાનો આદેશ તો પહેલેથી મળી ગયો હતો. તે આદેશ પ્રમાણે એક જંગલમાં તેમણે સાગનું ઝાડ રોપ્યું હતું. ૪૦ વરસમાં તે અતિ વિશાળ વૃક્ષ બની ગયું હતું. નૂહ અલૈ. એકલા જ આ વહાણ ઘડતા હતા કે તેમના અનુયાયીઓ તેમને મદદ કરતા હતા તેવો કોઈ ઉલ્લેખ મળતો નથી. તેમને ગેબી મદદ મળતી હતી, તેથી એવું અનુમાન બાંધી શકાય છે કે એકલા હાથે કિશ્તી તૈયાર કરતા હશે : ભાર કામમાં બીજાની મદદ લેતા હશે. પ્રથમ તેમણે પેલા ઝાડને કુહાડા વડે કાપ્યું : તેના થડ અને જાડી ડાળીઓમાંથી પાટિયાં વહેર્યાં. વાંકી ડાળીઓને વાંસલા વડે ઘડીને વહાણ માટે બંને બાજુઓ માટેનાં પીઢિયાં તૈયાર કર્યાં. મોટા સાગટામાંથી કુંભ-સ્તંભ બનાવ્યો. પાટિયાં જડવા માટે ખીલીઓ પણ લાકડાની બનાવી. કિશ્તીનો આકાર કૂકડાની છાતી જેવો બનાવવાનો આદેશ મળ્યો હતો. કૂકડાનો મોંનો ભાગ તથા તેની પૂંછડીનો ભાગ તેના પેટ કે બદન કરતાં ઊંચો રહે છે: એટલે વહાણની નીચેની પાટડી કૂકડા જેવા આકારની બનાવવામાં આવી. તેની મધ્યમાં કુંભ-સ્તંભ ઊભો કરવામાં આવ્યો. પછી તે પાટડીની બંને બાજુએ પેલાં વાંકાં પીઢિયાં બેસાડવામાં આવ્યાં. આ પીઢિયાંઓને બહારની બાજુએથી પાટિયાં લગાવી, ખીલાઓ ઠોકી સજ્જડ કરી દેવામાં આવ્યાં. એ

---

૧. આ અર્થની ૨૩ : ૨૭ આયત જુઓ.

બાબતનો ઉલ્લેખ કુરાન શરીફમાં એ પ્રમાણે મળે છે કે, "અને અમે તેને પાટિયાં અને ખીલાવાળા વહાણ પર સવાર કર્યો." ૫૪:૧૩. તે ઉપરાંત સારાયે વહાણને અંદરથી તેમજ બહારથી રોગાન લગાડવામાં આવ્યું.

કિશ્તી કેટલી મોટી હતી, તેના કેટલા માળ હતા વગેરેનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં નથી, પરંતુ તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "તું ગોફરના લાકડાની એક કિશ્તી તારા માટે બનાવ. તે કિશ્તીમાં કોટડીઓ તૈયાર કરજે અને તેની અંદરથી તથા બહારથી રાળ લગાવજે અને કિશ્તીની લંબાઇ ૩૦૦ હાથ, તેની પહોળાઈ ૫૦ હાથ અને તેની ઊંચાઈ ૩૦ હાથની રાખજે. તે કિશ્તીમાં અજવાળિયું મૂકજે અને ઉપરથી એક હાથ છોડીને તેને પૂર્ણ કરજે અને તે કિશ્તીનો દરવાજો તેની બાજુમાં રાખજે અને તેના ત્રણ માળ બનાવજે. નીચેનો, બીજો અને ત્રીજો." ઉત્પત્તિ ૬:૧૪ થી ૧૬ આ કિશ્તી સંબંધી નવાઈ પમાડે તેવી રિવાયત ઈબ્ને જરીર નામના એક ભાષ્યકારે કરી છે. તે વાત આ પ્રમાણે છે. :[૨]

એક વેળા ઈશુ ખ્રિસ્તને અર્થાત ઈસા અલૈ. ને તેમના સાથીદારો કહેવા લાગ્યા, "તમે કેટલાક મૂએલાઓને જીવતા કર્યા છે. નૂહ અલૈ.ની કિશ્તી જેણે જોઈ હોય તેવા કોઈકને તમે સજીવન કરો તો તેની પાસેથી એ કિશ્તી સંબંધી અમને ઘણું જાણવાનું મળે''.

ઈશુ ખ્રિસ્ત તેમને પોતાની સાથે જંગલમાં એક ટીંબા પાસે લઈ ગયા. ટીંબા ઉપરથી થોડીક માટી લઈ પોતાના સાથીઓને પૂછવા લાગ્યા, "જાણો છો ! અહીં કોની કબર છે.?"

સાથીઓએ નમ્રતાપૂર્વક જવાબ વાળ્યો, "અલ્લાહ અને તેના રસૂલને એ બાબતની માહિતી હોઈ શકે. અમને કયાંથી હોય?"

ઈશુ ખ્રિસ્તે કહ્યું : 'અહીં નૂહ અલૈ.ના પુત્ર હામની કબર છે," પછી ટીંબા ઉપર પોતાની લાકડી પછાડી બોલ્યા, "ઓ હામ બિન નૂહ ! અલ્લાહના હુકમથી ઊભા થાઓ."

---

૨. ઈબ્ને કસીર ૧૧ : ૩૭ ની આયતની તફસીર.

તરત જ એક વૃદ્ધ ટીંબામાંથી પોતાના માથાની માટી ખંખેરતો ઊભો થયો. ઈશુ ખ્રિસ્તે તેને કહ્યું : "હે અમારા વડીલ ! તમારા પિતા નૂહ અલૈ.ની કિશ્તીનું વર્ણન કરો."

હામ કહેવા લાગ્યા : "તે કિશ્તીમાં હું પણ હતો. તે ૧૨૦૦ હાથ લાંબી, ૬૦૦ હાથ પહોળી અને ત્રણ માળની હતી. સૌથી નીચે ભંડારિયામાં હિંસક, અહિંસક અને પાળેલાં ચોપગાં પ્રાણીઓ હતા. વચલાં માળે અમે સ્ત્રી-પુરૂષો હતાં. નૂહ અલૈ. સાથે અમે ૮૦ જણ હતાં. છેક તૂતક- વાળા માળે સર્વ પ્રકારનાં પક્ષીઓ હતાં. વહાણનું ભંડારિયું જાનવરોના મળમૂત્રથી ઘણું જ ગંદું બની ગયું હતું. તેથી નૂહ અલૈ.ની વહી દ્વારા જાણ કરવામાં આવી કે હાથીને દબાવો. તેમ કરતાં ડુક્કરનું નર-માદાનું જોડું જન્મ્યું. તેણે ખાઈપીને બધી ગંદકી સાફ કરી નાંખી."

પ્રાણીઓમાં ડુક્કર જાત ગંદકી અને માણસનું મેલું ખાઈ પોતાનું પેટ ભરે છે તેથી તેનું માંસ હરામ કરવામાં આવ્યું છે. વળી એક બીજું કારણ પણ આપવામાં આવ્યું છે. ડુક્કરણી સાથે ડુક્કર સંભોગ કરવ માંગે છે ત્યારે તેઓ ભૂંકે છે. એ અવાજ સાંભળી બીજા ડુક્કરો અને ડુક્કરણીઓ એકઠાં થાય છે. પછી પેલા ભૂંકતા હતા તેમની બાજુબાજુ ગોળાકારમાં ગોઠવાઈ જાય છે. તે વર્તુળની વચમાં પેલા ડુક્કરણી સાથે પેલો ડુક્કર સંભોગ કરે છે અને બધાં તે જુએ છે. બીજાં બધાં પ્રાણીઓ સંભોગ કરતી વેળા પણ પોતાની જાતિનાં બીજાં પ્રાણીઓને ભગાડી મૂકે છે અને પછી જ સંભોગ કરે છે. ડુક્કરનું માંસ ખાનારાઓમાં તેમના જેવી ખાસિયતો પેદા ન થાય તે માટે કુરઆન શરીફમાં તેમનું માંસ ખાવાનું હરામ કરવામાં આવેલું છે.

હામે આગળ ચલાવ્યું, "કિશ્તીમાં ઉંદરો, દોરડાં, પાટિયાં વગેરે કાતરી ખાતા હતા અને અનાજ ખાઈ જતા હતા એટલે નૂહ અલૈ.ને ફરમાન થયું કે વાઘના કપાળ પર લાકડી મારો. તેમ કરતાં બિલાડીના નર-માદાનું જોડું જન્મ્યું. તે જોડું પેલા ઉંદરો પકડવા દોડ્યું ત્યાં તો ઉંદરો સંતાઇ ગયા. ત્યારથી બિલાડીને જોઈ ઉંદરો સંતાતા રહે છે."

ઈશુ ખ્રિસ્તે પૂછ્યું : "સઘળે જમીનનાં પાણી ઓસરી ગયાં તે વાત તમે કેવી રીતે જાણી ?"

હામે જવાબમાં કહ્યું : "તે બાબતની ખબર કાઢવા નૂહ અલૈ.મે કાગડાને મોકલ્યા પરંતુ તે તો એક લાશ પર બેસી ઉજાણી કરવા લાગ્યા. જલદી પાછા ફર્યા નહીં. તેથી નૂહ અલૈ.મે દુઆ માંગી કે તે હંમેશાં ભટકતો રહે, ડરતો રહે, અને માણસો સાથે હળે જ નહીં."

"પછી મારા પિતાશ્રીએ કબૂતર મોકલ્યું. થોડી જ વારમાં તે ચાંચમાં એક પાંદડું લઈ પાછું ફર્યું. તેના પગ કાદવથી ખરડાયેલા હતા. તેથી અમે બધાં સમજી ગયાં કે પાણી ઓસરી ગયાં છે અને જમીન ઉઘાડી થઈ ગઈ છે. મારા પિતાશ્રીએ કબૂતર માટે એવી દુઆ માંગી કે તે માણસો સાથે ભળતું રહે."

ત્યાર પછી ઈશુ ખ્રિસ્તે પ્રાર્થના કરતાં કહ્યું કે, "અલ્લાહના હુકમ પ્રમાણે અય હામ, તમે પહેલાં જ્યાં હતાં ત્યાં પાછા જાઓ." તરત જ તે માટીમાં ભળી ગયાં.

આ કિશ્તી તૈયાર કરતાં બે વરસ લાગ્યાં હતાં. જયારે તેને ઘડવાનું કામ ચાલતું હતું ત્યારે ત્યાંથી પસાર થતા લોકો તેમને જોઈ મજાકમાં હસતા, ખાસ કરીને કાફિર સરદારો તેમની ખૂબ જ મશ્કરી કરતા. તેઓ કહેતા : "આ ગાંડો તો જુઓ ! અહીં સૂકી જમીનમાં વહાણ બનાવે છે. દરિયા સુધી આવડા મોટા વહાણને કેવી રીતે લઈ જશે ! એનું ભેજું ચસકેલું હોય એમ લાગે છે. અત્યારસુધી અલ્લાહનો રસૂલ બની બેઠો હતો અને હવે સુથાર બની ગયો છે. કાચંડાની જેમ રંગ બદલે છે ને ! વહાણને જમીન પર ચલાવવા માટે પૈડાં કયાં છે ? દરિયા સુધી એને ખેંચી જવા કેટલા બળદ જોડાશે ? તદ્દન ગાંડો જ છે ને ! આવું આવું બોલી તેમની ભારે ઠેકડી ઉડાડતા હતાં.

નૂહ અલૈ. પણ તેમને તેવો જ વ્યંગમાં જવાબ આપતા કે "હું ગાંડો નથી. બધા કાફિરોને ડૂબાડી દેવાના છે. હું કંઈ અમસ્તો કિશ્તી બનાવતો નથી. તમારા માથા ઉપર મોત ભમે છે પણ તેનું ભાન તમને નથી. તમે મારી ઠઠ્ઠા મશ્કરી કરો છો તો કરી લો. અમારો વારો પણ આવશે."

આ બાબતનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં આ પ્રમાણે આવે છે : "અને તે કિશ્તી બનાવવા લાગ્યો અને જ્યારે જ્યારે તેની કોમના સરદારો તેની પાસેથી પસાર થતા ત્યારે ત્યારે તેઓ તેની ઠેકડી ઉડાવતા. તે પણ કહેતો કે : તમે મારી હાંસી ઉડાડો છો તો જેવી રીતે તમે હાંસી ઉડાડો છો તેવી જ રીતે અમે તમારી હાંસી ઉડાડીએ છીએ. થોડા સમયમાં જ તમને ખબર પડશે કે કોના ઉપર આફત આવી પડશે જે તમારી ફજેતી કરશે અને જે તમારા ઉપર કાયમની રહેશે." ૧ :૩૮-૩૯. કિશ્તી લોકોની આંખો સમક્ષ તૈયાર થતી હતી અને તેમને પાણીમાં ડૂબાડી દેવાની છે તેવી ચેતવણી પણ મળતી હતી: પરંતુ આ બાબતની તેમને સમજ પડતી ન હતી.

## ૭. મહા જળ-પ્રલય

કાફિરોને ડૂબાડી દેવા માટે પાણીનું તોફાન કયારે શરૂ થશે તેની આગાહી અગાઉથી કરી દેવામાં આવી હતી. નૂહ અલૈ.ને પથ્થરનો તન્નૂર અર્થાત્ ચૂલો આદમ અલૈ. તરફથી વારસામાં મળ્યો હતો. આ ચૂલા ઉપર હવ્વા અલૈ. રોટી શેકતાં હતાં. આ તન્નૂરમાંથી ઝરાની માફક પાણી ઉછાળા મારતું બહાર નીકળવા માંડે ત્યારે તોફાન શરૂ થશે એમ સમજી લેવાનું હતું. કુરઆને શરીફમાં એ અંગેનો એવો ઉલ્લેખ આવે છે કે; 'જેથી અમે તેને વહી દ્વારા ખબર આપી કે, તું અમારી નજર સમક્ષ અને અમારી આજ્ઞા પ્રમાણે એક કિશ્તી બનાવ : પછી જ્યારે અમારો હુકમ આવી જાય અને તન્નૂરમાંથી પાણી ઉભરાવા માંડે ત્યારે દરેક પ્રાણીનું એકેક જોડું તેમાં લઇ લેજે અને તારા ઘરનાં માણસોને પણ (બેસાડી દેજે), સિવાય કે તે લોકો જેમના માટે (ડૂબાડી દેવાનો) હૂકમ સાદર થઈ ચૂકયો છે અને જે જુલમગાર (અર્થાત્ પાપી છે.) તેમના (છુટકારા) માટે કંઈ વિજ્ઞપ્તિ કરતો નહીં, કારણ કે તેમને અવશ્ય ડૂબાડી દેવાના છે." ૨૩ :૨૭ જળ-પ્રલયનો આરંભ તન્નૂરમાંથી પાણી ઉભરાતું નીકળે ત્યારે થવાનો હતો તે હકીકત આ આયતમાંથી મળી રહે છે.

ઉપરોકત હૂકમ અનુસાર તન્નૂરમાં પાણી ઉભરાવવા માંડે ત્યારે દરેક પ્રાણીનું નર-માદાનું જોડું કિશ્તીમાં લઈ લેવાનું હતું. કયાં કયાં પ્રાણીઓ છે તેની સંપૂર્ણ જાણકારી નૂહ અલૈ.ને ન હતી. તેમને કયાંથી શોધી કાઢવાં, કેવી રીતે પકડવાં, કેવી રીતે નર-માદાની ઓળખ કરવી અને કેવી રીતે વહાણ પર ચઢાવી દેવાં એવા એવા ઘણા પ્રશ્નો ઊભા થયાં. તેઓ મૂંઝવણમાં પડી ગયા. આખરે રસ્તો કાઢવા અલ્લાહની મદદ માંગી : "હે પરવરદિગાર ! કેટલી જાતના પ્રાણીઓ છે તે હું જાણતો નથી. જંગલમાંથી તેમને કેવી રીતે વહાણ પાસે લઈ આવું ! કેવી રીતે તેમને વહાણમાં ચઢાવું ? આવી આવી અનેક બાબતોમાં મને સમજ પડતી નથી, માટે તું જ મારી મદદ કર. " આ પ્રાર્થના કરી એટલે તો થોડી વારમાં કિશ્તી પાસે જેમનો વંશવેલો ચાલુ રાખવાનો હતો તેવાં સઘળાં પશુ-પંખીઓ અને જીવ-જંતુઓના નર-માદાનાં યુવાન જોડાં ત્યાં ભેગાં થઇ ગયાં. પછી તો તેમણે કેટલાંકને પકડીને તો

કેટલાંકને હાંકીને કિશ્તીમાં ચઢાવી દીધાં. જમણા હાથે જેને પકડતા કે હાંકતા તે નર-જાતિનું જણાતું : જેને ડાબે હાથે પકડતા કે હાંકતા તે નારી જાતિનું નીકળતું. કેટલાંક હિંસક પ્રાણીઓ અને હિંસક પક્ષીઓની શરૂઆતમાં તેમને ખૂબ બીક લાગી, પરંતુ તેવાં જાનવરો પણ પાળેલાં જાનવરોની જેમ પકડાઇ જતાં એટલે તેમને પણ સહેલાઈથી ચઢાવી દેતા. વાઘના શરીરમાં તાવ હતો એટલે તે સહેલાઈથી પકડી શકાયો અને કિશ્તીમાં તેને ચઢાવવામાં કોઈ મુસીબત પડી નહીં : કહેવામાં આવે છે કે ત્યાર પહેલાં કોઈને તાવ આવતો ન હતો. તાવનો આરંભ આ પૃથ્વી ઉપર ત્યારથી થયેલો છે એમ માનવામાં આવે છે. કિશ્તીમાં વાઘને તાવ રહ્યા કરતો તેથી તે જાનવરોને ફાડી ખાતો ન હતો. આ ઉપરાંત તેમણે જાતજાતનાં અનાજનાં બી, ફળો અને રોપાઓ પણ કિશ્તીમાં લીધા હતા: માણસો અને પ્રાણીઓ માટે જોઇતો ખોરાક, ઘાસચારો, ખાણ વગેરે પૂરતા પ્રમાણમાં લઈ લીધું હતું. ફક્ત માટીમાં જન્મતાં જીવ-જંતુઓ જેવાં કે અળસિયાં, દેડકાં, મચ્છર વગેરે કિશ્તીમાં લીધાં ન હતાં.

પછી તેમણે પોતાના ઘરનાં માણસો અને પોતાના અનુયાયીઓને બોલાવ્યા. આ સમયે તેમનાં પત્ની રાહેલા અને સૌથી નાનો પુત્ર યામ કાંક ગયાં હતાં. તેમના સિવાય બીજાં બધાં આવ્યાં, એટલે તેમણે ફરમાવ્યું : “અલ્લાહનું નામ લઈ કિશ્તીમાં સવાર થઈ જાઓ. તેનું ચાલવું અને તેનું થોભી જવું અલ્લાહના નામથી જ છે. નિ:સંશય મારો પરવરદિગાર ઘણો જ ક્ષમાવાન અને દયાળુ છે.” ૧૧:૪૧ આ આદેશ મળતાં બધાંજ અલ્લાહનું નામ લઇ અર્થાત્ બિસ્મિલ્લાહ બોલી કિશ્તીમાં સવાર થઈ ગયાં. ફક્ત પેલાં બે જણ રાહેલા અને યામ ઉર્ફે કિન્આન કિશ્તીમાં ન હતા. કિશ્તીમાં ચઢ્યાં ત્યાર અલ્લાહ તઆલાનો હુકમ નૂહ અલૈ. ને મળ્યો કે : “પછી તું અને તારા સાથીઓ બરાબર ગોઠવાઈ જાઓ ત્યારે તું કહેજે કે સઘળા યશોગાન અલ્લાહના હોવા ઘટે, જેણે અમને પાપી લોકોથી છુટકારો અપાવ્યો અને આ દુઆ માંગજે કે ઓ પરવરદિગાર ! અમને બરકતવાળી જગાએ ઉતારજે અને તું જ સૌથી સારો ઉતારનારો છે.” ૨૩: ૨૮-૨૯ કિશ્તીમાં ગોઠવાઈ ગયા પછી બધાંએ દુઆ માંગી : “હે પાક પરવરદિગાર ! તું સર્વગુણ સંપન્ન છે. અમે તારો આભાર માનીએ છીએ કે, તેં જ અમને જુલમગારોના પંજામાંથી છોડાવ્યાં. આ કિશ્તીનું ચાલવું અને થોભી જવું તારા હાથમાં છે. તું જ એને

સ્થિર રાખી ચલાવજે અને તું જ એને કોઈક યોગ્ય સ્થળે થોભાવજે અને અમને સહિસલામત ઉતારજે."

બધાં જ વહાણમાં ગોઠવાઈ ગયાં ત્યારે મુશળધાર વરસાદ પડવા લાગ્યો. અંગ્રેજીમાં કહેવત છે કે, It rains cats and dogs, તેવા વરસાદથી પણ વધુ જોરથી વરસાદ પડવા લાગ્યો.

સામાન્ય રીતે વરસાદ વાદળામાંથી પડે છે, પરંતુ આ વેળા આકાશના પાણીના દરવાજા ઉઘાડી નાંખવામાં આવ્યા હતા. કલ્પનામાં પણ ન આવે તેવો ધોધમાર વરસાદ પડવા લાગ્યો. કોઈ માને કે ન માને પણ એ તો હકીકત છે કે, આસમાનમાં ઘણા દરવાજા છે, તેના પુરાવા ૧૫:૧૪ અને ૫૪:૧૧ની આયતોમાં મળી રહે છે "અમે આસમાનનો કોઈ દરવાજો ઉઘાડી નાંખતે- " ૧૫:૧૪ "કોઈ દરવાજો" આ શબ્દોથી સ્પષ્ટ થાય છે કે, આસમાનમાં ઘણા દરવાજા છે. તેવો એક દરવાજો કેહકશાં અર્થાત આકાશ- ગંગાનો છે અને તે પાણીનો દરવાજો ગણાય છે. આ દરવાજો આ તોફાન વેળા ૪૦ દિવસ સુધી ઉઘાડો રાખવામાં આવ્યો હતો. "તેથી અમે ધોધમાર પાણી પાડવા માટે આકાશના દ્વાર ખોલી નાંખ્યાં" ૫૪ :૧૧ વરસાદનું પાણી પૂરતું ન હતું કારણ પહાડો પણ અમુક સમયમાં ડૂબાડી દેવાના હતા કે જેથી કોઈ પણ કાફિર જીવતો રહેવા પામે નહીં. તેથી જમીનમાંથી પણ પાણી ઉભરાતું કર્યું : "અને અમે પૃથ્વીને ફાડીને ઝરણાં ઉભરાતાં કરી મૂકયાં કે જેથી નિર્ણિત થયેલ આજ્ઞા પ્રમાણે બધું પાણી ભેગું થઈ જાય." ૫૪:૧૨ આમ આકાશમાંથી પાણી પડવા લાગ્યું હતું અને જમીનમાંથી ઉભરાવા માંડ્યું હતું, પરિણામે પૃથ્વીની સપાટી ઉપર જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી થઈ ગયું અને "કિશ્તી અમારા રક્ષણ હેઠળ ચાલતી રહી." ૫૪:૧૪.

પાણી ખૂબ વધ્યું ત્યારે "કિશ્તી પહાડ સમાં મોજાઓ વચ્ચે ચાલી જતી હતી.'' આથી સાબિત થાય છે કે પવન પણ સખત ફુંકાતો હતો કારણ તે સિવાય પહાડ સમાં મોજાંઓ ઉત્પન્ન થાય નહિ. આવા તોફાનમાં "નૂહે પોતાના એક પુત્રને પોતાનાથી જુદો પડી ગયેલી સ્થિતિમાં જોયો" તે તેમનો સૌથી નાનો પુત્ર યામ ઉર્ફે કિનૂઆન હતો. તે કોઈક ઊંચી જગાએ અથવા

કોઈક પહાડના ઢોળાવ પર આશ્રય લઈ રહ્યો હશે. ''નૂહ અલૈ.મે તેને હાંક મારી : "બેટા ! અમારી સાથે સવાર થઈ જા, કાફિરો સાથે ન થા." ૧૧:૪૨. તેના મનમાં એવો ખ્યાલ હતો કે કોઈક ઊંચા પહાડની ટોચ ઉપર ચડી જઈશ ને બચાવ કરી લઈશ. તેથી તેણે જવાબ આપ્યો કે : "હું કોઈક ઊંચા પહાડ ઉપર આશ્રય શોધી લઈશ. તે મને પાણીથી બચાવી લેશે." ૧૧:૪૩.

તેના ઘમંડના જવાબમાં "નૂહે ફરમાવ્યું કે આજે અલ્લાહના હુકમથી (અર્થાત્ આપત્તિથી) કોઈ બચાવનાર નથી, સિવાય કે જેના ઉપર અલ્લાહ જાતે દયા કરે અને પછી તો એક પહાડ-સમું મોજું બન્નેની વચ્ચે આવી ગયું, જેથી તે ડૂબી જનારાઓમાંનો થઈ ગયો." ૧૧:૪૩. પોતાનો પુત્ર પોતાની નજર સમક્ષ ડૂબી ગયો તે જોઈ તેઓ અત્યંત દુ:ખી થયા. "અને નૂહ પોતાના પરવરદિગારને અરજ ગુજારવા લાગ્યા કે - હે મારા માલિક ! ખરેખર મારો પુત્ર મારી ઓલાદમાંથી છે અને તારો વાયદો સાચો હોય છે. તું જ સર્વ હકિકતોમાં સૌથી મોટો અને શ્રેષ્ઠ નિર્ણય કરનારો છે." ૧૧:૪૫. આ પરિસ્થિતિ હોવા છતાં તેં તેને કેમ બચાવ્યો નહીં ?

"અલ્લાહે ફરમાવ્યું : અય નૂહ ! ખચીત જ તે તારી ઓલાદમાંથી નથી. તેનું તો (ખરેખર) બગડેલું કામ છે, માટે જે વસ્તુ વિશે તું જાણતો નથી તેના વિશે મારી પાસે માગણી કર મા." ૧૧:૪૬. તે રસૂલનો પુત્ર હતો. રસૂલનું એક અંગ હતું, પરંતુ તે કાફિર કે મૂર્તિપૂજક હોવાથી તેને પણ તેની અધર્મી માતા રાહેલાની જેમ ડૂબાડી દેવામાં આવ્યો.

આ જળપ્રલયમાં ઉપરથી આભ ફાટ્યું હતું અને નીચેથી જમીન ફાટી હતી, એટલે પાણી સર્વત્ર ફરી વળ્યાં હતાં. ઊંચા ઊંચા પહાડોના શિખરો ઉપર પંદરથી ચાળીસ હાથ સુધી પાણી ચડી ગયાં હતાં, પરિણામે ગામડાં અને શહેરો ડૂબી ગયાં તથા સઘળાં ઝાડો, સઘળી વનસ્પતિ, સઘળાં પશુ-પંખીઓ અને જીવ-જંતુઓ ડૂબી ગયાં હતાં અને સઘળાં બાળકો ડૂબી ગયાં હતાં. એકલી કિશ્તી જ સહીસલામત તોફાનમાં તરતી રહી હતી. "અમે તેને તથા તેની સાથે જે કિશ્તીમાં હતાં તેમને બચાવી લીધાં, પછી બાકી રહેલાંઓને

ડૂબાડી દીધાં." ૨૬:૧૧૯-૧૨૦. નૂહ અલૈ.ની દુઆ અલ્લાહે કબૂલ કરી હતી એટલે કોઈ પણ કાફિર ક મૂર્તિપૂજક જીવતો ન રહ્યો.

એમ કહેવામાં આવે છે કે તે સમયે અરબી સમુદ્ર ન હતો ત્યાં ભૂમિ હતી એટલે ઝાંઝીબારથી લઈ ઉત્તર સુધીનો આફ્રિકા ખંડનો પૂર્વ કિનારો તથા અરબસ્તાનનો દક્ષિણનો ભાગ તેમજ ઈરાનનો દક્ષિણનો ભાગ ભૂમિથી ભારત સાથે જોડાયેલો હતો. તેવીજ રીતે ભારતના પૂર્વ કિનારે આવેલો બંગાળાનો ઉપસાગર પણ અસ્તિત્વમાં ન હતો. ત્યાં પણ ભૂમિ હતી એટલે બ્રહ્મદેશ, થાઈલેન્ડ, મલેશિયા અને ઈન્ડોનેશિયા વગેરે દેશો વચ્ચે આજે જે અખાતો છે તે ત્યારે ન હતા. વળી લંકા પણ મુખ્ય ભૂમિ સાથે જોડાયેલો હતો. આ જળપ્રલયના કારણે અરબી સમુદ્ર, ઈરાનનો અખાત એડનનો અખાત અને રાતો સમુદ્ર ભારતની પશ્ચિમ બાજુ અસ્તિત્વમાં આવ્યા. જેથી આફ્રિકા, અરબસ્તાન અને ઈરાન દખ્ખણ ભારતથી જુદા પડ્યા. લંકા ટાપુ બની ગયો. પૂર્વમાં બંગાળાનો ઉપસાગર વગેરે અસ્તિત્વમાં આવ્યા તેથી બ્રહ્મદેશ, કંબોડિયા, મલેશિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા વગેરે દ્વીપકલ્પો અને ટાપુઓ અસ્તિત્વમાં આવ્યા. તે સમયે દખ્ખણનો ઉચ્ચ પ્રદેશ જ હતો. તેની સાથે પશ્ચિમમાં ભૂમિથી પૂર્વ આફ્રિકા અને પૂર્વમાં મલેશિયા- ઈન્ડોનેશિયા અને ઊત્તરમાં અરબસ્તાન તથા ઈરાન જોડાયેલા હતા. એટલે જળપ્રલય પહેલાં આફ્રિકાના પૂર્વ કિનારાના તથા તેના ઉત્તર તરફના પ્રદેશો, પશ્ચિમ એશિયાના ઈરાક, જોર્ડન, સિરિયા, પેલેસ્ટાઈન, અને અરબસ્તાન તથા ભારત અને પૂર્વમાં બ્રહ્મદેશ મલેશિયા, ઈન્ડોનેશિયા અને લંકા વગેરે દેશોની ગણના "કારાએ મવ" નામના એક મહાન ખંડમાં થતી હતી. આ ખંડની છ કરોડ વસ્તીનો આ જળપ્રલયમાં નાશ થયો, આવી એક વાત પ્રચલિત છે.

કેટલાક ઈતિહાસવિદોનું કહેવું છે કે આ જળપ્રલય ઈરાક અર્થાત્ યુફ્રેટિસ અને ટાઈગ્રિસ નદીઓના વચ્ચે આવેલા મેસોપોટેમિયાના પ્રદેશમાં અર્થાત્ બેબિલોન અને તેની પશ્ચિમના પ્રદેશોમાં જ્યાં નૂહઅલૈ. ની કોમ વસતી હતી ત્યાં જ થયો હતો. તેમનું કહેવું છે કે આ જળપ્રલય સ્થાનિક હતો, તેણે સારાયે જગતને આવરી લીધું ન હતું. અગ્નિ-પૂજકો અર્થાત્ ઈરાની લોકો આ જળપ્રલયથી અજ્ઞાત છે. તેમાંના કેટલાંક એમ સ્વીકારે છે કે

બૅબિલોન અને તેની પશ્ચિમના દેશોમાં જ જળપ્રલય થયો હતો, તેમના દેશ ઈરાનમાં નહીં, તેવીજ રીતે ચીનાઓ, ઈજિપ્તવાસીઓ પણ જળપ્રલય પોતાના દેશમાં થયો હોવાનો ઈન્કાર કરે છે. પારસીઓ કેમૂરસને માનવ-જાતિનો બીજા Second - આદિ પુરૂષની માન્યતા નથી. યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસલમાનો એટલે કે જગતના મોટા ભાગના લોકો આદમ અલૈ. ને માનવ-જાતિના પરમ પિતામહ માને છે અને નૂહ અલૈ. ને બીજા પરમ પિતામહ (આદમે - સાની) માને છે. આ માન્યતાના આધારે તો કહી શકાય કે જળપ્રલય સ્થાનિક ન હતો, સર્વસામાન્ય હતો., તેના વિનાશમાંથી કોઈ દેશ બચ્યો નથી.

ઈરાન, ચીન, ભારત વગેરે દેશોમાં જળપ્રલય થયો ન હોત તો તે દેશોના પશુ - પક્ષીઓ, જીવ - જંતુઓ તથા ત્યાંના ઈન્સાનો હયાત રહ્યાં હોત એટલે વખતના વહેણ સાથે ત્યાંથી તેમનો વંશવેલો બીજા દેશોમાં પહોંચ્યો હોત કિશ્તીમાં પશુ - પક્ષીઓનાં જોડાંઓને લેવાની જરૂર ન રહેત. તેમનો વંશવેલો જાળવી રાખવા માટે જ તેમને કિશ્તીમાં લેવામાં આવ્યાં હતાં. આ બાબત પણ પુરવાર કરે છે કે જળપ્રલય સારાયે જગતમાં થયેલો હોવો જોઈએ.

જે દેશોમાં તેનો ઉલ્લેખ થયો નથી તે દેશોમાં તે સમયે વસ્તી હશે જ નહીં : એટલે માનવ વસવાટના વિનાશનાં ચિન્હો ત્યાંથી મળે નહીં એ સ્વાભાવિક છે અને તેથી જળપ્રલયનો ઉલ્લેખ થયો નહીં હોય. આથી પ્રશ્ન એ ઊભો થાય છે કે આ જળપ્રલય સારાએ જગત પર થયો હતો કે પછી નૂહ અલૈ.ની કોમ જે દેશમાં વસી હતી (અર્થાત્ ઈરાકમાં) ત્યાંજ થયો હતો? આ બાબતનો ફેંસલો આજ સુધી થયો નથી. ઈસરાઈલી રિવાયત પ્રમાણે આ જળપ્રલય સર્વ સ્થળે હતો. તૌરાતમાં કહેવામાં આવ્યું છે કે, "પાણી ભૂમિ પર. ચડતું જ ગયું અને ખૂબજ ચઢ્યું અને કિશ્તી પણ તરવા લાગી અને પાણી જમીન પર ખૂબ જ ચઢ્યું અને દુનિયાના સઘળા ઊંચા પર્વતો પાણીમાં ડૂબી ગયા. પાણી તેમના ઉપર પંદર હાથ ઊંચું ચઢ્યું અને પર્વતો ડૂબી ગયા. જમીન પર ફરનારાં પ્રાણીઓ એટલે પક્ષીઓ, ચોપગા જાનવરો, જંગલી જાનવરો અને જમીન પર પેટે ચલનારાં જાનવરો અને બધા માણસો મરી

ગયાં. અને જેમની નાસિકામાં જિંદગીનો શ્વાસ હતો તે બધાં મરણ પામ્યાં, એટલું જ નહિ પણ દરેક પ્રાણવાન વસ્તુ મરણ પામી : ભલે ને તે ઈન્સાન હોય કે જાનવર, પેટે ચાલનારા હોય કે હવામાં ઊડતાં પક્ષીઓ હોય. બધાંજ જમીન પરથી મરી મટ્યાં. ફક્ત નૂહ અને તેની સાથે કિશ્તીમાં હતાં તે બચી ગયાં. "ઉત્પત્તિ ૭:૧૮ થી ૨૪ પવિત્ર કુરઆનમાં આ અંગે કોઈ ઈશારો પણ થયેલો નથી : હા એટલું જાણવા મળે છે કે ત્યારપછીના ઈન્સાનો આ લોકોના જ વંશજો છે. યુફ્રેટિસ અને ટાઈગ્રિસ નદીઓના પ્રદેશમાં અર્થાત્ નૂહ અલૈ.ની કોમ વસ્તી હતી તે પ્રદેશમાં આ જળ પ્રલય થયાના પુરાવાઓ પુરાતન ઈતિહાસમાંથી, પુરાતત્વ ખોદકામમાંથી અને પુરાતત્વ વસ્તુઓમાંથી મળી રહે છે. પૃથ્વીના સઘળા દેશોમાંથી એવા પુરાવા ઉપલબ્ધ થતા નથી કે જેથી સર્વસ્થળે જળપ્રલય થયો હોય તેમ ખાત્રીપૂર્વક કહી શકાય. હા, એ હકીકત છે કે દુનિયાની ઘણીયે પ્રજાઓમાં આ જળપ્રલયની વાત પ્રચલિત છે. ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને ન્યૂગિની જેવા દૂરદૂરના દેશોમાં આ પ્રલયની વાત દંતકથા રૂપે પ્રચલિત છે. આથી એવું અનુમાન પણ તારવી શકાય કે આ સઘળી પ્રજાઓના મૂળ પુરુષો એક જ પ્રદેશમાં વસતા હશે જ્યાં આ પ્રલય થયો હતો. પછી જ્યારે વસ્તીનો વધારો થવાથી તેઓ બીજે ચાલ્યા ગયા ત્યારે આ દંતકથા પણ તેમની સાથે ગયેલી હોવી જોઇએ.

આ બધું જોતાં એવું નક્કી થાય છેકે તે સમયે જેટલી વસ્તી હતી તે સઘળી નૂહ અલૈ.ની કોમની હતી. નૂહ અલૈ.ને તેમની કોમને હિદાયત આપવા મોકલવામાં આવ્યાં હતા. તેમના જેવી પજવણી બીજા કોઈ પયગંબરની લોકોએ કરી નથી. લોકોએ તૌહીદનો સ્વીકાર ન કર્યો અને નૂહ અલૈ. ને પયગંબર તરીકે નાન્યા નહીં. પરિણામે, "તેમને તેમના પોતાના ગુનાહના કારણે ડૂબાડી દેવામાં આવ્યાં અને દોજખમાં નાંખી દેવામાં આવ્યાં." ૭૧:૨૫. આ જળપ્રલયમાં તે સમયની બધી વસ્તીનો નાશ થયો, ફક્ત કિશ્તીમાંના સર્વ પ્રાણીઓ, પંખીઓ, જીવ-જંતુઓ, અને ઈમાનદાર લોકો બચી ગયા. આ પ્રસંગથી ધડો લેવા જોગ એ બાબત છે કે જે લોકો પયંગબરોને તરછોડે છે

અને તૌહીદ પ્રમાણે પૂજા કે બંદગી કરતા નથી, તેમના પર આપત્તિઓ આવ્યા જ કરે છે, પછી ભલેને પયંગબરના કુટુંબના અંગત હોય, તેઓ પણ આપત્તિમાંથી બચી શકતાં નથી. પવિત્ર કુરઆનમાં ફરમાવવામાં આવેલું છે કે, "અને અમે તેને (નૂહ)ને તથા તેના ઘરનાં માણસોને મહા સંકટમાંથી ઉગારી લીધાં અને અમે જ તેમના વંશજોને બાકી રાખ્યાં." ૩૭:૭૬-૭૭.

## ૮. તોફાનનું શમવું

આપણે જોયું કે, "ધોધમાર પાણી પાડવા માટે આકાશના દ્વાર ખોલી નાંખવામાં આવ્યા અને જમીનમાંથી ઝરણા ઉભરાતાં કરી મૂકયાં, જેથી પહેલેથી નિર્ણિત થયેલી યોજના અર્થાત્ પૂર્વવત યોજના મુજબ પાણી ભેગાં થઈ ગયાં." ૫૪:૧૧-૧૨. આ પ્રમાણે ૪૦ દિવસ સુધી આકાશમાંથી ધોધમાર પાણી પડતું રહ્યું અને જમીનમાંથી ઝરણાંના પાણી ઉભરાતાં રહ્યાં. તેથી પૃથ્વીની સપાટી ઉપર એવી તો ભારે તો રેલમછેલ થઈ ગઈ કે ઊંચા પર્વતો સુદ્ધાં પાણીમાં ડૂબી ગયા. પરિણામે કોઈ પ્રાણી જીવતું રહેવા પામ્યું નહિં. વનસ્પતિ સુદ્ધાંનો નાશ થયો : ફકત પેલી કિશ્તીમાં જીવન ધબકતું રહ્યું હતું. બીજે બધે સર્વત્ર નિરવ શાંતિ હતી. અલ્લાહને નહિં માનનારા બધાજ લોકોનો નાશ કરવાનો જળપ્રલયનો આશય પરિપૂર્ણ થતાં તોફાન શમવા લાગ્યું.

આ જળપ્રલય વેળા કેટલું પાણી ભેગું થયું હશે તેની તો કલ્પના જ કરવી રહી. તેનું વર્ણન થઈ શકે તેમ નથી. તે સમયે બધા પર્વતો ડૂબી ગયા હતા. આ પર્વતો જમીનની સપાટીથી પાંચ-છ હજાર ફુટ ઊંચા હશે એટલે પૃથ્વીની સપાટીથી એક માઈલની ઉંચાઇ સુધી પાણી પહોંચ્યાં હશે એવો અંદાજ બાંધી શકાય. એથી એવું ફલિત થાય છે કે જમીન અને સાગરો વગેરે બધુંજ પાણીથી એકાકાર થઈ ગયેલું હોવું જોઈએ. આથી એવો પણ ખ્યાલ સહેજે આવે કે પૃથ્વી ઉપર હવાનું આવરણ કેટલાયે માઇલો સુધીનું હોય છે. તેમ ત્યારે આ જળપ્રલયમાં પૃથ્વી ઉપર એકાદ માઇલ સુધીનું પાણીનું આવરણ ચઢી ગયું હશે. બીજી રીતે કહીએ તો પૃથ્વીનો ગોળો પાણીમાં ડૂબી ગયો હશે. પૃથ્વી આ દિવસ પાણીમાં ડૂબેલી રહી હતી[1]. આ પરિસ્થિતિમાં વનસ્પતિ, પ્રાણીઓ અને માણસો કયાંથી જીવતા રહી શકે.!

કિશ્તી એકંદરે ૧૫૦ દિવસ એટલે કે પાંચ માસ સુધી પાણી પર તરતી રહી હતી તે પૈકી ૪૦ દિવસ સુધી વરસાદ વરસતો રહ્યો હતો અને

---

૧. તૌરાત : ઉત્પત્તિ ૮ : 3

ઝરણાં ઉભરાતાં રહ્યાં હતા[૨]. તેથી સમજી શકાય છે કે રેલનાં પાણી ૪૦ દિવસ સુધી તો ચઢતાં જ રહ્યાં. કેટલાક ઉલેમાઓનું કહેવું છે કે આ ૪૦ દિવસો દરમ્યાન કિશ્તી કાબાના તવાફ અર્થાત્ પ્રદક્ષિણા કરતી રહી હતી., એમ પણ કહેવામાં આવે છે કે રજબ માસની ૧૦ તારીખે નૂહ અલૈ. અને તેમના સાથીઓ કિશ્તીમાં સવાર થયા હતા અને મોહર્રમ માસની ૧૦મી તારીખે કુર્દસ્તાનમાં આવેલા "જૂદી" નામના એક પહાડ પર કિશ્તી થંભી ગઈ હતી. તૌરાતમાં આ સંબંધી એવું વર્ણન આવે છે કે, "નૂહની ઉંમર છસો વરસની હતી ત્યારે તે વરસના બીજા માસની સત્તરમી તારીખે જળનિધિનાં ઝરણાં ફૂટી નીકળ્યાં અને આસમાનનાં દ્વાર ઉઘડી ગયાં" ઉત્પત્તિ : ૭: ૧૧ "અને સાતમા માસની સત્તરમી તારીખે કિશ્તી અરારાતના[૩] પહાડો પર થંભી ગઈ." ઉત્પત્તિ ૮:૪ - આમ પૂરા પાંચ માસ પછી તેમને ભૂમિ-દર્શન થયાં હતાં. કાબાની પ્રદક્ષિણા કર્યા પછી કિશ્તી આમતેમ ફરતી હતી "જૂદી" પર્વતની ટોચ પર આવી ત્યારે તે થંભી જતી હતી અને બિસ્મિલ્લાહ પઢતા ત્યારે ચાલુ થઈ જતી હતી. તોફાનની શરૂઆત થયા પછી ૪૦ દિવસે વરસાદ વરસતો બંધ પડ્યો અને ઝરણાં ઊભરાતાં અટકી ગયાં. આટલું બધું પાણી ૧૧૦ દિવસમાં થાળે પડી ગયું તેનું સૂચન પવિત્ર કુરાનની ૧૧:૪૪ની આયતમાં મળે છે. તેમાં ફરમાવવામાં આવ્યું છે કે : "અને હુકમ થયા કે હે ભૂમિ ! તારું પાણી ગળી જા (ચૂસી લે) અને એ આકાશ ! (વરસતું) થંભી જા : અને પાણી જમીનમાં ઓસરી ગયું અને ફેંસલો કરી દેવામાં આવ્યો અને કિશ્તી "જૂદી" પર્વત પર થંભી ગઈ અને કહેવામાં આવ્યું કે જુલમી કોમ ટળી જા." ૧૧:૪૪

નાની-મોટી રેલો નદીઓમાં આવે છે તેનાં પાણી થાળે પાડવાં મનુષ્ય શક્તિની બહાર છે, તો જગતે જોઈ નથી અને ભવિષ્યમાં કદી જોશે નહીં એવી રેલનાં પાણી કુદરત સિવાય કોણ થાળે પાડે? સૌથી પહેલાં સૂસવાટા મારતો ફૂંકાતો પવન બંધ થઈ ગયો એટલે પાણી સ્થિર થઈ ગયું. પછી કોઈક પ્રકારનો એવો ગરમ વાયુ ચાલુ થઈ ગયો હશે કે જેથી વાતાવરણ ખૂબ ગરમ બની ગયું હશે અને તેથી ઘણું પાણી વરાળરૂપે ઊડી ગયું હશે.

---

૨. તૌરાત : ઉત્પત્તિ ૭ : ૧૩

૨. અરારાતના પહાડમાં ''જૂદી'' પર્વત આવેલો છે.

તેમ થવા માટે અલ્લાહે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે, "હે ભૂમિ ! તારું. પાણી ગળી જા-" જમીને આટલું બધું પાણી કેવી રીતે ચૂસી લીધું હશે ? કેટલુંક પાણી ઝરીને પૃથ્વીના પેટાળમાં ચાલ્યું ગયું હશે. નદીનાળાં મારફત દરિયામાં ચાલ્યા જવાનો સંભવ તો હતો જ નહીં, કારણ દરિયા અને જમીન બંનેની સપાટી ઉપર સરખાં પાણી હતાં. એવું બન્યું હશે કે નવાં તળાવો, નવાં સરોવરો, નવા અખાતો, નવા સમુદ્રો અસ્તિત્વમાં આવ્યાં હશે, તેમ થવા માટે પહેલાં જમીન હતી ત્યાં ખાડાઓ પડ્યાં હશે. આ ખાડાઓમાં કેટલુંયે પાણી સમાયું હશે. કેટલી જગ્યાએ જમીન ફુલી ગઈ હશે, એટલી જમીનની સપાટી ઉપસી આવી હશે એટલે પાણી ત્યાંથી વહી ગયું હશે. આ ખાડાઓના અખાતો, સમુદ્રો કે સરોવરો બન્યાં હશે. આ સમયે "કારાએ મવ" ખંડની ઘણી જમીનમાં ખાડાઓ પડ્યા અર્થાત્ આ ખંડની ઘણી જમીન પાણીમાં ડૂબી ગઈ, તેથી અરબી સમુદ્ર, રાતો સમુદ્ર , ઈરાનનો અખાત, લંકાનો અખાત, બંગાળાનો ઉપસાગર, બ્રહ્મદેશનો અખાત, ઈન્ડોનેશિયાના અખાતો વગેરે બન્યા હશે. પૃથ્વી ઉપરના હાલના મૃત-સરોવર , એરલ સરોવર અને કાસ્પિયિન સમુદ્ર વગેરે અસ્તિત્વમાં આવ્યા હશે, આપણી કલ્પનામાં પણ ન સમાય તેટલું પાણી કુદરતે ૧૧૦ દિવસમાં ઠેકાણે પાડી દીધું.

સૌથી પહેલાં પર્વતોનાં શિખરો ઉઘાડાં થયાં. ત્યારપછી ૪૦ દિવસે કિશ્તીની બારીઓ પાણીની સપાટીની બરાબર થઈ ગઈ. જમીન પરથી પાણી ખસી ગયાં છે કે નહીંતેની ભાળ મેળવવા નૂહ અલૈ.મેં એક કાગડાને બારી ઉઘાડી ઉડાડયો. "જ્યાં સુધી જમીન પરનું પાણી સુકાઈ ન ગયું ત્યાં સુધી તે આમ તેમ ઉડયા કર્યો." તૌરાત: ઉત્પત્તિ ૮:૭ તેને પાણી ઉપર તરતાં મડદાંઓનું માંસ ખાવાનું મળવાથી પાછો ફર્યો નહીં. પછી નૂહ અલૈ.મેં કબૂતરીને રવાના કરી. પાણી સર્વ જગાએ હોવાથી ઉતરવાનું ન મળતાં તે પાછી ફરી. "સાત દિવસ ચાલી ગયા પછી તેમણે તે કબૂતરીને ફરીથી કિશ્તીમાં ઉડાડી અને તે કબૂતરી સાંજના સમયે પાછી ફરી ત્યારે તેની ચાંચમાં ઝયતૂન (અળસી) નું પાંદડું હતું એટલે તેમને ખાત્રી થઈ કે જમીન પરથી પાણી ઓછું થઈ ગયું છે." તૌરાત: ઉત્પત્તિ ૮:૧૧. કાદવ-કીચડને સુકાતાં, જમીનના ભીનાશને દૂર થતાં અને જમીનમાંથી આવતી મચ્છલંદી

ગંધને દૂર થતાં એક વરસ લાગ્યું. આમ સંપૂર્ણ એક વરસ પછી કિશ્તી ઉપરનું છત્ર ઉઠાવી લીધું. નૂહ અલૈ. ૬૦૧ વરસના થયા ત્યારે "તેના બીજા મહિનાની ૨૭મી તારીખે જમીન તદ્દન સુકાઈ ગઈ" તૌરાત, ઉત્પત્તિ ૮:૧૪. કિશ્તીને તો ત્યાં જ પડતી મૂકવામાં આવી. આ કિશ્તીના ઘાટ ઉપરથી ત્યારપછી લોકોએ નાનાં-મોટાં વહાણો બનાવ્યાં. ત્યારથી વહાણવટું ચાલું થયું અને લોકો દરિયાપારના દેશોમાં વેપાર અર્થે કે સહેલગાહ માટે જતા આવતા થયા. આ કિશ્તી પરથી લોકો ધડો લે તે માટે તેને "જૂદી" પહાડ પર જ પડતી મૂકવામાં આવી, અને તે કેટલાંએ વર્ષો સુધી ત્યાં પડી રહી. કહેવામાં આવે છે કે હજરત મુહમ્મદ સલ્લ.ની હયાતિના સમયમાં આ કિશ્તીના અવશેષો તેમના સહાબાઓ અર્થાત્ સાથીઓએ જોયા હતા.

## ૯. માનવ-જીવનનો પુનઃવસવાટ

જળપ્રલયથી સર્વત્ર વિનાશ વેરાયેલો હતો એટલે જમીન ઉપર ખાણીપીણી મેળવવું દુર્લભ થઈ પડશે એવા વિચારો નૂહ અલૈ.ને આવ્યા કરતા હતા. તેથી કિશ્તીમાં તેઓ દુઆ માગ્યા કરતા હતા કે "હે મારા પરવરદિગાર ! મને કોઈ બરકતવાળી જગા ઉપર ઉતારજે. તું જ સૌથી સારો ઉતારનારો છે." ૨૩:૨૯ જ્યારે જમીન સૂકાઈ ગઇ અને કિશ્તી ''જૂદી'' પહાડ પર થંભી ગઈ ત્યારે અલ્લાહ તરફથી તેમને કહેવામાં આવ્યું કે : "અય નૂહ ! ઉતરી જા, હવે મારા તરફથી તારા ઉપર તથા તે લોકો પર જે તારી સાથે છે તેમના ઉપર સલામતી અને બરકત રહેશે: અને આ વંશજોમાંથી કેટલાક એવા હશે જેમને અમે જીવન સુખની સર્વસામગ્રી પ્રદાન કરીશું; પણ પછી તેમના ઉપર અમારા તરફથી દુ:ખદાયક આપત્તિ આવી પહોંચશે.'' ૧૧:૪૮ તૌરાતમાં આ બાબતનું વર્ણન એવું છે કે "ત્યારે ખુદાએ નૂહને કહ્યું: કિશ્તીમાંથી બહાર આવતો રહે. તું, તારી સાથે તારી પત્ની, તારા પુત્રો, અને પુત્ર-વધૂઓ અને તારી સાથે જે પ્રાણવાન છે- પક્ષી હોય કે ચોપગાં હોય કે પછી જમીન પર પેટે ચાલનારાં હોય- તેમને બહાર કાઢી લેકે જેથી તેઓ જમીન ઉપર સારી રીતે બચ્ચાં આપે અને વિયાતા રહે અને જમીન પર વધતાં રહે." ઉત્પત્તિ ૮:૧૫ -૧૬ તૌરાતથી એવું જણાય છે કે નૂહ અલૈ. સાથે ફક્ત તેમનાં પત્ની, પુત્રો અને પુત્રવધૂઓ જ કિશ્તીમાં હતાં. પવિત્ર કુરઆનમાં તેમના પુત્રો-પુત્રવધૂઓ અને તેમના થોડા અનુયાયીઓ પણ હતા એમ કહેવામાં આવ્યું છે. ૧૧:૪૮ ની આયતમાંથી એવું સ્પષ્ટ જણાય છે કે તેમની સાથે બીજા સાથીઓ પણ હતા. વળી ૧૧:૪૦ની આયતમાં કહેવામાં આવ્યું છે કે "અમારો હુકમ થઈ ગયો અને તંનૂરમાંથી પાણી ઉભરાવા લાગ્યું ત્યારે અમે કહ્યું : દરેક પ્રકારના જાનવરોનું એકેક જોડું કિશ્તીમાં લઈ લે, જેમના સંબંધમાં નિર્ણય લઈ લેવામાં આવ્યો હતો તે સિવાયનાં તારા ઘરનાં માણસોને તેમાં સવાર કરી દો અને જે ઈમાન લાવ્યા છે તેમને પણ બેસાડી દો અને નૂહ ઉપર ઈમાન લાવનારા થોડાક જ લોકો હતા." કિશ્તીમાં કયા લોકો હતા તે બાબતમાં તૌરાત અને કુરઆન શરીફમાં ફરક પડે છે. પવિત્ર કુરઆનના

આધારે આપણે કહી શકીએ કે કિશ્તીમાં નૂહ અલૈ.નાં પત્ની અને તેમનો એક પુત્ર નામે કિન્આન ન હતાં : બીજા ત્રણ પુત્રો અને પુત્ર-વધૂઓ તથા કેટલાક અનુયાયીઓ હતા. કહેવામાં આવે છે કે કુલ ૮૦ જણ હતાં. અલ્લાહ તરફથી આશ્વાસન મળ્યું એટલે બધાં જ માણસો અને પશુ-પંખીઓ કિશ્તીમાંથી હેમખેમ ઉતર્યાં. આ બાબતમાં અલ્લાહ તઆલા પવિત્ર કુરઆનમાં ફરમાવે છે કે: "અમે તેને તથા તેની સાથે જે લોકો અને પ્રાણીઓ ખીચોખીચ ભરેલી કિશ્તીમાં હતાં તેમને બચાવી લીધાં.'' ૨૬ : ૧૧૯ બીજી જગાએ ફરમાવે છે કે : "અમે તેને તથા તેનાં ઘરવાળાઓને મોટા સંકટમાંથી ઉગારી લીધાં." ૩૭:૩૬ આ આયતથી એવી ચોખવટ થાય છે કે નૂહ અલૈ.ના ઈમાનદાર સાથીઓની તેમના ઘરના લોકોમાં આર્થાત્ કુટુંબીજનોમાં ગણના કરવામાં આવી હતી: કારણ આપણે જોયું કે તેમના પુત્ર યામ અર્થાત કિન્આનની ગણના તેના અધર્મીપણાના કારણે તેમના વંશમાં કે કુટુંબીજનોમાં કરવામાં આવી ન હતી. તેને 'ના એહલ" અર્થાત ઘરનો નહીં ગણામાં આવ્યો હતો. આથી ચોખવટ થાય છે કે કોઈ પણ રસૂલ કે નબીના સીધા વંશજોનો દરજ્જો તેમની ઓલાદ હોવાના કારણે ઊંચો હોતો નથી. ગમે તે કુટુંબનો કે જ્ઞાતિનો હોય પણ જો તેનાં કૃત્યો સારાં હોય અને તેનું ચારિત્ર સારૂં હોય તો તેનું સ્થાન પયગંબરની આલ અર્થાત્ પરિવારમાં થાય છે. આ ઉપરાંત સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, "તમારામાંથી અલ્લાહ પાસે તેજ સૌથી વધારે માનવંત છે જે સૌથી શ્રેષ્ઠ અને ચારિત્ર્યવાન છે." ૪૯:૧૩.

ભયંકર જળપ્રલયના સંકટમાંથી મુક્તિ મળી અને સહીસલામત ઊતર્યાં તે બદલ અલ્લાહનો આભાર પ્રદર્શિત કરવા બધા કિશ્તીજનોએ આશુરા એટલે કે ૧૦ મોહર્રમના દિવસે પહાડ ઉપર ઊતરી અપવાસ પાળ્યો. આ દિવસે મૂસા અલૈ. પોતાના અનુયાયીઓ સાથે સમુદ્ર પાર સહીસલામત ઉતર્યાં હતા.[૧] તેથી તેમજ નૂહ અલૈ. ના આભારની યાદીમાં ૧૦મી મોહર્રમે યહૂદીઓ આજે પણ અપવાસ પાળે છે. આપ સ.અ.વ.એ પણ પોતાની હયાતિના છેલ્લાં વરસમાં આ અપવાસ પાળ્યો હતો, પરંતુ તેમણે જણાવ્યું હતું કે આવતા વરસથી પોતે બે અપવાસ પાળશે.

૧. ઈબ્ને કસીર : ૧૧ : ૪૪ ની આયતની તફસીર.

પહાડની ટોચ ઉપરથી ઊતરીને તેની તળેટીમાં કિશ્તીજનોએ એક ગામ વસાવ્યું. હિબ્રુ અને અરબી ભાષામાં ૮૦ ને સમાનીન કહે છે અને પેલાં કિશ્તીજનો ૮૦ હતાં તેથી તે ગામનું નામ "સમાનીન" રાખવામાં આવ્યું. આ ગામમાં તેમણે એક મસ્જિદ બનાવી અને તેના છાપરા માટે કિશ્તીના છત્રનાં પાટિયાનો ઉપયોગ કર્યો. પછી ત્યાં ઝૂંપડાં બાંધી રહેવા લાગ્યા. હવે તેઓ વેરાન અને ઉજ્જડ થઈ ગયેલી જમીન પર ખેતી કરવા લાગ્યાં. જુદાં જુદાં બી વાવીને ઝાડ અને વેલા ઉછેર્યાં. સૌથી પ્રથમ ફળફળાદિનાં ઝાડો રોપ્યાં હશે, પછી ફૂલો આપતાં ઝાડો કે છોડ અને વેલા ઉછેર્યાં હશે. કેટલાક વેલા ઉછેરવા જડો વાવવામાં આવી હશે. દ્રાક્ષના વેલાનો ઉછેર સંબંધી એક આશ્ચર્યભરી વાત કહેવામાં આવે છે. દ્રાક્ષના વેલાની જડને શયતાને ચોરી લઈ છુપાવી દીધી હતી. તપાસમાં શયતાન પકડાયો એટલે નૂહ અલૈ.મે આ જડની તેની પાસે માગણી કરી. તેણે એ શરતે આપી કે દ્રાક્ષના વેલાની જડને નૂહ અલૈ. ફકત એક જ વાર પાણી સીંચે જયારે શયતાન ત્રણવાર સીંચે. એ શરતે દ્રાક્ષના વેલાનો ઉછેર થયો. તેથી કહેવામાં આવે છે કે માનવ-માવજતના કારણે તેનામાં મીઠાશ આવી છે જયારે શયતાની -માવજતના કારણે તેનો દારૂ બને છે જે સ્વાદમાં તીખો છે."[૨] સર્વ દુર્ગુણોની માતા "ઉમ્મુલ ખબાએશ' દારૂનો જન્મ દ્રાક્ષમાંથી થયો છે અને દ્રાક્ષના વેલાની માવજત શયતાનના હાથે થઈ એટલે જ દારૂમાં શયતાની અંશ વિશેષ પ્રમાણમાં છે એમ કહી શકાય.

"સમાનીન" ગામમાં નૂહ અલૈ. તથા તેમના કુટુંબીજનો અને અનુયાયીઓ રહેતા હતા ત્યારે એક પ્રસંગ બન્યો, જેનું વર્ણન તૌરાતમાં નીચે પ્રમાણે આપવામાં આવેલું છે.

"અને નૂહના દીકરા જેઓ વહાણમાંથી નીકળ્યા તે શેમ તથા હામ થથા યાફેથ હતા ને હામ કનાનનો બાપ હતો. એ નૂહનાં ત્રણ દીકરા હતા. અને એઓથી આખી પૃથ્વીની વસ્તી થઈ."

કેટલાક ઈતિહાસવિદો અને નૃવંશ -શાસ્ત્રીઓ (Anthropologist)

---

૨. ઉર્દૂ કસસુલ અંબિયા. પૃ. ૨૯

એવો મત ધરાવે છે કે આજના સઘળા માનવો નૂહ અલૈ.ના વંશજોના વંશવેલાના છે અર્થાત્ નૂહ અલૈ. ના ત્રણ પુત્રો શેમ (સામ), હામ અને યાફેથ (યાફસ)ના વંશવેલાના છે. માનવોના મૂળ પિતામહ આદમ અલૈ. છે. અને જળપ્રલય પછી નૂહ અલૈ. ના પુત્રોના વંશવેલો ચાલ્યો એટલે નૂહ અલૈ.ને "આદમે સાની" અર્થાત્ "બીજો આદમ" કહે છે. અર્થાત્ નૂહ અલૈ. ને માનવ-જાતના બીજા પિતામહ ગણવામાં આવે છે. આ મત તૌરાતના ઉત્પત્તિ પ્રકરણ ૬ : ૧૮, ૭: ૭, ૮: ૧૮, ૯:૧ અને ૯: ૧૯ની આયતો પરથી બંધાયેલો છે. પવિત્ર કુરઆનની કેટલીક આયતોના આધારે પણ આ મત બાંધી શકાય છે. પવિત્ર કુરઆનની ૧૭:૩ની આયતમાં કહેવામાં આવ્યું છે કે, " હે તે લોકોના વંશજો ! જેમને અમે નૂહની સાથે કિશ્તીમાં સવાર કરાવ્યા હતા.-" અહીં કિશ્તીમાં જેમને બેસાડ્યા હતા તે લોકોના વંશજોને સંબોધવામાં આવેલા છે, એટલે નૂહ અલૈ. ના પુત્રો તથા તેમના બીજા અનુયાયીઓને સંબોધવામાં આવ્યા છે એમ લાગે છે: પરંતુ આ આયતની આગળની આયત ૧૭:૨ સાથે એનો સંબંધ જોડાયેલો છે. ૧૭:૨માં કહેવામાં આવ્યું છે કે, "અમે મૂસાને (તૌરાત) કિતાબ આપી હતી, તેને બની ઈસરાઈલ લોકો માટે હિદાયત આપનારી અર્થાત્ માર્ગદર્શન કરનારી બનાવી હતી." આ શબ્દો સાથે સંબંધ જોડાયેલો હોવાથી "હે તે લોકોના વંશજો 'નો અર્થ બની ઈસરાઈલ લોકો થાય છે: અને બની ઈસરાઈલ લોકો યાકૂબ અલૈ. દ્વારા નૂહ અલૈ.ના સીધા વંશજો થાય છે અને તેઓ પણ કિશ્તીમાં હતા. એથી આ આયતથી એવું પુરવાર થાય છે કે કિશ્તીમાં બેઠેલા નૂહ અલૈ. ના પુત્રોના વંશજોથી પૃથ્વી ફરીથી આબાદ થઈ.

વળી પવિત્ર કુરઆનની ૧૯:૫૮ની આયતમાં ફરમાવવામાં આવેલું છે કે, "આ તે લોકો જ છે જેમને અલ્લાહે ન્યામતો અર્પણ કરી હતી અને જેઓ પયગંબરોમાંના હતા તથા આદમના વંશજોમાંના હતા તથા જેમને અમે નૂહ સાથે (કિશ્તી)માં લઈ લીધા હતા તેમના વંશજોમાંના" એ શબ્દોમાં નૂહ અલૈ. તથા તેમના પુત્રોના વંશજો કહેવાનો આશય છે. આથી પણ પુરવાર થાય છે કે કિશ્તીમા જે ૮૦ વ્યક્તિઓ સવાર થઇ હતી તેમાં તેમના પુત્રો અને પુત્ર-વધુઓ હતા. તેમના પરિવારમાં થયેલા પયગંબરો સંબંધી વાત છે. બીજા લોકો સવાર હતા તેમના પરિવારમાંથી કોઇ પયંગબર થયું નથી. સૌથી

વિશેષ તો તેમનો પરિવાર જ થયો ન હતો જોકે એની કોઇ સ્પષ્ટતા નથી.

વળી પવિત્ર કુરઆનની ૩૬ : ૪૧ની આયતમાં કહેવામાં આવ્યું છે કે, “અને એક નિશાની તેમના માટે આ પણ છે કે અમે તેમનો સંતતિને ભરેલી કિશ્તીમાં સવાર કરી હતી.” “ભરેલી કિશ્તી” કહેવાનો આશય નૂહ અલૈ. ની કિશ્તી છે અને “સંતતિને સવાર કરી હતી” એ શબ્દોમાં એવો અર્થ સમાયેલો છે કે નૂહ અલૈ. સાથે કેટલાક સાથીઓ કિશ્તીમાં હતા, પરંતુ ખરેખર કયામત સુધી પેદા થનારા ઇન્સાનોના માતા-પિતા તેમાં સવાર હતા એવો પણ અર્થ નીકળે છે કે નૂહ અલૈ.ની કોમને ડૂબાડી દેવામાં આવી. ત્યારપછીનો માનવ-જાતિનો વંશવેલો પેલા કિશ્તીજનોનો ચાલ્યો. અહીં સ્પષ્ટતા નથી કે નૂહ અલૈ.ના અનુયાયીઓનો વંશવેલો ચાલ્યો કે નહીં. આથી કહી શકાય કે નૂહ અલૈ.ની કોમના ગણ્યાગાંઠ્યા ઈમાનદાર સ્ત્રી-પુરૂષો જળપ્રલયમાંથી બચી જવા પામ્યાં હતાં. તેમનામાંથી જન્મેલ પ્રજાઓ સંબંધી કોઈ ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં સ્પષ્ટતાથી ઉપલબ્ધ થતો નથી. બહોળો અર્થ લઈએ તો “કયામત સુધી પેદા થનારા ઈન્સાનોના માતા-પિતા તેમાં સવાર હતાં” એ શબ્દોમાંથી એવો અર્થ તારવી શકાય કે નૂહ અલૈ.ના અનુયાયીઓનો પણ વંશવેલો ચાલ્યો છે.

પવિત્ર કુરઆનની ૧૦:૭૩ની આયતના “છતાં તે લોકો (નૂહ અલૈ.ની કોમમાં લોકો) તેને જૂદા ગણતા રહ્યા જેથી અમે નૂહને તથા તેની સાથે કિશ્તીમાં સવાર હતા તેમને બચાવી લીધા. અને તેમને તમારા ખલીફા અથવા નાયબ બનાવ્યા અને -” એ શબ્દોમાંથી એવું તારણ નીકળે છે કે કિશ્તીમાં જે લોકો સવાર હતા તે બધાના વંશજોને પૃથ્વી પર વસાવ્યા.

અલ્લાહ તઆલા પવિત્ર કુરઆનની ૩:૩૨ની આયતમાં ફરમાવે છે કે, “ખરેખર અલ્લાહે જગતના લોકોમાંથી આદમને, નૂહને, ઈબ્રાહીમના વંશજોમાંથી અને ઈમરાનના[3] વંશજોમાંથી કેટલાકને અગ્રતા આપી છે.” અર્થાત્ તેમણે

---

3. ઈમરાન મૂસા તથા હારૂન અલૈ. ના પિતા થાય છે.

પયગંબરો માટે ચૂંટી કાઢ્યા છે. આ આયતનો તાણીતૂણીને અર્થ કાઢવામાં આવે તો એવો અર્થ નીકળે છે કે બધા પયંગબરો નૂહના વંશમાંથી થયા એ સત્ય લઈએ તો જેમાંથી પયગંબરો નથી થયા તેવા બીજા લોકો નૂહ અલૈ.ની કિશ્તી પર સવાર હતા એટલે કે તેમના અનુયાયીઓના વંશજોમાંથી કોઈ પયંગબર થયું નથી. એટલે એ સૂર પણ કાઢી શકાય કે તેમના અનુયાયીઓનો વંશવેલો ચાલ્યો છે. જો તેમ ન હોય તો નૂહ અલૈ.ના વંશજોમાંથી પયગંબરો થયા નથી. બીજા કિશ્તીજનોના વંશજોમાંથી નહીં. આમ મારી -મચડીને અર્થ કરવાથી સાચો રાહ જડતો નથી. સર્વમાન્ય મત એ છે કે, નૂહ અલૈ.ના ત્રણ પુત્રોનો જ પરિવાર થયો છે અને આપણે પણ આ મત ગ્રાહ્ય રાખીશું.

તૌરાતમાં ઉત્પત્તિ પ્રકરણ ૯ અને ૧૦ વાંચતાં જણાશે કે નૂહ અલૈ.ના પુત્ર શેમ અથવા સામે પાંચ પુત્રો હતા, હામને ચાર પુત્રો અને યાફેથ અથવા ઈરિયનને સાત પુત્રો હતા. તેમના વંશજો પૃથ્વી પર ફેલાયા. નૂહ અલૈ.ના આ ત્રણ પુત્રો તેમની કિશ્તીમાં હતા, જ્યારે ચોથો કિન્આન તેમના કહ્યામાં ન હતો તેથી તેમની નજર સમક્ષ જળપ્રલયમાં ડૂબી ગયો હતો એટલે આ ત્રણ પુત્રોનો વંશવેલો જગતમાં ચાલ્યો અને આજના સર્વ લોકો તેમના જ વંશજો છે. એમ કહેવામાં આવે છે કે, દરેકને ત્રણ ત્રણ પુત્રો હતા.[૪] હામના ત્રણ પુત્રો કિબ્ત, સુદાન અને બરબર નામે હતાં. કેટલાંક નૃવંશ- શાસ્ત્રીઓનું કહેવું છે કે આ ત્રણ પુત્રો ઉપરાંત હામને હિંદ અને સિંધ નામના બીજા બે પુત્રો હતા. તૌરાતમાં તેમને ચાર દિકરા હતા એવું કહેવામાં આવ્યું છે.'' અને હામના દીકરા: કૂશ, મિસરાઇમ, પૂટ અને કનાન '' ઉત્પત્તિ પ્ર. ૧૦:૬

હામના કેટલાક દીકરાઓ રંગે ખૂબજ કાળા હતા તેથી તેમના વંશજો હબસીઓ અને ભારતના અનાર્યો છે એમ કેટલાક માને છે. મિસરની પ્રજા ઇ.સ. પૂર્વે ૫૫૦૦થી ઇ.સ. પૂર્વે ૧૧૦૦ સુધી એટલે કે ફિરઓન રાજાઓના સમયમાં 'કિબ્તીઓ"ના નામે ઓળખાતી હતી એ ઐતિહાસિક બાબત છે. તેથી એવું અનુમાન બાંધી શકાય કે આ લોકો હામના પુત્ર "કિબ્ત"ના વંશમાંથી

---

૪. મવાહિબ ૩૭ : ૭૫ ની તફસીર - Vol. XIII પૃ. ૬૭.

ઊતરી આવેલા હશે. કિબ્તીઓ રંગે કાળા હતા એવો કોઈ ઉલ્લેખ મળતો નથી. ફિરઓન રાજાઓના વર્ણનો પરથી એવું લાગે છે કે તે તેઓ રંગે ઉજળા ગૌરવર્ણા હતા. બીજા પુત્ર સુદાને આજના સુદાન દેશમાં વસવાટ કર્યો હશે તે ઉપરથી તે દેશનું નામ સુદાન પડ્યું હશે એવું તારતમ્ય નીકળી શકે છે. ત્યાંના લોકો હબસીઓ છે, એટલે "સુદાન" રંગે કાળો હોવાનો સંભવ છે. આફ્રિકાના ઉત્તરના પ્રદેશમાં બરબર જાતિના લોકોનો આજે પણ વસવાટ છે. આ જાતિ હામના પુત્ર "બરબર" માંથી ઊતરી આવેલી હોવી જોઈએ, અને તેના નામ ઉપરથી' "બરબર જાતિ" નામ પડ્યું હશે. તેના બીજા પુત્રો હિંદ અને સિંધ જો હોય અથવા હામના કોઈક પૌત્રના વંશજોમાંથી હોય તો તેઓ ભારતમાં આવી વસ્યા હશે એમ અનુમાન બાંધી શકાય. તેમના વંશજો રંગે કાળા હશે એવું લાગે છે. ભારતના મૂળ વતનીઓ અનાર્યો રંગો કાળા છે એ હકીકત આપણે જાણીએ છીએ આજે પણ અનાર્યોના વંશજો-દ્રવિડો, ભીલો અને આદિવાસીઓ રંગે કાળા છે. હામના પુત્ર કે પ્રપૌત્ર "હિંદ"ના નામ ઉપરથી આપણા દેશનું નામ હિંદુસ્તાન પડ્યું હશે એવું કહી શકાય. "હિંદ" શબ્દનો અર્થ શ્યામ થાય છે. તેથી કહી શકાય કે "હિંદ" જાતે કાળો હોવો જોઈએ. આજે દક્ષિણ ભારતમાં દ્રવિડ પ્રજાના વંશજો વસેલા છે. અને ત્યા તેઓ બહુમતીમાં પણ છે. તેઓ દ્રવિડ વંશની તામિલ, તેલુગુ, મલયાલમઅને કન્નડ ભાષા બોલે છે અને રંગે કાળા છે. હામની ઓલાદના લોકો 'હેમેટિક લોકો" તરીકે ઓળખાય છે.


સામ કે શેમના અરબ, ફારસ અને રૂમ નામે ત્રણ પુત્રો હતા. રૂમ નામ સંબંધી સ્પષ્ટતા નથી. કેટલાક ઉલેમાઓ રૂમ નામના બદલે ઇરમ નામ બતાવે છે. તૌરાતમાં "શેમના દીકરા : એલામ તથા આશુર તથા આર્પાકશાદ તથા લૂદ તથા અરામ" એમ પાંચ પુત્રો કહ્યા છે. સામના પુત્રોના નામ ઉપરથી એવું લાગે છે કે અરબ નામનો પુત્ર જ્યાં વસ્યો તે દેશ અરબસ્તાન તરીકે ઓળખાયો. ફારસ જયાં વસ્યો તે દેશ ફારસ તરીકે ઓળખાયો. પાછળથી તેનું નામ ઈરાન પડ્યું હશે. ત્રીજો પુત્ર ઈરમ યમનમાં જઈ વસ્યો. તેના વંશજોમાંથી

---

૫. સીરતે હલ્બીયા Vol. I પૃ. ૪૯૬, ૪૯૭.

આદ નામનો એક પુત્ર ખૂબ પ્રખ્યાત થયો, તેથી તેના વંશજો "આદ પ્રજા"ના નામે ઓળખાયા. સામના વંશજો યમન, અરબસ્તાન, લેબનોન, ઈરાક, જોર્ડન, સિરિયા અને ગ્રીક દેશમાં વસ્યા. તૌરાત પ્રમાણે સામના એક પુત્રનું નામ અર્ફક્શાદ કે આર્પાક્શાદ હતું. આ આર્પાક્શાદ હૂદ અલૈ., સાલેહ અલૈ. અને ઈબ્રાહીમ અલૈ.ના પૂર્વજ છે. ઈબ્રાહીમ અલૈ. પછી તો જેટલા પયંગબરો થયા તે બધા જ તેમના વંશજો હતા. શામનો પુત્ર અરામ અથવા ઈરમના વંશ જ હૂદ અલૈ. હતા. આથી કહી શકાય કે જગતમાં જેટલા રસૂલો અને નબીઓ થઈ ગયા તેમાંના મોટા ભાગના સામના વંશજો હતા.

સામન વંશજોની "સેમેટિક પ્રજા"માં ગણના થાય છે. આ લોકો રંગે ઉજળા હોય. સેમેટિક પ્રજામાં અરબો, યહૂદીઓ ખૂબ જાણીતા છે. તૌરાત પ્રમાણે આર્પાક્શાદ બિન સામની વંશવળી આ પ્રમાણે છે.




એ સર્વ યોકટાનના દીકરા હતા. યોકટાનને અરબીમાં કેહતાન કહે

છે. એના પૂર્વજોએ પ્રાગૈતિહાસિક કાળમાં સ્થળાંતર કરીને અરબસ્તાનને પોતાનું વતન બનાવ્યું હતું. તથા પોતાની મૂળ માતૃભાષા ત્યજી દઈ પોતે જેમને પરાજીત કર્યા હતા તેમની અરબી ભાષાને માતૃભાષા તરીકે અપનાવી લીધી હતી. આજે પણ તેઓના વંશજો યોકટાની કે કેહતાની અરબો તરીકે ઓળખાય છે. ત્યારપછી ઈસ્માઈલ અલૈ.ને તેમના પિતા ઈબ્રાહીમ અલૈ.મે કનાન અર્થાત્ સિરિયા- પેલેસ્ટાઈનમાંથી લાવી મક્કામાં વસાવ્યા હતા. ઈસ્માઇલ અલૈ.ના વંશજો અરબ-મુસ્તારિબા અર્થાત્ વસાહતી અરબો તરીકે ઓળખાય છે.

અરબસ્તાનના મૂળ રહેવાશીઓ અરદા-બાએદા એટલે કે આદીવાસી અરબો તરીકે ઓળખાય છે. આ આદિવાસી અરબો લૂદ આર્પાકશાદનો ભાઈ થાય છે.[૬] સેમેટિક પ્રજાનું મૂળ વતન અરબસ્તાન છે એવો અરબ લોકોનો દાવો છે. અરબ ઈતિહાસકાર ઈબ્ને કુતૈબા (મરણ હિજરી સને ૨૭૬) નું કહેવું છે કે નૂહ અલૈ.ના પુત્ર સામ અરબસ્તાનમાં મક્કાની પવિત્ર ભૂમિમાં અર્થાત્ હરમમાં આવીને વસ્યા હતા. તે ઉપરાંત મુસ્લિમ ઈતિહાસકાર યાકૂબીનું કહેવું છે કે સામના પુત્રો અરબસ્તાનના હિજાઝ, યમન અને હઝરમૌત પ્રાંતોમાં ફેલાઈ ગયા હતા.

પવિત્ર કુરઆનમાં મક્કાને “ઉમ્મુલ કુરા” એટલે કે વસિતઓની માતા એવી ઉપમા આપવામાં આવેલી છે. આ ઉપમા પરથી એવું ફલિત થાય છે કે મક્કાની વસતિ બીજા પ્રદેશોમાં ફેલાયેલી છે. પવિત્ર કુરઆનમાં નૂહ અલૈ. પછીની જેટલી પ્રજાઓ તથા તેમના પછીના જેટલા પયંગબરોની કહાણીઓના પ્રસંગોનું વર્ણન કરવામાં આવેલ છે તે બધી પ્રજાઓ અને બધા પયંગબરો સેમેટિક પ્રજામાનાં હતા. આ પ્રજાઓના પૂર્વજો મૂળ અરબસ્તાનમાંથી બહાર નીકળી બેબિલોન, નિનેવાહ, સિરિયા, ફિનિશિયા ઈજિપ્ત વગેરે દેશોમાં જઈ વસ્યા હતા અને ત્યાં તેમણે સત્તા ભોગવી હતી.

એ તો આપણે જોઈએ છીએ ખે જયારે કોઈ સ્થળે, કોઈ ગામ, કોઈ

---

૬. તૌરાત ઉત્પત્તિ પ્રા ૬૦, ૨૨.

શહેર કે કોઈ પ્રદેશમાં વસ્તી એટલી વધી જાય કે ત્યાં ભરણપોષણ કરવાનું અઘરું થઈ પડે છે ત્યારે ત્યાંથી વસ્તી બીજે હિજરત કરી જાય છે. અરબસ્તાનના મૂળ રેહવાસી અરબ -બાએદા અર્થાત્ અરબ-આદિ વાસિઓનો વસ્તી વધારો ખૂબ જ થયો અને આજીવિકા મેળવવાનું અઘરું પડવા લાગ્યું ત્યારે ત્યાંનો માનવ-મહેરામણ ઉભરાયો અને ત્યાંથી આડોશ-પાડોશના દેશોમાં કેટલાક કુટુંબો કે કબીલાઓ હિજરત કરી ગયા. કહેવામાં આવે છે કે અરબસ્તાનનો માનવ મહેરામણ ચાર વખત ઉભરાયો હતો અને ચાર વખત વસ્તીએ સ્થળાંતર કર્યું હતું.

સૌથી પ્રથમ નૂહ અલૈ.ના પછી અને ઇ.સ. પૂર્વે પાંચેક હજાર વરસના અરસામાં કેટલાક અરબ-બાએદાના કુટુંબ કબીલાઓ વસ્તી વધારાના કારણે સ્તળાંતર કરી બેબિલોન, સિરિયા, મિસર ઈત્યાદિ દેશોમાં જઈ વસ્યા હતા. ઈબ્રાહીમ અલૈ.ના પૂર્વજો પણ તે જ અરસામાં યુફ્રેટિસ અને ટાઈગ્રીસ નદીઓના દોઆબાના પ્રદેશમાં આવેલા ઉર નામના સ્થળે જઈ વસ્યા હતા અને તેમનો જન્મ પણ ત્યાંજ થયો હતો. તેમના પુત્ર ઈસ્માઈલ અલૈ. તેમણે ફરીથી મક્કામાં વસાવ્યા હતા. તેમના વંશજો અરબમુસ્તારિબા કહેવાયા. એ હકીકત પાછળ આવી ગઈ છે: તેમના બીજા પુત્ર ઈસ્હાક અલૈ.ના પુત્ર યાકૂબ અલૈ.ના વંશજો પોતાના મૂળ વતન સિરિયા- પેલેસ્ટાઈન ઉપરાંત ઈરાક અને અરબસ્તાનના ઉત્તરના પ્રાંત હિજાઝ વગેરે પ્રદેશોમાં ફેલાયા એમના વંશજો બની ઈસરાઈલ તરીકે ખ્યાતિ પામ્યા છે. વળી આ અરસામાં અરબસ્તાનની દક્ષિણના યમન અને હજરમોતના પ્રદેશોમાં "આદે ઈરમ" નામની એક પ્રજા સૌથી પ્રથમ ચડતીની ટોચે પહોંચી હતી. આ પ્રજા સામ બિન નૂહ અલૈ.ના વંશજોમાંથી હતી. આ પ્રજાનો નાશ થતાં પહેલાં અર્થાત્ તેની ચડતીના સમયમાં તેના કેટલાક કબીલાઓએ બેબિલોનમાં રાજ્ય સ્થાપ્યું હતું. યૂસુફ અલૈ.ના પહેલાં એટલે ઈ.સ. પૂર્વે ૨૦૦૦ના અરસામાં અમાલિક જાતિના અરબોએ મિસરમાં સત્તા સ્થાપી હતી. કેટલાક આદ અને અમાલિક કબીલાઓ સિરિયા, ગ્રીસ, ક્રીટ અને યૂબિયાના ટાપુમાં વસ્યા હતા. આદિ પ્રજાનો નાશ થયો ત્યારપછી તેમના પયગંબર હૂદ અલૈ.અને તેમના અનુયાયીઓ હજરમોત પ્રાંતમાં વસ્યા અને ઇસ્વીસનના પહેલા સૈકા સુધી તેઓ ત્યાં આબાદ હતા.

વળી આ સમયે જ યાકૂબ અલૈ. મે પેલેસ્ટાઈનને પોતાનું વતન બનાવ્યું ત્યારે તેમના ભાઈ અદૂમે અરબસ્તાનના ઉત્તર-પૂર્વના પહાડી પ્રદેશને પોતાનું રહેઠાણ બનાવ્યું હતું. આ સમયનું સ્થળાંતર સૌથી મોટું હતું.

ત્યાર પછી ઇસ્વીસન પૂર્વેના ૧૯૦૦થી ૧૬૦૦ના સૈકાઓમાં અરબ પ્રજાઓએ સ્થળાંતર કર્યું હતું. આ સ્થળાંતર પહેલાંના સ્થળાંતર જેટલું મોટું ન હતું. આ સમયમાં અરબસ્તાનની અદૂમી પ્રજા અર્થાત્ યાકૂબ અલૈ. ના ભાઈ અદૂમના વંશજો, જેમાં અય્યૂબ અલૈ. થયા હતા તે પ્રજા, લૂત અલૈ.ના વંશજોની મવાબી પ્રજા અને શુઐબ અલૈ.ની મદયન પ્રજાના લોકો અરબસ્તાનની ઉત્તરે આવેલા પ્રદેશોમા ફેલાઈ ગયા હતા.

ત્રીજો જુવાળ મઈન અને સબા પ્રજાઓમાં આવ્યો. આ બંને પ્રજાઓ મૂળ યમનમાં વસતી હતી. તેઓ વેપારી પ્રજાઓ હતી. તેમનો વેપાર દરિયાઈ માર્ગે અને જમીન માર્ગે એમ બંને રીતે ચાલતો હતો, હિન્દુસ્તાન , લંકા, ઈન્ડોનેશિયામાંથી દરિયાઈ માર્ગે ગરમ મસાલાનો મુખ્ય વેપાર ચાલતો હતો. યમનમાં પેદા થતી લોબાન, ઉદ, તેમજ તથા બીજી ખુશબોદાર વસ્તુઓ અને ગરમ મસાલો આ પ્રજાઓ મિસર, સિરિયા અને યુરોપના દક્ષિણના દેશોને પહોંચાડતા હતા. મા'રિબનો બંધ તુટ્યો ત્યારે કેટલાક સબા કબીલાઓ હિજરત કરીને નાસી ગયા હતા. સબા લોકોનો વેપાર નષ્ટ થતાં યમનના કબીલાઓને વિખરાઈ જવું પડયું હતું : આ અંગેની હકીકત હવે પછી આવશે.

છેલ્લો પરંતુ સૌથી મોટો જુાવાળ ઇસ્લામના આગમન વેળા આવ્યો હતો. ઈસ્લામના બીજા ખલીફા હજરત ઉમર રદી. ના સમયમા અરબોએ ઈરાક, પેલેસ્ટાઈન, ઈરાન, મિસર જીતી લીધા. ત્યારપછી અરબ સામ્રાજય સ્પેનથી લઈ સિંધુ નદી સુધી ફેલાયું હતું. આજે પણ અરબ લોકો મગરિબમાં અર્થાત મોરક્કો, અલ્જિરિયા, ટ્રીપોલી, સિરિયા લેબનોન, ઈરાક વગેરે દેશોમાં વસેલા જણાય છે.

નૂહ અલૈ. ના ત્રીજા પુત્ર યાફેથ અથવા ઈરિયનના ત્રણ પુત્રો તુર્ક,

સકાલિબ અને યાજૂજ-માજૂજ નામે હતા. કેટલાક ઉલેમાઓ યાજૂજ-માજૂજના બદલે યુનાન નામ બતાવે છે. તૌરાત પ્રમાણે "યાફેથના દીકરા ગોમેર તથા માગોગ તથા માદાય તથા યાવન તથા તુબાલ તથા મેશેખ તથા તીરાસ" એમ સાત દીકરા હતા. યાફેથનું બીજું નામ ઈરિયન હતું તેથી તેના વંશજો ઈરિયન કહેવાયા અને તેમાંથી ધીમેધીમે આર્યન નામ પડી ગયું એમ લાગે છે. આર્યન પરથી આપણે તેમને આર્યો કહીએ છીએ. તેનો પુત્ર તુર્ક મધ્ય એશિયામાં જઈ વસ્યો હશે તેથી આજે પણ તે પ્રદેશ તુર્કસ્તાનના નામે ઓળખાય છે. અહીં વસેલા ઈરિયન કે આર્યન લોકોની વસ્તીમાં વધારો થતો ગયો તેમ તેમ તેઓ અન્ય દેશોમાં જઈ વસ્યા. આર્ય પ્રજાનાં ટોળેટોળાં મધ્ય એશિયામાંથી આવીને પ્રથમ સિંધુ નદીને કિનારે વસ્યાં હતાં, એ હકીકત આપણે જાણીએ છીએ. વળી આર્ય પ્રજાનો એક ફાંટો યુરોપના દેશોમાં જઈ વસ્યો. કહેવામાં આવે છે કે આજે જગતની વસ્તીમાં સૌથી વધુ વસ્તી આર્ય પ્રજાઓની છે. ગ્રીક પ્રજા યાજૂજ-માજૂજ ઉર્ફે યુનાનના વંશજો છે. યાફેથનો આ યુનાન નામનો પુત્ર ગ્રીસ દેશમાં વસ્યો હશે તેથી તેના નામ ઉપરથી તેનું નામ યુનાન પડ્યું હશે એ સંભવિત છે. પાછળથી ગ્રીક નામ પડ્યું હશે અને તે ઉપરથી તેમાં રહેતી પ્રજાનું નામ ગ્રીક પ્રજા પડ્યું હશે. કહેવામાં આવે છે કે ગ્રીક લોકો રૂમી બિન લૈતી બિન યુનાન બિન યાફેથ બિન સામ બિન નૂહ અલૈ.ના વંશજો છે. વંશાવલીમાં જે નામો આપવામાં આવ્યાં છે તે અંગે આપ સ.અ.વ.ની હતીસ છે તે યાદ રાખવી ઘટે. આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે, "કઝબુલ-નસ્સાબૂન" એટલે કે નૃવંશ-વિદ્યાના પંડિતોએ વંશવેલાઓમાં જે નામો આપ્યાં છે તે ખોટાં છે. આ હકીકત જાણ્યા પછી અહીં જે નામો આપ્યાં છે તે સમયનો અને કેટલાક લોકોનો સર્વ-સામાન્ય ખ્યાલ આપવા માટે છે એમ સમજી ચાલવું.

જળ-પ્રલય પછીનો પુન: વસવાટ થયો હતો ત્યારે એક અજાયબીભર્યો પ્રસંગ બન્યો હતો. આ પ્રસંગનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં તો ક્યાંયે નથી: પરંતુ તૌરાતમાં તેનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે. "અને આખી પૃથ્વીમાં એકજ ભાષા તથા એકજ બોલી હતી, અને એમ થયું કે, તેઓ પૂર્વ તરફ રખડતા રખડતા શિનઆર દેશના એક મેદાનમાં આવી પહોંચ્યા, ને ત્યાં

રહ્યાં... અને તેઓએ એકબીજાને કહ્યું કે ચાલો આપણે પોતાને સારૂ એક શહેર બાંધીએ તથા જેની ટોચ આકાશ સુધી પહોંચે એવો બુરજ બાંધીએ, અને એમ આપણે પોતાને સારૂં નામ કરીએ: કે આખી પૃથ્વી પર આપણે વિખેરાઈ ન જઈએ." ઉત્પત્તિ પ્ર. ૧૧: ૧ થી ૪

અલ્લાહ તઆલાને ઘમંડની આ વાત ન ગમી તેથી શિક્ષારૂપે તેમનામાં ફાટફૂટ પાડવાનું તેણે કર્યું. "ચાલો આપણે ત્યાં ઊતરીએ ને તેઓની ભાષા ઉલટાવી નાખીએ કે તેઓ એકબીજાની બોલી ન સમજે. તેઓએ નગર બાંધવાનું મૂકી દીધું. અને તે જગાનું નામ બાબેલ (એટલે ગૂંચવણ) પડ્યું: કેમ કે યહોવાહે ત્યાં આખી પૃથ્વીની ભાષામાં ગૂંચવણ કરી નાખી: યહોવાહે તેઓને ત્યાંથી આખી પૃથ્વી પર વિખેરી નાંખ્યા" ઉત્પત્તિ પ્ર. ૧૧ : ૭-૮-૯

આથી એવું બન્યું કે એક દિવસે સવારે બધા જાગ્યા તો દરેક જુદી જુદી ભાષા બોલતો ઊઠ્યો. ગઈ કાલે બધા એક જ બોલી બોલતા હતા અને એક બીજાને સમજી શકતા હતા તે લોકો બીજા દિવસે પોતપોતાની ભાષા બોલતા હતા એ એકબીજાને સમજી શકતા ન હતા. આ પ્રસંગને Babbling of the Languages કહીને વર્ણવામાં આવ્યો છે અને જે શહેર વસાવવાનું હતું. તેનું નામ "બાબેલ" અથવા "બેબિલોન" પડ્યું. આ સમયે ફક્ત નૂહ અલૈ.ની સઘળી ભાષાઓનું જ્ઞાન અલ્લાહે વહ્ય કર્યું હતું તેથી તેઓ એકબીજાની વાત સમજી શકતા હતા અને દુભાષિયા તરીકે સમજાવતા હતા. પરંતુ આ પરિસ્થિતિમાં સાથે રહેવું અસહ્ય થઈ પડ્યું એટલે નૂહ અલૈ.ને તેમના કયા દેશમાં વસવું તેની વહેંચણી કરી આપવી પડી. એ પ્રમાણે તેમના વંશજો જે તે દેશમાં જઈને વસ્યા અને જે તે દેશનું નામ નૂહ અલૈ.ના પૌત્રોને કે પ્રપૌત્રોના નામ ઉપરથી પાડવામાં આવ્યું.

કહેવામાં આવે છે કે આદમ અલૈ. ને જન્નતમાંથી વિદાય કરવામાં આવ્યા ત્યારે જિબ્રીલ અલૈ. તથા મીકાઈલ અલૈ. મે આવીને તેમનો સ્વર્ગીય તાજ અને કેડે બાંધેલો સ્વર્ગીય પટકો લઈ લીધો તથા તેમને સ્વર્ગમાં આત્મજ થયેલી અરબી ભાષા પણ ભૂલાવી દઈ હિબ્રૂ ભાષાનું આત્મદાન કર્યું, એટલે

પૃથ્વી પર આવ્યા ત્યારે તેમની ભાષા હિબ્રૂ થઈ ગઈ હતી. આમ આદમ અલૈ. શીષ અલૈ. ઇદ્રીસ અલૈ. અને નૂહ અલૈ. એ ચારેયની ભાષા હિબ્રૂ ભાષા હોવાથી ચારેયની હિબ્રૂ પયગંબરો તરીકે ગણના થાય છે.[૭]


અલ્લાહ તઆલા પવિત્ર કુરઆનમાં સામૂહિક રીતે બધા પયંગબરો પર સલામ પાઠવે છે. ૩૭:૧૮૧. તે ઉપરાંત વ્યક્તિગત રીતે પણ કેટલાક પયગંબરો પર સલામ પાઠવે છે. તેમાં નૂહ અલૈ. પર જરાક વિશિષ્ટ રીતે સલામ પાઠવવામાં આવેલાં છે, 'જેમ કે "બંને જગતમાં (આ લોક તથા પરલોકમાં) નૂહ પર સલામ હોજો" ૩૭:૭૯ "નિ:સંશય તે અમારા ઈમાનદાર બંદાઓમાંના હતા." ૩૭:૮૧ આથી જ્યારે જ્યારે નૂહ અલૈ.નું નામ લેવામાં આવે ત્યારે ત્યારે આપણે પણ "સલામુન અલા નૂહિન ફિલ આલમીન" કહી તેમને સલામ મોકલતા રહીએ.

سَلٰمٌ عَلٰى نُوْحٍ فِي الْعٰلَمِيْنَ ط

---

૭. ઈબ્ને કસીર ૧૧ : ૪૨ ની આયતની તફસીર.

# ૧૦. આદ પ્રજાનો વિધ્વંશ




કુરઆનના ૧૧માં પ્રકરણ "હૂદ" માં ઉલ્લેખાયેલી પ્રજાઓનો વસવાટ -
પવિત્ર કુરઆનમાં આદ-પ્રજાની હકીકત નીચેની આયતોમાં મળે છે. :

૭/૬૫ થી ૭૨, ૧૧/૫૦ થી ૬૦, ૧૪/૯, ૨૩/૩૧-૩૨, ૨૫/૩૮, ૨૬/૧૨૩થી૧૪૦, ૨૯/૩૮

૪૧/૧૩, ૧૫,૧૬    ૪૬/૨૧ થી ૨૬

૫૦/૧૩, ૫૧/૪૧-૪૨, ૫૩/૫૦, ૫૪/૧૮ થી ૨૧, ૬૯/૪, ૬૯/૬-૭-૮, ૮૯/૬-૭-૮

આદ- પ્રજાની હકીકત કોઈ ઈતિહાસના પુસ્તકમાંથી કે તૌરાતમાંથી ઉપલબ્ધ થતી નથી. તેના વિશે જે કંઈ હકીકત મળે છે તે પવિત્ર કુરઆનમાંથી અને પુરાતત્વ સંશોધનમાંથી મળે છે.

જળ-પ્રલય પછી નૂહ અલૈ.ના પૌત્રોને ભાષાઓની ગુંચવણને કારણે ઈરાક -સિરિયા જેવા ફળદ્રુપ પ્રદેશો ત્યજી દેવાની અને દૂર દૂરના જુદા જુદા

દેશોમાં જઈ વસવાની ફરજ પડી. તેમાં હામના વંશજો ભારત અને ઉત્તર - આફ્રિકાના દેશોમાં જઈ વસ્યાા. યાફેથ ઉર્ફે ઈરિયનના વંશજો મધ્ય એશિયાના દેશોમાં પથરાયા અને સામના વંશજો પશ્ચિમ એશિયાના મુલકોમાં આબાદ થયા. નૂહ અલૈ. ના પૌત્ર ઈરમનો એક વંશવેલો ચાલ્યો જે આદ-પ્રજા તરીકે ઓળખાયો. તેથી આદ પ્રજાને આદે ઈરમ પણ કહે છે.[1] કહેવામાં આવે છે કે, આ ઈરમ દક્ષિણ અરબસ્તાનના યમન પ્રાંતમાં જ વસ્યો. આ આદ-પ્રજાનું રહેઠાણ, ''અહકાફ" ગણાય છે. પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, "(હે રસૂલ!) આદના ભાઈની કહાણી કહી સંભળાવ. તેણે અહકાફમાં પોતાની કોમના લોકોને બીવડાવ્યા." ૪૬:૨૧ દક્ષિણ અરબસ્તાનમાં આવેલા અહકાફ, યમન અને હઝરમૌતના નામે ઓળખાતા પ્રદેશોમાં પ્રાગૈતિહાસિક કાળમાં આદ-પ્રજા વસેલી હતી. આજે પણ દક્ષિણ અરબસ્તાનના લોકોમાં એ વાત પ્રચલિત છે કે , આદ પ્રજાનું રહેઠાણ ઉપરોકત પ્રદેશોમાં હતું. અહકાફનો અર્થ રેતીના લાંબા ટીંબાઓ થાય છે. યમનના પ્રદેશમાં લાલ-રેતાળ ટીંબાઓ આવેલા હતા. આ લાલ રેતાળ ટીંબાઓની પશ્ચિમે આવેલા સમુદ્રનું પાણી રાતું હોવાથી તેને આજે પણ 'રાતો સમુદ્ર' કહે છે. અહકાફની હાલની પરિસ્થિતિ જોઈ કોઈ એવું અનુમાન કરી શકે એમ નથી કે અહીં પ્રાગૈતિહાસિક કાળમાં આ ફળદ્રુપ પ્રદેશ હતો. આબોહવાના ફેરફારના લીધે એ રણ-પ્રદેશ બની ગયો છે. તેના અંદરના ભાગોમાં જવાની કોઈ હિંમત કરતું નથી. ઇ.સ. ૧૮૪૩માં બવેરિયાનો એક લશ્કરી માણસ તેના દક્ષિણ કિનારે જઈ પહોંચ્યો તેનું કહેવું છે કે હઝરમૌતના ઉત્તરના ઉચ્ચ પ્રદેશથી જોવામાં આવે તો આ અહકાફનો રણ -પ્રદેશ એક હજાર ફૂટ નીચાણમાં આવેલો જણાશે એ રણ-પ્રદેશની રેતી એટલી ઝીણી અને સૂક્ષ્મ છે કે તેમાં કોઈ વસ્તુ પડી જાય તો તે રેતીમાં ડૂબી જાય છે. આ અહેકાફની ઉત્તરે અરબસ્તાનનો ભયંકર ઉજ્જડ "ખાલી પ્રદેશ" આવેલો છે. જેને અલરુબાઅ, અલ-ખાલી કહે છે. ઈરમના પૌત્ર આદના વંશજોમાં ભારે વસ્તી વધારો થયો તેથી તે લોકો દક્ષિણ અરબસ્તાનના પશ્ચિમ કાંઠેથી લઈ પૂર્વ કાંઠા સુધીના પ્રદેશોમાં અર્થાત્ યમન, હઝરમૌત અને અમ્માનના પ્રદેશોમાં ફેલાઈ ગયા. કેટલાક ઉલેમાઓનું કહેવું છે કે, જેમ કીડીઓનાં નગરો હોય છે અને તે નગરો તેમની ગીચ આબાદીથી ભરપૂર હોય છે તેમ એ આદ-પ્રજાઓનાં નગરો હતાં. મક્કાની આજુબાજુ પણ આદ-પ્રજાના અમાલિક અને લવીઝા નામના કબીલાઓ આબાદ હતા. વળી

---

૧. જુઓ ૮૯ : ૬-૭ મી આયતો.

એમ પણ કહેવામાં આવે છે કે યમન અને હઝરમૌતથી લઇ ઉત્તરમાં સિરિયા અને ઈરાક સુધી બંને આદ-પ્રજાઓ વસી ગઈ હતી. આ બે આદ-પ્રજાઓ પૈકી એકને પહેલી આદ-પ્રજા અને બીજીને બીજી આદ-પ્રજા કહે છે. પવિત્ર કુરઆનમાં પહેલી આદ-પ્રજાને "આદે-ઊલા" કહી છે જેનો ૫૩:૫૦ની આયતમાં ઉલ્લેખ થયો છે. "અને તેણે જ "આદે-ઊલાનો વિધ્વંશ કર્યો. બીજી આદ-પ્રજા, સમૂદ-પ્રજા તરીકે ઓળખાય છે. આ બે પ્રજાઓ વચ્ચે સો વરસનો ગાળો પડે છે.

આદ-પ્રજા કયારે થઈ તે સંબંધી પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, "યાદ કરો કે નૂહની કોમ પછી તમને સત્તાધીશ બનાવવામાં આવ્યા." ૭:૬૯ આ આદ-પ્રજાનો આદે-ઈરમ પણ કુરઆનમાં કહેવામાં આવી છે."શું તમે નથી જોયું કે તમારો પરવરદિગાર ઊંચા ઊંચા થાંભલાવાળા આદે-ઈરમ લોકો સાથે કેવી રીતે વર્ત્યો ? " ૮૯:૬-૭ આ આયતોથી પૂરવાર થાય છે કે આદ-પ્રજા નૂહ અલૈ. પછી સત્તાધીશ બની હતી. આદ, ઈરમનો પૌત્ર થતો હતો અને ઈરમ નૂહ અલૈનો પૌત્ર થતો હતો. જયારે આદ-પ્રજાના લોકો ચારિત્ર્યહીન બની ગયા, તેમણે એક જ અલ્લાહની બંદગી છોડી દીધી, અનેકની પૂજા કરવા લાગ્યા અને તેમાં ખાસ કરીને વદ, સુવાઅ, યગૂસ, યઉક ને નસરની મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા અને મૂર્તિપૂજાનો અતિરેક થયો ત્યારે તેમને ઉપદેશ આપવા તેમનામાંથી જ હૂદ અલૈ. નામના એક પયંગબરની પધરામણી થઈ. આ પયગંબર આદ-પ્રજામાંના એક પ્રતિષ્ઠિત કુટુંબના નબીરા હતા. તેમનું કુટુંબ પરાપૂર્વેથી તૌહીદ- પરસ્ત હતું અને તેઓ નૂહ અલૈ. પછી આઠસો વર્ષે થઈ ગયા છે. હૂદ અલૈ.મે ૪૬૪ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું.[૨] સામાન્ય રીતે ૪૦ વરસની વયે પયંગબરી મળતી હોય છે. એ આધારે હૂદ અલૈ.મે પોતાની જાતિના લોકોને એટલે કે આદ પ્રજાને સવા-ચારસો વરસ સૂધી ઉપદેશ આપ્યો હશે એમ માનવાને કારણ મળે છે. "અને અમે આદ (પ્રજા) તરફ તેમના બિરાદર (અર્થાત ભાઈ)

---

૨. મવાહિબ Vol. VI પૃ. ૧૭૮-૭:૬૫ ની. તફસીર જુઓ : તેમાં હૂદ અલૈ.ની વંશાવલી આ પ્રમાણે છે. :- હૂદ બિન અબ્દુલ્લાહ, બિન રિયાહ બિન અલખલૂદ, બિન આદ, બિન ઔસ, બિન ઈરમ બિન સાલેખ બિન અફખશાઝ બિન સામ, બિન નૂહ અલૈ.

હૂદને મોકલ્યો'' ૧૧ : ૫૦[3] હૂદ અલૈ. પોતાની કોમના હતા. એટલે આદ-પ્રજાના ગુણ-દોષથી પરિચિત હતા તથા તેમની માતૃભાષા અરબીમાં સારી રીતે ઉપદેશ આપી શકતા હતા.

આદ જાતિના લોકો જેવા ઉંચા, કદાવર, હૃષ્ટપુષ્ટ અને બળવાન લોકો આજદિન સુધી જગતમાં ક્યાંયે પેદા થયા નથી. એ અંગે પવિત્ર કુરઆન જ શાખ પૂરે છે. "અને અમે તેમને સર્વ પ્રજાઓમાં સૌથી વધુ કદાવર બનાવ્યા." ૭: ૬૯ "તેમના જેવી બીજી કોઈ પ્રજા કે જાતિ દુનિયાના કોઈ દેશમાં પેદા કરવામાં આવી નથી'' ૮૯:૮. આ જાતિના માણસો ૧૦૦ હાથ જેટલા ઊંચા હતા. જ્યારે તેમનામાં ઠીંગણાં માણસો ૬૦ હાથ જેટલા ઊંચા હતા. એટલે સામાન્ય રીતે તેમની ઊંચાઈ ૮૦ હાથ જેટલી હતી[4]. તેમની ઊંચાઈનો ઈશારો પવિત્ર કુરઆનની ૫૪:૨૦ આયતમાંથી મળી રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "વાવાઝોડું આદ લોકોને એવી રીતે ઊંચકી ફેંકી દેતું હતું કે જાણે તેઓ ઉખડી પડેલાં ખજૂરીઓનાં થડિયાં ન હોય !" એટલે તેમને ઊંચાઈ ખજૂરીના થડિયાં જેટલી હોવી જોઈએ. અહીં તમે પ્રશ્ન ઉઠાવશો કે શું આદિ-જાતિના લોકો આપણા પરમ-પિતામહ આદમ અલૈ. કરતાં પણ ઊંચા હતા ? ના, તેઓ તેમના જેટલા ઊંચા ન હતા. એ તો હકીકત છે કે આદમ અલૈ. પછી મનુષ્યની ઊંચાઈમાં આયુષ્યની જેમ ઉત્તરોત્તર ઘટાડો થતો ચાલ્યો. એ તમે વાંચી ગયા કે આદમ અલૈ.નું કદ ૬૦ હાથનું હતું., પરંતુ તે માપ તેમના પોતાના ૬૦ હાથ પ્રમાણેનું હતું. જ્યારે- આદ-જાતિના પુરુષોની ઊંચાઈ અર્વાચીન માનવીના ૬૦-૧૦૦ હાથના માપમાં દર્શાવવામાં આવી છે. આથી સ્પષ્ટ થાય છે કે, આદ-જાતિના લોકો આદમ અલૈ. કરતાં નીચા હશે. આદ-જાતિના લોકો એટલું શારીરિક બળ ધરાવતા હતા કે આજના યુગના ૫૦૦ માણસો સાથે મળીને જેટલું વજન ઉઠાવી શકે તેટલું વજન આદ-પુરુષ એકલો સહેલાઈથી ઉઠાવી શકતો હતો. વળી તે ભોંય ઉપર જોરથી કૂદતો તો ભોંયમાં ત્રણ ચાર ફૂટનો ખાડો પાડી શકતો હતો. આપ સ.અ.વ.મે ફરમાવ્યું છે કે, "તેમનામાંનો કોઈક એક ભારે પથ્થરની છાટ કોઈ કબીલાના ટોળા ઉપર ફેંકતો તો બધા માણસોનો કચ્ચરઘાણ નીકળી જતો."[5]

---

૩. આ પ્રકારની આયતો માટે જુઓ-૭ : ૬૫, ૨૬ : ૧૨૪, ૪૬ :૨૧.

૪. તફસીરે કાદરી Vol.1 પૃ. ૨૯૩-૭ : ૬૯ ની તફસીરમાંથી.

૫. ઈબ્ને કસીર ૮૯ : ૮-૯ ની તફસીરમાંથી.

આ લોકો ઘમંડમાં વારંવાર કહેતા કે, છે કોઈ અમારા જેવું બળવાન ?" આદ-જાતિના લોકો વિના કારણે જમીન પર માથું ઊંચકવા લાગ્યા અને કહેવા લાગ્યા : "અમારાથી જોરાવર કોણ છે?" ૪૧:૧૫ તે સમયના બીજા લોકો તેમના જેવા રાક્ષસી કદના અને બળવાન ન હતા. તેમજ તેમની પાસે એવાં હથિયારો પણ ન હતાં કે જેથી આદ-જાતિના જુલમને અટકાવી શકે. બીજી જાતિના લોકોને તેઓ ખૂબ પજવતાં, તેમને મારપીટ કરતા, અને કેટલીયે વેળા તેમનું સર્વસ્વ ખૂંચવી લેતા અને તેમના પર ભારે જુલમ ગુજારતા હતા. તેમનું માથાભારે જુલમી કૃત્યો માટે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, "જયારે તમે કોઈના ઊપર હાથ નાંખો છો ત્યારે ખૂબજ અત્યાચાર કરો છો." ૨૬:૧૩૦. ગત ૧૯મી સદીમાં જગતમાં બ્રિટિશ સામ્રાજ્ય પથરાયેલું હતું ત્યારે દુનિયામાં અંગ્રેજ પ્રજા વર્ચસ્વ ભોગવતી હતી. તે લોકો પોતાના સામ્રાજયના દેશોમાંથી અઢળક દ્રવ્ય લઈ જતા હતા. આજે અમેરિકા વર્ચસ્વ ભોગવી રહ્યું છે અને વીએટનામ, ફાર્મોસા જેવા દેશોમાં પોતાનું લશ્કર લડવા માટે મોકલ્યું હતું. ઈઝરાઈલનું રાજ્ય અરબ-ભૂમિ પર ઊભું કરી અરબ-રાજ્યોને પરાસ્ત કરવા, દબાયેલા રાખવા ઈઝરાઈલને શસ્રોની સારી મદદ કરે છે. એવાજ પ્રકારનું અત્યાચારભર્યું વર્ચસ્વ તો સમયે આદ-પ્રજા ભોગવતી હતી. સો જેટલા દેશો પર તેમની સત્તા વ્યાપેલી હતી.

તેમનાં શરીર રાક્ષસી કદનાં હોય તો તેમનાં માથાં પણ રાક્ષસી કદનાં હશે જ ને ! કહેવામાં આવે છે કે તેમનાં માથાં નાનાં મંદિરના અથવા દેરીના ઘૂમટ કે માટલાં જેવડાં મોટાં હતાં. આ લોકોનાં રહેણાંકો પણ રાક્ષસી કદનાં જ હોય ને ! અર્વાચીન યુગમાં સામાન્ય રીતે આપણે આપણા ઘરના માળ ૯-૧૦ ફૂટની ઊંચાઈનાં રાખીએ છીએ. આદ-લોકો કદ અને ઉંચાઈમાં આપણાથી પાંચ ગણા હતા એટલે તેમના મકાનોના માળ ત્રીસેક ફૂટના હશે એમ અનુમાન બાંધી શકાય. તેઓ ઊંચા ઊંચા થાંભલાવાળા મકાનોમાં રહેતા હતા તેવો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં પણ થયેલો છે. તેમને કુરઆન્ શરીફમાં "ઊંચા ઊંચા થાંભલાવાળા' કહ્યા છે. ૮૯ : ૭. આટલાં ઊંચા મકાનો માટીનાં તો બની શકે જ નહીં : તો ઝૂંપડાં એવાં ઊંચા કયાંથી બનાવી શકાય ? એટલે એવું જણાય છે કે તે લોકો પથ્થરનાં મકાનો બનાવતા હશે. તેમનામાં બળ પુષ્કળ હતું એટલે મોટા મોટા પથ્થરોનાં થાંભલાવાળાં મકાનો બનાવવાનું તેમને અઘરું પડતું નહીં હોય. વળી તે લોકો શોભા અને દેખાવ માટે, પોતાની યાદગીરી કાયમ રાખવા માટે કે પછી પોતાની કીર્તિ માટે રસ્તાઓની બાજુએ

આવેલી ટેકરીઓ અને ટીંબાઓ ઉપર ઊંચા ઊંચા પરંતુ મજબૂત પથ્થરના કિલ્લાઓ, બુરજો અને મિનારાઓ ઈત્યાદિ બાંધતા હતા. આ કિલ્લાઓ, બુરજો અને મિનારાઓ તેમના કોઈ ખપમાં આવતા ન હતાં. ફકત શોભા કે ભભકો બતાવવા માટે, કે દબદબો કે રૂઆબ પાડવા માટે બનાવતા હતા. આમ બિનઉપયોગી મકાનો અને ઈમારતો પાછળ તેઓ પોતાની ધન-દોલત વેડફી દેતા હતા. તેથી પવિત્ર કુરઆનમાં ટકોર કરવામાં આવી છે કે, "દરેક ઊંચી જગાએ નકામું સ્મારક બનાવો છો ? અને મોટા મોટા મહેલાતો અને ભવનો ઊભાં કરો છો ? અને તે એટલા માટે કે જાણે તમે અહીં સદા-સર્વદા રહેવાના ન હોય !" ૨૬ : ૧૨૮-૧૨૯ એટલે કેવળ પોતાનો વૈભવ અને ધન-સંપત્તિનું પ્રદર્શન કરવા ઊંચા ઊંચા મહેલાતો અને ભવનોમાં પોતાની દોલત અને શકિત કામે લગાડતા હતા. તેથી સ્તંભો પર ઈમારતો બાંધવાની શરૂઆત આ જાતિએ કરી હતી એમ કહી શકાય. આથી સાબિત થાય છે કે આદ-જાતિમાં ધન-દોલતની રેલમછેલ હતી અને તેથી ભૌતિક બાબતો પરત્વે જ અર્થાત ધન-દોલત મેળવવામાં જ રચ્યા-પચ્યા રહેતા હતા. ધાર્મિક કે આધ્યાત્મિક બાબતો પર જરાયે લક્ષ આપતા ન હતા. જ્યારે કોઈ પ્રજા ભૌતિકવાદમાં જ રચીપચી રહે છે, ત્યારે તેના સંસ્કારો અને સંસ્કૃતિ બગડી જાય છે અને હૂદ અલૈ. બગડતા સંસ્કારો અને બગડતી સંસ્કૃતિ પરત્વે ટોણા મારતા હતા. આ બાબતથી આપણે ધડો એ લેવો જોઈએ કે વધુ પડતી ભવ્ય ઈમારતો કે બંગલાઓ બાંધવામાં દોલત વેડફી દેવી ન જોઈએ.

વળી આવા કદાવર લોકોના પેટ પણ મોટાં જ હશે ને ! તેમને આપણાથી પાંચગણું ખાવા જોઈતું હશે. આજનો સામાન્ય માનવી ટંકે અડધો શેર અનાજ ખાતો હોય છે. તે હિસાબે આદ-જાતિના માનવીને ટંકે અઢી શેર અનાજની જરૂર પડતી હોવી જોઈએ અર્થાત અનાજ, શાકભાજી, ફળફળાદિ, માંસ, માછલાં વગેરે ખાદ્ય-વસ્તુઓની તેમને આપણાથી પાંચગણી જરૂરત પડતી હોવી જોઈએ. તેમને પણ ખાણીપીણી પૂરતા પ્રમાણમાં મળી રહેતી હતી તેની સાબિતી પવિત્ર કુરઆનની આયતોમાંથી મળી રહે છે. "અને તમે અલ્લાહની બીક રાખો જેણે તમને તે ચીજો વડે મદદ કરી છે જે તમે જાણો છો. તમને જાનવરો આપ્યાં, ઓલાદ આપી, બાગ-બગીચા આપ્યા અને પાણીના ઝરા આપ્યા." ૨૬ : ૧૩૨-૧૩૪. આથી સ્પષ્ટ થાય છે કે, ખેતીવાડી, બાગ-બગીચા, વાડીઓ અને પશુપાલન વગેરે ધંધાઓમાંથી તેમને ખાદ્ય-વસ્તુઓ સારા પ્રમાણમાં મળી રહેતી હતી. "અહકાફ"ની હાલની પરિસ્થિતિ

જોઈ કોઈ પણ વ્યક્તિ એવું કહી શકે એમ નથી કે પહેલાં અહીં એક ભવ્ય સંસ્કારો અને સંસ્કૃતિશાળી જાતિનો વસવાટ હતો. કુરઆન શરીફની ઉપરોક્ત આયતોથી પુરવાર થાય છે કે, હજારો વર્ષ પહેલાં આ પ્રદેશ ઘણો જ ફળદ્રુપ હતો.

આદ-પ્રજાના લોકોને ખાદ્ય-ખોરાકીની વસ્તુઓ વિપુલ પ્રમાણમાં મળતી હતી. તેમનું સ્વાસ્થ્ય ઈર્ષા ઉપજાવે તેવું હતું. સંતતિનું તેમને સુખ હતું. ઊંચા ઊંચા સ્તંભોવાળા પથ્થરના મજબૂત મહેલાતોમાં રહેવાનું મળતું હતું અને સૌથી વિશેષ બાબત તો એ હતી કે બીજા કેટલાયે દેશો પર તેઓ સત્તા ભોગવતા હતા. આમ તે લોકો બધી રીતે સુખી હતા. "ખરેખર અમે તમને (હે મક્કાવાસીઓ !) આપી નથી એવી શક્તિ તેમને આપી હતી." ૪૬ : ૨૬ આથી ફલિત થાય છે કે, "આદ-જાતિ તે સમયમાં અદ્વિતીય હતી, બળમાં અને વૈભવમાં કોઈ પણ પ્રજા ત્યારે તેની બરાબરી કરે તેવી ન હતી. દુનિયાના કાર્યોમાં તે લોકો ઘણા જ બાહોશ અને કાર્યદક્ષ હતા; પરંતુ તેઓ ખૂબ જ છકી ગયા હતા, અન્ય પ્રજાઓ ઉપર ત્રાસ અને જુલમ ગુજારવામાં કોઈ મણા રાખતા ન હતા. તેમનામાં માણસાઈ જેવું કશું જ હતું નહીં. નબળા અને ગરીબ લોકો પ્રત્યે જરાએ દયા રાખતા ન હતા. તેમની સાથે કયારે પણ ન્યાયથી વર્તતા ન હતા. આજુબાજુની જાતિઓ તથા તેમની જ જાતિના ગરીબ અને નબળા લોકો તેમની જુલમની ચક્કીમાં પિસાતા હતા. તે લોકો ધન- દોલતનો દુર્વ્યય કરતા હતા. ખૂબ જ ઘમંડી બની ગયા હતા. પરલોકમાં ફાયદો થાય તેવાં કૃત્યો કરવામાં તેમનામાં સદબુદ્ધિ આવતી જ ન હતી. ખૂબ જ બળવાન અને કાર્યદક્ષ હોવા છતાં નિર્જીવ પથ્થરોને ઝૂકતા અને તેમની પૂજા કરતા હતા. આજે હિંદુઓ બળિયા-કાકા, હનુમાન-દાદા, કાળી-માતા કે અંબાજી-માતાની મૂર્તિઓમાં દૈવી શક્તિઓનો વાસ માને છે. તેમ આદ-જાતિના લોકો પણ જુદી જુદી મૂર્તિઓમાં જુદી જુદી દૈવી શક્તિનો વાસ રહે છે તેવું માની તેમની પૂજા કરતા હતા. ખાસ કરીને સમદ, સમૂદા[૬] અને હયા નામની ત્રણ મુખ્ય મૂર્તિઓની તેઓ ખૂબ જ પૂજા કરતા હતા. આવી મૂર્તિપૂજા રોકવા તથા ખોટાં અને જુલમી કામો ન કરવાનો ઉપદેશ હૂદ અલૈ. તેમને આપતા હતા અને એક જ અલ્લાહની બંદગી કરવા કહેતા હતા. પરંતુ એ સાચો રાહ તેમને સમજાતો જ ન હતો. તેથી પવિત્ર કુરઆનમાં તેમના માટે

૬. ઈબ્ને કસીર - ૭ : ૭૦-૭૩ની તફસીર : કસસુલ કુરઆન - હફીઝુર્રહમાન પૃ. ૧૦૪.

કહેવામાં આવ્યું છે કે, "અમે તેમને કાન, આંખો અને દીલ અર્થાત અંત:કરણ આપ્યાં હતાં, પરંતુ જ્યારે અલ્લાહની નિશાનીઓનો જ ઈન્કાર કરવા લાગ્યા ત્યારે ન તો કાન કોઈ ખપમાં આવ્યા, ન આંખો, ન અંત:કરણો." ૪૬:૨૬.

હૂદ અલૈ. પોતાના ધર્મોપદેશમાં કહેતા કે, "ઓ મારા જ્ઞાતિભાઈઓ ! તમે શા માટે મૂર્તિઓની પૂજા કરો છો ? મૂર્તિઓ તો માણસો જ ઘડે છે. એ નિર્જીવ વસ્તુઓમાં તમને લાભ કે નુકસાન પહોંચાડવાની જરાએ શક્તિ હોતી નથી. નિ:સંશય તેમને પેદા કરનાર, સૃષ્ટિનો સર્જનહારક અને પાલનહાર તથા દુનિયાનો માલિક તો પરમકૃપાળુ અલ્લાહ જ છે. માટે "તમે અલ્લાહની બંદગી કરો. તેના સિવાય બીજો કોઈ પૂજ્ય નથી." ૭:૬૫.

દરેક ધર્મોપદેશમાં આ વાત હૂદ અલૈ. કહ્યા વિના રહેતા નહિ. તેમની જાતિના કાફર સરદારો જવાબમાં કહેતા કે, "અય હૂદ ! અમને તો તું મૂર્ખ લાગે છે અને નિ:સંશય અમે તો તને જૂઠો જાણીએ છીએ." ૭:૬૬. વળી અમને તો એવું જણાય છે કે, "અમારા કોઈક દેવતાએ તને ઝાપટમાં લઈ લીધો લાગે છે." ૧૧:૫૫ તેથી તું ગાંડા જેવી વાતો કરે છે.

હૂદ અલૈ. તેમને ઉત્તરમાં કહેતા કે, "મારામાં મૂર્ખતાનો છાંટો સરખો પણ નથી. હું તો જગતના પાલનકર્તાનો રસૂલ છું. હું તો તમને તેના સંદેશા પહોંચાડું છું." ૭:૬૭. "હું તો એક વિશ્વાસપાત્ર રસૂલ છું. અલ્લાહથી બીતા રહો અને મારી આજ્ઞાઓનું પાલન કરતા રહો." ૨૬:૧૨૫-૨૬. વળી એ પણ યાદ રાખો કે હું તમારો દુશ્મન નથી. "હું તો તમારો શુભેચ્છક છું કે જેના પર તમે વિશ્વાસ મૂકી શકો છો." ૭-૬૭ તમે જો મારું કહ્યું માનશો તો તમને ખૂબ જ લાભ થશે. આજદિન સુધી કરેલા ગુનાહની માફી માંગશો તો તમને મળશે. અલ્લાહની બંદગી હમણાંથી જ ચાલુ કરી દો તેથી તમને આલોક અને પરલોક બંને દુનિયામાં ફાયદો થશે. આલોકમાં તમને એવો લાભ મળશે કે પરમકૃપાળુ અલ્લાહ સારો વરસાદ વરસાવ્યા કરશે, તમારી ખેતીમાં બરકત આપ્યા કરશે અને પ્રતિ વર્ષે સારો પાક ઊતરતો રહેશે. તમારા બાગ-બગીચાઓ અને વાડીઓ આબાદ રહ્યા કરશે. તમારા પશુ-ધનમાં ઉત્તરોત્તર વધારો થતો રહેશે. તમને આ બધું મળે તેમાંથી તેમ જ "મારા ઉપદેશના અવેજમાં હું તમારી પાસેથી કશું પણ માંગતો નથી : મારો પુરસ્કાર તો તેના માથે છે, જેણે મને પેદા કર્યો છે." ૧૧:૫૧.

આ પ્રમાણે વારંવારના ઉપદેશથી કંટાળી આદ-સરદારોએ અને તેમના સાગરિતોએ હૂદ અલૈ.ને ચોખ્ખું સંભળાવી દીધું કે, "તું અમને ઉપદેશ આપે કે ન આપે, અમારા માટે બધું સરખું છે." ૨૬ : ૧૩૬ અમને તારા બોધની કંઈ જ પડી નથી, પરંતુ શું તું આટલા ખતાર જ આવ્યો છે કે અમે તારા અલ્લાહની બંદગી કરીએ અને અમારા પૂર્વજો જેમને પૂજતા હતા તેમને તિલાંજલિ આપી દઈએ ?" ૭:૭૦ એવું કદી બનવાનું નથી. કોઈક કુદરતી આપત્તિ અથવા અલ્લાહનો કોપ આવી પડશે એમ કહી વારંવાર તું અમને બીવડાવ્યા કરે છે. "બસ ! જો તું સાચો છે તો જે આપત્તિ અથવા કોપથી તું એમને બીવડાવ્યા કરે છે તે અમારા ઉપર લઈ આવ." ૭:૭૦

આવું આખરીનામું મળ્યું ત્યારે હૂદ અલૈ.મે નમ્રતાપૂર્વક તેમને આખરી કહેણ મોકલ્યું કે, "જે માટે મને મોકલવામાં આવ્યો છે તે સંદેશો મેં તો તમને પૂરેપૂરો પહોંચાડી આપ્યો છે. મારો પરવરદિગાર તમારા સ્થાને બીજાઓને સ્થાપિત કરી દેશે. તમે તેનું કશું બગાડી શકશો નહીં." ૧૧:૫૭.

આમ આદ-જાતિના લોકોએ પણ નૂહ અલૈ.ની જાતિના લોકોની જેમ પોતાના પયગંબરે આપેલા ઉપદેશની કોઈ પણ વાત માન્ય ન રાખી; એટલું જ નહીં, સામેથી ચાલીને પડકાર ફેંકયો અને આપત્તિ માંગી લીધી. લોકોને તો એવી ખાતરી હતી કે એમ કંઈ આપત્તિ આવી પડવાની નથી. પરંતુ માંગણી કરી એટલે આપત્તિનો આરંભ ત્રણ વરસના દુકાળથી થયો. ત્રણ વરસ સતત દુકાળ પડયો તેથી લોકો ત્રાસી ગયા. તે સમયે તેમનામાં એવો રિવાજ હતો કે કોઈક દુ:ખ આવી પડતું, કોઈક કુદરતી આફત આવી પડતી ત્યારે, આજે જે સ્થળે પવિત્ર કાબા છે ત્યાં તે સમયે લાલ રેતીનો ટીંબો હતો, ત્યાં આવી લોકો આકાશ તરફ મીટ માંડી કાકલૂદી કરતા અને આજીજીપૂર્વક દુઆ માંગતા હતા.[૭] તેથી તેમનું દુ:ખ દૂર થઈ જતું હતું, અથવા આફત ટળી જતી હતી. આ પ્રથા પ્રમાણે એ લોકોએ દરેક કબીલાના એકેક સરદારનું બનેલું ૭૦ સરદારોનું એક વફદ અર્થાત પ્રતિનિધિ-મંડળ પેલા ટીંબા પાસે દુઆ માંગવા મોકલ્યું. આ વફદનો વડો ફીલ બિન ઍન્ઝ નામનો આદ-સરદાર હતો. મક્કાના અરણ્યમાં તે સમયે લવીઝા નામનો એક કબીલો રહેતો હતો. આ કબીલાના સરદાર મુઆવિયાની પત્ની આદ-જાતિમાંની હતી, તેથી પેલા

૭. ઈબ્ને કસીર ૭ : ૭૦-૭૨ની તફસીર

વફદે તેના ત્યાં પડાવ નાંખ્યો. અહીં મંડળના સભ્યો મુઆવિયાની બે ગાયિકાઓ સાથે એવા તો રંગરાગમાં પડી ગયા કે એક મહિના સુધી તેમને એ બાબતનું ભાન ન રહ્યું કે તેઓ ત્યાં શા માટે આવ્યા હતા. મુઆવિયાએ પોતાની આ બે ગાયિકાઓ પાસે નીચેના ભાવાર્થની પંક્તિઓ ગવડાવી ત્યારે તેમની સાન ઠેકાણે આવી.[૮]

"આદ- જાતિના લોકોની કેવી કપરી દશા બેઠી છે ? તેમને પીવાનું પાણી અને ખાવાનું અનાજ મળતું નથી. દુકાળના કારણે તેઓ એટલા અશક્ત અને દુર્બળ બની ગયા છે કે સ્પષ્ટ બોલી શકતા પણ નથી. હિંસક પ્રાણીઓ તેમના આવાસોમાં ભટકે છે, પરંતુ અશક્તિના કારણે લોકો તેમને હાંકી શકતા નથી. ઘરડાં અને બાળકો મરવાં પડયાં છે. તેમના આ પ્રતિનિધિઓ તો જુઓ ! કેવા રસગાનમાં ગુલતાન બન્યા છે ? આવ્યા છે વરસાદ માગવા અને માગ્યાં શરાબ ને સુરા." સાન ઠેકાણે આવી ત્યારે દુઆ માગવા ગયા પરંતુ લઈને આવ્યા આફત. આ પ્રસંગ ઉપરથી અરબી ભાષામાં કહેવત પડી ગઈ છે કે કોઈ વફદને મોકલવામાં આવે છે ત્યારે તેમને ટકોર કરવામાં આવે છે કે, "આદના વફદ જેવા ન બનશો.[૯]

હવે પ્રતિનિધિ મંડળના સભ્યો દુઆ માંગવા પેલા પવિત્ર ટીંબા આગળ ગયા; આ મંડળના બે સભ્યો હૂદ અલૈ.પર ઈમાન લાવ્યા હતા, પરંતુ બીકના માર્યા છૂપા રહ્યા હતા. છતાં તેમાંના મુરશદ નામના ઈસમે વફદના વડાને કહ્યું: "આપણી દુઆથી કશો લાભ થવાનો નથી. સાધારણ કોટીનો આ દુકાળ નથી. આ તો શિક્ષાત્મક દુકાળ છે. પાછા ફરીને હૂદ ઉપર ઈમાન લાવીશું અને તેમના કહ્યા પ્રમાણે આચરણ કરીશું તો બધાં દુ:ખ ટળી જશે." કીલે જવાબમાં કહ્યું, "આપણે ખાલી હાથે પાછા ફરીશું તો લોકો આપણી મશ્કરી કરશે." એટલે મુરશદના કહ્યા પ્રમાણે વફદના બધા સભ્યો ઉઘાડા માથે અને ઉઘાડા પગે, હાજીઓના જેવો અહેરામ બાંધીને, અત્રે કાબાની સામે આવેલી સફા ટેકરી પર ચઢી દુઆ માંગવા લાગ્યા. દુઆ કબૂલ થઈ ગઈ હોય એમ તેમને જણાયું; કારણ થોડી વારમાં જ સફેદ, કાળી અને લાલ એવી ત્રણ વાદળીઓ આકાશમાં ચડી આવી. તેમને આકાશવાણી સંભળાઈ કે, "આ ત્રણમાંથી ગમે તે એક વાદળી પસંદ કરી લો." કાળાં વાદળા પાણીથી

---

૮-૯. ઈબ્ને કસીર ૭ : ૭૦-૭૨ની તફસીર જુઓ.

ભરપૂર હોય છે એવો જાત-અનુભવ બધાંને હોય છે. તે અનુભવને લક્ષમાં લઈ બધાંએ સર્વાનુમતે કાળી વાદળી પસંદ કરી. કાળી વાદળી પસંદ થયા પછી વળી પાછી તેમને આકાશવાણી સંભળાઈ કે, "આ કાળી વાદળી હૂદના અનુયાયીઓ અને બનુ લવીઝિયાના કબીલા સિવાય સઘળી આદ-જાતિનો નાશ કરશે."

આમ છતાં આપત્તિ તેમના પર આવી પડશે એવી કોઈ ખબર તેમને પડી જ નહીં એટલે બધા સભ્યો યમન આવવા નીકળ્યા. તેમની સાથે સાથે તેમના માથા ઉપર પેલી કાળી વાદળી પણ ચાલતી હતી. વફ્દે કેટલાક માણસોને અગાઉથી જાણ કરવા દોડાવ્યા. લોકોએ આ ખબર સાંભળી ટાંકા, હોજો, તળાવો વગેરે સાફ કરી નાખ્યાં અને ખેતીની તથા સિંચાઈની પૂર્ણ તૈયારી કરી લીધી. વફદની સાથે સાથે વર્ષા વરસાવે એવી કાળી વાદળી આવે છે એટલે વરસાદ અવશ્ય વરસશે એવા સમાચાર જાણી લોકોની ખુશાલીનો તો પાર જ રહ્યો ન હતો. લોકોએ હૂદ અલૈ. ને પણ આ સમાચાર સંભળાવ્યા અને સાથે સાથે તેમની ઠેકડી પણ ઉડાડી. હૂદ અલૈ.મેં તેમને ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું કે, "આ વરસાદની વાદળી નથી, આ તો તમે માંગતા હતા તે આપત્તિની વાદળી છે." પવિત્ર કુરઆનમાં આ સંબંધી ઉલ્લેખ છે કે, "પછી જ્યારે તેમણે તે વાદળીને પોતાની ખીણો તરફ આવતી જોઈ ત્યારે કહેવા લાગ્યા : આ વાદળી જરૂર અમારા પર વરસાદ વરસાવશે. (આથી હૂદ અલૈ.મેં કહ્યું ) ના ! એ તો તે વસ્તુ અર્થાત આપત્તિ છે, જેના માટે તમે ઉતાવળ કરતા હતા. એ તો હવાનું વાવાઝોડું છે જેમાં દર્દભરી શિક્ષા આવી રહી છે અને માલિકના હુકમથી દરેક વસ્તુનો નાશ કરી નાખશે." ૪૬:૨૪

થોડા દિવસમાં પેલા વફદના સભ્યો આદ-જાતિના લોકો રહેતા હતા તે મુગેશના મેદાનમાં આવી પહોંચ્યા અને તેમની સાથે પેલી કાળીવાદળી પણ આવી ગઈ. આ વાદળીમાંની કુદરતી આપત્તિ સૌથી પહેલાં મુમય્યદ નામની આદ-જાતિની એક સ્ત્રીની નજરે પડી. તેને જોતાં જ તે બેહોશ થઈને જમીન પર ઢળી પડી. જ્યારે હોશમાં આવી ત્યારે લોકોએ તેણીને પૂછ્યું, "વાદળીમાં એવું તો તેં શું જોયું કે બેભાન બની ગઈ ?"

સ્ત્રીએ જવાબમાં કહ્યું,"વાદળીમાં હવાનો એક પ્રચંડ ગોળો હતો, તેને કેટલાક ફિરશ્તાઓ ઢસડતા હતા. તે જોઈ મારા તો હોશકોશ ઊડી ગયા."

ત્યારપછી પેલી વાદળીમાંથી હવા જોરશોરથી ફૂંકાવા લાગી એટલે વંટોળિયા શરૂ થયા. "અમે (અલ્લાહે) તેમના ઉપર એવા હતભાગી (અશુભ) દિવસે સખત વાવાઝોડું મોકલ્યું જે સતત કેટલાક દિવસ ચાલુ રહ્યું અને લોકોને એવી રીતે ઊંચકી ઊંચકીને પટકતું હતું જેમ જડમૂળથી ઉખાડીને અને ઊંચકીને ખજૂરીનાં થડિયાંને પટકતું ન હોય ! જોઈ લો, કેવો મારો કોપ હતો અને કેવી મારી શિક્ષા હતી ?" ૫૪:૧૯. તે સમયે ઉલળતા શિયાળાના દિવસો હતા અને શવ્વાલ માસ ચાલતો હતો. આ માસની ૨૨મી તારીખના બુધવારની સવારથી તોફાન શરૂ થયું અને ૨૯મી તારીખને બુધવારે સૂર્યાસ્ત વેળા બંધ પડયું. કેવો પવન ફૂંકાતો હતો અને કેટલા દિવસ પવન ફૂંકાયો તેનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં આ પ્રમાણે થયો છે. "આદ-લોકો જ અતિ જોશભેર ફૂંકાતા ઠંડા પવનથી નાશ પામ્યા. અલ્લાહે તે (પવન) તેમના ઉપર સાત રાત અને આઠ દિવસ સુધી ચાલુ રાખ્યો." ૬૯:૬-૭.

"અમે આદ-જાતિ ઉપર "રીહે-અકીમ" અર્થાત્ ગરમ અને સૂકો એટલે કે લાભ વિનાનો વિનાશકારક પવન ફૂંકયો કે જે કોઈ વસ્તુ પરથી પસાર થતો તો તેના તે ચૂરેચૂરા કર્યા વિના રહેતો નહીં." ૫૧ : ૪૧-૪૨.

આ પ્રસંગથી અલ્લાહની જ બંદગી કરવાનો અને સન્માર્ગે ચાલવાનો બોધ ગ્રહણ કરવો ઘટે; પરંતુ લોકોએ તેમાંથી બીજો જ બોધ લીધો. આ વાવાઝોડું માસના છેલ્લા બુધવારે શરૂ થયું હતું તેથી બુધવારને લોકો અશુભ ગણવા લાગ્યા. કોઈ નવું કામ તે દિવસ શરૂ કરતા નથી. કેટલાક લોકો તો બુધવારે મુસાફરી પણ કરતા નથી, લેણ-દેણ પણ કરતા નથી, નખ પણ કાતરતા નથી, માંદા માણસોને જોવા પણ જતા નથી અને કોઢ-કરોળિયા પણ બુધવારે જ નીકળે છે એવું માને છે, પરંતુ એ માન્યતા ખોટી છે. આવી માન્યતા રાખીએ તો આડકતરી રીતે જોશી-બુવાઓ કે નજૂમિયોને ઉત્તેજના આપેલી ગણાય. કોઈપણ દિવસ પોતે જાતે લાભ કે હાનિ પહોંચાડી શકતો નથી. ચોઘડિયાં પણ શુભ-અશુભ હોઈ શકતાં નથી. કોઈ દિવસ કે કોઈ ચોઘડિયું એકના માટે શુભ હોય અને બીજાના માટે અશુભ હોય છે. અલ્લાહ કોઈ ચોઘડિયું કોઈના માટે લાભકર્તા તો કોઈના માટે નુકસાનકર્તા બનાવે છે.

વંટોળિયા શરૂ થયા એટલે ધૂળની કે રેતીની ડમરીઓ ચઢવા લાગી અને કાંકરા ઊડવા લાગ્યા. લોકો પોતપોતાના ઘરોમાં ભરાયા. ઊડી જવાય

તેવો સન્નાટા મારતો પવન ફૂંકાતો હતો. તે માટે તેમણે ઉપાયો શોધ્યા. મજબૂત અને જોરદાર ઊંટો પર લોખંડના કાઠડા બરાબર કસીને બાંધ્યા. તેમના ઉપર બાળકો, સ્ત્રીઓ અને અશક્ત ઘરડાંઓને બાંધી દીધા. પછી ઊંટોને સાંકળો વડે જમીનમાં ખીલાઓ સાથે બાંધી દીધાં. ત્યારપછી જમીનમાં ખાડાઓ ખોદી તેમાં પગ લટકાવી એક ઘરનાં બધાં સશક્ત સ્ત્રી-પુરુષો હારબંધ બેસી ગયાં અને બધાંને એકબીજાસાથે મજબૂત દોરડા વડે બાંધી દીધાં. આમ વાવાઝોડાં અને વંટોળથી બચવા શક્ય તેટલા ઉપાયો યોજ્યા.

પ્રથમ વંટોળિયા અને વાવાઝોડાથી ઝાડો થડ-મૂળથી ઉખડી પડયાં. તેમનાં મજબૂત કિલ્લા સમાન મકાનો પડી ગયાં એટલે એક મોટો સહારો ચાલ્યો ગયો. આ વંટોળિયા તેમને તથા તેમના ઊંટોને આકાશમાં એટલે ઊંચે ઉડાડી લઈ જતા કે નીચે જમીન પરથી જોતાં તે તીડ જેવા જણાતાં હતાં. તેટલી ઊંચાઈએથી પવન ડમરી ખાઈ તેમને જોશથી નીચે જમીન પર પટકી મારતો. પરિણામે તેમનાં માથાં છૂંદાઈ જતાં અને તે ધડથી જુદાં પડી જતાં. આ વંટોળિયા "આદ-લોકોને એવી રીતે ઊંચકી ઊંચકીને પટકતા હતા કે જેમ જળમૂળથી ઉખાડીને અને ઊંચકીને ખજૂરીઓનાં થડિયાંને પટકતા ન હોય !" ૫૪:૧૯-૨૦. આદ-લોકો ખજૂરીનાં ઝાડો જેટલા ઉંચા હતા તેથી તેમનાં માથા વિનાનાં ધડ ખજૂરીઓનાં થડિયાં જેવાં જ લાગતાં હશે ને ! વળી તેમનાં ધડને ખજૂરીઓનાં થડિયા સાથે સરખાવવાથી તે લોકો કેટલા ઊંચા અને બળવાન હશે તેનો પણ ખ્યાલ આવી રહે છે. આવા અતિશય બળવાન લોકોનો વિનાશ અલ્લાહે વાવાઝોડાથી કરી નાંખ્યો તેમાં આપણા માટે બોધ લેવા લાયક નિશાની છે. કોઈપણ સ્થળનાં ખંડિયેરો પરથી બોધ લેવો ઘટે છે. પવનનું એવું તોફાન હતું કે જે કોઈ વસ્તુ પરથી પસાર થતું તેના ચૂરેચૂરા કરી નાખતું હતું. ''આ પ્રમાણે અલ્લાહે જ "આદે-ઊલા" અર્થાત પહેલી આદ-જાતિનો નાશ કર્યો.'' ૫૩:૫૦.

આદ-જાતિ અરબ જાતિઓમાં સૌથી પ્રાચીન ગણાય છે. તેના કિસ્સા અરબ લોકોમાં ખૂબ જ પ્રચલિત છે. દરેક અરબ બાળક આદના નામથી વાકેફ હોય છે. આદ-જાતિનો પ્રતાપ, મહત્તા, મહિમા ઈત્યાદિ દ્રષ્ટાંતરૂપ બની ગયેલ છે. તેવી જ રીતે તેનો નાશ પણ દ્રષ્ટાંતરૂપ છે. દુનિયાના પટ ઉપરથી તેનું નામ-નિશાન ભૂંસાય ગયું તે ઉપરથી એક લોકોક્તિ બની ગઈ

છે. આ કારણે અરબી ભાષામાં પ્રત્યેક પ્રાચીન વસ્તુ માટે "આદી" શબ્દ વપરાય છે. : અને જોગાનુજોગ પ્રાચીન કે પ્રારંભિક વસ્તુ માટે ગુજરાતીમાં પણ આદિ શબ્દ વપરાય છે. આમ આદિ શબ્દ અરબી શબ્દ આદીમાંથી ઉતરી આવ્યો હશે એવું અનુમાન તારવી શકાય છે. અરબી ભાષામાં પુરાતત્ત્વ નમૂનાઓને "આદિય્યાત" કહે છે અને જે ભૂમિના મૂળ માલિક નષ્ટ થયા હોય અને તેથી તે વેરાન પડી હોય તેને અરબીમાં "આદીયુલ-અર્દ" કહે છે. અરબ લોકો પોતાના દેશમાંથી જે જાતિઓનું અસ્તિત્વ મટી ગયું તેવી જાતિઓમાં આદ-જાતિને સૌથી મોખરે મૂકે છે.

આવા વાવાઝોડાથી હૂદ અલૈ. અને તેમના ૪,૦૦૦ અનુયાયીઓ સિવાય કોઈ બચવા પામ્યું નહીં. કોણ બચવા પામ્યું તે સંબંધી પવિત્ર કુરઆનમાં ફરમાવવામાં આવેલું છે કે, "અમે અમારી કૃપાથી હૂદને તથા જે લોકો તેમા પર ઈમાન લાવ્યા હતા તેમને બચાવી લીધા અને સખત આપત્તિ અર્થાત વાવાઝોડાથી સુરક્ષિત રાખ્યા." ૧૧:૫૮. વાવાઝોડું શરૂ થયું ત્યારે હૂદ અલૈ. પોતાના અનુયાયીઓને લઈ એક બાગમાં ચાલ્યા ગયા હતા.[૧૦] જેમ લક્ષ્મણે સીતાના બચાવ માટે સીતાની ઝુંપડીની ફરતી લક્ષ્મણ રેખા દોરી હતી તેમ હૂદ અલૈ.મે અલ્લાહ તઆલા પર શ્રદ્ધા રાખી બાગને ફરતી હૂદ-રેખા દોરી હતી; હૂદ રેખાએ બધાંને બચાવી લીધા. જ્યારે "રીહે-અકીમ" એટલે સૂકી ગરમ હવા આ હૂદ રેખા પાસે આવતી ત્યારે તે ફેરવાઈ જતી અને તેનો મીઠો મીઠો, મંદ-મંદ- આલ્હાદ્ક પવન બની જતો હતો. આ ઉપરાંત મક્કા પાસે વસતો આદ-જાતિનો લવાઝિયા કબીલો પણ આ વિનાશમાંથી તેના ઈમાનના કારણે બચી ગયો.

આ વિનાશ પછી હૂદ અલૈ. કેટલા વરસ જીવ્યા તેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. તેમણે પોતાનું શેષ-જીવન ધર્મોપદેશમાં પોતાના અનુયાયીઓ સાથે શાંતિમય રીતે ગુજાર્યું હશે. એમ માનવાને નીચેના શિલાલેખ પરથી કારણ મળે છે.

"અમે એક લાંબા સમય સુધી આ કિલ્લામાં એવી શાનથી અને ભભકાથી રહ્યા કે અમારું જીવન કટૂતાભર્યું ન હતું. અમારી નહેરો નદીઓના પાણીથી ભરપૂર રહેતી હતી... અને અમારા રાજ્યકર્તા એવા રાજાઓ હતા જે ખોટા

---

૧૦. ઈબ્ને કસીર - ૭ : ૭૦-૭૨ ની તફસીર.

કે જુલમી વિચારોથી દૂર રહેતા હતા, પરતું તોફાની લોકો ઉપર તેઓ સખત જાપ્તો રાખતા હતા. તેઓ અમારા પર હૂદના અનુશાસન (શરિયત) પ્રમાણે અમલ ચલાવતા હતા અને તેમની અદાલતના સારા સારા ચુકાદા કિતાબમાં લખાવી જાળવી રાખતા હતા. અમે મોજિઝા અર્થાત પયંગબરોના ચમત્કારોમાં અને મરણ પછી પુનઃજીવન પામી ઉઠવાનાં સિદ્ધાંત પર ઈમાન અથવા શ્રદ્ધા રાખતા હતા."

હજરત અલી. રદી. એ કહ્યું છે કે, "તેમની કબર યમનમાં લાલ રેતીના એક ટીંબામાં આવેલી છે.[૧૧] અર્વાચીન શહેર મુકલ્લાથી આશરે ૧૨૫ માઈલ ઉત્તરમાં હઝરમૌતમાં એક સ્થળે હૂદ અલૈ.ની કબર આવેલી છે એમ લોકો માને છે : અને તે કબર "હૂદની કબર" ના નામે જાણીતી છે : દર વરસે શાબાન માસની ૧૫મી તારીખે ત્યાં ઉર્સ અર્થાત્ મેળો ભરાય છે. અરબસ્તાનના જુદા જુદા ભાગોમાંથી ત્યાં હજારો લોકો પ્રતિ વરસે આવે છે.

''આદ-જાતિએ પોતાના પાલનહારને માન્યા નહીં. તેથી હૂદની પ્રજા પર ફિટકાર હોજો.'' ૧૧:૬૦

---

૧૧. ઈબ્ને કસીર ૭ : ૬૫-૬૯ ની તફસીર જુઓ.

## ૧૧. સમૂદ પ્રજાનું સત્યાનાશ

સમૂદ-જાતિ તથા તેમને ઉપદેશ આપનાર સાલેહ અલૈ. વિશે પવિત્ર કુરઆનની નીચેની આયતોમાંથી હકીકત મળશે :

૭/૭૩ થી ૭૯, ૧૧/૬૧ થી ૬૮, ૧૪/૯, ૧૭/૫૯, ૨૩/૩૧-૩૨, ૨૫/૩૮, ૨૬/૧૪૧થી૧૫૯

૨૭/૪૫ થી ૫૩, ૨૯/૩૮, ૪૦/૩૧, ૪૧/૧૩,૧૪, ૪૧/૧૭ - ૧૮, ૫૦/૧૨, ૫૧/૪૩ થી ૪૫

૫૩/૫૧, ૫૪/૨૩ થી ૩૧, ૬૯/૪ - ૫, ૮૫/૧૮, ૮૯/૯, ૯૧/૧૧થી૧૫ - એકંદરે ૧૭

પ્રકરણોની ૭૩ આયતોમાં સમૂદ અને સાલેહ અલૈ.ની વાતો આવે છે.

ઈતિહાસ સાખ પૂરે છે કે કાળે કાળે, આર્થિક ઉન્નતિ કે સંસ્કૃતના કારણે અમૂક પ્રજા બીજી પ્રજાઓ પર પ્રભાવ પાડતી અને વર્ચસ્વ ભોગવતી આવી છે : દા.ત. ઈ.સ. પૂર્વે ૭૫૦ થી લઈ ઈ.સ. ૭૦૦ સુધી રોમનો યૂરોપ, આફ્રિકાના ઉત્તરના દેશો અને પશ્ચિમ એશિયાના ગ્રીસ, સિરિયા, પેલેસ્ટાઈન, લેબેનોન વગેરે દેશો પર વર્ચસ્વ ભોગવતા હતા. ગત ૧૯મી સદી અને ૨૦મી સદીના પહેલા અડધા ભાગમાં દુનિયાના દેશોમાં અંગ્રેજ પ્રજાનું વર્ચસ્વ હતું અને પ્રભાવ પડતો હતો. તેનું સામ્રાજ્ય જગતના ખૂણે ખૂણે વ્યાપેલું હતું. તેથી કહેવત પણ પડી ગઈ હતી કે "બ્રિટિશ સામ્રાજ્યમાં સૂર્ય કદી આથમતો નથી." આજે અંગ્રેજ પ્રજાની તે પરિસ્થિતિ રહી નથી. આજે તો જગતમાં અમેરિકન પ્રજાએ તેનું સ્થાન લીધું છે. આથી આપણે કહી શકીએ કે, "कोमें उठती भी हैं और गिरती भी हैं" અર્થાત પ્રજાઓની ચડતી પણ થાય છે અને પડતી પણ. એક પ્રજાનું સ્થાન બીજી પ્રજા લઈ લે છે. પવિત્ર કુરઆનમાં ધડો લેવા માટે કેટલીક પ્રજાઓની કહાણીઓ કહેવામાં આવી છે. આપણે જોઈ ગયા કે નૂહ અલૈ.ની કોમનું સ્થાન આદ-પ્રજાએ લીધું હતું.

આદ-પ્રજા અર્થાત હૂદ અલૈ.ની જાતિના વિધ્વંશ પછી તેનું સ્થાન સમૂદ-પ્રજાએ લીધું. પવિત્ર કુરઆનમાં એ બાબત માટે ચોખ્ખે ચોખ્ખું કહેવામાં

આવ્યું છે કે, "અને (તે સમયને) યાદ કરો જ્યારે તેણે આદ-પ્રજાના સ્થાને તમને આબાદ કર્યા, અને જમીનમાં રહેવાનું ઠેકાણું આપ્યું, તેથી તમે મેદાનોમાં મહેલો અને કિલ્લાઓ બાંધો છો અને પહાડોને કોરી કોતરીને ઘરો બનાવો છો." ૭:૭૪. આદ-પ્રજાના સ્થાને જે પ્રજા આવી તેનું તેનું વર્ણન પવિત્ર કુરઆનમાં સમૂદ-પ્રજા તરીકે કરવામાં આવેલું છે. તેથી તે પ્રજા સમૂદ-પ્રજા તરીકે ઓળખાય છે. એ પ્રજાના મૂળ પૂર્વજનું નામ સમૂદ હતું તેથી સમૂદ-પ્રજા નામ પડયું છે. આપણે જોઈ ગયા કે આદ-પ્રજાને "આદે-ઉલા" અર્થાત પહેલી આદ-પ્રજા કહી છે જ્યારે સમૂદ- પ્રજાને "આદે-સાનિયા" અર્થાત બીજી આદ-પ્રજા કહી છે. આ બંને પ્રજાઓ નૂહ અલૈ.ના પૌત્ર ઈરમના પૌત્રો આદ અને સમૂદના વંશજોમાંથી ઊતરી આવેલી હોવાથી આદ અને સમૂદ પ્રજાઓ તરીકે પ્રખ્યાત થયેલ છે. આદના પિતા ઔસ અને સમૂદના પિતા આબિર બંને સગા ભાઈઓ થતા હતા એટલે આદ અને સમૂદ જાતિઓના લોકો એકબીજામાં ભળી ગયેલા હતા. આદિ-જાતિ પછી સો વરસે સમૂદ-જાતિ અસ્તિત્વમાં આવી હતી અને તેની ચડતી થઈ હતી એટલે આદ-જાતિમાં સમૂદના વંશજો અને સમૂદ-જાતિ હૂદ અલૈ.ના તથા બચવા પામેલા તેમના અનુયાયીઓના વંશજો તથા મક્કામાં બચી ગયેલા લવાઝિયા કબીલાના વંશજોનો સમાવેશ થતો હતો. આ બંને જાતિઓ અરબસ્તાનમાં વસેલી હતી અને તેમની માતૃભાષા અરબી હોવાથી બંનેને અરબ-જાતિઓ કહેવામાં આવેલી છે અને તેજ કારણે તેમને હિદાયત અર્થાત્ ઉપદેશ આપવા તેમની જાતિમાંથી થયેલા હૂદ અલૈ. તથા સાલેહ અલૈ.ને અરબ-પયગંબરો કહ્યા છે. કુલ ચાર અરબ પયગંબરો થયા છે. તેમાં ત્રીજા શુએબ અલૈ. છે. જેમની કહાણી આગળ આવે છે. ચોથા પયગંબર હજરત મુહમ્મદ સ.અ. છે. તેઓ આખરી પયંગબર છે. એટલું જ નહીં સર્વ પયગંબરોમાં મહાન અને સરદાર પણ છે. વળી ઉપરોક્ત પ્રજાઓના મૂળ પૂર્વજ નૂહ અલૈ.ના પુત્ર સામ હોવાથી બધી સામી પ્રજાઓ અર્થાત્ સેમેટિક પ્રજાઓ ગણાય છે.

આ સમૂદ-પ્રજાનો વસવાટ અરબસ્તાનના વાયવ્ય- પ્રાંતમાં હતો જે આજે પણ અલ-હિજ્રના નામે ઓળખાય છે. આ પ્રાંત પૂર્વમાં રાબેગથી લઈ પશ્ચિમમાં અકબાના અખાત સુધી અને ઉત્તરમાં તીમા અને તબૂકથી લઈ દક્ષિણમાં મદીના સુધી ફેલાયેલો હતો. હાલમાં મદીના અને તબૂક વચ્ચે આવેલી હિજાજ રેલ્વે પર "મદાઈને સાલેહ" નામનું એક સ્ટેશન છે. તે સમૂદ લોકોનું મુખ્ય સ્થળ હતું. અને પ્રાચીન સમયમાં હિજર કહેવાતું હતું. આ

"મદાઈને- સાલેહ" અથવા અલ- હિજરથી દક્ષિણમાં થોડાક માઈલના અંતરે "અલ-ઉલા" નામનું શહેર આવેલું છે. આ "અલ-ઉલા" એક ફળદ્રુપ ખીણમાં આવેલું છે. જ્યાં ઘણા ઝરાઓ હોવાથી વાડીઓ અને બાગો પણ ઘણા છે. પ્રાચીન કાળમાં આ ખીણ 'વાદી-ઉલ-કુરા" અર્થાત્ "કુરાની ખીણ"ના નામે ઓળખાતી હતી. સમૂદ -પ્રજાનો આ પ્રાંત લગભગ ચારસો માઈલ લાંબો અને ૪૦-૫૦ માઈલ પહોળો હતો. આ હિજરના ભાગમાં હજાર એકરમાં આવેલા પહાડોને કોતરી કોતરીને સમૂદ લોકોએ બનાવેલી ઈમારતો વેરાન પડેલી છે. એ ઉપરથી એવો અંદાજ નીકળી શકે છે કે ત્યારે ત્યાંની વસ્તી ઓછામાં ઓછી ચાર પાંચ લાખની હશે.

સમૂદ -લોકોના પ્રદેશમાં પાણીની ભારે અછત વર્તાતી હતી. તેમણે ખીણના કોઈક બે પહાડો વચ્ચે એક તળાવ કોતરી કાઢ્યું હતું. પાસેના પહાડમાંથી આ તળાવમાં પાણી ટપકયા કરતું હતું. તેમનાં જાનવરો તથા કેટલાક અત્યંત ગરીબ લોકો આ તળાવનું પાણી પીતા હતા. બીજાઓ માટે એક કૂવો હતો તેઓ તેનું પાણી પીતા હતા. સાલેહ અલૈ. ને જે લોકો માનતા હતા તેમને આ કૂવાના પાણીનો ઉપયોગ કરતાં કાફિર અને અધર્મી લોકો રંજાડતા હતા, તેથી સાલેહ અલૈ. તથા તેમના અનુયાયીઓ આ કૂવાથી થોડેક દૂર જઈ વસ્યા હતા. ત્યાં તેમને મીઠા પાણીનો એક કૂવો મળ્યો હતો. તેનું પાણી આ લોકો વાપરતા હતા. પેલા તળાવનું પાણી તો બંને પક્ષના જાનવરો પીતાં હતાં. આથી એવું જણાય છે કે આ પ્રદેશમાં સારો વરસાદ પડતો નહીં હોય એટલે નદીઓ પણ ન હતી. ઓછી વસ્તીવાળા પ્રદેશોના લોકોની જેમ તેમનો પણ મુખ્ય ધંધો પશુપાલનનો હોવો જોઈએ એમ લાગે છે.





આદ-લોકોની જેમ સમૂદ- લોકો પણ લાંબુ આયુષ્ય ભોગવતા હતા. કહેવામાં આવે છે કે તે લોકો ૩૦૦ થી ૬૦૦ વરસનું આયુષ્ય ભોગવતા

હતા. આ કારણે પોતાની હયાતિ સુધી ટકી શકે એવાં મકાનો બાંધવાની તેમને જરૂર પડી હશે. ઈંટ-માટીનાં મકાનો તેમની હયાતિમાંજ ત્રણ-ચાર વાર નાશ પામતાં હશે. ઈંટ-માટીનાં મકાનો ૧૫૦ વરસ સુધી ટકી શકે છે. આથી તેમણે મેદાનોમાં પથ્થરના મહેલો અને કિલ્લાઓ બનાવ્યા હતા. અને પહાડો કોતરીને મકાન બનાવ્યાં હતાં. જેમ આદ-જાતિની ખાસ ખાસિયત ઉંચા ઉંચા સ્તંભો પર ઈમારતો બાંધવાની હતી તેમ સમૂદ-જાતનની ખાસ ખાસિયત પહાડોમાં મકાનો કોતરીને બનાવવાની હતી. આ ખાસિયતોના કારણે જ આ પ્રજાઓ અન્ય પ્રજાઓ કરતાં સવિશેષ જાણીતી બની હતી. આવી ઈમારતોના કારણે પવિત્ર કુરઆનમાં આદ-જાતિને "જાતુલ ઈમાદ"નો અર્થાત્ "સ્તંભોવાળા" ' લોકોનો ઈલકાબ આપવામાં આવેલો છે, તેવી રીતે અલ્લાહે સમૂદ જાતિને "જાબુસ્સખ" અર્થાત્ "પહાડો કોતરનારા" કહ્યા છે. ૮૯:૯ વળી પવિત્ર કુરઆનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ''તમે મેદાનોમાં મહેલો અને કિલ્લાઓ બાંધો છો અને પહાડો કોતરી કોતરીને ઘરો બનાવો છો, તો અલ્લાહનો ઉપકાર યાદ કરો." ૭:૭૪ આજે જેમ ધનિકો ઉનાળાના દિવસો પહાડો પરનાં હવા ખાવાનાં સ્થળોમાં ગાળવા જાય છે તેમ સમૂદ લોકો ઉનાળાના દિવસો પહાડોના ઘરોમાં અને શિયાળાના દિવસોમાં મેદાનોમાં બાંધેલા મહેલોમાં ગુજારતા હતા. આથી એવું તારવી શકાય કે હવા ખાવા જવાની પ્રથાની શરૂઆત સમૂદ-લોકોથી થઈ હશે. વળી એવું પણ જણાય છે કે સમૂદ-લોકોની સામાન્ય સ્થિતિ ખૂબ સારી હોવી જોઈએ, કારણ કે તે વિના તેઓ મેદાની મહેલો અને પહાડી ઘરો એવાં બે પ્રકારનાં રહેણાંકો બનાવી શકે નહીં. પહાડો કોતરીને ભવ્ય ઈમારતો બનાવવાની શરૂઆત આદ-પ્રજાથી થઈ છે. ત્યારપછી હજારો વરસે નિબ્તી- લોકોએ ઈ.સ. પૂર્વે પહેલી બીજી સદીમાં આ કળાનો ઉત્કર્ષ કર્યો. ભારતમાં બૌદ્ધ સાધુઓ ઈ.સ.પૂર્વે ૫૦૦-૬૦૦ ના વરસોમાં આ કળા હસ્તગત કરી પહાડોમાં ભવ્ય ઈમારતો બનાવતા હતા. દા.ત. અજન્ટાની ગુફાઓ. પરંતુ ત્યાર પછી છસો સાતસો વરસે ઈલોરાની ગુફાઓથી આ હસ્તકૌશલ્ય તેની પૂર્ણકળાએ પહોંચ્યું હતું. સમૂદ-લોકોની બે જગાએ દિવસો ગુજારવાની પ્રથાથી એવું વધુ અનુમાન બાંધી શકાય છે કે તેમના પ્રદેશની આબોહવા વિષમ પ્રકારની હોવી જોઈએ. ઉનાળામાં સખત ગરમી અને શિયાળામાં કડકડતી ઠંડી પડતી હોવી જોઈએ.

આથી તમે એવો પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે આવી ઇમારતો બાંધવાનો તેમનો મુખ્ય આશય શું હશે ? પવિત્ર કુરઆન એ બાબત અંગે "ફારિહીન" શબ્દ પ્રયોગથી પ્રકાશ પાડે છે. પોતાની મોટાઈ સમૃદ્ધિ, અને શક્તિ દેખાડવા માટે તથા પહાડો કોતરવામાં તેમનામાં કેવું બાહુબળ છે અને કેવા પારંગત છે તે દેખાડવા માટે આવાં ગુફાનાં ઘરો બનાવતા હતા. બીજું કોઈ ખાસ કારણ હોય એમ જણાતું નથી. બગડતી સંસ્કૃતિમાં આવુંજ બન્યા કરે છે. અર્થાત્ પૈસાનો વ્યય થયા કરે છે. આવી બગડતી સંસ્કૃતિમાં અને બગડતા જતા સંસ્કારોમાં ગરીબોને સૂવા માટે છત્ર અને બદન ઢાંકવા માટે કપડું મળતું ન હોય ત્યારે શ્રીમંતો ભવ્ય બંગલાઓ અને ઉંચી ઉંચી સ્કાયલાર્ક જેવી ૭૦-૮૦ માળની ઈમારતો બાંધે છે. અન્ય દેશોના લોકો ગરીબીમાં સબડતા હોય છે ત્યારે અમેરિકા- રશિયા જેવા ધનિક દેશો ચંદ્ર પર ઉતરાણ કરવા માટે કરોડો રૂપિયાનું લખલુટ ખર્ચ કરે છે. એવો વ્યય કરવાનું શું પરિણામ આવે તે આદ અને સમૂદ જાતિના લોકોમાંથી આપણને મળી આવે છે.

આ સમૂદ-પ્રજા વસ્તી હતી હતી તે હિજરનો અર્થાત વાદી-ઉલ-કુરઆનો પ્રદેશ આજે તદ્દન વેરાન સ્થિતિમાં પડેલો છે. ત્યાં નામની જ વસ્તી છે. આ પ્રદેશના પર્વતો જાણે ભૂંજાય ગયેલા ન હોય એમ લાગે છે. એવું ચોખ્ખું જણાય છે કે એમને જમીનની સપાટીથી ટોચ સુધી કોઈક ભયંકર ભૂકંપે હચમચાવી મૂકયા ન હોય? આપ સલ્લ. ના હયાતિ કાળમાં વેપારી કાફલા મદીનાથી સિરિયા જતા હતા ત્યારે અહીંના પ્રાચીન ખંડિયેરોમાંથી પસાર થતા હતા. સને હિજરી ૯માં આપ સ.અ.વ. તબૂક પર હૂમલો લઈ જતા હતા ત્યારે આ ઘાટીમાંથી ઈસ્લામી સૈન્યને પસાર થવાનો પ્રસંગ આવ્યો હતો. સૈન્યના સૈનિકોએ સમૂદ-લોકોના કૂવા પાસે પડાવ નાંખ્યો. આ કૂવાનું પાણી લઈ તેમણે રાંધવાનું શરૂ કર્યું. તેનાથી આટો બાંધ્યો અને શાક વગેરે માટે ઈંધણ મૂકયું. એવામાં આપ સલ્લ. આવી ગયા. તેમણે ગૂંદેલો આટો જાનવરોને ખવડાવી દેવા અને ઈંધણનું પાણી ઢોળી દેવા ફરમાવ્યું. પછી ત્યાંથી કૂચ કરી સાલેહ અલૈ. અને તેમના અનુયાયીઓ જે કૂવાનું પાણી વાપરતા હતા તે કૂવા પાસે પડાવ નાંખ્યો. આ વેળા રસ્તે જતાં એક કૂવો

બતાવતાં તેમણે કહ્યું, ''આ તે કૂવો છે જેનું પાણી સાલેહ અલૈ.ની કોમ પીતી હતી. આ કૂવાનું પાણી વાપરવું વાંધાજનક નથી. આજે આ કૂવા અંગે સ્થાનિક વસ્તીના લોકોમાં એવી વાત પ્રચલિત છે કે ''સાલેહ અલૈ.ની સાંઢણી તેમાંથી પાણી પીતી હતી.''



**સાલેહ અલૈ.ની સાંઢણી પાણી પીતી હતી તે કૂવો.**

આ કૂવો એક ફૌજી- ચોકીના વિસ્તારમાં આવેલો છે અને તદ્દન સૂકાઈ ગયેલો છે. પછી એક ઘાટ દેખાડી આપ સ.અ.સ.મેં ફરમાવ્યું કે આ ઘાટમાં સાંઢણી પાણી પીવા આવતી હતી. પછી બધા સૈનિકોને એકત્ર કરી આપ સ.અ.મે ઉપદેશ આપતાં ફરમાવ્યું કે, ''જે સ્થળે કુદરતી આપત્તિ પડી હોય ત્યાં બનતાં સુધી જવું નહિ, કદાચ તેવી આપત્તિ વરસી પડે. છતાં જો જવાનું થાય તો આપત્તિ પડવાનું કારણ બનતાં સુધી જાણી લેવું અને ત્યાં શોકાતુર હૃદયે જવું. સમૂદ-કોમનું સત્યનાશ થયું તેથી બોધપાઠ લેવો જોઈએ. આ જગા ફરવા માટે નથી, આ તો રડવા જેવું સ્થળ છે.'' ગુજરાતમાં ધંધુકા

આગળ આવેલ લોથલ આવી કોઈક કુદરતી આપત્તિના કારણે નાશ થયેલું સ્થળ છે. ત્યાં જવાનું થાય તો શોકાતુર બનીને જવું ઉચિત છે.

સમૂદ-લોકો જાણીબૂઝીને ચલણી નાણાંના સિક્કાઓ પરચુરણની તંગી ઉભી કરવા અને લેવડ-દેવડમાં મુશ્કેલીઓ ખડી કરવા કાપી નાંખતા હતા. તેઓ ચોરે ચૌટે એક બીજાની ઠઠ્ઠા મશ્કરી કરતા, રસ્તે જતાં સ્ત્રીઓની છેડતી કરતા અને બહુ જ વ્યભિચારી બની ગયા હતા. કોઈને કોઈ પ્રકારનો ઝઘડો કર્યા વિના તેમને ચેન પડતું ન હતું. સમૂદ-લોકો પોતાની પહેલાં થઈ ગયેલ આદ-લોકોની જેમ મૂર્તિ-પૂજકો હતા. સમૂદની મૂર્તિઓની ખાસ પૂજા કરતા હતા. એક જ અલ્લાહને સર્જનહાર અને પાલનહાર તરીકે માનતા તો હતા પરંતુ બીજા અનેક દેવ-દેવીઓની પૂજા કરતા હતા. તેઓ એવું માનતા હતા કે રાજા-મહારાજાઓ નિરાળા પોતાના મહેલોમાં એશ આરામમાં દિવસો નિર્ગમન કરે છે તેમ અલ્લાહ પણ કોઈ ઉચ્ચ સ્થળે બિરાજમાન થઈ દિવસો નિર્ગમન કરે છે. રાજાઓને દાદ-ફરિયાદ પહોંચાડવી હોય તો તેની નિકટમાં રહેનારા દરબારીઓની સહાય લેવી પડે છે. તેવી જ રીતે અલ્લાહને દાદ-ફરિયાદ પહોંચાવી હોય તો પવિત્ર આત્માઓનો સહારો લેવો જોઈએ, અને આ આત્માઓનો કે તેમની મૂર્તિઓનો સહારો લેવો હોય તો તેમની સેવામાં રહેતા પૂજારીઓને સેવવા જોઈએ; કારણ દાદ-ફરિયાદ પહોંચાડવાની રીતો તેઓ એકલા જ જાણે છે. પૂજારીઓનો એક વર્ગ સમૂદ-જાતિમાં ઉભો થયો હતો. વળી આ લોકો સ્વર્ગ-નર્કને માનતા જ ન હતા. જે કંઈ છે તે બધું અહિંયા જ છે એવી તેમની દ્રઢ માન્યતા હતી. મરણ પછી ફરીથી ઉત્થાન થવાનું છે અને કરણીનો બદલો મળવાનો છે, એટલે અહીં આપણી કરણીના જવાબ આપવાના છે એવું કશું માનતા ન હતા. આવાં અનિષ્ટો તેમનામાં ઘર કરીને બેઠાં હતાં. અનિષ્ટોને દૂર કરવા તેમને ઉપદેશ આપવા તેમનીજ જાતિમાંથી સાલેહ અલૈ.[૧] નામના પયંગબર ઉપસ્થિત થયા. ''અને અમે સમૂદની જાતિ તરફ તેમના જાતિ-ભાઈ સાલેહને મોકલ્યો.'' [૨] ૭:૭૩

---

૧. સાલેહ બિન ઉબેદ બિન આસફ બિન માસહ બિન ઉબેદ બિન હાજર બિન સમૂદ બિન આબિર બિન ઈરમ બિન સામ બિન નૂહ અલૈ.- મવાહિબ ૭:૭૩ની તફસીરમાંથી

૨. આ મતલબની આયતો માટે જુઓ- ૧૧:૬૧- ૨૭:૪૫

સાલેહ અલૈ ઉપદેશમાં કહેતા કે, "હે મારા જાતિ-ભાઈઓ ! તમે અલ્લાહની ઈબાદત કરો : તેના સિવાય બીજું કોઈ પૂજ્ય નથી. તેણે જ તમને માટીમાંથી પેદા કર્યા છે અને તેણે જ તમને અહીં વસાવ્યા છે. તેની ક્ષમા માંગો અને તેના તરફ રજૂ થાઓ. વાસ્તવમાં મારો રબ તમારી સમીપ રહે છે અને દુઆઓનો કબૂલ કરનારો છે." ૧૧:૬૧ તે રાજા-મહારાજાઓની જેમ દૂર અને અલિપ્ત રહેતો નથી. તે તો તમારી દરેકની સમીપ રહે છે. તમારે દાદ-ફરિયાદ કરવી હોય તો સીધી તેને કરી શકો છો, બીજા કોઈ આડતિયાની કે પૂજારીની જરૂર હોતી નથી. વળી તે તમારી દાદ-ફરિયાદ તરત જ સાંભળે છે અને કબૂલ પણ કરે છે. સમૂદ-લોકોની ખોટી માન્યતા હતી કે અલ્લાહ અલિપ્ત રહે છે. તેને ફરિયાદ પહોંચાડવા માટે મૂર્તિઓની આડત કરવી પડે છે. તે માન્યતા ખોટી છે તેની સમજ પાડવા સાલેહ અલૈ. આ ઉપદેશ આપતા હતા; એટલે જ તે કહેતા કે મૂર્તિપૂજા છોડી દો, જેણે તમને પેદા કર્યા છે અને આ ભૂમિમાં વસાવ્યા છે અને જે તમારું પોષણ કરે છે તે અલ્લાહની બંદગી કરો. "તમે અલ્લાહથી બીતા રહો અને મારી આજ્ઞા માનતા રહો" ૨૬:૧૪૪ મારી આજ્ઞા પ્રમાણે વર્તશો તો તમને મોટો લાભ થશે. આજ સુધી તમે જે ખોટાં કૃત્યો કર્યાં છે તે માટે અલ્લાહની ક્ષમા માંગો, જે તે અવશ્ય આપશે, કારણ તે મહાદયાળુ અને પરમ કૃપાળુ છે. ક્ષમા માગ્યા પછી ખોટાં કામ કરશો ના. કોઈપણ જાતના ટંટા-ફિસાદ ઉભા કરશો નહિ. ઠઠ્ઠા- મશ્કરી કરવાની ટેવ છોડી દેજો. વ્યભિચાર ત્યજી દેજો. હવેથી સારાં કામ કરજો. "તમને આ સંદેશો પહોંચાડવા બદલ તમારી પાસેથી હું કંઈ અવેજ અથવા મહેનતાણું માંગતો નથી : મારો પુરુષ્કાર તો જગતના પાલનહારના શિરે જ છે." ૨૬:૧૪૫.

સાલેહ અલૈ.ના ઉપદેશના આરંભકાળમાં જ સમૂદ-લોકો બે પક્ષમાં વહેંચાઈ ગયા.[3] એક પક્ષ તેમના પર ઈમાન અર્થાત શ્રદ્ધા રાખનારાનો અને બીજો પક્ષ તેમના ઉપદેશનો અનાદર કરનારાઓનો હતો. આ ભાગલાઓની સાથે જ તાણંતાણ શરૂ થઈ જેમ કે પવિત્ર કુરઆનમાં ફરમાવવામાં આવેલું છે કે, "તેમની જ્ઞાતિના મોટા બની બેઠેલા અર્થાત્ જેઓ ગર્વિષ્ઠ હતા તેમણે નિર્બળ અને ગરીબ લોકોને જે ઈમાન લાવ્યા હતા તેમને કહ્યું : "શું તમને ખાત્રીછે કે સાલેહ પોતાના રબનો પયંગબર છે ?" તેમણે જવાબ આપ્યો :

3. જુઓ ૨૭ : ૪૫ ની આયત.

''બેશક, જે પયગામ સાથે તેમને મોકલવામાં આવ્યા છે તેને અમે માનીએ છીએ. આથી તે ગર્વિષ્ઠ લોકો કહેવા લાગ્યા : જેને તમે શ્રદ્ધાપૂર્વક માનો છો તેનો અમે ઈનકાર કરીએ છીએ.'' ૭:૭૫-૭૬.

સાલેહ અલૈ.ના ઉપદેશના જવાબમાં લોકો કહેતા કે ''અય સાલેહ ! અમે તો પહેલાં તારી પાસેથી મોટી મોટી આશાઓ રાખી હતી.'' ૧૧:૬૨ તમારી કાબેલિયત, સૂઝબૂઝ, ઠાવકાઈ કે ઠરેલપણું અને તમારું સન્માનિત વ્યકિતત્વ વગેરેના કારણે અમે એવી આશા રાખતા હતા કે તમે મહાન અને પ્રતિષ્ઠિત બની જશો. તમારા કારણે બીજી જાતિઓ પાસેથી અમને સારો લાભ ઉઠાવવાની તક મળતી રહેશે એવું અમે માનતા હતા પરંતુ તમે તો તૌહીદનો અને મરણ પછી ઉત્થાનનો નવો રાગ આલાપવા માંડયો અને હવે ''તું તેમની પૂજા કરવાથી અમને અટકાવે છે જેમની પૂજા અમારા પૂર્વજો કરતા હતા; અને જે તરીકા અર્થાત્ માર્ગ તરફ તું અમને લઈ જવા માંગે છે તેના વિશે અમને શક પડયા કરે છે અને અમે મૂંઝવણમાં પડી ગયા છીએ.'' ૧૧:૬૨. આ મૂંઝવણનું કારણ એ હતું કે સાચા ઉપદેશથી તેમના અંતરઆત્મામાંથી વિશ્વાસ ડગી ગયો હતો અને આશ્વાસન ચાલી ગયું હતું. પહેલાં વિચાર સ્ફૂરતો જ નહોતો, હવે તેમને લાગ્યું કે પોતે ખોટા માર્ગે છે, પરંતુ બાપદાદાનો માર્ગ છોડવાનું સાહસ કરી શકતા ન હતા.

કોમના ગર્વિષ્ઠ અને વેરભાવી સરદારોએ સામાં પગલાં ભરવા માંડયાં. ''અને તેઓ કહેતા હતા કે : શું અમે અમારા પૈકીના એક જણના કહ્યા પ્રમાણે ચાલીએ ? જો તેમ કરીએ તો તેથી એવું સમજાશે કે અમે ભટકી પડયા છીએ અને ગાંડપણમાં પડી ગયા છીએ. શું અમારા સૌમાંથી એના જ ઉપર ખુદાનો પયગામ આવે છે ? એવું હોય જ નહીં. એ તો નર્યો જૂઠો છે અને નર્યો શેખીખોર અર્થાત્ બડાઈખોર છે'' ૫૪:૨૪- ૨૫. સમૂદ-લોકો સાલેહ અલૈ.નું અનુસરણ ત્રણ કારણોસર કરવા માંગતા ન હતા. (૧) તે એક ઈન્સાન હતા અને ઈન્સાન તરીકે કંઈ મોટાઈ તેમનામાં ન હતી. (૨) સમૂદ-જાતિમાંના હતા એટલે બીજા જ્ઞાતિજનો કરતાં તેમનામાં વિશેષતા માનતા ન હતા અને (૩) તેઓ જ્ઞાતિમાં એકલા હતા. તેઓ નવ મોટા કબીલાઓ પૈકીના ન હતા.

કોઈ કબીલાના સરદાર પણ ન હતા. એક સામાન્ય માણસ હતા. આ નવ કબીલાઓ સંબંધીનો પવિત્ર કુરઆનમાં પણ ઉલ્લેખ થયો છે. ''અને શહેરમાં કબીલાઓના નવ આગેવાનો હતા. તેઓ મુલકમાં ફસાદ કર્યા કરતા હતા અને સલાહશાંતિ સ્થપાય કે કંઈક સુધારો થાય એવાં કામો કરતા ન હતા.'' ૨૭:૪૮ વળી તેઓ સાલેહ અલૈ.ને કહેતા કે, ''ખરેખર તું જાદુ થયેલાઓમાંનો એક માણસ છે અને તું આરા જેવો એક સામાન્ય માનવી સિવાય બીજો કોઈ નથી. જો તું ખરેખર સત્યવાદી હોય તો કોઈક નિશાની (મોજિઝો : ચમત્કાર) બતાવ.'' ૨૬: ૧૫૩-૧૫૪.

આવા પ્રકારના વાદવિવાદ બંને પક્ષો વચ્ચે ચાલ્યા કરતા હતા. એમાં કેટલાંક વરસો વહી ગયાં. એક વરસે તેમનો ખુશાલીનો કોઈક તહેવાર આવ્યો. તે ઉજવવા એક પહાડની તળેટીમાં આવેલા લીલા ઘાસના મેદાનમાં લોકો ભેગા થયા હતા. આ પ્રસંગે દૂર દૂરના ગામડાંઓના તથા શહેરોના લોકો પણ ત્યાં આવ્યા હતા. ત્યાં રમત ગમત, ખેલકૂદ, રંગરાગ અને મોજમજા માણવા લાગ્યા સાલેહ અલૈ. તકનો લાભ લઈ ઉપદેશ આપવા ત્યાં પધાર્યા. જ્યારે તેમણે પોતાનું પ્રવચન શરૂ કર્યું ત્યારે અસંખ્ય લોકો તેમની આજુબાજુ ભેગા થઈ ગયા અને તેમની ઠેકડી ઉડાડવા લાગ્યા, તો કેટલાક તેમને ગાંડો, જૂઠો, જાદુ થયેલો કહેવા લાગ્યા. આથી ત્યાં ભારે કોલાહલ મચી ગયો. તેમના કેટલાક ડાહ્યા સરદારોએ લોકોને શાંત પાડતાં કહ્યું કે જો એ જૂઠો હોય કે ગાંડો હોય પણ તમારી પાસેથી કશું માંગતો નથી ; તેને તમારો આગેવાન બનવું નથી. કોઈક આપત્તિ આપણા પર આવી પડવાની ચેતવણી તે આપણને આપે છે, અલ્લાહથી બીવાનું આપણને કહ્યા કરે છે. માટે એ જે આપણને કહે છે તેના ઉપર શાંતચિત્તે વિચાર કરવો જઈએ. બધાએ મસલત કરી નક્કી કર્યું કે મેદાનમાં પડેલા ''કતબા'' નામના પથ્થરમાંથી આપણા બધાની રૂબરૂ મોટાવાળવાળી ગાભણ સાંઢણી એનો અલ્લાહ પેદા કરી દેખાડે તો આપણે તેને સાચો માનીએ.[૪] આવી માગણી તેમણે કરી હતી તેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.[૫]

---

૪. મવાહિબ. ૫૪:૨૩ થી ૩૦ની આયતોની તફસીર.

૫. જુઓ ૨૬: ૧૫૩-૧૫૪ની આયત.

લોકોએ જ્યારે નિશાની માટે પથ્થરમાંથી બધા જુએ તે રીતે સાંઢણી પેદા થાય તેવા મોજિઝા અર્થાત ચમત્કારની માગણી કરી ત્યારે સાલેહ અલૈ. તેમને સમજાવતાં કહેવા લાગ્યા : ''ખરેખર, હું તમારા માટે વિશ્વસનીય પયગંબર છું'' ૨૬:૧૪૩ ''હું સાચો છું તે માટેની તમે જે હમણાં દલીલો કરી તેમના ઉપર જ સંતોષ માનો અને મારી પાસે મોજિઝાની માંગણી ન કરો. એ માગ્યા પછી જો એ તમને જોવા મળે તો, અને પછી તમે ઈમાન નહીં લાવો તો તમારા ઉપર અલ્લાહનો કોપ ઉતરશે અને બહુ જલદી આપત્તિ આવી પડશે ત્યારે તમારું સત્યાનાશ વળી જશે.'' પરંતુ લોકોએ તો સાંઢણી પેદા કરવાની હઠ પકડી. સાલેહ અલૈ.મેં તેમની પાસેથી વચન લીધું કે પથ્થરમાંથી તમારૂ રૂબરૂ સાંઢણી પેદા થાય તો તેમણે બધાએ મારા પર ઈમાન લાવવું.

તેમણે નમાજ પઢી અને અલ્લાહ પાસે દુઆ માંગી. તરત જ પેલા ''કતબા'' નામના પથ્થરમાં પ્રસૂતિની વેદના વેળા થતી ધ્રૂજારી જેવી જ ધ્રૂજારી થવા માંડી અને તેમાંથી ૧૫૦ ગજ લાંબી અને ૧૦૦ ગજ પહોળી સગર્ભા સાંઢણી પેદા થઈ. તે સાંઢણીએ પણ થોડી વારે એક બચ્ચાનો જન્મ આપ્યો. આ બચ્ચું પણ થોડીવારમાં તેની મા જેવડું થઈ ગયું. આ ચમત્કાર ત્યાં હાજર રહેલા લોકોએ પ્રત્યક્ષ જોયો. તે જોઈ તે જ સ્થળે ચાર હજાર માણસો ઈમાન લઈ આવ્યા. પરંતુ બીજા બધા ગામની સ્ત્રીઓ અને પૂજારીઓના કહેવાથી શરત પ્રમાણે ઈમાન લાવ્યા નહીં.

સાલેહ અલૈ. લોકોને સંબોધીને કહેવા લાગ્યા : ''હે મારા જ્ઞાતિ ભાઈઓ! લો આ અલ્લાહની સાંઢણી. તે તમારા માટે એક નિશાની- મોજિઝા-રૂપ છે. અલ્લાહની ભૂમિ પર તેને છૂટી ચરવા દેજો અને તેને બદ ઈરાદાથી અડકશો પણ નહીં, નહીંતર તમારા ઉપર બહુ જ જલદી કોપ આવી પડશે.'' ૧૧:૬૪ વળી તેમમે એવી શરત રજૂ કરી કે, ''આ સાંઢણી છે, તેના માટે પાણી પીવાનો એક દિવસ ઠરાવવામાં આવ્યો છે અને બીજા દિવસ તમારા બધા માટે ઠરાવવામાં આવ્યો છે. એને ઈજા પહોંચાડવાના હેતુથી અડકશો નહીં, નહીંતર તમે એક દિવસ આપત્તિમાં સપડાઈ જશો.'' ૨૬:૧૫૫-૧૫૬. આથી એવું નક્કી કરવામાં આવ્યું કે પેલા તળાવનું પાણી એકેક દિવસના આંતરે આ સાંઢણી અને તેનું બચ્ચું પીતાં અને બીજા દિવસના

આંતરે લોકોના જાનવરો પીતાં. આ સાંઢણી પોતાના વારાના દિવસે તળાવનું બધું જ પાણી પી જતી હતી. તેથી લોકોના જાનવરોને પાણીની થોડી તંગી પડતી હતી. પરંતુ સાંઢણીનો વારો ન હોય તે દિવસ તે એટલું બધુ દૂધ આપતી હતી કે લોકો દૂધના તાંબડા ભરી દોહી લેતા અને પાણીના બદલે આખો દિવસ દૂધ પીતા હતા. આમ હોવા છતાં તેમનાં જાનવરો માટે વર્તાતી પાણીની તંગીથી તેઓ ખૂબ કચવાતા હતા.

જ્યાં પાણીની તંગી હોય છે ત્યાં સામાન્ય રીતે પાણી માટે ઝઘડા થયા કરે છે. કબીલા કબીલા પરસ્પર લડે છે, તેમાંથી ખૂનો પણ થાય છે. ટૂંકમાં કૂવાઓ અને ઝરણાંઓનું પાણી મેળવવાનો પોતાનો હક સાબિત કરવા લોકો જીવ જોખમમાં નાંખતા અચકાતા નથી. હિજરના આ પ્રદેશમાં પાણીની તંગી હતી અને તેમાં એક દિવસ સાંઢણી જ બધું પાણી પીએ અને બીજા દિવસે સઘળા લોકો અને તેમનાં જાનવરો પીએ તેમાં લોકોને એક પડકાર હતો. વળી આ સૂકા પ્રદેશમાં ઘાસચારાની પણ તંગી વર્તાતી હતી. તેમાં આ સાંઢણી ગમે ત્યાં ચરતી ફરે, કોઈની વાડીઓ ચરી ખાય, કોઈના બાગ ઉજ્જડ કરી મૂકે, સારું સારું ઘાસચરી જાય તેમાં પણ એક પડકાર જ હતો ને!

વળી સાંઢણી એક પહાડી સમી હતી, તેથી લોકોનાં જાનવરો તેને જોઈ બીતાં અને નાસી જતાં. ઉનાળાના દિવસોમાં પહાડોના ઢોળાવો પર આબોહવા ખુશનુમા રહેતી અને ચરવા માટે ત્યાં લીલું ઘાસ સારા પ્રમાણમાં મળતું ત્યારે સાંઢણી ત્યાં ચરતી. તેને જોઈ લોકોનાં જાનવરો ખીણોમાં ચાલ્યા જતાં જ્યાં તેમને સૂકું ઘાસ ચરવા મળતું : આથી ઉલટું શિયાળાના દિવસોમાં ખીણોમાં ઠંડી લાગતી નહીં અને ત્યાં લીલું ઘાસ થતું ત્યારે પેલી સાંઢણી ત્યાં ચરતી. ત્યારે અહીંથી પણ લોકોનાં જાનવરો ઢોળાવો પર નાસી જતાં, જ્યાં તેમને સારું ચરવાનું મળતું નહીં. તે બરાડતી ત્યારે તો માણસો પણ ભાગી જતા હતા. આ પરિસ્થિતિથી તેઓ કંટાળી ગયા હતા, પરંતુ આપત્તિ પડવાની બીકે કેટલોક સમય નિભાવે રાખ્યું.

અનીઝા બિન્તે ગનમ નામની એક ધનિક પ્રૌઢાને ગમે તે કારણે સાલેહ અલૈ. સાથે અંગત વૈરભાવ હતો. તેનો પતિ દવાબ બિન અમર જ્ઞાતિના આગેવાન અધર્મીઓમાંનો એક હતો. તે સમયે કોમના નવ આગેવાન હતા.

આ આગેવાનો ટોળાનો સરદાર કિદાર બિન સાલેફ હતો. તેની સાથે પોતાની ખૂબસૂરત પુત્રીઓમાંની એકને પરણાવીશ એવી લાલચ આપીને પતિ-પત્નીએ કિદારને સાંઢણી મારી નાંખવા તૈયાર કર્યો. વળી સિદ્દિકા બિન્તે અલ-મહ્યા અને બીજી કેટલીક શ્રીમંત સ્ત્રીઓએ અનીઝાને સાથ આપ્યો. બદમાશ ટોળીના મિસદા બિન મેહરજ નામના યુવાન આગેવાન સાથે પોતે લગ્ન કરશે એવી લાલચ આપી સિદ્દિકાએ તેને તૈયાર કર્યો. પવિત્ર કુરઆનમાં એક માણસ તૈયાર થયો તે અંગે ૯૧: ૧૨-૧૩માં કહેવામાં આવ્યું છે કે, ''જ્યારે તે કોમનો સૌથી દુષ્ટ અને નીચ માણસ (સાંઢણીને મારવા) ઉઠયો ત્યારે તેમને અલ્લાહના રસૂલે (સાલેહે) કહ્યું'' અલ્લાહની સાંઢણીને હાથ અડકાડશો નહીં અને તેના પીવાના પાણીને અટકાવો નહીં.'' પરંતુ તે અટકયા નહીં. આ ટોળીના માણસો બધે ફર્યા અને સાંઢણીને કતલ કરવાની સૌની સંમતિ મેળવી લીધી. આથી કહી શકાય કે ઈમાન લાવ્યા હતા તેમના સિવાયના સમૂદ-જાતિના નાનાં-મોટા, યુવાનો-ઘરડા અને સર્વ સ્ત્રી-પુરૂષોએ સાંઢણીને કતલ કરવામાં સીધો કે આડકતરો સાથ આપ્યો એટલે કહી શકાય કે બધાંએજ મોજિઝાનું સન્માન ન રાખ્યું.

દરરોજ બનતું એવું કે સાંઢણી આપમેળે એકેક દિવસના આંતરે તળાવનું પાણી પીવા જતી હતી. ત્યાં જવા માટે બે નેળિયાં જ હતાં. દરેક નેળિયું એટલું સાંકડું હતું કે સાંઢણીથી તેમાંથી પાછું વળી શકાતું ન હતું ; તેથી તે એક નેળિયામાંથી પાણી પીવા જતી અને બીજા નેળિયામાંથી પાણી પી પાછી ચાલી જતી હતી. પેલા બંને જણ સાંઢણીના પાછા ફરવાના નેળિયામાં લાગ જોઈ બેસી ગયા. પાણી પીને પાછી ફરતી હતી ત્યારે મિસદાએ તીર મારી તેને ઘાયલ કરી મૂકી. તે વેળા કિદાર દોડયો અને તેના સાથળમાંથી પગ કાપી નાખ્યા એટલે તે ઢળી પડી. પછી તેમણે તેને ઝબે કરી દીધી. સાંઢણીને જેવી રીતે મારી નાંખવામાં આવી તેની ઝાંખી પવિત્ર કુરઆનમાં આ પ્રમાણે કરાવવામાં આવી છે, ''પછી તેમણે પોતાના સાથી (કિદાર)ને બોલાવ્યો એટલે તેણે (તલવાર વડે) વાર કર્યો અને તેના પાછલા ઘૂંટણની રગો કાપી નાંખી.'' ૫૪:૨૯ તેનું બચ્ચું એક પહાડી પર ચાલ્યું ગયું, જ્યાંથી તેણે પોતાની માને બોલાવવા બે ત્રણ બરાડા નાંખ્યા. તેને પણ મારી નાંખવા બદમાશો દોડયા પરંતુ પહાડોમાં તે કયાંય અદ્રશ્ય થઈ ગયું. પાછળથી પણ તેની ખૂબ શોધખોળ કરવામાં આવી, પરંતુ તેનો કયાંય પત્તો લાગ્યો નહીં.

આ સમાચાર મળતાં સાલેહ અલૈ. તરત જ ત્યાં આવ્યા. સાંઢણીને મરેલી જોઈ તે રડી પડયા. સમૂદ-જાતિનો વિનાશ થશે એવી તેમને ખબર પડી હશે એટલે પણ રડવું આવ્યું હોય. તેમણે લોકોને કહ્યું કે ત્રણદિવસ જિંદગી ભોગવી લો, ચોથા દિવસે તમારો નાશ થશે. પવિત્ર કુરઆનમાં આ બાબતમાં ચોખ્ખે ચોખ્ખું ફરમાવવામાં આવ્યું છે કે "જ્યારે તેમણે તેના પગ કાપી નાખ્યા એટલે તેણે (સાલેહે) ફરમાવ્યું : ત્રણ દિવસ સુધી તમે તમારા ઘરોમાં મોજમજા ભોગવી લો. આ મહેતલ એવી છે કે કદી જૂઠી પડવાની નથી." ૧૧:૬૫[૬] સાથે સાથે ત્રણ નિશાનીઓ પણ કહી સંભળાવી ; સાંઢણીને મંગળવારે કાપી નાંખવામાં આવી હતી એટલે બુધવારે નિશાની પ્રમાણે તેમનાં બધાંનાં મોં તથા શરીર પીળાં પડી ગયાં. આથી પેલા નવ જણની બદમાશ ટોળકીને પોતાના મરણની ખાતરી થઈ ગઈ એટલે ભેગા મળી તેમણે નક્કી કર્યું કે "આપણે મરવાનું તો ચોથા દિવસે નિશ્ચિત છે તો પછી સાલેહ અને તેના કુટુંબીજનો શા માટે જીવતા રહે ? તેમને પણ મારી નાંખવા જોઈએ." તેમણે કહ્યું : આપણે અંદરો અંદર અલ્લાહના સોગંદ લો કે આપણે (આજ) રાત્રે તેને અને તેનાં કુટુંબીજનોને છાપો મારી કતલ કરીશું ; પછી તેના વારસદારોને કહીશું કે અમે તો તેમના માર્યા જવાના સમયે હાજર જ ન હતા અને ખરેખર અમે સાચું બોલનારા છીએ." ૨૭ : ૪૯ એવું કહેવામાં આવ્યું છે કે સાલેહ અલૈ. હંમેશાં પહાડો વચ્ચે આવેલી અમુક ગુફામાં રાત્રિએ જઈ બંદગી કરતા હતા. આ નવ કાફિરો ત્યાં જઈ પહેલેથી લાગમાં બેસી ગયા. પરંતુ બન્યું એવું કે સાલેહ અલૈ. આવતાં પહેલાં એક મોટો પથ્થર ઉપરથી ગબડતો ગબડતો ગુફાના મોં આગળ ધસી પડયો અને તેમનો રસ્તો બંધ થઈ ગયો. તેથી તેઓ પાછા ફરી શકયા નહિ અને ત્યાં જ તેઓ દુ:ખી થઈ મરી ગયા. આ બાબતમાં પવિત્ર કુરઆનમાં ફરમાવેલું છે કે, "અને તેઓ એક ચાલ ચાલ્યા તો અમે પણ એક ચાલ ચાલ્યા અને અમારી ચાલની તેમને ખબર ન પડી. વિચાર કરો કે તેમની ચાલનું કેવું માઠું પરિણામ આવ્યું ? અમે તેમનો તથા તેમની સારી યે જાતિનો નાશ કરી નાંખ્યો. ૨૭:૫૦-૫૧"

---

૬. જુઓ ૫૧ : ૪૩.

ત્રણ દિવસ તેમને પ્રાયશ્ચિત કરવાના મળ્યા. તે પૈકી એક દિવસ ઉપર જણાવ્યા પ્રમાણ સાલેહ અલૈ. અને તેમના કુટુંબીજનોને મારી નાંખવામાં ગુજાર્યો. તે દિવસે પેલી બદમાશ ટોળકીનો નાશ થઈ ગયો. બીજા દિવસે લોકોના ચહેરા લાલ-લાલ થઈ ગયા. ત્યારે તેમને ખાત્રી થઈ ગઈ કે આપત્તિ આવ્યા વિના રહેવાની નથી. ડૂબતો તણખલાને પકડે તેમ લોક સાલેહ અલૈ. પાસે આવી આજીજી કરી રડવા લાગ્યા. સાલેહ અલૈ.મેં સાંઢણીના બચ્ચાને શોધી કાઢી પશ્ચાતાપ કરવા જણાવ્યું, પરંતુ બચ્ચાનો કયાંય પત્તો લાગ્યો નહીં. ત્રીજા દિવસે તેમનાં શરીર પીળાં પડી ગયાં. તેમના મરણ નિશ્ચિત છે એમ જાણી આખી રાત કફન પહેરી શરીરે કપૂર વગેરે સુગંધી પદાર્થો લગાડી ઘરોમાં બેસી રહ્યા. ચોથા દિવસે સૂર્ય ઊગ્યો ત્યાં સુધી કોઈ પણ આપત્તિ આવી નહીં એટલે આનંદ અને ગેલમાં આવી બહાર ફરવા લાગ્યા. તેમનાં મોં પણ અસલ હતાં તેવાં થઈ ગયાં. સાંઢણીનું માંસ ખાવાથી ત્રણ દિવસ સુધી તેમના રંગ બદલાતા રહ્યા એવું તેઓ માનવા લાગ્યા. થોડો સૂર્ય ચડયો ત્યારે એકાએક ભારે ભૂકંપ થયો તેથી જ્યાં બેઠા હતા અને જ્યાં ઊભા હતા ત્યાં ને ત્યાં બધા ઘૂંટણિયે પડી ગયા. જિબ્રીલ અલૈ.ની પહેલી રાડથી ભૂકંપ સર્જાયો અને તેમની બીજી રાડ એટલી સખત હતી કે તેમનાં બધાંનાં કાળજાં ફાટી ગયાં; અને બધાં મરણ પામ્યાં. ''નિ:સંશય અમે તેમના ઉપર ભયંકર કિકિયારી મોકલી જેથી તેઓ છૂંદાઈ ગયેલા વાડના થોરિયા જેવા બની ગયા.'' ૫૪:૩૧ ''પછી તેમણે સાંઢણીને મારી નાંખી અને પૂરા ઘમંડથી પોતાના માલિકના હુકમ વિરૂદ્ધ વર્ત્યા અને સાલેહને સંભળાવી દીધું કે તે અઝાબ અર્થાત આપત્તિ લઈ આવ જેની તું અમને બીક આપ્યા કરતો હતો. છેવટે દિલ હચમચાવી મૂકે એવી આફતે તેમને પકડી લીધા અને તેઓ પોતાના ઘરોમાં ઊંધા મોંએ પડેલા જ રહી ગયા.'' ૭:૭૮ સમૂદ-જાતિ પર પડેલી આફતને પવિત્ર કુરઆનમાં ''દિલ હચમચાવી મૂકે એવી.'' ''ભયંકર કિકિયારી.'' ''ભયંકર કડાકો'' અને ''અતિ સખત અવાજ'' વગેરે શબ્દો દ્વારા વર્ણન કરેલું છે.[૭] આ સમયે આ જાતિનો અબુ-રિગાલ નામનો એક માણસ મક્કામાં પવિત્ર જગાએ હરમમાં હતો. તે બચી જવા પામ્યો, પરંતુ તે જ્યારે મક્કામાંથી બહાર આવ્યો ત્યારે તાએફ જતા રસ્તામાં આવી કિકિયારી

---

૭. આ માટે પવિત્ર-કુરઆનમાં ૭:૭૮-૫૪:૩૧-૧૧: ૬૭-૫૧:૪૪ની આયતો જુઓ.

થઈ અને તે મરણ પામ્યો. આ અબુ-રિગાલ તાએફના પ્રખ્યાત કબીલાના લોકોનો પિતામહ ગણાય છે. ''સમૂદ-જાતિનો એવો તો નાશ કર્યો કે કોઈને બાકી રાખ્યા નહિ.'' ૫૩:૫૧

સાલેહ અલૈ. અને તેમના અનુયાયીઓ કાફિરોથી થોડા માઈલના અંતરે જુદા રહેતા હતા તે બધા બચી ગયા. ''અમે સાલેહને તથા જે લોકો તેના પર ઈમાન લાવ્યા હતા તેમને અમારી કૃપાથી બચાવી લીધા.'' ૧૧:૬૬[૮] સીનાઈના દ્વીપકલ્પમાં એવી વાત પ્રચલિત છે કે જ્યારે સમૂદ-જાતિ પર આફ્ત પડવાની હતી ત્યાર સાલેહ અલૈ. હિજરત કરીને ત્યાંથી ચાલ્યા ગયા હતા. કેટલાકનો મત એવો છે કે સમૂદ-જાતિના સત્યાનાશ પછી સાલેહ અલૈ. પોતાના મૂળ વતન હઝરમૌતના પ્રદેશમાં ચાલ્યા ગયા. અહીં આવ્યા પછી કેટલાક વરસે તેમનું મોત નિપજ્યું તેથી તે પ્રદેશનું નામ હઝરમૌત પડયું. અહીં એક કબર છે જે સાલેહ અલૈ.ની કબરના નામે પ્રખ્યાત છે. આજે પણ આ પ્રદેશ એ નામે ઓળખાય છે. અહીં તેમના સાથીઓએ ''હાસૂરા'' નામનું એક શહેર વસાવ્યું હતું, ત્યાં તૌહીદ-પરસ્તીમાં તેઓ પોતાના દિવસો નિર્ગમન કરતા હતા. આ બાબત યોગ્ય જણાતી નથી કારણ આ પ્રદેશ પર હૂદ-અલૈ.ની જાતિ આદ પર આપત્તિ પડી હતી, એટલે ત્યાં સાલેહ અલૈ. જવા લલચાય નહીં. મોટાભાગના ઈતિહાસકારોનું કહેવું છે કે તેઓ બધા ત્યાં જ હિજરમાં રહ્યા હતા અને આ વાત શકય પણ લાગે છે. વળી એક મત એવો પણ છે કે તેઓ મક્કાના પ્રદેશમાં જઈ વસ્યા હતા. ત્યાં તેમનું મરણ થયું અને ત્યાં જ પવિત્ર કાબાની પશ્ચિમે હરમમાં જ તેમની કબર આવેલી છે.[૯]

એમ કહેવામાં આવે છે કે તેમના પર ઈમાન લાવનારાઓની સંખ્યા ૪૦૦૦ની હતી અને નાશ પામેલા લોકોની સંખ્યા દોઢેક હજાર ઘરોની વસ્તી જેટલી હતી. સાલેહ અલૈ.મે ૨૮૦ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું.[૧૦]

---

૮. જુઓ ૨૭:૫૩ અને ૪૧:૧૮ની આયતો.

૯. કસસુલ કુરાન-મૌ. હફીઝુર્રેહમાન-પૃ. Vol. I.પૃ. ૧૪૧.

૧૦. મવાહિબ ૭-૭૨ની તફસીરમાંથી.

''અમે તેમનો (નવમી ટોળકીનો) તથા તેમની આખી જાતિનો નાશ કર્યો, કારણ તેઓ જુલમ કરતા હતા; અને તે કારણે તેમનાં ઘરો વેરાન થઈ પડેલાં છે. ખરેખર જે લોકો જ્ઞાન ધરાવે છે તેમના માટે ધડો લેવા જોગ છે.'' ૨૭:૫૨ સમૂદ-જાતિના લોકોની ઈમારતો. પૈકી કેટલીક વેરાન દશામાં આજે પણ જોવા મળે છે. આ જગા મદીના અને તબૂક વચ્ચે આવેલા અલ-ઉલાથી ઉત્તરે થોડાક માઈલના અંતરે આવેલી છે. તેના બળી ગયેલા, ટૂટી ગયેલા, હચમચી ગયેલા પહાડો જોતાં એવું સ્પષ્ટ જણાય છે કે ૪૦૦ માઈલ લાંબા અને ૫૦-૬૦ માઈલ પહોળા ઈલાકાને એક ભયંકર ભૂકંપે વેરાન કરી મૂકયો છે.

## ૧૨. લૂત-પ્રજાનું નખ્ખોદ

લૂત-પ્રજાનું નખ્ખોદ બધી વસ્તીને ઊંધી નાંખીને કરવામાં આવ્યું હતું તેથી પવિત્ર કુરઆનમાં તેમના રહેઠાણોને ''અલ-મુ'તફિકાત'' કહ્યાં છે. ૯:૭૦- આ જાતિના લોકો જે ભૂમિમાં વસતા હતા ''તે ભૂમિને ઊંધી નાખી દીધી હતી.'' ૧૧:૮૩. આ જાતિના વિનાશનું વર્ણન પવિત્ર કુરઆનની નીચેની આયતોમાં થયેલું છે :

૬/૮૬, ૭/૮૦ થી ૮૪, ૯/૭૦, ૧૧/૭૦, ૧૧/૭૪, ૧૧/૭૬ થી ૮૩, ૧૫/૫૮ થી ૭૭

૧૭/૭૪-૭૫, ૨૧/૭૧, ૨૧/૭૪-૭૫, ૨૨/૪૩, ૨૫/૪૦, ૨૬/૧૬૦થી૧૭૫, ૨૭/૫૪ થી ૫૮


૨૯/૨૬, ૨૯/૨૮ થી ૩૫, ૩૭/૧૩૩થી૧૩૮, ૩૮/૧૩, ૫૦/૧૩, ૫૧/૩૧થી૩૭, ૫૪/૩૩થી૪૧

૬૬/૧૦ અને ૬૯/૯.

સાલેહ અલૈ.ના મૃત્યુ પછી અર્થાત સમૂદ-પ્રજાનું સત્યાનાશ વળ્યું ત્યાર પછી આશરે તેરસો- ચોદસો વરસે લૂત જાતિ અસ્તિત્વમાં આવી હતી. આ જાતિના લોકોને ઉપદેશ આપવા માટે લૂત અલૈ. નામના પયંગબર મોકલવામાં આવ્યા હતા તેથી એ જાતિ લૂત-જાતિના નામે ઓળખાઈ. લૂત અલૈ. મહાન પયંગબર ઈબ્રાહીમ અલૈ.ના સગા ભત્રીજા થતા હતા અને બંને સમકાલીન હતા. નૂહ અલૈ. પછી ૨૬૪૦ વરસે તેઓ થઈ ગયા.[૧] લૂત અલૈ.ના પિતાનું નામ હારાન હતું પરંતુ તે પોતાના પુત્ર લૂત અલૈ.ની બાલ્યાવસ્થામાં મરણ પામ્યા હતા તેથી લૂત અલૈ.ને ઈબ્રાહીમ અલૈ.મે ઉછેરી મોટા કર્યા હતા. આમ લૂત અલૈનું ઘડતર મહાન પયગંબરના ખોળામાં થયું હતું. ઈબ્રાહીમ અલૈ.નો ઉપદેશ સૌથી પહેલાં તેમની પત્ની સારા અલૈ.મે અને તેમના આ ભત્રીજા લૂત અલૈ.મે ગ્રહણ કર્યો હતો. વળી આ બંનેએ તેમને હિજરતમાં પૂરેપૂરો સાથ અને સહકાર આપ્યો હતો. લૂત અલૈ. તેમના પર ઈમાન લાવ્યા

૧. મવાહિબ Vol. VIII પૃ. ૬૧-૧૧:૭૩ની તફસીર જુઓ.

તે અંગે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, ''પછી (માત્ર) લૂત તેમના પર ઈમાન લાવ્યો.'' ૨૯:૨૬ ઈબ્રાહીમ અલૈ. જ્યારે આગમાંથી સહીસલામત બહાર આવ્યા ત્યારે ત્યાં ભેગી થયેલી માનવ મેદનીને સંબોધન કરી કહેતા હતા કે, ''તમે દુનિયાની જિંદગીમાં અલ્લાહને છોડી દઈને મૂર્તિઓને મિત્રો અર્થાત પૂજાના પ્રતિક બનાવો છે, પરંતુ પરલોકમાં તમે તેમનો ઈન્કાર કરશો અને તેમના ઉપર ફિટકાર વરસાવશો.'' ૨૯:૨૫ આ પ્રસંગે એકલા




લૂત અલૈ. હિંમતપૂર્વક આગળ આવ્યા અને કહેવા લાગ્યા, ''તમે સાચા પયગંબર છો : હું તમને માનું છું અને હું તમારું આજ્ઞાપાલન કરીશ,'' આ પ્રસંગે સઘળા લોકો તથા રાજ્ય-સત્તા ઈબ્રાહીમ અલૈ.ની વિરૂદ્ધ હતા. બધા ધૂંઆપૂંવાં હતા છતાં તેમને સાથ આપવાની હિંમત લૂત અલૈ. એકલા જ કરી શકયા.

અત્રે ટ્રાન્સ-જોર્ડનના પ્રદેશમાં મૃત-સરોવર આવેલું છે. પ્રાચીનકાળમાં આ સરોવરનો દક્ષિણનો ભાગ આજ જેટલો છે તેટલો ત્યારે ન હતો. નકશો જોતાં જણાશે કે પૂર્વ જોર્ડનમાં હાલ અલ્કર્ક નામનું એક શહેર છે. તેની બરોબર સીધમાં પશ્ચિમ દિશાએ અલ-લિસાન નામનો દ્વીપકલ્પ આવેલો છે.

એ દ્વીપકલ્પ સુધી જ પ્રાચીનકાળમાં આ સરોવરનાં પાણી રહેતાં હતાં. આ દ્વીપકલ્પની દક્ષિણે મૃત- સરોવરનો જે ભાગ ટપકાં મૂકી નકશામાં બતાવેલો છે તે પ્રાચીન કાળમાં બહુ ફળદ્રુપ અને લીલી વાડીઓનો ઈલાકો હતો. બાઈબલમાં જેને ''સદૂમની ખીણ'' કહેલ છે તે જ આ ઈલાકો. તેમાં લૂત-જાતિનાં સદૂમ, ગમોરાહ, આદમાહ, સબોઈમ અને સોઆર નામનાં પાંચ શહેરો હતાં. તેમાં સદૂમ આ પ્રજાનું મુખ્ય શહેર હતું. આ શહેરો પાસે-પાસે આવેલાં હતાં. એમ કહેવામાં આવે છે કે આ પ્રત્યેક શહેરની વસ્તી ચાર ચાર લાખની હતી. આ શહેરોમાં રહેતી લૂત-પ્રજા પૈસે ટકે અને બીજી બધી રીતે સુખી હતી, કારણ આ શહેરોની વચ્ચેની ભૂમિના પ્રદેશમાં ભાતભાતની શાકભાજીની વાડીઓ, તરેહ તરેહનાં ફળોના બાગબગીચાઓ અને જાત જાતનાં ધન-ધાન્યોનાં ખેતરો આવેલાં હતાં. ત્યાં એટલાં ફળાઉ ઝાડો હતાં કે તે વન સમું જણાતું હતું. આમ આ શહેરો વચ્ચેની સીમ લીલી લીલી વાડીઓથી ભરપૂર હતી અને તે જોઈને લોકો મસ્ત બની જતા હતા.

આજે એ વાડીઓના પ્રદેશ પર મૃત-સરોવરનાં પાણી ફરી વળ્યાં છે. એ પ્રદેશને ઊંધો નાંખી દેવામાં આવ્યો તેથી તે નીચાણ વાળો પ્રદેશ બનતાં મૃત-સરોવરનાં પાણી ત્યાં ફરી વળ્યાં. એમ કહેવાય છે કે આ સરોવરનાં સૌથી છીછરાં પાણી આ ભાગમાં છે. રોમન સામ્રાજ્યના કાળમાં પાણી એટલા છીછરાં હતાં કે અલ-લિસાનના દ્વીપકલ્પથી પશ્ચિમ કિનારે લોકો પાણીમાં ચાલીને જતા હતા ત્યારે પાણીમાં ડૂબેલાં ઝાડો અને ઈમારતો વગેરે જોઈ શકાતાં હતાં. આ પાંચે શહેરો અને તેમની વચ્ચેનો પ્રદેશ કોઈક ભયંકર ભૂકંપ થતાં જમીનમાં ધસી પડયાં અને તેમના ઉપર મૃતસરોવરનાં પાણી ફરી વળ્યાં. પુરાતત્ત્વ સંશોધન કરતી અમેરિકાની એક ટુકડીને ઈ.સ. ૧૯૬૫માં અલ-લિસાનના દ્વીપકલ્પમાં વીસ હજાર કબરોનું એક મોટું કબસ્તાન મળી આવ્યું છે. આવડા મોટા કબસ્તાન પાસે કોઈક મોટું શહેર હોવું જોઈએ. જે શહેરનું એ કબસ્તાન હશે તે શહેર મૃત-સરોવરમાં ડૂબી ગયેલું હોવું જોઈએ. વળી આ મૃત-સરોવરની દક્ષિણમાં વિનાશનાં ચિન્હો ઠેર ઠેર નજરે પડે છે. બાઈબલ, પ્રાચીન ગ્રીક અને લેટિન સાહિત્યનાં લખાણો પરથી જણાય છે કે ત્યારે આ પ્રદેશમાં પેટ્રોલિયમ અને આસ્ફાલ્ટના ભરેલા ખાડાઓ ઠેકઠેકાણે

હતા. કેટલીક જગાએ જમીનમાંથી સળગી ઉઠે એવો ગેસ નીકળતો હતો, આજે પણ આ વસ્તુઓથી ત્યાંની જમીન ભરપૂર છે એવો નિષ્ણાતોનો મત છે. આથી એવું અનુમાન તારવવામાં આવે છે કે ભૂકંપના કોઈક સખત આંચકાથી જમીનમાંથી પેટ્રોલિયમ, ગેસ, વગેરે ઉપર નીકળી આવ્યાં હશે અને ઉપરથી વીજળી પડી હશે તેથી આ આખો પ્રદેશ ભખ દઈને ઉડી ગયો હશે અને ઊંધો દટાઈ ગયો હશે. ત્યાં મોટો ખાડો પડી ગયો હશે જેથી સરોવરનાં પાણી ત્યાં ફરી વળ્યાં હશે. લૂત-જાતિનો નાશ કેવી રીતે થયો તેનું વર્ણન પવિત્ર કુરઆનની જુદી જુદી આયતોમાં કરવામાં આવ્યું છે. બાઈબલમાં એવું વર્ણન છે કે ઈબ્રાહીમ અલૈ.મે ''સદૂમ અને ગમોરાહ ભણી તથા આખા નીચાણના પ્રદેશ ભણી નજર કરી અને જોયું તો, ભઠ્ઠીના ધુમાડાની પેઠે તે દેશનો ધુમાડો ઉપર ચઢતો હતો. ૧૯:૨૮ ઉત્પત્તિ.''

લૂત-પ્રજાને કોઈ વાતની મણા ન હતી, પરંતુ તેમનામાં અનેક વાતની કુટેવો હતી. ખરેખર એ કુટેવો તેમનામાં હતી તેવો ભાવ પણ તેમનામાં ન હતો. તેઓ તો ખુશાલીમાં મગન અને કુટેવોમાં મસ્ત રહેતા હતા. તેમનામાં સૌથી નિર્લજ્જ કુટેવ સજાતિય- સંભોગ અર્થાત ગુદા-મૈથુનની હતી. તેઓ પોતાની વિષય વાસના તૃપ્ત કરવા સ્ત્રીઓને છોડી દઈ યુવાનો કે ગભરૂ છોકરાઓ સાથે સંભોગ કરતા હતા. પવિત્ર કુરઆનમાં તેમની આ કુટેવ અંગે કહેવામાં આઆવ્યું છે કે : ''- તમે એટલા બધા બેશરમ બની ગયા છો કે તમારા પહેલાં દુનિયામાં કોઈએ ન કર્યું હોય તેવું સજાતિય- સંભોગનું કામ તમે કરો છો. સ્ત્રીઓને છોડી દઈ પુરૂષોથી તમારી સંભોગ- વૃત્તિ પૂરી કરો છો. ખરેખર તમે તો (માણસાઈની) હદ વટાવી જનારા લોકો છો.'' ૭:૮૦-૮૧ ''સારીયે સૃષ્ટિમાં તમે જ પુરૂષ પાસે જાઓ છો અને તમારા પરવરદિગારે તમારા માટે સ્ત્રીઓમાં જે કંઈ પેદા કર્યું છે તેને છોડી દો છો. તમે તો હદ વટાવી જનારા લોકો છો.'' ૨૬:૧૬૪-૧૬૬ આ આયતોથી સ્પષ્ટ થાય છે કે સજાતિય સંભોગ જેવા નિર્લજ્જ, અકુદરતી અને અવ્યવહારૂ કાર્યની શરૂઆત જગતમાં સૌથી પહેલી લૂત જાતિએ કરી હતી. ગુના કે પાપની પહેલ જે કોઈ કરે છે, તેના માથે ભવિષ્યમાં થતાં પાપનો ભાર પડયા કરે છે. એવો કુદરતનો નિયમ છે. આ નિયમાનુસાર લૂત જાતિના માથે સજાતિય

સંભોગનો પાપનો ભાર પડતો રહ્યો છે અને આજે પણ પડી રહ્યો છે. આ તિરસ્કારયુકત કાર્ય માટે લૂત જાતિનું નખ્ખોદ વળ્યું અને આજે પણ બદનામ છે; પરંતુ એ કાર્ય કરવાનું દુષ્ટ માણસોએ તો ચાલું જ રાખ્યું છે. આપણા દેશમાં લખનૌની લોંડાબાજી પ્રખ્યાત છે. ગ્રીક પ્રજાએએ તો આ કાર્યને સારા સંસ્કારમાં ખપાવવા પ્રયાસ કર્યા છે. તેમ છતાં જે ઊણપ બાકી રહી તેને અર્વાચીન યુરોપે પૂર્ણ કરી; કારણ યુરોપના ઘણા દેશોમાં એને ગુનાહિત-કૃત્ય ન ગણવા કાયદો પસાર કરવાની ચળવળ ઉઘાડાછોગે ચાલે છે : અને જર્મનીએ હદ વટાવી ત્યાંની પાર્લામેન્ટે આ કૃત્યને કાયદેસર ઠરાવ્યું છે. લૂત અલૈ.ના ઉપદેશ દ્વારા પવિત્ર કુરઆન આ કૃત્યને મહાપાપ ગણે છે. એ કારણે એ જાતિનું નખ્ખોદ વળ્યું. ''આપ સ.અ.મે કહ્યું છ કે ''આવું કર્મ કરનાર અને કર્મ કરાવનાર બંનેને કતલ કરો. આવા ગુનાહિત- કૃત્યથી લોકો અળગા રહે તે જોવાની રાજ્યની ફરજ ગણાવી છે. સદૂમ (Sodom) શહેરના નામ પરથી ગુદામૈથુમ માટે અંગ્રેજીમાં ''સોદોમ'' (Sodome)શબ્દ પ્રચલિત થયો. અને અરબી, ફારસી, ઊર્દૂમાં લૂત-જાતિની ટેવ ઉપરથી ''લવાતત'' શબ્દ બન્યો છે. પુરુષોની સજાતિય- સંભોગની કુટેવના કારણે આ શહેરોની સ્ત્રીઓ પણ પોતાની કામવાસના તપ્ત કરવા અંદરોઅંદર સજાતિય- સંભોગ કરતી હતી. આમ સારીયે લૂત-જાતિ સજાતિય વિષય-વાસનામાં સાંગોપાંગ ડૂબેલી હતી.આ બાબતમાં તે લોકો એટલી હદે ગયા હતા કે ઉઘાડે છોગે બીજાઓના દેખતાં આ નિર્લજ્જ કૃત્ય કરતા હતા. પવિત્ર કુરઆન પણ આ બાબતમાં સાખ પૂરે છે કે ''તેણે પોતાના જ્ઞાતિ-ભાઈઓને કહ્યું : ''જાણ્યા કર્યા છતાં અને એકબીજાના જોતાં તમે નિર્લજ્જ કૃત્યો કરો છો : સ્ત્રીઓને છોડી પુરુષો પાસે કામવાસના માટે જાઓ છો.'' ૨૭:૫૪-૫૫ ''અને તમારી બેઠકોમાં (સૌના દેખતાં) દુષ્ટ કૃત્યો કરો છો'' - ૨૯:૨૯ આ જાતિ આ દુષ્ટ કર્મમાં એટલી હદે ગઈ હતી કે તેને ''કોમે મુજરેમીન''[૨] અર્થાત ''ગુનેગાર કોમ'' કહેતા એટલે અન્ય લોકો સમજી જતા કે લૂત-જાતિના લોકોની આ વાત છે.

કોઈના ત્યાં અજાણા મહેમાનો આવી ચડતા તો તેમને પકડીને આવું કુકર્મ કર્યા વિના તેઓ રહેતા નહીં. લૂત અલૈ. પાસે ખૂબસૂરત તરૂણોના

---

૨. જુઓ પવિત્ર કુરઆનની ૧૫ : ૫૮ અને ૫૧:૩૨ની આયતો.

સ્વાંગમાં ફરિશ્તાઓ આવ્યા ત્યારે લૂત અલૈ. તેમને પોતાના મહેમાન તરીકે ઘેર લાવતાં બહુ દીલગીર થયા હતા, કારણ તેઓ પોતાની જાતિના લોકોની મહેમાનો સાથે પણ જાર કર્મ કરવાની ટેવથી વાકેફગાર હતા. વળી આ શહેરો યમનથી સિરિયા જવાનો માર્ગ પર આવેલાં હતાં એટલે એ માર્ગ પરથી પસાર થતા વટેમાર્ગુઓને પકડી આવું કુકર્મ કરતા એટલું જ નહીં તેમની માલમતા લૂંટી લેતા અને કેટલીક વેળા તેમને મારી પણ નાંખતા હતા. તલમૂદમાં તેમની કુટેવોનું વર્ણન આપવામાં આવ્યું છે. તેના એકાદ-બે પ્રસંગો હું અહીં ટાંકું છે જેથી તેમના દુર્ગુણોનો ખ્યાલ આવશે.

એક વેળા એક ઐલામી મુસાફર, તેમના પ્રદેશમાંથી જતો હતો ત્યારે રસ્તામાં જ રાત પડી ગઈ અને તેને સદૂમમાં રહેવું પડયું. તેની સાથે પોતાની વાટ ખર્ચીની ચીજો હતી તેથી કોઈના ત્યાં તે મહેમાન બનીને ગયો નહીં અને એક ઝાડ તળે ઉતરી પડયો; પરંતુ સદૂમનો એક માણસ જબદસ્તીથી તેને મહેમાન તરીકે પોતાના ઘેર લઈ ગયો અને સવાર પડતાં પહેલાં તેનો ગધેડો અને વેપારનો માલ ઓહિયાં કરી ગયો. તેણે શોરબકોર કરી મૂકયો પરંતુ કોઈએ તેની વાત સાંભળી નહીં. ઉલટું તેનો રહ્યો સહ્યો માલ પણ લૂંટી લીધો.

એક વેળા સારા અલૈ.મે લૂત અલૈ. અને તેમનાં કુટુંબીજનોના સમાચાર મેળવવા પોતાના ઘરના મુનિમ જેવા ગણાતા ગુલામ અલ-યારજને સદૂમ મોકલ્યો. શહેરમાં દાખલ થતાં એક અજાણ્યાને શહેરનો એક માણસ પીટતો જોયો. અલ-યારજે તેને કહ્યું : ''તમે મુસાફરો સાથે આવો વર્તાવ કરો એ શરમજનક છે.'' ત્યારે જવાબમાં આમ સરિયામ રસ્તામાં અલ-યારજનું માથું ફાડી નાંખ્યું.

એક વેળા એક અજાણ્યો માણસ તેમના શહેરમાં આવી ચઢયો. કોઈએ તેને ખવડાવ્યું નહીં. ભૂખનો માર્યો એક જગાએ બેભાન જેવો બનીને પડી ગયો. લૂત અલૈ.ની સુપુત્રીએ તેને જોયો એટલે તેણીએ તેને જમવાનું મોકલાવ્યું. આથી લૂત અલૈ. અને તેમની સુપુત્રીને ધમકાવવામાં આવ્યાં કે જો તમે આ પ્રમાણે વર્તન રાખશો તો અમારામાં રહી શકશો નહીં.

આમ આ લોકો બહુ જ નિર્દય બની ગયા હતા. કોઈ પણ મુસાફર તેમના પ્રદેશમાંથી હેમખેમ પસાર થઈ શકતો ન હતો. કોઈ પણ ભિખારીને રોટલાનો ટુકડો પણ મળતો નહીં. ભૂખના માર્યા તેમના પ્રદેશમાં ઘણા લોકો મરી જતા ત્યારે તેમનાં કપડાં ઉતારી લઈ નગ્નાવસ્થામાં શબને દફન કરી દેતા હતા. શહેરોની આજુબાજુની વાડીઓમાં ઉઘાડે છોગે કુકર્મો કરતા હતા. પવિત્ર કુરઆનમાં આ બાબતનો પણ ઉલ્લેખ થયેલો છે. "શું તમે (કામવાસના) માટે પુરુષો પાસે જાઓ છો અને મુસાફરોને લૂંટી લો છો ? તમારી બેઠકોમાં અને મજલિસોમાં કુકર્મ કરો છો ?" ૨૯:૨૯ આ ઉપરાંત બેઠકોમાં તેઓ એક બીજાને ગાલી પ્રદાન કરતા, અસભ્ય રીતે વર્તતા, ઠઠ્ઠા-મશ્કરી કરતા અને એકબીજાની ઠેકડી ઉડાડતા હતા. આવી બાબતો તો સામાન્ય બની ગઈ હતી. બેઠકોમા બેઠા હોય ત્યારે એક બીજા પર ત્યાંથી પસાર થતી સ્ત્રીઓ પર અને પુરુષો પર કાંકરા ફેંકતા હતા. આવી ધીંગા-મસ્તી કર્યા જ કરતા હતા. વળી રસ્તે ચાલતાં અને બેઠકોમાં જાણી બૂઝીને મોટેથી પાદતા અને હસતા. આમ પાદવાનું અને હસવાનું પણ તેમના સમાજમાં સામાન્ય બની ગયું હતું. વળી તેઓ મેંઢા અને મરઘા લડાવતા, કબૂતરો પાળતા અને ઉડાડતા. કોઈ પણ નાના મોટાની અમાન્યા જાળવતું નહીં. આ તેમના સામાજિક દુર્ગુણો હતા. ધાર્મિક ક્ષેત્રે તેઓ મૂર્તિ પૂજા કરતા હતા. અલ્લાહને તદ્દન વિસરી ગયા હતા. આમ સામાજિક કે ધાર્મિક દ્રષ્ટિએ તેમની અવનતિની કોઈ હદ ન હતી. પવિત્ર કુરઆનમાં તેમના માટે કહ્યું છે કે "ખરેખર તેઓ (માણસાઈની) હદ વટાવી જનારા લોકો હતા" ૭:૮૧.[3]

દરેક અવદશામાં પડેલી પ્રજાને સુધરવાની પૂરતી તક અલ્લાહ તરફથી આપવામાં આવે છે. તે માટે તે પ્રજામાંથી કોઈક પયગંબર ઉપસ્થિત થાય છે. આપણે જોઈ ગયા કે આદ અને સમૂદ જાતિોને ઉપદેશ આપવા માટે તેમની જ જાતિઓમાંથી હૂદ અલૈ. અને સાલેહ અલૈ. ઉપસ્થિત થયા હતા. તે બંને પોતપોતાની જાતિઓમાં ઉચ્ચ ચારિત્ર્યવાન અને તૌહીદ પરસ્ત હતા. લૂત જાતિને ઉપદેશ આપવા માટે લૂત અલૈ.[4] ઉપસ્થિત થયા હતા, પરંતુ તેઓ સદૂમ કે ગમોરાહ શહેરના મૂળ વતની ન હતા અર્થાત્ પેલા પાંચે શહેરોના

3. વધુ માટે જુઓ : ૨૬ : ૧૬૬-૨૭ : ૫૫-૫૧:૩૪.
4. લૂત બિન હારાન બિન આઝાર- આઝર ઈબ્રાહીમ અલૈ.ના પિતા થતા હતા, ઈબ્ને કસીર ૭:૮૦ની તફસીર જુઓ.

મૂળ રહેવાશી ન હતા. આથી સ્વાભાવિક રીતે આપણી સમક્ષ એવો પ્રશ્ન ઉભો થાય છે કે લૂત જાતિને ઉપદેશ આપવા માટે પેલા પાંચ શહેરોના મૂળ રહેવાશીઓ પૈકી કોઈકને પયંગબર તરીકે શા માટે પસંદ કરવામાં આવ્યાં નહીં હોય ? આ માટે બે કારણો આપી શકાય. (૧) પાંચે શહેરોમાંથી સારા સંસ્કારો હોય એવો ઉચ્ચ ખાનદાનનો કોઈ નબીરો ન હતો તથા કોઈ પણ ચારિત્ર્યવાન અને તૌહીદ પસસ્ત ન હતો. (૨) તે સાથે ઈબ્રાહીમ અલૈ. પેદા થઈ ચૂકયા હતા અને તેમને અલ્લાહે વચન આપી દીધું હતું કે તેમના પછી સઘળા પયગંબરો તેમના વંશજોમાંથી પસંદ કરવામાં આવશે. ઈબ્રાહીમ અલૈ.ને યોગ્ય વયનો કોઈ પુત્ર ન હતો અને ઉપદેશ આપવાની આવશ્યકતા ઉભી થઈ હતી એટલે તેમના ભત્રીજા લૂત અલૈ. પર પસંદગી ઉતરી. વળી લૂત અલૈ. ઈબ્રાહીમ અલૈ.ના હાથમાં ઉછર્યા હતા અને તેઓ ચારિત્ર્યવાન અને તૌહીદ-પરસ્ત હતા. ''અને અમે તેને (લૂતને) અમારી કૃપા (ભરી છાયા)માં લઈ લીધો. તે સદાચારી લોકોમાંનો હતો.'' ૨૧:૭૫ તે ઈબ્રાહીમ અલૈ. પર ઈમાન લઈ આવ્યા હતા. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે જે જાતિને ઉપદેશ આપવા માટે લૂત અલૈ.ની વરણી થઈ તે જાતિના લૂત અલૈ. ન હતા. છતાં તે લોકોને લૂત-જાતિના નામે અલ્લાહે શા માટે સંબોધ્યા ? આ માટે પણ બે કારણો આપી શકાય. (૧) એ જાતિને લૂત-અલૈ. ઉપદેશ આપતા હતા. (૨) એ જાતિની કોઈક સ્ત્રી સાથે તેમણે લગ્ન કર્યાં હતાં એટલે શહેરના લોકોએ તેમને પોતાની જાતિમાં અપનાવ્યા હતા.

બંને કાકા અને ભત્રીજા, બૅબિલોનથી હિજરત કરીને પેલેસ્ટાઈન આવ્યા ત્યારે કાકાના વડપણ નીચે લૂત અલૈ.ને પેલાં પાંચ શહેરોના લોકોને ઉપદેશ આપવા પયંગબર તરીકે મોકલવામાં આવ્યા. તેમને પયંગબરી આપી તે માટે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, ''અમે લૂતને બુદ્ધિ અને જ્ઞાન આપ્યાં'' ૨૧:૭૪ પયંગબરી આપવા માટે સામાન્ય રીતી પવિત્ર કુરઆનમાં આ શબ્દો વપરાયા છે. કહેવામાં આવે છે કે કોઈ કોઈ પ્રસંગે ઈબ્રાહીમ અલૈ. જાતે તેમને ઉપદેશ આપવા પધારતા હતા. લૂત અલૈ.તો ખાસ કરીને સદૂમમાં રહેતા પરંતુ પાંચે શહેરોના લોકોને ઉપદેશ આપતા હતા. તેઓ નમ્રતાપૂર્વક કહેતા કે તમારી સુધારણા માટે તથા તમારા ભલા માટે અલ્લાહનો મોકલેલો, ''હું તો તમારા માટે એક વિશ્વાસપાત્ર રસૂલ છું. અલ્લાહથી બીતા રહેવામાં સૌથી પહેલું કાર્ય એ છે કે તમે મૂર્તિપૂજા બંધ કરી દો. સૃષ્ટિનો સર્જનહાર

અને પાલનહાર તો એકલો અલ્લાહ જ છે : એટલે તેના સિવાય બીજું કોઈ પૂજ્ય નથી માટે અલ્લાહની જ ઈબાદત કે આરાધના કરવી જોઈએ. વળી તેઓ કહેતા કે, ''આખી દુનિયામાં તમે લોકો જ એવા છો કે કામવાસના માટે પુરુષો સાથે સંભોગ કરો છો અને જાણ્યા છતાં અર્થાત જાણીબૂઝીને આવાં નિર્લજ્જ કૃત્યો કરો છો. જાનવરો પણ આવાં કૃત્યો કરતાં નથી. વિષય-વાસનાનું સુખ સ્ત્રીઓ સાથે ભોગવો. આથી તમારું સ્વાસ્થ્ય પણ સારુ રહેશે અને તમને પ્રજાપ્રાપ્તિ થશે. મુસાફરોને લૂંટી લો છો તે પણ છોડી દો.''

આ ઉપદેશ સાંભળી લોકો રોષે ભરાતા અને તેમને સંભળાવતા કે, ''અય લૂત ! જો તું આમ કહેતાં નહીં અટકે તો તને અવશ્ય હદપાર કરવામાં આવશે.'' ૨૬:૧૬૬ લૂત અલૈ. આવી ધમકીથી પોતાનો ઉપદેશ બંધ કરતાં નહીં અને લોકો પણ એવો જવાબ આપ્યા કરતા કે : ''આપણી વસ્તીમાંથી એમને કાઢી મૂકો. એ લોકો પવિત્ર હોવાનો દાવો કરે છે. ૭:૮૨ દરેક ઉપદેશ વેળા ''તેમની કોમનો પ્રત્યુત્તર આ સિવાય બીજો કોઈ ન હતો : તે લોકો કહેતા : લૂતના કુટુંબીજનોને તમારી વસ્તીમાંથી કાઢી મૂકો, એ લોકો પવિત્ર હોવાનો દાવો કરે છે.'' ૨૭:૫૬ આમ લોકો તાડૂકીને અથવા વ્યંગમાં લૂત અલૈ.ને વારંવાર કહેતા કે : ''જોયો તું મોટો પવિત્ર છે તે !''

તેમના આવા ટોણાના જવાબમાં લૂત અલૈ. કહેતા કે ''તમારા કરતૂતો પર સખત બળાપો કરનારાઓમાંનો હું છું.'' ૨૬:૧૬૮ વળી ''અલ્લાહનો આ (ઉપદેશ) સંદેશો પહોંચાડવા બદલ તમારી પાસેથી હું કશું મહેનતાણું માંગતો નથી, કારણ મારો પુરસ્કાર તો જગતના પરવરદિગારના માથે છે.'' ૨૬:૧૬૪

આ પ્રમાણે લૂત અલૈ. તેમને વિનયપૂર્વક ૨૦-૨૨ વરસો સુધી ઉપદેશ આપતા રહ્યા પરંતુ તેમના વર્તનમાં જરાયે ફેર પડયો નહિ. તેમનામાં એકે પણ ભલો માણસ પેદા ન થયો. ઉપદેશમાં તેઓ ડરાવવા તરફ પણ ઝોક આપતા હતા. તેઓ તેમને વારંવાર કહેતા હતાકે જો તમે તમારુ વર્તન નહીં સુધારો તો તમારા ઉપર ગમે તેવી કુદરતી આપત્તિ આવ્યા વિના રહેશે નહિ અને તે તમારું નખ્ખોદ વાળી દેશે. ''લૂતે પોતાની જાતિના લોકોને અમારા સખત પકડથી ખબરદાર કર્યા હતા પરંતુ આવી આગાહીને શક પડતી

ગણીને ઉડાડી દેતા હતા.'' ૫૪:૩૬ બીજી પ્રજાઓની જેમ ''લૂત-પ્રજાએ પણ બીવડાવનારા નબીરાઓને જૂઠા માન્યા.'' ૫૪:૩૩ વારંવાર ઉપદેશમાં લૂત અલૈ. લોકોને બીવડાવતા રહેતા હતા તેથી તેઓ વધુ ગુસ્સે થતા હતા. આખરે તેઓ કહેવા લાગ્યા : રોજને રોજ બીક શેની બતાવ્યા કરે છે : ''જો તું સાચો જ હોય તો અલ્લાહનો અઝાબ (અર્થાત કુદરતી આપત્તિ) લઈ આવ.'' ૨૯ : ૨૯.

આ પડકાર સાંભળી લૂત અલૈ. તદ્દન નિરાશ થઈ ગયા. તેમને ખાતરી થઈ ગઈ કે આ હયાત લોકોમાંથી કોઈપણ સુધરવાનું નથી, એટલું જ નહીં તેમના વંશજો પણ તેમનાં જેવાં જ કુકર્મો કરતા રહેશે એટલે તેમણે ખુદા પાસે દુઆ માંગી કે, ''હે મારા પરવરદિગાર ! આ દુરાચરણી લોકોથી તું મને બચાવ.'' ૨૯:૩૦. આ બદ-દુઆ મંજૂર થતાં કેટલાક ફરિશ્તાઓને લૂત-જાતિનો નાશ કરવાનો હુકમ થયો. આ ફરિશ્તાઓ સ્વરૂપવાન તરુણોનો સ્વાંગ સજી પહેલાં ઈબ્રાહીમ અલૈ. પાસે ગયા. તેમની પત્ની સારા અલૈ.ના પેટે વૃદ્ધાવસ્થા હોવા છતાં ઈસ્હાક નામનો પુત્ર જન્મશે એવા શુભસમાચાર આપ્યા. તૌરાતમાં ત્રણ ફરિશ્તાઓ આવ્યાં હતા એવું કહ્યું છે.[૫] પવિત્ર કુરઆનમાં કેટલાં ફરિસ્તાઓ હતા તે દર્શાવ્યું નથી. પછી ઈબ્રાહીમ અલૈ.મેં તેમને પૂછ્યું : ''હે અલ્લાહના એલચીઓ ! તમને કયા અગત્યના કાર્ય માટે મોકલવામાં આવ્યા છે ?'' ૧૫:૫૭

તેમણે જવાબમાં કહ્યું : ''એક ગુનેગાર જાતિને (શિક્ષા કરવા) માટે મોકલવામાં આવ્યા છે.'' ૧૫: ૫૮-૫૧: ૩૨.

ઈબ્રાહીમ અલૈ. સમજી ગયા કે ગુનેગાર જાતિ બીજી કોઈ નહીં પરંતુ સદૂમ, ગમોરાહ, આદમાહ, સબોઈમ અને સોઆર શહેરોના લોકો જ હોવા જોઈએ. આ શહેરોનો નાશ ન થાય તે માટે ઈબ્રાહીમ અલૈ. તેમની સાથે દલીલો કરવા લાગ્યા, છેવટે તેમણે ફરિશ્તાઓને કહ્યું કે : ''તેમાં તો લૂત પણ છે.'' ૨૯:૩૨.

---

૫. જુઓ તૌરાત : પ્ર. ૧૮:૨- ફરિશ્તાઓની સંખ્યા ૩, ૮ કે ૧૨ની બતાવવામાં આવે છે : તેમનામાં જિબ્રીલ, મીકાઈલ અને ઈસરાફીલ અલૈ. તો હતા જ.

ફરિશ્તાઓએ જવાબમાં કહ્યું : ''તે બાબતથી અમે સારી પેઠે માહિતગાર છીએ. અમે તેને તથા તેના કુટુંબીજનોને અવશ્ય બચાવી લઈશું, સિવાય કે તેની પત્નીને- જે પાછળ રહી જનારામાંની હશે.'' ૨૯:૩૨ આ કોમ માટે ઈબ્રાહીમ અલૈ.ની ભલી લાગણી અંગે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે : ''પછી તે લૂત-જાતિના માટે અમારી સાથે વાદવિવાદ કરવા લાગ્યો. (અમે કહ્યું) હે ઈબ્રાહીમ ! તું આ બાબતથી અળગો જા. એ બાબતમાં તારા માલિકે નિર્ણય લઈ લીધો છે. હવે તેમના પર અઝાબ (આપત્તિ) આવવાનો જ છે. તે ટાળ્યો ટળી શકવાનો નથી.'' ૧૧:૭૪:૭૬.

ત્યાંથી ફરિશ્તાઓ લૂત અલૈ. પાસે એક ખેતરમાં કામ કરતા હતા ત્યાં આવ્યા. તૌરાતમાં છે કે, ''પછી સદોમમાં સાંજે બે દૂત આવ્યા : અને લૂત સદોમની ભાગોળમાં બેઠો હતો.'' ઉત્પત્તિ-૧૯:૧ ઈબ્રાહીમ અલૈ. ને ખુશખબર આપવા ત્રણ ફરિશ્તાઓ આવ્યા હતા એવું તૌરાતમાં જણાવ્યું છે. જુઓ ઉત્પત્તિ ૧૮:૨ આ ત્રણ પૈકી બે દૂત લૂત અલૈ. પાસે આવ્યા એવું તૌરાતમાં છે. એટલે અહીં એકસૂત્રતા જળવાઈ નથી. તેમણે લૂત અલૈ.ને કહ્યું : અમે પ્રવાસીઓ છીએ; થાકયા પાકયા છીએ. તમારા ત્યાં અમને એક રાત રહેવા દો,'' આ માગણીથી લૂત અલૈ. ને ખૂબ દીલગીરી ઉત્પન્ન થઈ, મનમાં ઘણા મૂંઝાયા અને કહેવા લાગ્યો કે આજનો દિન મહા કપરો છે.'' ૧૧:૭૭ મહેમાનોને ના પાડવી અને ધુત્કારી કાઢવી એ તો વિનય ચૂકયા જેવું ગણાય. એટલે સંકુચિત મને મહેમાનોને લઈ ઘર તરફ ચાલવા માંડયું. મહેમાનો પાછા ચાલ્યા જાય એવો ઈશારો કરવા તેમને કહેવા લાગ્યા, ''અલ્લાહના સોગંદ ખાઈ કહું છું કે અહીંના લોકોથી વધારે દુરાચરણી લોકો કયાંય પણ હશે નહીં.'' ફરિશ્તાઓએ આ વાતને જાણી બૂઝીને ટાળી દીધી. થોડુંક ચાલ્યા હશે તેટલામાં પોતાની મૂંઝવણ બતાવવા ફરી વાર ઉપર પ્રમાણે ફરિશ્તાઓને કહ્યું ત્યારે પણ તેમણે આ વાત સાંભળી ન સાંભળી કરી મૂકી. છેવટે ઘર આંગણે આવ્યા ત્યારે ત્રીજી વાર ઉપર પ્રમાણેની રજૂઆત કરવાનું ચૂકયા નહીં, પરંતુ મહેમાનો કંઈ બોલ્યા નહીં. અંદરો અંદર તેમણે ઈશારા કરી લીધા કે લૂત- પ્રજા દુરાચરણી જ છે એવી સાક્ષી લૂત અલૈ.મેં જાતે આપી છે એટલે લૂત-જાતિ માટે શિક્ષા અનિવાર્ય ગણાય. અલ્લાહે પણ આદેશ આપ્યો હતો કે જ્યાં સુધી પયંગબર જાતે ત્રણ વાર પોતાની જાતિના બદચલનની વાત ન કરે ત્યાં સુધી તેને શિક્ષા કરવી નહીં.

એવામાં ફરિશ્તાઓ લૂત અલૈ.ની હવેલીમાં આવી ગયા પરંતુ શહેરમાં આ મહેમાનોની ખબર પડી ન હતી. લૂત અલૈ.નાં પત્ની કોમની તરફદારી કરતાં હતાં. તેમણે લોકોને ખબર આપી દીધી કે અમારા ઘરમાં હજુ મૂછોનો દોરો ફૂટયો નથી તેવા સ્વરૂપવાન તરૂણો આવ્યા છે. શરીરે સુંદર બાંધાના છે, કપડાં પણ અતિ કિંમતી પહેર્યાં છે, તેમનાં શરીર અને કપડામાંથી ઘણી સરસ સુવાસ આવે છે. આવા તરૂણો તો મારા જોવામાં કદી આવ્યા નથી.

આ ખબર ફેલાતાં ''તેમની કોમના લોકો એકદમ તેમના ઘર તરફ દોડતા ધસી આવ્યા, (કારણ) તેઓ પહેલેથી જ આવાં કુકર્મો કરવા ટેવાયેલા હતા'' ૧૧:૭૮ લોકોને આવતા જોઈ લૂત અલૈ.મેં ઘરનાં બારણાં બંધ કરી દીધાં અને પોતે બહાર નીકળી લોકોને આજીજીપૂર્વક સમજાવવા લાગ્યા કે, ''ભાઈઓ ! મારી દીકરીઓ હાજર છે. તેઓ તમારા માટે પવિત્ર છે, અલ્લાહથી બીતા રહો અને મારા મહેમાનોમાં મારી ફજેતી ન કરો. શું તમારામાંથી કોઈ પણ ''રજુલુર્રશીદ'' અર્થાત્ ''ભલો માણસ'' નથી ? ૧૧:૭૮

તેમણે જવાબમાં કહ્યું, ''અમને તારી દીકરીઓ સાથે કંઈ લેવાદેવા નથી. અમે શું માંગીએ છીએ તે તું જાણે છે.'' ૧૧:૭૯ અમે તને પહેલેથી ચેતવણી આપી ચૂકયા હતા કે કોઈ પણ અજાણ્યાને તમારે મહેમાન લાવવા નહી ; છતાં તમે મહેમાન લાવ્યા, એટલે તમારી ફજેતી તમારા હાથે જ થશે, તેમાં અમારો શું વાંક ? લૂત અલૈ. તેમને શરમિંદો ન કરવા કાલાવાલા કરતા ત્યારે લોકો કહ્યા કરતા કે ''શું અમે વારંવાર તમને ના પાડતા ન હોતા કે દુનિયાભરના ઠેકેદાર ન બનો ? ૧૫:૭૦.

લોકો વાળ્યા વળ્યા નહીં ત્યારે લૂત અલૈ. નિરાશ થઈ કહેવા લાગ્યા, ''મારામાં એટલી શકિત હોત તો હું તમને સીધા કરી દેત ! કોઈ મજબૂત પીઠબળ હોત તો હું તેનો સહારો લેત !'' ૧૧:૮૦ આ સમયે લોકોએ ઘર પર ભારે હલ્લો કર્યો ત્યારે ફરિશ્તાઓએ તેમને કહ્યું, ''હે લૂત ! અમે તો તારા માલિકે મોકલેલા ફરિશ્તાઓ છીએ. આ લોકો તમને કાંઈ હાનિ પહોંચાડી શકશે નહીં.'' ૧૧:૮૧ આ હલ્લો થયો ત્યારે જિબ્રીલ અલૈ.મે પોતાની પાંખ એવી તો જોશથી ફફડાવી કે બધા હુમલાખોરો આંધળા જેવા બની ગયા. પવિત્ર કુરઆનમાં આ અંગે ઉલ્લેખ છે. ''તેના મહેમાનોને ઉઠાવી જવાનો

પ્રયત્ન કર્યો ત્યારે અમે તેમની આંખોમાં આંધળિયાં લાવી નાંખ્યા.'' ૫૪:૩૭

ફરિશ્તાઓએ હલ્લો થયો ત્યારે લૂત અલૈ. ને એવું પણ કહ્યું હતું કે, ''થોડી રાત બાકી રહે ત્યારે તમારી પત્નીને લીધા વિના બીજાં બધાં તમારા કુટુંબીજનોને લઈ અહીંથી નીકળી જજો : અને તમારામાંથી કોઈ પાછું વળીને જુએ નહીં. તેના (તમારી પત્ની) ઉપર તે જ આપત્તિ આવી પડશે જે આ લોકો પર તૂટી પડવાની છે. એમનો નિશ્ચિત સમય પ્રાત:કાળનો છે.'' ૧૧:૮૧ ''વળી તમે તેમની પાછળ પાછળ ચાલજો કે જેથી કોઈ પાછું ફરીને જુએ નહિ.'' ૧૫:૬૫-૬૬

આ ગોઠવણ પ્રમાણે પોતાની બે પુત્રીઓને લઈ લૂત અલૈ. પરોઢિયું થતાં પહેલાં સદૂમ છોડી ચાલી નીકળ્યા ''પાછું ફરીને જોવું પણ નહીં.'' એ કારણે હતું કે તમાશો જોવા ઉભા રહે અથવા ગુનેગાર પ્રજાની સ્થિતિ જોવા ઊભા રહે કદાચ તેમના ઉપર પણ પથ્થરોનો વરસાદ પડી જાય. ''જ્યાં જવાનો તમને હુકમ આપવામાં આવ્યો છે ત્યાં સીધા ચાલ્યા જજો-'' ૧૫-૬૫ તૌરાતમાં એવું કહેવામાં આવ્યું છે કે પોતાના કુટુંબ સાથે પ્રાત:કાળ થતામાં સદૂમથી નીકળીને સોઆરમાં ચાલ્યા ગયા. આ શહેર સદૂમથી થોડા અંતરે આવેલું હતું ''લૂત સોઆરમાં પેઠો ત્યારે પૃથ્વી ઉપર સૂર્ય ઉગ્યો હતો.'' ઉત્પતિ ૧૯:૨૪ સૂર્ય નીકળ્યા પછી તેમણે સદૂમ તરફ નજર કરી તો ત્યાં વિનાશનાં ચિન્હો સિવાય બીજું કશું ન હતું. લૂત અલૈ. પછીથી સોઆરને છોડી દઈ એક પહાડ પર જઈ વસ્યા. ત્યાં સુખ-શાંતિમાં પોતાનું શેષ જીવન પૂર્ણ કર્યું અને ત્યાંજ તેમનું મરણ થયું.

પરોઢિયે જ લૂત-જાતિના લોકો પર આપત્તિ આવી પડી. તૌરાતમાં આવે છે કે, ''ત્યારે યહોવાહે સદોમ અને ગમોરાહ પર ગંધક અને આગ આકાશમાંથી વરસાવ્યાં અને તેણે તે નગરોનો તથા આખા નીચાણનો તથા નગરમાં સર્વ રહેનારાંનો તથા ભૂમિ પર ઊગેલાંનો નાશ કર્યો.'' ઉત્પત્તિ : ૧૯:૨૫-૨૬-પવિત્ર કુરઆનમાં તેમના નાશ માટે એવું કહેવામાં આવ્યું છ કે, ''- અમે તે ભૂમિનો ભાગ તળે ઉપર કરી નાંખ્યો અને તેમના ઉપર માટીના શેકાયેલા ગરમાગરમ પથ્થરોનો વરસાદ વરસાવ્યો.'' ૧૧:૮૨ ઈંટોના પજાવામાં કેટલીક ઈંટો વધારે પાકી જતાં તેમના ખંગાર બની જાય છે, તેવા

ગરમા ગરમ ખંગારનો વરસાદ તેમના ઉપર વરસ્યો. વળી આ ખંગારો પૈકી દરેક ખંગાર બરાબર તાકીને દરેકને વાગતો અને તે ત્યાં ઢગલો થઈ મરણ પામતો. એ માટે પણ પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, ''તારા પરવરદિગાર પાસે દરેક આવો પથ્થર-ખંગાર- નિશાનીવાળો હતો.'' ૧૧:૮૨ આ શહેરો વસ્યાં હતાં તેટલી ભૂમિને જિબ્રીલ અલૈ.મેં ઉંચકી લીધી અને જેમની તેમ એટલે ઉંચે આકાશમાં લઈ ગયા કે પહેલા આસમાનના ફરિશ્તાઓના કાને તેટલી ભૂમિ પર ભમતાં કૂતરાંઓનો અવાજ સંભળાતો હતો : પછી તેને ઉંધી ફેંકી દીધી : પરિણામે લૂત-જાતિના લોકોનાં ઘરો, ખેતરો, વાડી-વજીફા વગેરે બધું જ ઉંધું પડી ગયું અને જમીનમાં દટાઈ ગયું. આ માટે તે ભૂમિને ''મુ'તફિકાત'' ઉંધી વળેલી જગા કહી છે. આમ સારી યે લૂત-જાતિનું નખ્ખોદ વળી ગયું.

અલ્લાહ તઆલાએ ''લૂત અને તેમના કુટુંબીજનોને બચાવી લીધા.'' ૨૬:૧૭૦. તેમની પત્ની વાઈલહનો તો બધાંની સાથે અંત આવ્યો. આ શહેરો જ્યાં હતાં ત્યાં મૃત-સરોવરનાં પાણી ફરી વળ્યાં. આ વિનાશ રસ્તામાં હાલ પણ જોવા મળે છે. ''બેશક, એમાં એક નિશાની છે.'' ૨૬:૧૭૪ જે લોકોને પયંગબર તરફથી પ્રત્યક્ષ ઉપદેશ મળે છે છતાં મૂર્તિપૂજાને છોડતા નથી, શિર્ક કર્યા કરે છે અર્થાત્ બહુદેવવાદને કે અનેક દેવતાઓની પૂજા કરે છે અને સુકૃત્યો કરતા નથી તેવા લોકોનો નાશ થયા વિના રહેતો નથી.

## ૧૩. મદયન અને અયકા લોકોની પાયમાલી

પવિત્ર કુરઆનમાં આ બંને જાતિઓનાં વર્ણન જુદાં જુદાં પ્રકરણોમાં અને જુદી જુદી આયતોમાં આવે છે. મદયન લોકોનું વર્ણન.

૭/૮૫ થી ૯૩, ૯/૭૦, ૧૧/૮૪ થી ૯૫, ૨૦/૪૦, ૨૮/૨૨-૨૩, ૨૯/૩૬-૩૭ ની આયતો

માં આવે છે., જ્યારે અયકા લોકોનું વર્ણન ૧૫/૭૮ થી ૮૪, ૨૬/૧૭૬થી૧૯૧

૩૮/૧૩ અને ૫૪/૧૪ એમ ફકત ચાર પ્રકરણોમાં આવે છે.

મદયન લોકોનું મુખ્ય સ્થળ મદયન શહેર હતું અને અયકા લોકોનું મુખ્ય સ્થળ અયકા હતું તેથી તેઓ અનુક્રમે મદયન લોકો અને અયકા લોકો તરીકે ઓળખાયા. પ્રશ્ન એ ઉભો થાય છે કે આ બંને એક જ જાતિના લોકો હતા કે જુદી જુદી જાતના લોકો હતા ? ભાષ્યકારોમાં આ અંગે મતભેદ છે. એક પક્ષનું કહેવું છે કે બંને જુદી જુદી જાતિઓના લોકો હતા. પવિત્ર કુરઆનમાં ત્રણ જગાએ ૭:૮૫-૧૧:૮૪ અને ૨૯:૩૬ની આયતોમાં શુઐબ અલૈ.ને મદયન લોકોના ભાઈ કહ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ''મદયન લોકોમાં અમે તેમના ભાઈ શુઐબને મોકલ્યો.'' અયકા લોકોના સંબોધનમાં શુઐબ અલૈ. ને તેમના ભાઈ કહ્યા નથી. ત્યાં એવું ફરમાવવામાં આવ્યું છે કે, ''શુઐબે તેમને (અયકા-લોકોને)કહ્યું : શું તમે (અલ્લાહથી) બીતા નથી ?'' ૨૬:૧૭૭ આ પક્ષનું કહેવું છે કે આ આયતોથી સ્પષ્ટ પુરવાર થાય છે કે શુઐબ અલૈ. મદયન જાતિના હતા, અયકા જાતિના નહીં. અયકા-જાતિ સંબંધી પવિત્ર કુરઆનમાં ફકત ચાર જગાએ વર્ણન આવે છે પરંતુ તેમાં ક્યાંયે તેમને અયકા- લોકોના ભાઈ કહ્યા નથી : એટલે બંને જુદી જુદી જાતિઓના હતા એવું અનુમાન તારવી શકાય. વળી બંનેનો વિનાશ પણ જુદી જુદી રીતે થયો હતો. પ્રચંડ ભૂકંપ અને ભયંકર ગર્જનાથી મદયન લોકોનો

નાશ થયો હતો. એક વાદળીમાંથી ઝરતી અગ્નિથી અયકા-લોકો બળીને ભસ્મ થઈ ગયા હતા. આ બાબત પણ સાખ પૂરે છે કે બંને જુદી જુદી જાતિઓના હતા.

બીજા પક્ષનું કહેવું છે કે બંને એક જ જાતિના લોકો હતા. મદયન લોકોમાં જે દુર્ગુણો હતા અને જે ખોટાં કૃત્યો કરતા હતા તેવા જ દગુર્ણો અયકા લોકોમાં હતા અને તેવાં જ ખોટાં કૃત્યો તેઓ પણ કરતા હતા. શુઐબ અલૈ.નો ઉપદેશ બંને માટે એક સરખો હતો. બંનેની એક જ માતૃભાષા અરબી હતી અને બંનેના છેવટના અંતમાં તફાવત નથી અર્થાત બંનેનો વિનાશ થયો. વળી બંને એક જ પ્રદેશમાં અરબસ્તાનની ઉત્તરે વસતા હતા. તફાવત એટલો જ હતો કે મદયન લોકો હિજાઝના વાયવ્ય ખૂણામાં વસતા હતા જ્યારે અયકા લોકો મદયન પ્રદેશથી પૂર્વમાં વસતા હતા. જેમ આજે કાઠિયાવાડમાં વસનારા કાઠિયાવાડી કહેવાય છે જ્યારે ગુજરાતના બાકીના ભાગમાં વસનારા ગુજરાતીઓ કહેવાય છે; પરંતુ બંને બીજા પ્રદેશોમાં ગુજરાતીઓ તરીકે જ ઓળખાય છે; તેવી રીતે પશ્ચિમમાં વસનારા મદયન કહેવાયા, તેમની પૂર્વમાં વસનારા અયકા કહેવાયા. આ બાબતો પરથી આ પક્ષના ઉલેમાઓ એવું અનુમાન તારવે છે કે બંને એક જ જાતિના લોકો હતા.

બંને પક્ષોની દલીલોમાં તથ્ય છે. સાચી બીના તો એવી છે કે બંને બે જુદા જુદા કબીલાઓના લોકો હતા, પરંતુ એક જ પૂર્વજના બે ફાંટા હતા. તૌરાતમાં આવે છે કે, ''અને ઈબ્રાહીમે એક વધુ પત્ની કરી હતી તેનું નામ કતૂરા હતું અને તેનાથી ઝિમ્રાન, યોકશાન, મદ્યાન, મિદ્યાન, યિશબાક અને શૂઆહ, એ દીકરા તેને થયા. અને યોકશાનથી શબાન તથા દદાન થયા અને આશૂરીમ, લટૂસીમ અને લઉમીમ એ દદાનના દીકરા હતા : અને એફાહ, એફેર, હનોખ, અબીદા અને એલ્લઆહ એ મિદ્યાનના દીકરા. આ બધા કતૂરાના વંશજો હતા.'' ઉત્પત્તિ ૨૫:૧ થી ૪ મિદ્યાન અર્થાત મધ્યનના વંશજોએ વસાવેલ વસાહતને પોતાના પિતાના નામ પરથી મધ્યન નામ રાખ્યું અને તેઓ મધ્યન-પ્રજા કે મધ્યન લોકો તરીકે ઓળખાયા. બીજા પુત્રોના વંશજો પૈકી દદાનના વંશજો Dedanites તરીકે ખ્યાતિ પામ્યા. તેઓ ઉત્તર

અરબસ્તાનમાં મધ્યન લોકોના ઈલાકાની પૂર્વમાં તીમા, તબૂક અને અલ-ઉલાની વચ્ચેના પ્રદેશમાં વસ્યા. તેમનું મુખ્ય-સ્થળ તબૂક હતું જે પ્રાચીન કાળમાં અથવા તે સમયે અયકાના નામે ઓળખાતું હતું. તેથી દદ્દાનના વંશજો અયકા લોકો તરીકે ઓળખાયા. આથી પુરવાર થાય છે કે મદયન અને અયકા બંને એક જ પૂર્વ જ અર્થાત ઈબ્રાહીમ અલૈ.ના વંશજો હતા.

અરબસ્તાનની ઉત્તરમાં આવેલા હિજાઝ પરગણાની વાયવ્યમમાં અને પેલેસ્ટાઈનની દક્ષિણમાં આવેલો પ્રદેશ આજથી ત્રણ સાડા ત્રણ હજાર વરસ પહેલાં[૨] મધ્યન લોકોનો પ્રદેશ તરીકે ઓળખાતો હતો. આ લોકો હિજાઝના ઉત્તરના ભાગથી લઈ પેલેસ્ટાઈનના દક્ષિણ ભાગ સુધી અને ત્યાંથી લઈ સીનાઈ દ્વીપકલ્પના આખરી ખૂણાથી અકબાના અખાતના તથા રાતા સમુદ્રના કિનારે કિનારે વસેલા હતા. તેમનું મુખ્ય- શહેર મધ્યન હતું. આ શહેરને એ લોકોએ વસાવ્યું હતું અને પોતાનો મૂળ પૂર્વજ ઈબ્રાહીમ અલૈ.ના પુત્ર મિદ્યાન અથવા મધ્યન પરથી મધ્યન નામ રાખ્યું હતું. તે અકબાના અખાતના પૂર્વ કિનારે પ્રાચીન ''ઐલા'' અને અર્વાચીન ''અકબા'' શહેરથી પાંચ દિવસના માર્ગ જેટલા અંદરે આવેલું છે. બીજી રીતે કહીએ તો આ મધ્યન શહેર તબૂકથી બરાબર ૬ મંઝિલ જેટલું દૂર અકબાના અખાતના કિનારા પર આવેલું હતું.[૧] વળી એમ કહેવામાં આવ્યું છે કે તે સમયે ઉપલબ્ધ થતાં સાધનો દ્વારા અર્થાત્ ઊંટ, ઘોડા અથવા પગપાળા ચાલતાં તે સમયની ઈજિપ્તની રાજધાનીથી મદયન આવતાં ૮ દિવસ થતા હતા.

નાઈલ નદીના નીચાણના પ્રદેશમાં આશરે ૩૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં સીનાઈનો દ્વીપકલ્પ આવેલો છે. તેની દક્ષિણે સુએજનો અખાત આવેલો છે. તેની ઉત્તરે સુએજની સંયોગીભૂમિ હતી. આ સંયોગીભૂમિ ખોદીને તેમાંથી સુએજની નહેર તૈયાર કરવામાં આવેલી છે. આ દ્વીપકલ્પની પૂર્વે પેલેસ્ટાઈન- સિરિયન સરહદ પર સીનાઈનું રણ આવેલું છે. તેમાં આ મધ્યન શહેર આવેલું હતું.[૨] આ મધ્યન શહેર સીનાઈ રણના કોઈક રણદ્વીપમાં આવેલું હોવું જોઈએ અને એ રણદ્વીપનો વિસ્તાર એટલો મોટો હોવો જોઈએ

---

૧. ઈબ્ને કસીર ૧૧ : ૮૪ તફસીર.

૨. See note 3349 The Holy Quran Trans. by Usuf-Ali.

કે તેમાં અયકા કબીલાના લોકો પણ વસી શકતા હોવા જોઈએ. આ તારવણી યોગ્ય જણાતી નથી. નકશામાં બતાવ્યા પ્રમાણે અકબાના અખાતના પૂર્વ કિનારે નકશામાં દર્શાવેલા સ્થળે મધ્યન શહેર આવેલું હોવું જોઈએ, કારણ સીનાઈનો દ્વીપકલ્પ અરબસ્તાનનો ભાગ ગણાતો નથી; જ્યારે આ બંને પ્રજાઓ અરબસ્તાનમાં વસી ગઈ હતી એવો સર્વ સામાન્ય મત છે. આથી કહી શકાય કે મધ્યન શહેર સીનાઈના દ્વીપકલ્પમાં ન હતું, તેની તદ્દન પાસે હશે એમ જણાય છે. મધ્યનના પ્રદેશથી પૂર્વમાં તીમા, તબૂક અને અલ- ઊલા શહેરો આવેલાં છે. આ શહેરોમાં તથા તેમની આજુબાજુના વિસ્તારમાં અયકા લોકો વસતા હતા. તેમનું મુખ્ય શહેર તબૂક હતું પરંતુ તે સમયે તે અયકા કહેવાતું હતું. આજે પણ તબૂક શહેરના લોકોમાં એવી દંતકથા પ્રચલિત છે કે આજ જગા અર્થાત્ તબૂક શહેર પ્રાચીન કાળમાં અયકા તરીકે ઓળખાતું હતું. આજે તો અયકા નામની એક ખાડી છે જે અલ-લૂર નામના પહાડમાંથી નીકળી એફલ નામની એક ખીણમાં સમાય જાય છે. કોઈક ગામના પાદરમા કે સીમમાં આંબાવાડિયું હોય છે ત્યાં આંબાના ઝાડોનું ઝૂંડ હોય છે. તેવી જ જાતનાં પરંતુ કોઈક જુદી જાતનાં ઝાડોનાં ઝૂંડો હશે તેવા ઝૂંડોમાં અયકા લોકો રહેતા હતા એમ એના અયકા નામ ઉપરથી સાબિત થાય છ, કારણ અયકા એટલે ઝાડોનું ઝૂંડ એવો અર્થ થાય છે. તેથી કહી શકાય કે અયકા લોકો (અસ્હાબુલ અયકા) એટલે ઝાડોના ઝૂંડોમાં વસનારા લોકો. અયકા લોકોનો પ્રદેશ મધ્યન લોકોના પ્રદેશની પૂર્વમાં અડોઅડ આવેલો હતો. વળી પવિત્ર કુરઆનની ૧૧:૮૯ની આયતમાં કહેવામાં આવ્યું છે કે, ''અને લૂત-જાતિના લોકો તમારાથી બહુ દૂર પણ નથી.'' આ આયતમાંથી બીજો અર્થ એ પણ નીકળે છે કે શુઐબ અલૈ.ની પ્રજાનો મુલક લૂત-પ્રજાના પ્રદેશથી બહુ દૂર નથી; અર્થાત લૂત-પ્રજાના પ્રદેશની અડોઅડ આવેલો હતો. આથી પણ પુરવાર થાય છે કે મધ્યન-અયકા લોકોનો પ્રદેશ મૃત-સરોવરની દક્ષિણે પરંતુ અરબસ્તાનની ઉત્તરે આવેલો હતો.

પ્રાચીન-કાળમાં મધ્યન-અયકા લોકોનો મુલક બે આંતર-રાષ્ટ્રીય વેપારી માર્ગોના ચોરાહા (cross-roads) પર આવેલો હતો. એક માર્ગ ઉત્તર-દક્ષિણનો હતો જે રાતા સમુદ્રના કાંઠે કાંઠે યમન (એડન)થી મક્કા અને નીબૂ થઈ

ઈજિપ્ત અને સિરિયા જતો હતો. બીજો માર્ગ પૂર્વ-પશ્ચિમનો હતો, જે ઈરાન-ઈરાકથી ઈજિપ્ત જતો હતો. આ બંને માર્ગો મધ્યન-અયકાના પ્રદેશમાંથી પસાર થતા હતા એટલે મધ્યન-અયકા લોકોનો મુખ્ય વ્યવસાય વેપારનો હતો. અરબ વેપારી કાફલાઓ ત્યારે પણ અને મધ્યન- અયકાની પાયમાલી પછી પણ તેમના પ્રદેશમાંથી પસાર થતા હતા તેથી અરબ-લોકો મધ્યન-અયકા લોકોથી અને તેમની પાયમાલીની કહાણીથી સારી રીતે પરિચિત હતા. પવિત્ર કુરઆનમાં એમના પ્રદેશમાંથી પસાર થતા વેપારી માર્ગો અંગે કહેવામાં આવ્યું છે કે, ''આ બંને (લૂત અને મધ્યન-અયકા)ના લોકો ઉઘાડા માર્ગો પર વસેલા હતા.'' ૧૫:૭૯ ''અને તમે રસ્તાઓ ઉપર એ હેતુઓ માટે ન બેસો કે (લોકોને) બીવડાવો અને શ્રદ્ધાળુ લોકોને અલ્લાહના માર્ગથી અટકાવો,'' ૭:૮૬ આ આયતોથી પણ પુરવાર થાય છે કે મધ્યન- અયકા લોકોના પ્રદેશમાંથી વેપારી માર્ગો પસાર થતા હતા. આ લોકો આ વેપારી માર્ગો પર લૂંટેરા બની બેસતા હતા. વેપારીઓ અને વટેમાર્ગુઓને બીવડાવતા અને ધમકાવતા તથા તેમને લૂંટી લેતા હતા. વળી ત્યાંથી મુસલમાનો અર્થાત શ્રદ્ધાળુજનો શુઐબ અલૈ. પાસે હિદાયત મેળવવા જતા તો તેમને અટકાવતા હતા.

શુઐબ અલૈ.કયારે થઈ ગયા તેનો ચોક્કસ સમય કયાંય મળતો નથી. પવિત્ર કુરઆનમાં એ સંબંધી ૧૧:૮૯ની આયતમાં ઈશારો કરવામાં આવેલો છે. તેમાં ફરમાવવામાં આવેલું છે કે, ''લૂત-જાતિના લોકો તમારાથી બહુ દૂર પણ નથી.'' અર્થાત લૂત-જાતિ અને તમારી વચ્ચે બહુ લાંબો સમય પણ વીત્યો નથી. લૂત-જાતિના લોકોનું દુનિયામાંથી નામ-નિશાન મટી ગયા પછી લગભગ ૩૦૦-૪૦૦ વરસે મધ્યન અને અયકા લોકો અસ્તિત્વમાં આવ્યા હતા. આ લોકોને હિદાયત આપવા, સન્માર્ગે લઈ જવા અને ચેતવણી આપવા માટે શુઐબ અલૈ.ને પયગંબર તરીકે મોકલવામાં આવ્યા હતા, શુઐબ અલૈ. ઈબ્રાહીમ અલૈ. ના પ્રપૌત્ર થાય. તેમનું પેઢીનામું આ પ્રમાણે છે :

શુઐબ અલૈ. બિન મીકાઈલ બિન યશહાર બિન મધ્યન બિન ઈબ્રાહીમ અલૈ.[3] લૂત અલૈ. ઈબ્રાહીમ અલૈ.ના ભત્રીજા થતા હતા અને બંને કાકા-ભત્રીજા સમકાલીન હતા. ઈબ્રાહીમ અલૈ.થી ચોથી પેઢીએ શુઐબ અલૈ. થઈ ગયા એ નિર્વિવાદ છે. ઈબ્રાહીમ અલૈ. અને મૂસા અલૈ.ની વચ્ચેના સમય દરમ્યાનના લોકોનું સરેરાશ આયુષ્ય ૧૦૦-૨૦૦ વરસ વચ્ચેનું રહેતું હતું. અર્વાચીન જગતમાં લોકોનું સરેરાશ આયુષ્ય ૩૦ થી ૭૦ વચ્ચે રહે છે. આજે બે પેઢી વચ્ચેને ગાળો ૨૦-૨૫ વરસનો હોય છે અને ત્યારે અર્થાત ઈબ્રાહીમ અલૈ અને શુઐબ અલૈ.ના સમયમાં બે પેઢી વચ્ચેનો ગાળો લાંબુ આયુષ્યના કારણે ૪૦-૫૦ વરસનો મૂકીએ તો ઈબ્રાહીમ અલૈ. પછી શુઐબ અલૈ. ૨૦૦-૨૫૦ વરસે થયા હસે એવું અનુમાન તારવી શકાય.

પવિત્ર કુરઆનમાં મૂસા અલૈ.મે મદયન શહેરમાં ઘણાં વરસો ગાળ્યાં એવો ઉલ્લેખ મળે છે. ''તું (મૂસા અલૈ.) મદયન લોકોમાં કેટલાંક વરસો રહ્યો ?'' ૨૦:૪૦ આ સંબંધી હકીકત એવી છે કે ૩૦ વરસની તરૂણ વયે મૂસા અલૈ.થી અનાયાસે ઈજિપ્તની રાજવી કોમના એક કિબ્તીનું ખૂન થઈ ગયું તેથી ઈજિપ્તના રાજા ફિરઓનના દરબારમાંથી તેમને ભાગી જવું પડયું. ''ત્યારે તેમણે મદયન તરફ જવાં માંડયું.'' ૨૮:૨૨ તેઓ મધ્યન શહેરમાં શહેરની બહાર આવેલા એક કૂવા પર આવી ચઢયા હતા.'' અને જ્યારે તે (મૂસા) મદયનના કૂવા પર આવી પહોંચ્યા ત્યારે તેમણે ઘણા ગોવાળોને પોતાનાં જાનવરોને પાણી પીવડાવતાં જોયા અને તેમનાથી અલગ એક બાજુ પર બે યુવતીઓ પોતાનાં જાનવરોને રોકીને ઊભેલી જોઈ. મૂસાએ તેમને પૂછ્યું : ''તમે કેમ વ્યાકુળ છો ?'' તેમણે કહ્યું : ''જ્યાં સુધી આ ગોવાળો પોતાનાં જાનવરોને ખસેડી લેશે નહીં ત્યાં સુધી અમે અમારાં જાનવરોને પાણી પાઈ શકતી નથી અને અમારા પિતા ઘણા જ વૃદ્ધ છે.'' આ વૃદ્ધ શુએબ અલૈ. હતા એવી માન્યતા મુસલમાનોમાં પ્રચલિત થઈ ગઈ છે. આ વૃદ્ધ કોણ, તેમનું નામ સ્પષ્ટ રીતે અથવા સૂચનરૂપે પવિત્ર કુરઆનમાં કયાંયે આપવામાં આવ્યું નથી. શુઐબ અલૈ.ની પુત્રી શફૂરાનાં લગ્ન મૂસા અલૈ.

3. મવાહિબ Vol. III પૃ. ૧૬૨-૩:૩૩ની આયતની તફસીરમાં.

સાથે થયાં એ વાત પણ પ્રચલિત છે. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ખરેખર આ વૃદ્ધ શુઐબ અલૈ. જ હતા કે બીજા કોઈ એ જ નામના પવિત્ર પુરૂષ હતા ? મૂસા અલૈ.નું તૌરાતનું પેઢીનામું જોતાં ઈબ્રાહીમ અલૈ.થી ૬ઠ્ઠી પેઢીએ મૂસા અલૈ. થઈ ગયા છે.[૪] કુરઆનના ભાષ્યકાર સૈયૈદ અમીરઅલીએ આપેલ પેઢીનામા પ્રમાણે ઈબ્રાહીમ અલૈ.થી ૭મી પેઢીએ મૂસા અલૈ. થઈ ગયા છે.[૫] આથી સમજાશે કે શુઐબ અલૈ. અને મૂસા અલૈ. વચ્ચે તૌરાત પ્રમાણે એક પેઢી અને સૈયદ અમીરઅલીએ આપેલ પેઢનામા પ્રમાણે બે પેઢીનો સમય હતો. પવિત્ર કુરઆન એ વાતની સાક્ષી આપે છે કે પેલી યુવતીઓના પિતા એટલા વૃદ્ધ હતા કે તેમનાથી ઘરની બહાર પણ નીકળાતું ન હતું; પરંતુ વાતચીત કરવામાં અને માણસની ઓળખ કરવામાં શુદ્ધબુદ્ધ હતા. મૂસા અલૈ. તેમના ત્યાં રહ્યાં ત્યારે ૩૦ વરસની નાની વય હતી એટલે અને તે અતિશય વૃદ્ધ હતા એટલે શુઐબ અલૈ. ના અંતિમ કાળમાં મૂસા અલૈ.નો ભેટો થયો હોય એ બાબત ત્યારે જ શકય લાગે છે કે જ્યારે શુઐબ અલૈ.નું આયુષ્ય વધારે લાંબું હોય અને એ શકય પણ છે. આ દ્રષ્ટિએ જોતાં ઈબ્રાહીમ અલૈ. પછી ૩૦૦થી ૪૦૦ વરસના ગાળામાં શુઐબ અલૈ. થઈ ગયા હશે એમ કહી શકાય. કેટલાક ઊલેમાઓ ઈબ્રાહીમ અલૈ. અને શુઐબ અલૈ. વચ્ચે ૨૦૦ વરસનો ગાળો મૂકે છે.

એ તો આપણે પાછળ જોઈ ગયા કે મદયન અને અયકા બંને જુદા જુદા કબીલાઓના લોકો હતા; પરંતુ બંનેના પૂર્વજ ઈબ્રાહીમ અલૈ.ના પુત્ર મદયન હતા. એથી સ્વાભાવિક છે કે બંને કબીલાઓના લોકો શરૂઆતમાં ઈબ્રાહીમી ધર્મ અર્થાત્ દીને ઈબ્રાહીમી પાળતા હતા, એટલે કે તેઓ ઈબ્રાહીમ અલૈ.ની હિદાયત પ્રમાણે ચાલતા હતા. ખાસ કરીને એકજ અલ્લાહની બંદગી કે પૂજા કરતા હતા. ઈબ્રાહીમ અલૈ. પછી ૬૦૦-૭૦૦ વરસ સુધી બહુદેવવાદી અને ખરાબ સંસ્કારોવાળા લોકોમાં રહેતા રહેતા આ કબીલાઓના લોકો પણ

---

૪. જુઓ તૌરાત. નિર્ગમન. ૬:૧૮.

૫. મૂસા બિન ઈમરાન બિન યશહર બિન ફાહસ બિન લાવી બિન યાકુબ અલૈ. બિન ઈસ્હાક અલૈ. બિન ઈબ્રાહીમ અલૈ.

બહુદેવવાદમાં અર્થાત્ શિર્કમાં માનતા થઈ ગયા હતા. અનેક દેવ-દેવીઓની પૂજા કરવા લાગ્યા હતા અને જોર-જુલમનાં કૃત્યો પણ કરતા થઈ ગયા હતા. અનેક દેવ-દેવીઓની પૂજા માટે મૂર્તિ પૂજા તેમનામાં મુખ્ય થઈ પડી હતી. તૌરાતમાંથી એવું તારણ નીકળે છે કે મદયન અને અયકાના લોકો બઆલ- પેઓરની પૂજા કરતા હતા. તે લોકો પણ બની ઈસ્રાઈલ લોકોની જેમ "પોતાના દેવોના યજ્ઞોને પ્રસંગે લોકોને નોતરતા હતા. અને લોકોને ખવડાવતા અને તેઓના દેવોનું ભજન કરતાં હતાં."[૬] અયકાના લોકો વૃક્ષ -પૂજન પણ કરતા હશે એમ લાગે છે. આજે ભારતમાં હિંદુઓ દરરોજ પીપળાના ઝાડની પૂજા કરે છે અને દશેરાના દિવસે રાજાઓ અને ક્ષત્રિયો શમી પૂજન અર્થાત્ સમડાના ઝાડની પૂજા કરે છે. તેમ અયકાવાળાઓ એવી જ રીતે કોઈક ઝાડની પૂજા કરતા હશે. શુઐબ અલૈ. તેમને વારંવાર કહેતા કે, "ઓ મારી કોમ ! તમે એક જ અલ્લાહની ઈબાદત કરો : તેને સિવાય બીજો કોઈ પૂજ્ય નથી." ૧૧ : ૮૪ વળી તે કહેતા કે, "બેશક હું તમારા માટે એક વિશ્વાસપાત્ર પયગંબર છું. માટે તમે અલ્લાહથી બીતા રહો અને મારી આજ્ઞા માનો." ૨૬ : ૧૭૮-૧૭૯ આમ પ્રથમ તેમણે એક જ અલ્લાહની બંદગી કરવા સમજાવ્યા.

આમ અન્યની પૂજા ઉપરાંત તેઓ બીજાં પણ ખોટાં કૃત્યો કરતા હતા. આ લોકો વેપારી હતા પરંતુ માપ-તોલમાં તેઓ ગ્રાહકોને હંમેશાં ઓછું આપતા હતાં. આજે આપણા ભારતમાં લારીવાળાઓ ફેરિયાઓ કે ફૂટપાથ પર બેસી વેચનારાઓ અને ખાસ કરીને વાઘરી કોમના લોકો માપતોલમાં ઓછું આપે છે. ઓછું આપવાની અનેક રીતો ઉપયોગમાં લેવાય છે. તોળતાં તોળતાં દાંડી મારી એક પલ્લુ નમાવી દે છે. વસ્તુઓ તોળવાના પલ્લા બાંધી પલ્લું ખેંચી નમાવી દેવામાં આવે છે, પરિણામે ઓછુ તોલ હોય છતાં પેલું પલ્લું નીચે નમેલું જણાય છે. કેટલાંક બાટ ઘસી નાંખી ઓછાં રાખવામાં આવે છે. કેટલાક ત્રાજવા સમતોલ રાખવામાં આવતાં નથી એટલે ત્રાજવામાં ધડો હોય છે. આમ અનેક પ્રકારે તોલ ઓછું આપવાની તરકીબો આજે અજમાવવામાં

૬. તૌરાત : ગણના પ્ર. ૨૫ : ૨-૩

આવે છે. કેટલાક વેપારીઓ તો એટલા પાવરધા હોય છે કે આપણે ગ્રાહક તરીકે ગમે તેટલાં સભાન હોઈએ છતાં પણ ઓછું જ લઈને ઘેર જઈએ છીએ. ઘેર જઈને તોલતાં શેરનું અડધો શેર ને નવટાંક થઈને જ રહે છે. વળી વેપારીઓ ખરીદી કરતી વેળા વધારે તોલમાં લે છે. આજે પણ કાછિયાઓ ખેડૂતો પાસેથી શાકભાજી, કેરીઓ અને બીજાં ફળ અથવા અનાજ ઈત્યાદિ વધારે લે છે. ૪૦ શેરના બદલે લેવામાં બેંતાલીસ શેરના હિસાબે ખરીદવાનો રિવાજ છે. અનાજના વેપારીઓ ગ્રાહકો પાસેથી કંઈને કંઈ રકમ ધર્માદા લે છે તથા બીજા લાગા પણ વસૂલ કરે છે. આ બાબતો અંગે જ્યારે વિરોધ કરવામાં આવે છે ત્યારે જવાબ મળે છે કે એ તો અમારા વેપારીઓનો રિવાજ છે. માપ-તોલમાં ઓછું આપવાની સઘળી તરકીબો શુઐબ અલૈ.ની કોમના લોકો અર્થાત્ મદયન અયકાના લોકો અજમાવતા હતા. માપ-તોલમાં ઓછું આપવાની અને વધુ લેવાની શરૂઆત આ લોકોએ કરી હશે એટલું જ નહીં તેની મર્યાદા પણ ઓળંગી જતા હશે એમ માનવાને કારણ મળે છે. એ બાબતમાં તેઓ અતિરેક કરતાં હશે અને તેથી ખૂબ જ ટંટા-ફિસાદ, લડાઈ-ઝઘડા થયા કરતા હશે અને સમાજમાં એક અનિષ્ટની શરૂઆત થઈ હશે, તેને દૂર કરવા અને ભવિષ્યની પ્રજાઓ પણ આ અનિષ્ટથી અળગા રહે તેવી હિદાયત માટે શુઐબ અલૈ.ને પયગંબર તરીકે અલ્લાહે મોકલ્યા હતા. તેઓ લોકોને સમજાવતા કે, ''હે મારી કોમના લોકો ! તમે અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય બીજો કોઈ પૂજ્ય નથી. અને માપ-તોલમાં ઓછું ન આપો. આજે તો હું તમને સારી સ્થિતિમાં જોઉં છું. પરંતુ મને ભય રહ્યા કરે છે કે (આવતી કાલે) એવું બનવા પામે કે તમને કોઈક અઝાબ અથવા કુદરતી આપત્તિ ઘેરી લે. હે મારા જ્ઞાતિબંધુઓ ! માપ-તોલ અદલ ઈન્સાફ સાથે પૂરેપૂરાં આપો અને લોકોએ તેમની (ખરીદી કરેલી) ચીજો ઓછી ન આપો. અને તેમ કરી ટંટો-ફિસાદ ફેલાવ નહીં. '' ૧૧-૮૪,૮૫ વળી અયકાના લોકોને પણ શુઐબ અલૈ. એવાજ શબ્દોમાં સમજાવતા કે, ''માપ પૂરેપુરું ભરો અને કોઈને નુકસાન ન કરો (અર્થાત્ ઓછું ન આપો.) : સમતોલ ત્રાજવાં વડે જોખો અને લોકોને તેમની (ખરીદ કરેલી) વસ્તુઓ ઓછી ન આપો અને તેમ કરી ટંટો-ફિસાદ કર્યા ન કરો, તથા તેનાથી બીતા રહો જેણે

તમને તથા તમારી પહેલાંની કોમો-જાતિઓ-ને પેદા કરી છે.'' ૨૬:૧૮૧ થી ૧૮૩. આ આયતો વાંચવાથી ચોખ્ખું સમજાય છે કે આ બંને જાતિઓના લોકોનો મુખ્ય વ્યવસાય વેપારનો હતો. બંને કબીલાઓના લોકો ગ્રાહકોને પૂરેપુરૂં માપ-તોલ આપતા ન હતા. અનેક પ્રકારની તરકીબો અજમાવી માપ-તોલમાં ઓછું આપતા હતા. એમના દેશમાંથી બે વેપારી માર્ગો પસાર થતા હતા એટલે વેપારી કાફલાઓ લૂંટી લેતા હતા. બીજી પ્રજાઓના વેપારી કાફલાઓ પાસેથી ભારે રકમ વસૂલ કર્યા વિના પોતાના દેશમાંથી પસાર થવા દેતાં ન હતાં. આંતર-રાષ્ટ્રીય વેપાર પોતાના હસ્તક રહે તે માટે આ વેપારી માર્ગોની સલામતી જોખમકારક અને ભયભીત બનાવી મૂકી હતી. કાફલા લૂંટી લેતા એટલું જ નહીં. વેપારીઓને કે વટેમાર્ગુઓને પકડી ગુલામો તરીકે વેચી મારતા હતાં, કહેવામાં આવે છે કે યૂસુફ અલૈ.ને આવા મદયનના એક વેપારી કાફલાએજ ઈજિપ્તમાં વેચી માર્યા હતા., આ પ્રસંગ પુરવાર કરે છે કે તેઓ લોકોને પકડી ગુલામો તરીકે વેચતા હતા તથા તેમની પાયમાલી પછી પણ મદયન લોકો વેપારી કાફલા લઈ અન્ય દેશોમાં જતાં હતાં. પવિત્ર કુરઆનમાં તેમની આ સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે.'' આ બંને (લૂત અને મદયન-અયકાના) લોકો ઉઘાડા માર્ગો પર આબાદ હતાં. '' ૧૫ : ૭૯ તોઓ લૂંટફાટ કરતા હતા તે સંબંધી ૭ : ૮૬ ની આયતમાં વર્ણન છે કે, ''અને તમે લોકોને બીવડાવવા માટે રસ્તાઓમાં ન બેસો'' આ ઉપરાંત તેઓ અનામત રકમો કે અનામત મૂકેલી વસ્તુઓ પૂરેપૂરી પાછી આપતા ન હતા. માપ-તોલમાં ઓછું ન આપવા, લોકોને લૂંટી ન લેવા. વેપારી માર્ગોની સલામતી ભયમાં ન મૂકવા, અનામતમાં ખયાનત ન કરવા વગેરે બાબતો શુઐબ અલૈ. પોતાની કોમના લોકોને સમજાવતા ત્યારે કહેતા કે, ''હે મારા જ્ઞાતિબંધુઓ! અલ્લાહની બંદગી કરો અને આખેરતના દિવસના (અર્થાત્ પરલોકના) ઉમેદવાર બનો.'' ૨૯ :૩૬ એવું માની ન લેશો કે એકલું આ જીવન જ છે, બીજુ કોઈ જીવન નથી. મર્યા પછી સજીવન થવાનું છે એટલે પરલોકનું જીવન પણ છે, આ જીવનમાં અહીનાં કૃત્યોનો જવાબ આપવો પડશે અને ત્યાં તમારા કૃત્યોનો બદલો ભલો-બુરો બદલો અવશ્ય મળવાનો છે. આમ કહી તેમને ખોટાં કામો કરતાં અટકાવવા માટે બીવડાવતા પણ હતા.

તૌહીદ-પરસ્તી અર્થાત એક જ અલ્લાહની બંદગી કરવાનું શુઐબ અલૈ. કહેતા ત્યારે તેમના જવાબમાં લોકો કહેતા કે, ''હે શુઐબ ! શું તારી નમાજ તને એવું શીખવાડે છે કે તમારા બાપદાદાઓ જેમની પૂજા કરતા હતા તેમને અમે ત્યજી દઈએ ?'' ૧૧:૮૬ માલ-તોલમાં ઓછું ન આપવાની શીખામણના જવાબમાં તેઓ કહેતા કે, ''અમારા માલમાં અમારૂં મન માને તેવી રીતે શું અમે ન વર્તીએ? જોયો ! તું જ મોટો બુધ્ધિશાળી અને સદાચારી છે તે ?'' ૧૧:૮૬

ઊપરોકત આયાતમાં બે દ્રષ્ટિબિંદુઓ રજૂ થયાં છે. સર્વ પયગંબરો અને ઈસ્લામનું દ્રષ્ટિબિંદુ અથવા ઈસ્લામનું દર્શન એવું છે કે અલ્લાહની સીધી બંદગી સિવાયની બીજી કોઈપણ પ્રાર્થનાની રીત ખોટી છે. એકલી નમાજ પઢવામાં અલ્લાહની ઈબાદત સમાયેલી નથી. ઈમાન અને અહેસાન અર્થાત્ એકજ અલ્લાહની માન્યતામાં અને સુકૃત્યો બંને સાથે હોવાં જોઇએ. અલ્લાહની યાદ એકલા ધાર્મિક ક્ષેત્રે નહીં પરંતુ જીવનના બધા ક્ષેત્રોમાં એટલે કે સામાજિક, સાંસ્કારિક, રાજકીય ક્ષેત્રે નહીં પરંતુ જીવનના બધા ક્ષેત્રોમાં કરવી ઘટે. આ જગતમાં ઈન્સાન પાસે જે કંઈ છે તે સર્વ અલ્લાહનું જ છે. કોઈપણ ક્ષેત્રમાં તે અલ્લાહની વિરુદ્ધ જઈ સ્વતંત્રપણે વર્તે તેવો તેનો હક હોતો નથી. આ દુનિયા આપણા માટે પરીક્ષાનું ઠામ છે. આપણે પરીક્ષાર્થીઓ છીએ અને અલ્લાહ પરીક્ષક છે આથી ઊલટું મદયન અયકાના લોકોનું દ્રષ્ટિબિંદુ હતું. તેને અજ્ઞાનતાનું દ્રષ્ટિબિંદુ કહીશું. તે પ્રમાણે બાપદાદાઓ જેમને પૂજતા આવ્યા હોય તેમની પૂજા કરવી ઘટે એટલે ધર્મનો સંબંધ પૂજાપાઠમાં જ રહેલો છે. આ જગતના બીજા ક્ષેત્રમાં મનફાવે તેમ વર્તવાનો ઈન્સાનને અધિકાર છે. આથી કહી શકાય કે આજથી સાડા ત્રણ હજાર વરસ પૂર્વે શુઐબ અલૈ.ની કોમે ધર્મને બીજા બધા ક્ષેત્રથી અલગ પાડ્યો હતો. અર્થાત્ જીવનના ક્ષેત્રોનું તેમણે વિભાજન કર્યું હતું. પશ્ચિમાત્ય દેશોના લોકોના આચાર-વિચારમાં જીવનના બધા ક્ષેત્રોથી ધર્મને અલગ પાડવામાં આવ્યો છે. ઈસ્લામ જીવનને અવિભાજ્ય ગણે છે અને તેવો ઉપદેશ શુઐબ અલૈ. પણ આપતા હતા : અર્થાત્ એકજ અલ્લાહની ઈબાદત કરવાની અને માલ-તોલમાં પૂરેપુરૂં આપવાની શીખ આપતાં હતાં.

તેમને જવાબમાં શુઐબ અલૈ. નમ્રતા પૂર્વક કહેતા કે, ''મને મારા માલિક તરફથી સાચી સમજ અને પયગંબરી મળી હોય તથા પવિત્ર રોજી મળી હોય તો !'' ૧૧:૮૮ પછી શા માટે મારે અવળે માર્ગે જવું જોઈએ અને શા માટે હરામનું ખાવું જોઈએ ? શા માટે મૂર્તિપૂજામાં અને ઓછું આપી ખોટી રીતે કમાવામાં તમારી સાથે સામેલ થવું જોઈએ ? ''જે કામો કરવાથી હું તમને અટકાવું છું તે કામો હું શા માટે કરવા મંડી પડું ?'' ૧૧:૮૯ તમે ખોટી રીતે હાલ સારું કમાઓ છો તેથી અત્રે સુખી છો, પરંતુ તેવીજ રીતે કમાવાનું ચાલુ રાખશો તો ખચીત જ તમારા ઉપર કોઈક કુદરતી આપત્તિ આવી પડશે એવી મને તો દહેશત રહ્યા કરે છે. પરિણામ એવું આવે કે, ''જેવી વલે નૂહની કોમની, હૂદની કોમની અથવા સાલેહની કોમની થઈ હતી તેવી તમારી પણ થાય.'' ૧૧ :૮૯

વળી શુઐબ અલૈ. તેમની પાછલી સ્થિતિનું ભાન કરાવતા ત્યારે કહેતા કે, ''તમારી તે હાલત યાદ કરો જ્યારે તમે થોડા હતા, પછી અલ્લાહે તમને વધારી મૂકયા.'' ૭:૮૬ કહેવામાં આવે છે કે ઈબ્રાહીમ અલૈ.ની પત્ની કતૂરાથી થયેલા પ્રપૌત્ર મધ્યનના ૮ પુત્રો થયા હતા. તેમનાથી આગળ જતાં થોડા સમયમાં તેમની ઓલાદ ખૂબ વધી ગઈ., અહીં કહેવાનો આશય એ છે કે તમારે અલ્લાહનો આભાર માનવો જોઈએ. અને તેની જ બંદગી કરવી જોઈએ. તેના બદલે તમારો પરિવાર વધી ગયો એટલે ઍંટો છો, અલ્લાહથી બીતા નથી, તેની પૂજા કરતા નથી. લૂંટફાટ કર્યા કરો છો અને માપ-તોલ ઓછું આપ્યા કરો છો.

શુઐબ અલૈ. મહાન વકતા હતા વકતૃત્વ-કળામાં મહા નિપુર્ણ હતા. છટાદાર શૈલીમાં પરંતુ સાદી, સરળ અને સુંદર ભાષામાં સરસ છાપ પડે તેવાં ભાષણો દ્વારા લોકોને ઉપદેશ આપતા હતા: તેથી તેમને ''ખતીબુલ-અંબિયા અર્થાત્ ''વ્યાખ્યાનકાર નબી'' કહેવામાં આવે છે. એક પ્રસંગે તેમણે લોકોને સંભળાવી દીધું કે, જે ઉપદેશ માટે મને મોકલવામાં આવ્યો છે તેના ઉપર એક ટોળું ઈમાન લાવ્યું છે. જયારે બીજું ટોળું ઈમાન લાવ્યું નથી. અલ્લાહ આપણી વચ્ચે છેવટનો ફેંસલો કરી આપે ત્યાં સુધી તમે વાટ જોતા રહો, અલ્લાહ સૌથી સારો ફેંસલો કરવાવાળો છે.'' ૭:૮૭ કોમના ગર્વિષ્ઠ આગેવાનો

અને સરદારો તેમને પડકાર ફેંકતા કે "તું તથા તારા અનુયાયીઓ અમારા ધર્મમાં પાછા આવી જાઓ. જો તેમ ન કરો તો શહેર છોડી ચાલ્યા જાઓ. આ પડકાર સંબંધી પવિત્ર કુરઆનમાં નીચે પ્રમાણે વર્ણન આપવામાં આવેલું છે.

"કોમના ઘમંડી સરદારો કહેતા હતા : કે શુઐબ ! તું તથા તારા ઉપર જે લોકો ઈમાન લાવ્યા છે તેઓ અમારા ધર્મમાં પાછા નહીં ફરે તો, અમે તમને અમારા શહેરમાંથી અવશ્ય કાઢી મૂકીશું." ૭:૮૮ "તારી ઘણી વાતો અમારા સમજમાં આવતી નથી. અમે જાણીએ છીએ કે તું અમારામાં એક નિર્બળ માણસ છે. પરંતુ જો તું અમારી બિરાદરીમાંનો (અમારી કોમનો) ન હોત તો કયારનોય અમે તને પથ્થર મારી મારી નાંખ્યો હોત." ૧૧:૯૧

આમ જયારે મદયન લોકોએ શુઐબ અલૈ.ને હદપાર કરવાની અથવા ખલાસ કરી નાખવાની ધમકી આપી ત્યારે તે સમજી ગયા કે લોકો ઉપદેશ ગ્રહણ કરવા માંગતા જ નથી. ઊલટું તેમણે આખરીનામું આપ્યું કે ઉપદેશ આપવાનું બંધ કરે. ત્યારે શુઐબ અલૈ. મે અલ્લાહ પાસે દુઆ માંગી કે, "હે મારા માલિક ! અમારી અને અમારી કોમ વચ્ચે તું ન્યાયી ફેંસલો કરી નાંખ." ૭:૮૯

આ દુઆ માંગતા પહેલાં તેમને જયારે જણાયું કે તેમની વાત કોઈ માનવાનું નથી ત્યારે તેમણે લોકોને આખરી ચેતવણી પણ આપી હતી કે, "હે મારા જ્ઞાતિભાઈઓ ! તમને જે ઠીક લાગે તેમ તમે કરો : મને ઠીક લાગશે તેમ હું કરીશ." ૬:૧૩૫, ૧૧:૯૩, ૩૯:૩૯.

અયકાવાળાઓને પણ શુઐબ અલૈ. મધ્યન લોકોના જેવો ઉપદેશ આપતા હતા. આ લોકો પણ મદયનવાળાઓની માફક "બઆલ પેઓર"ની પૂજા કરતા હતા, અને વેપારમાં બેઈમાનીઓ કરતા હતા. શુઐબ અલૈ. તેમને પણ એક જ અલ્લાહની બંદગી કરવાનો અને માપ-તોલમાં ઓછું ન આપવાનો ઉપદેશ આપ્યા કરતા હતા. આ લોકો તેમના ઉપદેશનો ઉત્તર વાળતા કે, "તારા ઉપર તો જાદુ કરી દેવામાં આવ્યું છે. ખરી રીતે તો તું અમારા જેવો જ એક માણસ છે." ૨૬ : ૧૮૫ -૧૮૬ તેમના કહેવાનો આશય એ હતો

કે શુઐબ અલૈ. એક સામાન્ય માનવી છે. તે કોઈ ફરિશ્તો નથી. એવો માનવી કેવી રીતે પયંગબર હોઈ શકે? છતાં તે તો કહ્યા કરે છે કે, ''હું તો તમારા માટે એક વિશ્વાસપાત્ર પયગંબર છું. ૨૬: ૨૭૮ લોકો તો તેમને જાદુગર અને જૂઠા માનતા હતા. પયંગબરને જુઠા માનવું એક મહા-પાપ છે. કારણ કે તેમાં કુફ્રનું અર્થાત્ અધર્મીપણાનું અને નાસ્તિકતાનું બીજ છે. અને સુધારવા માટેનો ઈનકાર છે. એટલે જ પયગંબરોના ઈનકાર માટે અલ્લાહે કેટલીક કોમોનો નાશ કર્યો છે.

વળી તેઓ બંને કોમના લોકોને પ્રસંગોપાત કહેતા કે, ''આ સંદેશો પહોંચાડવા બદલ હું તમારી પાસે અવેજમાં કંઈ પણ મહેનતાણું માંગતો નથી. મારો પુરસ્કાર તો જગતના પાલનહારના માથે છે. માપ બરાબર ભરો, કોઈને ઓછું ન આપો. સાચાં ત્રાજવાંથી તોળો અને લોકોને તેમનો (ખરીદ કરેલો) વસ્તુઓ ઓછી ન આપો. જમીનમાં ટંટો-ફિસાદ ન કરો અને જેણે તમને તથા તમારી પહેલાંના પૂર્વજો પેદા કર્યા તેનાથી બીતા રહો. '' ૨૬:૧૮૦ થી ૧૮૪. પેદા કરેલ વસ્તુ પૂજ્ય હોઈ શકે નહીં. ''બઆલ પેઓર'' ની મૂર્તિને તો પથ્થરમાંથી ઈન્સાને બનાવી છે. એ પત્થરને તથા વૃક્ષોને અલ્લાહે પેદા કર્યાં છે માટે બઆલ પેઓરની કે વૃક્ષોની પૂજા કરવાનું છોડી દો. તમને તથા તમારા પૂર્વજોને પેદા કરનાર અલ્લાહની બંદગી કરો. તમને ગ્રાહક તરીકે ઓછું મળે તો તમારૂં મન કેટલું દુ:ભાય છે તેવી જ રીતે ગ્રાહકને તમે ઓછું આપો તો તેનું દિલ કેટલું દુભાતું હશે? અત્યાર સુધી તમે જે કંઈ કર્યું તે માટે પરવરદિગારની ક્ષમા માગો. તે મહા દયાળુ અને પરમ કૃપાળુ છે. તે તમને અવશ્ય ક્ષમા આપશે. જો તમે તમારૂં આચરણ નહીં સુધારો તો અવશ્ય તે તમને શિક્ષા કર્યા વિના રહેવાનો નથી.

આ ઉપદેશના જવાબમાં ગુસ્સે થઈ તેમણે કહી નાખ્યું કે, ''અમે તો તને સાવ જુઠો માનીએ છીએ. જો તું સાચો જ હોય તો અમારા ઉપર આકાશનો એકાદ ટુકડો તોડી પાડ'' ૨૬:૧૮૭ છતાં શુઐબ અલૈ.મે તો એટલું જ કહ્યું કે, ''તમે જે કંઈ કરો છો તેનાથી મારો પરવરદિગાર સારી પેઠે વાકેફ છે. '' ૨૬ : ૧૮૮ આમ અયકાવાળાઓએ પણ આપત્તિ માંગી લીધી.

હવે બંને કબીલાના લોકો ઉપર કોઈ અઝાબ અર્થાત્ આપત્તિ આવી પડે તો સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. બંને કબીલાઓ ઉપર એકી સાથે કે વારાફરતી આપત્તિઓ પડી તેવો કોઈ ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં મળતો નથી. આપત્તિઓ પડ્યાના વર્ણન ઉપરથી એવું લાગે છે કે આપત્તિઓ જુદા જુદા સમયે આવી હશે. વળી બંને કબીલાઓ પૈકી કયો કબીલો પહેલાં નાશ પામ્યો તેનો ઇશારો પણ કયાંય મળતો નથી. પરંતુ એમની કહાણી વાંચતાં આપણાં હૃદય પર એવી છાત પડયા કરે છે કે પહેલાં મદયન લોકો પાયમાલ થયા અને પછી અયકાવાળા નાશ પામ્યા. એ હકીકત છે કે બંનેએ શુઐબ અલૈ. ને જુઠા માન્યા, તેમનો બોધ ગણકાર્યો નહીં, અન્યની પૂજા ચાલુ રાખી, માપ-તાલમાં ગોટાળા કર્યા અને ગ્રાહકોને ઓછુ જ આપતા રહ્યાં. ઈમાનદાર લોકોને ખૂબ પજવતા, લૂંટફાટ કરતા, વેપારી કાફ્લાઓ પાસેથી ભારે ચૂંગી-ટેક્ષ વસૂલ કરતા અને રસ્તાઓ બીન સલામત કરી મૂકયા હતા. આમ બંને કોમોના લોકોનાં કુકર્મો એક સરખાં હતાં અને તેથી બંને માટે એક જ પયગંબર બોધ માટે આવ્યા. આ પરિસ્થિતિમાં કુદરતી આપત્તિ આવી પડયા સિવાય બીજો કોઈ ઈલાજ ન હતો. આવા ભારે અનિષ્ટને નષ્ટ કરવા માટે બંને કોમના લોકોનો નાશ કર્યા વિના છૂટકો જ ન હતો.

''જ્યારે અમારો (આપત્તિનો) હુકમ આવી પહોંચ્યો ત્યારે અમે શુઐબને તથા જે લોકો તેના પર ઇમાન લાવ્યા હતા. (અર્થાત્ જેઓ માનતા હતા) તેમને અમારી કૃપાથી બચાવી લીધા અને જેમણે જુલમ કર્યો હતો (અર્થાત્ જે લોકો શુઐબ પર ઈમાન લાવ્યા ન હતા અને પાપી કામો કર્યા કરતા હતા) તેમને એક ભયંકર ગર્જનાએ એવા તો પકડી લીધા કે તેઓ પોતાના રહેઠાણોમાં જેવાના તેવાજ, હાલ્યા ચાલ્યા વિના ઉંધા પડ્યા જ રહ્યા, જાણે કે તેઓ ત્યાં વસેલા જ ન હતા. જાણી લો કે મદયનવાળાઓને એવા ફેંકી દેવામાં આવ્યા જેવા સમૂદ-જાતિના લોકો ફેંકી દેવામાં આવ્યા હતા.'' ૧૧ : ૯૪-૯૫ મધ્યન કોમના નેક અને ઈમાનદાર લોકોને કુદરતે કેવી રીતે બચાવી લીધા તેનો કોઈ ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં મળતો નથી. નૂહ અલૈ. અને તેમના સાથીઓને કિશ્તી દ્વારા બચાવી લીધા હતા, હૂદ અલૈ. અને તેમના સાથીઓને બાગમાં હૂદરેખા દ્વારા કુદરતે બચાવ્યા હતા : સાલેહ અલૈ. અને તેમના

અનુયાયીઓ પાપી-લોકોથી અલગ સ્થળે રહેતા હતા એટલે ત્યાં કોઈ આપત્તિ પડી નહીં, એમ બચી જવા પામ્યા હતા : લૂત અલૈ. ના સાથીઓમાં ફક્ત તેમની બે પુત્રીઓ જ હતી. તેમને પોતાની સાથે લઈ લૂત અલૈ. પ્રાતઃ કાળ પહેલાં સદૂમ શહેર છોડી ચાલ્યા ગયા હતા એટલે બચી ગયાં હતાં. આ ઉપરથી અનુમાન તારવી શકાય છે કે ઉપરોક્ત પયગંબરો અને તેમના સાથીઓની માફક શુએબ અલૈ. પણ આપત્તિ પડતાં પહેલાં પોતાના સાથીઓને લઈ મદયન શહેર છોડી ચાલ્યા ગયા હોવા જોઈએ . ''--તમને ખબર પડશે કે બેઆબરૂ કરનારી આપત્તિ કોના ઉપર આવી પડશે અને કોણ જૂઠો છે. તમે વાટ જોતા રહો અને હું પણ વાટ જોતો રહીશ.'' ૧૧ : ૯૩ શુઐબ અલૈ. ને તો ખાત્રી હતી કે આપત્તિ અધર્મી અને પાપી લોકો પર આવી પડવાની જ હતી એટલે તેની વાટ જોવા બીજા કોઈ સ્થળે પોતાના સાથીઓને લઈ શુઐબ અલૈ. ચાલ્યા ગયા હશે એવું સુચન આ આયતમાંથી મળી રહે છે. પવિત્ર કુરઆનની ૭:૯૩ની આયતમાં ફરમાવવામાં આવેલું છે કે, ''અને (શુઐબ) તે એવું કહેતા કહેતા તેમની વસ્તીમાંથી નીકળી ગયા કે : હે મારા જ્ઞાતિબંધુઓ ! મારા માલિકના સંદેશા (હુકમો) મેં તો તમને પહોંચાડી આપ્યા અને મેં તમારી ભલાઈ નો હક પૂર્ણ કર્યો. હવે હું તે કોમના લોકો માટે શા માટે અફસોસ કરૂં જે લોકો સત્યનો ઈનકાર કરે છે.'' આ આયતથી સ્પષ્ટ થાય છે કે શુઐબ અલૈ. મદયન શહેર તથા તેની આજુબાજુની વસ્તીમાં કયાંક ચાલ્યા ગયા હતા. અહીં એવું જણાતું નથી કે આપત્તિ આવ્યા પહેલાં ચાલ્યા ગયા હતા કે આવી ત્યારે. ગમે તેમ હોય કુદરતે તેમને અને તેમના સાથીઓને બચાવી લીધા હતા.

મદયનવાળાઓનો નાસ ભયંકર ગર્જનાથી થયો એવું પવિત્ર કુરઆનની ૧૧ : ૯૪ની આયતમાં કહેવામાં આવ્યું છે. આ અંગે ભાષ્યકારોનું કહેવું છે કે મદયન પ્રદેશમાં ઓચિંતો ભયંકર ભૂકંપ થયો અને આપત્તિની શરુઆત થઈ. ભૂકંપનો આંચકો એટલો સખત હતો કે બધા લોકો પોતાનાં ઘરોમાં ઘૂંટણીએ પડી ગયા અને સાથે સાથે એવો ભયંકર અવાજ થયો કે તે બધા તેજ સ્થિતિમાં મરણ પામ્યા. શહરોમાં વીજળીથી સાયરન વાગે છે., તેમાં અવાજ એટલો કર્કશ હોય છે કે તેથી જુગુપ્સા કે કમકમાટી ઉત્પન્ન થાય છે. જે ઘરની પડોશમાં આવાં સાયરન વાગે છે તે ઘરનાં નાનાં બાળકો બીકનાં

માર્યા ધ્રુજી ઊઠે છે. મોટેરાઓનાં હૃદયો ઉપર પણ અસર પડે છે. જિબ્રીલ અલૈ.મેં પ્રથમ ભૂકંપ સર્જ્યો અને પછી એવી ભયંકર ગર્જના કરી હશે કે જેથી લોકોનાં કાળજાં ફાટી ગયાં હશે. ઘૂંટણીએ તો પડેલા જ હતા અને ભયંકર ગર્જના સાથે ઊંધા મોઢે જમીન પર પડી ગયા અને મરણ પામ્યા. આ સંબંધમાં પવિત્ર કુરઆનમાં ફરમાવવામાં આવેલું છે કે, ''થયું એવું કે દિલ હચમચાવી મૂકે એવી એ આફત તેમના પર પડી અને તેઓ પોતાના ઘરોમાં ઊંધા મોઢે પડેલા ના પડેલા રહી ગયા અને જે લોકોએ શુઐબને જુઠા ગણ્યા હતા તે લોકોનું નામનિશાન એવું તો મટી ગયું કે જાણે ઘરોમાં રહેતા જ નહતાં.'' ૭:૯૧-૯૨ મદયનવાળાઓની આ પાયમાલી આસપાસની તથા અરબ જાતિઓમાં કહેવત રૂપ બની ગઇ. જેમકે ઝબૂર ગીત ૯૩: ૯માં કહેવામાં આવ્યું છે કે, ''જેમ મિદ્યાન ને તેં કર્યું તેમ તેમને કર.'' યસાયાહ નબી એક વેળા ઇસ્રાઈલ લોકોને આશ્વાસન આપતા કહે છે કે, ''અશ્શૂરથી બીતા નહિ. તે તો છડીથી તને મારશે, ને પોતાની સોટી તારા પર મિસરની રીત મુજબ ઉગામશે. થોડી મુદ્દતમાં ઓરેબ ખડક પર મિદ્યાનને માર્યો, તે રીતે સૈન્યોનો યહોવાહ તેના પર આફતો લાવશે.'' તૌરાત-યશાયાહ ૧૦:૨૪-૨૬ ટૂંકમાં સમૂદ પ્રજાનું સત્યાનાશ જે રીતે વળ્યું હતું તેવી જ રીતે મદયન લોકોનું સત્યાનાશ વળી ગયું.

જયારે અયકાવાળાઓએ ''આકાશનો કોઈક ટુકડો તોડી પાડવા'' નો શુઐબ અલૈ.ને પડકાર ફેંકયો ત્યારે તેમના ઉપર પણ આફતના ઓળા ઉતરવા માંડ્યા. પ્રથમ એટલી ગરમી પડવા લાગી કે તેમનાથી પોતાના ઘરોમાં કે ઝાડોના છાંયડાઓમાં રહેવાતું ન હતું. ગરમીના કારણે બધાંને શરીરે બળતરા એટલી બળતી કે જરાયે ચેન પડતું નહીં. પાણી પણ ગરમ લાય જેવું થઈ જતું હતું. શું કરવું, કયાં જવું, કયાં આશરો મેળવવો તેની સમજ પડતી ન હતી. ગરમીથી બધા અયકાવાળા લોકો ત્રાહી ત્રાહી પોકારી ઉઠ્યા હતા. આવી પરિસ્થિતિ સાત દિવસ સુધી રહી. આઠમા દિવસે એક કાળી વાદળી તેમના તરફ આવતી નજરે પડી. આ વાદળી તેમની વસ્તીથી થોડેક દૂર સ્થિર થઈ ગઈ. તેની છાયામાં એક માણસ જઈ ચડ્યો. ત્યાં તેને કંઈક ઠંડક જણાઈ એટલે તેણે બીજાઓને ત્યાં બોલાવ્યા. ધીમે ધીમે બધા અયકાવાળાઓ પેલી

વાદળીના છાંયડા તળે એકત્ર થઈ ગયા. જેમજેમ છાંયડામાં લોકોનો સમૂહ વધતો ગયો તેમ તેમ પેલી વાદળી પથરાતી ગઈ અને છાંયડો વિસ્તૃત કરતી ગઈ. છત્રીની માફક તેણે બધા લોકો ઉપર છાંયડો કર્યો. જ્યારે કોઈપણ અયકાવાળો આ છાંયડા તળે આવવામાં બાકી ના રહ્યો ત્યારે પેલી છત્રીમાંથી એટલે કે વાદળીમાંથી આગ વરસવા માંડી, જેથી સઘળા અયકાવાળાઓ બળીને ભડથું થઈ ગયાં. પવિત્ર કુરઆનમાં આ આપત્તિની વિગત આપવામાં આવી નથી. તેમજ કોઈ હદીસમાં પણ તેનું વર્ણન કરવામાં આવ્યું નથી. એટલું સમજાય છે કે અયકા-લોકોએ આકાશનો ટુકડો તોડી પાડવાની માગણી કરી હતી તેથી તેમની માંગ પ્રમાણે આકાશના એક ટુકડામાંથી અર્થાત વાદળીમાંથી આગ ઝરી અને તેમને બાળી મૂકયાં. આ અંગે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, ''તેમણે તેને જૂઠો ઠરાવ્યો તેથી છેવટે છત્રીવાળા દિવસની આપત્તિ તેમના પર આવી પડી અને નિ:સંશય તે દિવસની આપત્તિ ઘણી જ ભયંકર હતી.'' ૨૬ : ૧૮૯ તેને ''યોમે-ઝુલ્લહ'' એટલે કે છત્રીના દિવસનો અઝાબ કહ્યો છે.

પવિત્ર કુરઆનની ૧૫: ૭૯ની આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, ''બંને જાતિઓના (એટલે કે લૂત-જાતિના કે શુએબની જાતિના અથવા મદયન લોકો કે અયકા લોકોના) ઉજ્જડ અને વેરાન થયેલા પ્રદેશો સરિયામ માર્ગો ઉપર મોજૂદ છે.'' આ વેરાન પ્રદેશો જોઈ આપણે શીખ લેવી જોઈએ કે અલ્લાહ સિવાય અન્યની પૂજા કરવાથી તથા કુકર્મો કરવાથી સજાતિય સંભોગ કરવાથી, લૂંટફાટ કરવાથી તથા માપ-તોલ ઓછું આપવાથી- આપણા જીવનમાં સુખ શાંતિ રહેતી નથી. સર્વ પયંગબરોએ તૌહીદ- પરસ્તીની અર્થાતા એક જ ઈશ્વર કે અલ્લાહની બંદગી કરવાની હિમાયત કરી છે, અને સાથે સાથે સુકૃત્યો કરવા પર તેટલો જ ભાર મૂકયો છે. ''પ્રેમ આંધળો છે'' રાજકારણમાં કશું સ્થિર હોતું નથી.'' આપણી માલ-મિલકત ગમે તે રીતે ભોગવવાનો આપણો હક છે.'' ''કાયદા આપણે ઘડ્યા તેથી ગમે ત્યારે ફેરવવાનો આપણો અધિકાર છે.'' આવી બધી માન્યતાઓ સાવ ખોટી છે અને તે પ્રમાણેનું આપણું આચરણ પણ તદ્દન ખોટું છે. જેમ રાજ્ય-બંધારણમાં મૂળભૂત અધિકારો હોય છે તેમ જીવનના મૂળભૂત કાયદાઓ પણ હોય છે

અને આ મૂળભૂત કાયદાઓ અલ્લાહે માનવ-જાતિના માટે નિર્માણ કર્યા છે. તેમાં ફેરફાર કરવાનો કોઈને અધિકાર હોતો નથી. આ મૂળભૂત કાયદાઓને અનુસરીને વિગતોના કાનૂનો ઘડવાનો માનવોને અધિકાર છે અને તે પ્રમાણે અનુશાસન કરવું પડે. શુએબ અલૈ. ના બોધથી એવું ફલિત થાય છે કે માનવ-જીવન અખંડિત છે. જીવનના મૂળભૂત કાયદાઓ અલ્લાહે પયગંબરો દ્વારા માનવ-જાતિને આપ્યા છે. તે સઘળા પયંગરબોના જીવન-પ્રસંગો અને બોધમાંથી મળી રહે છે.

## ૧૪. રસ્સ લોકોનો વિનાશ

અરબી-ભાષામાં ''રસ્સ'' નો અર્થ કૂવો થાય છે. કોઈક કુવાની આજુબાજુ ના લોકો રહેતા હતા અને તે કૂવાનું પાણી પીવાના, વાપરવાના અને સીંચાઈ દ્વારા ખેતીના કામમાં વાપરતા હતા, તેથી પવિત્ર કુરઆનમા એમને ''અસહાબે રસ્સ'' અર્થાત્ કૂવાવાળા લોકો કહ્યા છે. પોતાના સમયના પયગંબરને જૂઠા ગણ્યા તે કારણે તેમનો નાશ કરવામાં આવ્યો એટલો જ ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં નીચે પ્રમાણે બે જગાએ કરવામાં આવેલો છે.

''અને (તેવીજ રીતે) અમે આદ, સમૂદ અને રસ્સ લોકોનો તથા તેમની દરમ્યાનના સમયમાં થઈ ગયેલી ઘણીયે પ્રજાઓનો નાશ કર્યો, (નાશ કરતાં પહેલાં) અમે દ્રષ્ટાંતો આપી તેમને સમજાવ્યા હતા, (પણ તેમણે માન્યું જ નહીં ત્યારે) અમે તેમનો સર્વનો સદાને માટે નાશ કરી નાંખ્યો.'' ૨૫ : ૭૮ -૩૦

''તેમની પહેલાં પણ નૂહની પ્રજા તથા રસ્સ લોકો તથા સમૂદ તથા આદ તથા ફિરઓન તથા લૂત ભાઈઓ, અયકાવાળા લોકો અને તુબ્બ પ્રજા, બધાએ પયંગબરોને જૂઠા ગણ્યા એટલે જ મારા અઝાબ અર્થાત્ કોપનો નિર્ણય તેમના માટે નિશ્ચિત થઈ ગયો, : ૫૦ : ૧૨થી ૧૪

આ લોકોને પવિત્ર કુરઆનમાં ''અસહાબે રસ્સ'' એટલે કે ''રસ્સના સાથીઓ'' શા માટે કહેવામાં આવ્યા છે તે બાબતમાં ભાષ્યકારોમા ઘણા મતભેદ છે. આ મતભેદના કારણે ઘણો ગૂંચવાડો ઊભો થયો છે, પરિણામે આ લોકો કયાં થઈ ગયા, કયારે થઈ ગયા, તેમના પયગંબર કોણ હતા વગેરે બાબતો ચોક્કસપણે કહી શકાતી નથી, એટલું છે કે તેઓ કૂવાના પાણીથી ખેતી કરી ગુજરાન ચલાવતા હતા, અલ્લાહની બંદગી કરતાં ન હતા : મૂર્તિ પૂજા કરતા હતા અને તેમને હિદાયત આપવા માટે આવેલા પયંગબરને ગણકાર્યા નહીં એટલે તેમનો નાશ કરવામાં આવ્યો હતો. તેમના વિશેના મતભેદ આ રહ્યાં

(૧) ઈબ્ને જરીર નામના ભાષ્યકારનો એવો મત છે કે રસ્સનો અર્થ ખાઈ પણ થાય છે, તેથી આ લોકો અને અસહાબે ઉખ્દૂદ અર્થાત્ ખાઈઓવાળા

લોકો એક જ હોવાનો સંભવ છે. આ મત બરાબર જણાતો નથી, કારણ ઉપરોક્ત કુરઆનિક આયતોમાં રસ્સ લોકોનો ઉલ્લેખ પ્રાગૈતિહાસિક કાળમાં થઈ ગયેલી નૂહ, આદ અને સમૂદ પ્રજાઓ સાથે થયેલો છે. વળી એમ પણ કહેવામાં આવ્યું છે કે, આદ-સમૂદ અને રસ્સ લોકો દરમ્યાન ના સમયમાં થઈ ગયેલી ઘણી પ્રજાઓનો નાશ કર્યો છે. આથી પુરવાર થાય છે કે રસ્સ લોકો પ્રાગૈતિહાસિક કાળમાં થઈ ગયેલા છે. આથી ઉલટું ખાઈઓવાળા લોકો ઇ.સ. પછી કેટલાક સૈકાઓ બાદ થયેલા છે.

(૨) ઈબ્ને જરીહ નામના ભાષ્યકારનો એવો મત છે કે સમૂદ પ્રજાનાં જે શહેરો હતાં તે પૈકી એક શહેરના લોકો ''અસહાબે રસ્સ'' હોવાનો સંભવ છે.

(૩) કતાદા નામના ભાષ્યકારનું કહેવું છે કે અરબસ્તાનના યમન પ્રાંતમાં ''કલજ'' નામના સ્થળે આ રસ્સ લોકો વસેલા હતા. તેઓ અને અસહાબે યાસીન ઉર્ફે અસહાબે કરિયા અર્થાત્ ગામડાવાસીઓ બંને એક જ છે.

(૪) ઈબ્ને અબી હાતિમનો એવો મત છે કે ઈરાનની ઉત્તરમાં આવેલા આઝર-બૈઝાનના પ્રાંતમાં આ કૂવો હતો. તેની આસપાસ વસેલા લોકો કૂવાવાળા લોકો કહેવાયા. ઈકરમહ રદી. નામના સહાબીનો પણ આવોજ મત છે.

''અસહાબે રસ્સ'' અર્થાત કૂવાવાળા લોકો અને ''અસહાબે કરિયા'' અર્થાત્ ગામડાવાસીઓ બંનેનાં વર્ણન પવિત્ર કુરઆનમાં કોઈ પણ જગાએ સાથે આવતાં નથી, દરેકનો ઉલ્લેખ જુદો જુદો થયેલો છે. કોઈપણ જગાએ સહેજ સરખો પણ એવો ઈશારો મળતો નથી કે આ બંને લોકો એકજ હતા. વળી પહેલાં કહી ગયા તેમ રસ્સ લોકો પ્રાગૈતિહાસિક સૈકાઓમાં થઈ ગયા છે.

(૫) મોહમ્મદ બિના કા'બ કરજી નામના વિદ્વાનનું કહેવું છે કે આપ સ.અ.એ ફરમાવેલું છે કે સ્વર્ગમાં સૌથી પહેલો એક હબસી ગુલામ પ્રવેશ પામશે. કોઈક વસતિમાં હિદાયત કે સદબોધ આપવા માટે થયેલા પયગંબરનો આ હબસી ગુલામ એકલો જ અનુયાયી બન્યો હતો. આ વસતિના લોકોએ આ પયંગબરનો એક હવડ કુવામાં નાંખી દીધા અને તેમને કોઈ બહાર ન કાઢે તે માટે એક મોટો પથ્થર લાવી કૂવાનું મો બંધ કરી દીધું હતું. પેલો હબસી

દરરોજ લાંકડાની ભારી કાપી લાવતો, તેને બજારમાં વેચીને જે કંઈ પૈસા મળતા તે વડે ખાવા-પીવાની વસ્તુઓ ખરીદ કરતો. પછી પથ્થરને મહા મુસીબતે થોડોક ખસેડતો અને તેથી પડતા નાના બાકોરામાંથી ખાવા-પીવાનું આપતો હતો.

આમ કેટલાક દિવસ ચાલ્યું હશે તેવામાં એક દિ તે બહુ જ થાકી ગયો એટલે આરામ લેવા આડો પડ્યો અને ઉંઘી જ ગયો. સાત વરસે ઉંઘમાંથી જાગ્યો પરંતુ આળસ મરડીને પાછો ઉંઘી ગયો. બીજા સાત વરસે તે જાગ્યો. તેને તો એમજ લાગ્યું કે તે તો બહુ થોડો જ સમય ઉંઘ્યો છે. પાસે લાકડાંની ભારી તો પડી જ હતી, તે લઈને શહેરમાં વેચવા ગયો તો તેને ઘણો જ ફેરફાર થયેલો જણાયો. મૂંઝાતો મૂંઝાતો લાકડાંની ભારી વેચી જે કાંઈ પૈસા મળ્યા તેનું ખાવા-પીવાનું લઈ પેલા કૂવાને શોધતો શોધતો આવ્યો પણ કૂવો મળ્યો નહીં અને પયંગબરનો પણ પતો મળ્યો નહીં.

આ તરફ એવું બન્યું કે લોકોને પયગંબર સાથેની પોતાની રીતભાત માટે પસ્તાવો થવા લાગ્યો એટલે તેમણે આ પયગંબરને કૂવામાંથી બહાર કાઢ્યા અને તેમની હિદાયત પ્રમાણે એક જ અલ્લાહની બંદગી કરવા લાગ્યા. પયગંબર અલૈ.મે પેલા હબસી ગુલામની ભારે શોધખોળ કરાવી, પરંતુ ચૌદ વરસ સુધી જયાં પડી રહ્યો હતો તે જગાનો પત્તો જ મળ્યો નહીં. આ વરસો દરમ્યાન પયગંબર અલૈ.નું મરણ થઈ ગયું. આ હકીકત આગળ આપેલી આયતોના વર્ણન સાથે બંધબેસતી નથી. રસ્સ લોકોની અવગણનાના કારણે તેમનો નાશ કરવામાં આવ્યો હતો. જયારે અહીં પેલા શહેરમાં રહેતા લોકોનો નાશ કરવામાં આવ્યો એવો ઉલ્લેખ નથી.

(૬) ઈબ્ને અસાકિર નામના ઈતિહાસ-વિદનું કહેવું છે કે આ ''અસહાબે રસ્સ'' અર્થાત્ કુવાવાળા લોકો આદ પ્રજા પહેલાં કેટલાયે સૈકાઓ પૂર્વે થયેલી એક પ્રજાનું નામ છે. આ લોકોને હિદાયત આપનાર ''હન્ઝલા બિન સફવાન'' નામના પયંગબર હતા. આ પયગંબર અલૈ.ને આ રસ્સ લોકોએ ગણકાર્યા નહીં, તેમને જૂઠા કહ્યા અને તેમને મારી નાંખ્યા. તેથી આ રસ્સ લોકોનો નાશ થયો. ઈબ્ને અસાકિરના આ વર્ણનથી પુરવાર થતું નથી કે આ લોકોને ''અસહાબે રસ્સ'' અર્થાત કુવાવાળા લોકો શા માટે કહ્યા?

આ બધી હકીકતો પરથી એવું ફલિત થાય છે કે નૂહ અલૈ. અને હૂદ અલૈ.ના સમયના વચગાળાના વરસો દરમ્યાન આ લોકો થઈ ગયા હશે. નૂહ અલૈ. ના ત્રણ પુત્રોનાં જ પરિવારે ફરીથી આ જગતને વસાવ્યું , એટલે શરૂઆતના વરસોમાં વસતી ઝાઝી હતી નહીં. જ્યાં પાણીની સગવડ સહેલાઇથી મળતી-ખાસ કરીને નદીઓના પ્રદેશોમાં ત્યાં વસવાટો ઉભી કરવામાં આવતી હશે, આ કૂવો બાંધેલો નહીં હોય પણ ઘણો જ ઉંડો કૂવા જેવો ખાડો હશે અથવા ઘણી જ ઊંડી ખાઈ હશે. ત્યાં પાણીની સગવડ મળતી હશે તેથી તેની આજુબાજુ વસવાટો ઉભી થઈ હશે. સમય જતાં તેઓ અલ્લાહને ભૂલી અન્યની પૂજા કરતા થઈ ગયા હશે એટલે તેમને સાચો રાહ દેખાડવા કોઈક પયગંબર આવ્યા હશે, પરંતુ પેલા હબસી ગુલામ સિવાય કોઈએ તેમની વાત માન્ય રાખી નહીં અને તેમને જુઠા ગણ્યા એટલું જ નહીં તેમને મારી નાંખ્યા હશે, એટલે તેમનો નાશ થયો. આજે પણ ઘણી જગાએ જમીન ધસી પડે છે. અને ખાસ કરીને ધરતીકંપથી જમીન ધસી પડે છે. અને તેમાં ઘણા લોકો માર્યા જાય છે. ઈ.સ. ૧૯૭૪ના ડીસેમ્બર માસમાં પાકિસ્તાનના સ્વાદ પ્રાંતમાં આવેલી પહાડોની ખીણમાં ધરતીકંપ થતાં પાંચ-સાત હજાર માણસો માર્યા ગયા હતા તેવીજ રીતે આ કૂવો તથા તેની આજુબાજુની જમીન ધસી પડી હશે અથવા ધરતીકંપથી જમીન ધસી પડી હશે અને કૂવાની આજુબાજુ રહેતા સઘળા લોકો જમીનમાં દટાઈ મર્યા હશે.

પવિત્ર કુરઆનમાં રસ્સ લોકોનો વિનાશ કેવી રીતે થયો તેની વિગતો આપવામાં આવી નથી તેનો મૂળ હેતુ તો લોકો બોધપાઠ લે તથા ધડો લે તે માટે તેમજ પયગંબરને જૂઠા માન્યા, તેમનું કહ્યું ન માન્યું અને સદમાર્ગ ગ્રહણ ન કર્યો તે માટે, તેમનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

# ૧૫. સબા જાતિના લોકોનો વેરવિખેર

## ૧. સબા-જાતિની ઓળખ

અરબ લોકો નૂહ અલૈ. ના પુત્ર સામના વંશજો હોવાથી સેમેટિક લોકો કહેવાય છે. અરબ ઈતિહાસકારો અને નૃવિદોએ Anthropologists અરબ લોકોના ત્રણ ભાગ પડ્યા છે.

(૧) અરબ-બાઈદહ અર્થાત્ આદિવાસી આરબો. અર્ધ જંગલી અવસ્થામાં જંગલોમાં વસતા ભીલ, ચોધરા કે દૂબળા જેવી રાનીપરજ લોકોને આપણે ભારતમાં આદિવાસી જાતિઓ કહીએ છીએ, તેવા અર્થમાં આદિવાસી અરબોને ગણવામાં આવતા નથી. પરંતુ અરબસ્તાનના મૂળ રહેવાસીઓ તરીકે તેમને ગણવામાં આવે છે. આ આદિવાસી અરબો લુદ (Laz) બિન સામ, બિન નૂહ અલૈ. ના વંશજો છે.[૧] આ વંશજોનું નીચે પ્રમાણેની જાતિઓ (Tribes)માં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| (૧) આદ | (૨) સમૂદ | (૩) આબેલ | (૪) અમાલકા |
| (૫) તામસ | (૬) જૂદાસ | (૭) ઉમૈગ | (૮) જુરહમ |
| (૯) હજરમોત | (૧૦) હદૂર | (૧૧) અબ્દે-ઝખમ. | |

તેમાં આદ અને સમૂદ જાતિઓ વિશે તમે આગલા પ્રકરણમાં વાંચી ગયા છો. પવિત્ર કુરઆનમાં તેમનો ઘણી જગ્યાએ ઉલ્લેખ આવ્યા કરે છે.

(૨) અરબ-આરિબા. આ તે જાતીઓના લોકો છે જેમણે પ્રાગૈતિહાસિક કાળમાં સ્થળાંતર કરીને અરબસ્તાનને પોતાનું વતન બનાવ્યું તથા પોતાના પૂર્વજોની ભાષા ત્યજી દઈ, પોતે પરાજિત કર્યા હતા તેવી અરબ-બાઈદહ જાતિઓની અરબી ભાષાને માતૃભાષા તરીકે અપનાવી લીધી હતી. આ લોકો કહેતાન અથવા યોકટાનના વંશજો કહેવાય છે. યોકટાનના પુત્ર યા'રબે અરબ-બાઈદહ અર્થાત્ આદિવાસી અરબોને હરાવ્યા કેટલાક કુટુંબોનો નાશ કરી નાંખ્યો બીજાઓને વેરવિખેર કરી નાંખ્યા અને તેમની જગાએ તેઓ વસી ગયા. આ યોકટાનના કબીલાઓ અરબસ્તાનની દક્ષિણે આવેલા ફળદ્રુપ પ્રાંત

૧. Muhammad, The Holy Prophet by G. Sarwar P.I.

યમનમાં વસી ગયા. આ કબીલાઓની વંશવાળી તૌરાતમાં આપેલી છે જે આપણે પહેલા વિગતે જોઈ ગયા. અરબ નૃવિદોએ આપેલી વંશાવળીમાં યારબ અને યા'રબ નામના બે વધુ પુત્રોનાં નામ આપેલાં છે. એ વંશાવળીમાં પુત્ર યશજબ અને યશજબનો પુત્ર અબ્દેશમ્સ ઉર્ફે સબા છે.[૨] તૌરાત પ્રમાણે સબા યોકટાનનો પુત્ર થાય. જ્યારે અરબ નૃવિદોની વંશાવળી પ્રમાણે સબા યોકટાનનો પૌત્ર કે પ્રપૌત્ર થાય. આથી તૌરાત પ્રમાણે યા'રબનો સબાનો ભાઈ થાય અને અરબ નૃવિદો પ્રમાણે સબા યા'રબનો પુત્ર કે પૌત્ર થાય.

(૩) અરબ- મુસ્તારિબા એટલે વસાહતી અરબો. ઈસ્માઈલ અલૈ.ને તેમના પિતા ઈબ્રાહીમ અલૈ.મેં કનાન અર્થાત પેલેસ્ટાઈનમાંથી લાવી મક્કામાં વસાવ્યા હતા. તેથી ઈસ્લામાઈલ અલૈ.ના વંશજો અરબ- મુસ્તારિબા કહેવાય છે. ઈ.સ. પૂર્વે ૬૦૦ના અરસામાં ઈસ્માઈલ અલૈ.થી ૪૦મી પેઢીએ અદનાન થઈ ગયા. તેમના નામ ઉપરથી ઈસ્માઈલ અલૈ.ના વંશજો અદનાની અરબો તરીકે પણ ઓળખાય છે. અત્રે અરબસ્તાનમાં મોટા ભાગના અરબ લોકો કહેતાનીકે યોકટાની અને અદનાની અરબો છે.

આપણે જોયું કે તૌરાત પ્રમાણે યોકટાનના એક પુત્રનું નામ સબા છે. અરબ- ઈતિહાસકારોનું કહેવું છે કે આ પુત્રનું નામ સબા ન હતું, પરંતુ તેનું ઉપનામ હતું., તેનું ખરૂં નામ તો ઉમર અથવા અબ્દે-શમ્સ હતું. સબાનો અર્થ અરબી ભાષામાં કેદ થાય છે અને લડાઈઓમાં પકડાયેલાઓને કેદીઓ, બનાવવાની પ્રથા તેણે શરૂ કરી હતી. તેથી તે ''સબા'' અર્થાત્ કેદીઓ બનાવનાર કહેવાયો. અર્વાચીન ઈતિહાસકારોનું કહેવું છે કે ''સબા'' નો અર્થ વેપાર પણ થાય છે. અને આજે પણ શરાબના વેપારીને અરબીમાં ''સબા-ઉલ-ખમર'' કહે છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય વેપારનો હતો તેથી તેઓ ''સબા'' કહેવાયા. ઈબ્ને કસીરનું કહેવું છે કે તેનું બીજું ઉપનામ ''અલ-રાશ'' હતું. રાશનો અર્થ માલમત્તા થાય છે. યોકટાનનો આ પુત્ર, પૌત્ર કે પ્રપૌત્ર મહાન વિજેતા હતો તેથી તેને લડાઈઓમાં પુષ્કળ માલમત્તા મળી હતી અને આ માલમત્તાને તે ઉદાર હાથે લોકોમાં વહેંચતો હતો તેથી

---

૨. મવાહિબ Vol III પૃ. ૧૫૦-૩૪ : ૧૫ની તફસીર

લોકોએ તેનું નામ ''અલ-રાશ'' પણ પાડી દીધું હતું, પરંતુ તે સબાના નામે ખૂબ જ જાણીતો થયો હતો : ''સબા'' નામ ઉપરથી તેના વંશજો ''સબા'' જાતિના લોકો તરીકે ઓળખાયા.

સબાના હિમ્યર અને કહેલાન નામના બે પુત્રો હતા. મોટાભાગે આ બે પુત્રોમાંથી ઉતરી આવેલા વંશજો યોકટાની કબીલાઓ તરીકે ઓળખાય છે. સબા મૂળ અરબસ્તાનની દક્ષિણ-પશ્ચિમે આવેલા યમન પ્રાંતમાં રહેતો હતો તેથી આ યોકટાની કબીલાઓ પણ ત્યાં જ વસી ગયા હતા. આ જાતિનાં કિન્દાહ અથવા કેહલાન, હિમ્યર, અજદ, અશીરિયન, મજાહિજ, અન્માર જેના બે ફાંટા બજીલા અને ખશઅમ, આમિલા, જુઝામ, લખ્મ અને ગસ્સાન નામના કબીલાઓ હતા. યમનમાંથી પુરાતત્ત્વવિદોને ત્રણેક હજાર જેટલા શિલાલેખો પ્રાપ્ત થયા છે જે આ સબા જાતિના લોકોના ઈતિહાસ ઉપર પુરતો પ્રકાશ પાડે છે. તે ઉપરાંત એમના સંબંધી અરબ લોકોમાં કેટલીક દંતકથાઓ (રિવાયતો) પ્રચલિત છે તથા ગ્રીક ઈતિહાસકારોના લખાણો પણ ઉપલબ્ધ છે. આ શિલાલેખો, દંતકથાઓ અને ગ્રીક લખાણોના આધારે સબા જાતિના લોકોનો ઈતિહાસ રચી શકાયો છે. તેના આધારે તેમના ઈતિહાસના મહત્વપૂર્ણ યુગ નીચે પ્રમાણે પાડવામાં આવ્યા છે :

(૧) પ્રથમ યુગ ઈ.સ. પૂર્વે ૧૧૦૦ થી ઈ.સ. પૂર્વે ૫૫૦ સુધી નો. આ યુગમાં સબાએ ૪૨૦ કે ૪૩૬ વરસ રાજ્ય કર્યું એવું ઘણા ઈતિહાસકારોનું કહેવું છે. જો સબાને યોકટાનની ત્રીજી પેઢીનો અર્થાત યોકટાનનો પૌત્ર કે પ્રપૌત્ર ગણીએ તો તેનો રાજ્ય અમલ ઈ.સ. પૂર્વે ૨૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૨૦૦૦ના ગાળામાં હોવો જોઈએ એમ લાગે છે. આ હકીકત બરાબર બંધબેસતી આવતી નથી. ઝબૂરમાં સબાના રાજાઓનો ઉલ્લેખ દાવૂદ અલૈ. પોતાના પુત્ર સુલૈમાન અલૈ. માટે દુઆ માંગે છે તે પ્રસંગે અને સુલેમાન અલૈ.ની સેવામાં સબાની રાણી બિલ્કીસ હાજર થાય છે એ પ્રસંગે થયેલો છે. આ બંને પયંગબરોનો સમય ઈ.સ. પૂર્વે ૯૨૬ થી ઈ.સ. પૂર્વે ૮૬૫ સુધીનો હતો. એટલે સબાના રાજાઓ ઈ.સ. પૂર્વે ૧૧૦૦ થી ઈ.સ. પૂર્વે ૫૫૦ના ગાળામાં થઈ ગયા હતા એમ કહી શકાય. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સબાના રાજ્યનો પાયો કયારે અને કોણે નાંખ્યો હશે ? એ બનવા જોગ

છે કે યોકટાનના કબીલાઓ યમનમાં વસ્યા ત્યારે રાજાશાહી નહીં હોય, કદાચ ઉમરાવશાહી સમાજતંત્ર હશે. જુદા જુદા કબીલાઓના પોતપોતાના સરદારો હશે. તે બધાનો સરદાર આ સબા બન્યો હશે. વળી તે પુરોહિત પણ હશે, એટલે સમાજતંત્રમાં બીજાં હકૂમતનાં કામો ઉપરાંત ધાર્મિક વિધિઓ પણ કરાવતો હશે. ઈ.સ. પૂર્વે ૧૧૦૦ સુધી આવું ઉમરાવશાહી સમાજતંત્ર અસ્તિત્વમાં રહ્યું હશે. ત્યારપછી આ પ્રથમ યુગમાં સબા રાજ્યનો પાયો સબાના નામ ઉપરથી કોઈક વંશજે નાંખ્યો હશે અથવા બીજો કોઈક સરદાર રાજા બની બેઠો હશે, પરંતુ પોતાના મૂળ પૂર્વજ સબાના નામ ઉપરથી તે અને તેના પછીના રાજવીઓ સબા રાજાઓ તરીકે ઓળખાયા હશે.

દાઉદ અલૈ.નું મૃત્યુ ઈ.સ. પૂર્વે ૯૬૫ માં થયું હતું એટલે તે પહેલાં ૩૦-૪૦ વરસ પૂર્વે ઝબૂરનું આકાશી પુસ્તક તેમને મળ્યું હોવું જોઈએ. તેના ૭૨ મા ગીતમાં તેઓ અલ્લાહ પાસે આ પ્રમાણે દુઆ માંગે છે.

''હે ઈશ્વર !'' ઈન્સાફ કરવાનો તારો અધિકાર તું રાજાને આપ,<br>
અને રાજાના પુત્રને તારું ન્યાયીપણું દે,<br>
તે ન્યાયીપણાથી તારા લોકોનો<br>
અને ઈન્સાફથી તારા દીન- દયાળોનો ઈન્સાફ કરશે,<br>
......................................(જેથી)

તાર્શીશના અને દરિયા કિનારાના રાજાઓ ખંડણી આપશે<br>
શેબા અને સબાનાં રાજાઓ નજરાણાં કરશે.

..........................................<br>
તેઓ જીવશે : અને તેને શેબાનું સોનું આપવામાં આવશે.

સુલૈમાન અલૈ.મે.ઈસ. પૂર્વે ૯૬૫ થી ઈ.સ. પૂર્વે ૯૨૬ સુધી એટલે કે ૪૦ વરસ સુધી પેલેસ્ટાઈન- સિરિયામાં રાજ્ય કર્યું હતું. તેમના રાજ્ય અમલ દરમિયાન ઈસ.સ. પૂર્વે ૯૫૦ના અરસામાં સબાનાં રાણી બિલ્કીસ તેમની સેવામાં હાજર થયાં હતાં, તેમનો તે સમયનો ધર્મ અંગિકાર કર્યો હતો, તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાયાં હતાં અને તેમને પુષ્કળ નજરાણું ભેટ ધર્યું હતું.

દાવૂદ અલૈ.ની દુઆમાં સબાના રાજાઓનો ઉલ્લેખ છે, જ્યારે સુલૈમાન અલૈ. સાથે સબાનાં રાણી લગ્ન કરી લે છે. આ બે પ્રસંગોથી સાબિત થાય છે કે આ યુગમાં આ સબાના રાજાઓ રાજ્ય કરતા હતા. આ પ્રસંગોથી એવું પુરવાર થાય છે કે સબાએ પંડે ૪૨૦ વરસ રાજ્ય કર્યું નથી; તેના વંશજો રાજ્ય કરતા હતા અને તેમાં સબાની રાણીનો ખાસ ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં પણ થયેલો છે. એવું પણ સૂચન મળે છે કે દાવૂદ અલૈ.મે પોતાના સૌથી નાના પુત્ર સુલૈમાન અલૈ. માટે અલ્લાહ પાસે જે દુઆ માંગી હતી તે કબૂલ થઈ હતી. સબાનું રાજ્ય ઘણું આબાદ હતું, લોકો ખૂબજ પૈસાપાત્ર હતા અને રાજ્ય સારી એવી ઉન્નતિના શિખરે હતું.

પ્રખ્યાત ઈતિહાસકાર હમ્ઝા ઈસ્ફહાની કહે છે કે, "કેહતાન અર્થાત્ યોકટાનના વંશજોમાંથી જે પ્રથમ રાજા બન્યો હતો તે હિમ્યર બિન સબા હતો. તદ્દન વૃદ્ધ થયો ત્યાં સુધી તેણે રાજ્ય કર્યું હતું. પછી તેના વારસો ગાદીએ આવ્યા હતા અને કેટલાયે સૈકાઓ સુધી તેના વંશજો હકુમત કરતા રહ્યા હતાં.[3] " સબાના બે પુત્રો હિમ્યર અને કહેલાન હતા. કહેલાનના વંશજોએ પણ સબાની રાજગાદી ભોગવી હતી એ હકીકત એ બાબતથી મળી આવે છે કે મા'રિબ શહેરની તથા સબાના વસાહતોની બરબાદીનાં ચિન્હો કહેલાની કબીલાઓમાં વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. બધા સબા કબીલાઓ વેરવિખેર થઈ ગયા ત્યારપછી હિમ્યર વંશના રાજાઓ ગાદીએ આવ્યા હતા. આ ઐતિહાસિક પુરાવો છે કે એકલા સબાએ ૪૨૦ વરસ રાજ્ય કર્યું છે.

આ યુગમાં ઈ.સ. પૂર્વે ૧૦૦૦-૫૫૦ના યુગમાં સબાના રાજવીઓ "મુકારિબે સબા" તરીકે ઓળખાતા હતા. મુકા=ધર્મ + રબ=માલિક. આમા મુકા અને રબ એ બે શબ્દોનો મુકારિબ શબ્દ બનેલો છે. એથી એવું જણાય છે કે આ રાજવીઓ ધર્મના પેશવાઓ પણ ગણાતા હોવા જોઈએ. આજે પણ તિબેટના રાજવીઓ લામા ધર્મના પેશવાઓ ગણાય છે. આ રાજવીઓ ધર્મયુક્ત કે ધર્મનિષ્ઠ હોવા જોઈએ. તેથી તેઓ પુરોહિત રાજાઓ ( Priest- Kings) હતા એમ કહી શકાય. તેમની રાજધાનીનું શહેર "સરવાહ" હતું, જેનાં

3. કસસુલ કુરઆન-હફીઝુર્રેહમાન Vol. III પૃ. ૨૯૯.

ખંડિયેરો આ પુરોહિત રાજાઓ પછીના સબા રાજાઓની રાજધાનીના શહેર ''મા'રિબ''થી પશ્ચિમમાં ૪૦-૩૦ માઈલના અંતરે આવેલાં છે અને હાલમાં આ ખંડિયરો ''ખરીબા''ના નામથી જાણીતા છે. આ યુગમાં જ ''મા'રિબ''ના જાણીતા બંધનો પાયો નાંખવામાં આવ્યો હતો અને અવારનવાર મલૂકેસબા એટલે સબા રાજાઓ તેને બાંધતાં બંધાવતા હતા.

(૨) બીજો યુગ ઈ.સ. પૂર્વે ૫૫૦થી ઈ.સ. પૂર્વે ૧૧૫ સુધીનો ગણાવામાં આવ્યો છે. આ યુગમાં સબાના રાજ્યકર્તાઓએ ''મુકારિબે સબા'' નામ ત્યજી દઈ ''મલૂકે સબા'' અર્થાત્ સબાના બાદશાહો નામ ધારણ કર્યું હતું. આથી પુરોહિત રાજાઓ ઐહિક રાજાઓ (Kings Temporal) બન્યા એટલે હકૂમત ધાર્મિક વલણની મટીને બિનસાંપ્રદાયિક વલણવાળી બની. તે ઉપરાંત જૂની રાજધાની ''સરવાહ''ને છોડી દઈ ''મારિ'બ'' ને પાટનગર બનાવ્યું. આ મા'રિબ શહેર દરિયાની સપાટીથી ૩૯૦૦ ફૂટની ઉંચાઈ પર વસેલું હોવાથી તેની આબોહવા સમધાત અને ખુશનુમા હતી. એના ખંડિયેરો અત્રેના ''સના'' નામના એક શહેરથી પૂર્વમાં ૬૦ માઈલના અંતરે આવેલાં છે. આ ખંડિયેરો એ વાતની સાખ પૂરે છે કે કોઈક સમયમાં સભ્ય પ્રજાની સંસ્કૃતિનું તે કેન્દ્ર સમું હોવું જોઈએ.

(૩) ત્રીજો યુગ ઈ.સ. પૂર્વે ૧૧૫ થી ઈ.સ. ૩૦૦ સુધીનો ગણવામાં આવ્યો છે. બીજા યુગના ''મલૂકે સબા'' અર્થાત સબાના બાદશાહો નબળા પડયા એટલે રાજસત્તા હિમ્યર કબીલાના હાથોમાં ચાલી ગઈ. એ તો આપણે જોયું કે હિમીર કબીલાના લોકો સબાના વંશજો હતા અને આ સમયે આ કબીલો સૌથી મોટો અને બળવાન હતો. આ હિમ્યર રાજાઓએ ''મા'રિબ'' ને છોડી દઈને ઉજ્જડ કરી મૂકયું અને ''રયદાન'' ને પટનગર બનાવ્યું. આ શહેર એક ગોળાકાર ટેકરી પર વસેલું હતું, ત્યાં તેનાં ખંડિયેરો હાલના ''યરીમ'' નામના શહેર પાસે જોવા મળે છે. અહીંના એક પ્રદેશમાં હિમ્યરનો નાનો સરખો કબીલો વસે છે, તેની દશા જોતાં એવો ખ્યાલ પણ આવતો નથી કે આ કબીલાના લોકો તેના વંશજો હશે જેનો એક સમયે ડંકો વાગતો હતો. આ યુગમાં હિમ્યરી રાજ્યના એક ભાગને ''યમનત'' નામ અપાયું.

સમય જતાં આ નામ ઉપરથી સારાયે પ્રદેશનું નામ યમન પડયું. આ યમનનો પ્રદેશ અરબસ્તાનના દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં આવેલો છે, તે અસીરથી લઈ ઍડન સુધી અને બાબુલમંડપની સામુદ્રધુનીથી લઈ હઝરમૌત સુધી ફેલાયેલો છે. આ યુગમાં રાજવીઓ ''મલેકે સબા વ રયદાન'' અથવા ''મલૂક હિમ્યર'' કહેવાતા હતા.

(૪) ચોથો યુગ ઈ.સ. ૩૦૦ થી ઈ.સ. ૬૨૮ સુધીનો એટલે ઈ.સ. ૩૦૦ થી ઈસ્લામના આગમન સુધીનો ગણવામાં આવેલો છે. સબાની સંપૂર્ણ બરબાદી આ કાળમાં થઈ. ત્યારે સબાના સઘળા કબીલાઓ માંહોમાંહે ખૂબ જ લડતા ઝઘડતા હતા. તેમનામાં આંતરિક લડાઈઓ થયા કરતી હતી એટલે પરદેશી આક્રમણો પણ આ કાળમાં થયાં. વેપાર નષ્ટ થઈ ગયો અને ખેતીનું સત્યાનાશ વળી ગયું. આ યુગના અંતકાળમાં તો તેમની સ્વતંત્રતા પણ ઝૂંટવાઈ ગઈ હતી. તેમના આંતરિક કલહનો લાભ લઈ એબિસિનિયાના હબસી રાજાઓએ ઈ.સ. ૩૨૫ થી ઈ.સ. ૩૭૮ સુધી યમન પર કબજો જમાવ્યો હતો, પરંતુ હિમ્યરી રાજાઓએ સ્વાધીનતા પાછી પ્રાપ્ત કરી લીધી. પછી તેમણે યમનના પાડોશી પ્રાંતો જેવા કે હઝરમૌત, નજદ, તિહામહ, વગેરે જીતી લઈ પોતાના રાજ્યમાં જોડી દઈ રાજ્યનો વિસ્તાર ખૂબ જ વધારી મૂકયો. એબિસિનિયાનો ''અજનિયા'' નામનો પ્રાંત આ હિમ્યરી રાજાઓના કબજામાં આવી ગયો હતો અને તેના ઉપર ''મગાફિર'' ના ઈલકાબથી સબાનો સૂબો હકૂમત કરતો હતો. આવા રાજ્યવિસ્તારના કારણે આ હિમ્યરી રાજ્યકર્તાઓ ''સબા, રયદાન, હઝરમૌત અને નજદના રાજાઓ'' કહેવાતા હતા; આ અંગે ઈતિહાસકાર હમ્ઝા ઈસ્ફહાની કહે છે કે, ''કહેતાનના વંશજોમાંથી જે સૌથી પહેલો રાજા હતો તે ''હિમ્યર બિન સબા'' હતો..... તેના પછી હારિસ-અલ-રાઈશ સુલતાન બન્યો જે પહેલો તુબ્બઅ રાજા હતો. તેના પહેલાં બે રાજાઓ રાજ્ય કરતા હતા, એક સબામાં અને બીજો હઝરમૌતમાં. આમ આખો યમન દેશ એક રાજાના વર્ચસ્વ તળે આવતો ન હતો, પરંતુ અલ-રાઈશે હઝરમૌત પ્રાંતને જીતી લઈ પોતાના સબા રાજ્યમાં ભેળવી દીધો, ત્યારથી તેનું નામ ''તુબ્બઅ'' પડી ગયું.''[૪] ઈબ્ને કસીર પોતાના ઈતિહાસમાં લખે છે કે, ''જેમ રોમન સમ્રાટો

૪. કસસુલ કુરઆન-હફીઝુર્રેહમાન Vol. III પૃ. ૨૯૯-૩૦૦.

કૈસર, ઈરાનના બાદશાહો કિસરા અને મિસરના રાજાઓ ફિરઓન કહેવાતા હતા. તેમાં હિમીરી રાજાઓ "તુબ્બઅ" કહેવાતા હતા.[૫] તુબ્બઅનો અર્થ સિરિયન ભાષામાં સુલતાન અથવા મહારાજા થાય છે. આ તુબ્બઅ પ્રજાનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં દુખાન અને કાફ નામનાં બે પ્રકરણોમાં થયેલો છે. તેમના વિશેની વધુ માહિતી આ પુસ્તકના ૧૬મા પ્રકરણમાં આપવામાં આવેલી છે.

ઉપરોકત યુગોમાં થઈ ગયેલા યમનના બધા રાજવીઓ એક જ સાંકળના કડીઓ સમાન હતા અર્થાત બધા જ સબાના વંશજો હતા તેથી ઘણો ગૂંચવાડો ઉભો થાય છે. એવો ભાસ પડે છે કે સબાના રાજાઓની હકૂમત અને હિમ્યરી રાજાઓની હકૂમત બંને એક જ છે. આ ભાસ ઐતિહાસિક દ્રષ્ટિએ તથા પવિત્ર કુરઆનની દ્રષ્ટિએ જોતાં ખોટા લાગે છે. પવિત્ર કુરઆનમાં સબાના રાજાઓની હકૂમત અંગે "નમલ" અને "સબા" નામનાં બે પ્રકરણોમાં જે બે પ્રસંગો વર્ણવ્યા છે તે હિમ્યર રાજાઓ કે તુબ્બઅ રાજાઓ સંબંધી નથી, તેમની પહેલાંના રાજવીઓ જે સબાના રાજાઓ તરીકે ઓળખાતા હતા તેમના સંબંધી છે. આ પ્રસંગોથી એવું જણાય છે કે હિમ્યર સબાની રાજગાદીનો સીધો વારસ બન્યો ન હતો. સબા અને હિમ્યર રાજાઓ વચ્ચે ઘણી પેઢીઓ અને ઘણા રાજાઓ થઈ ગયા હતા. હિમ્યર હતો તો સબાનો પુત્ર, પરંતુ તેથી એવું સાબિત થતું નથી કે તેનો પોતાનો સમય અને તેના વંશજોની હકૂમતનો સમય એક જ અને ક્રમમાં હતો. ઘણાનો કયાસ તો એવો છે કે સબા પછી ઈ.સ. પૂર્વે ૧૧૦૦ થી ઈ.સ. પૂર્વે ૫૫૦ના યુગમાં તથા ઈ.સ. પૂર્વે ૫૫૦ થી ઈ.સ. પૂર્વે ૧૧૦ના યુગમાં અનુક્રમે જે પુરોહિત રાજાઓ અને સબા રાજાઓ થયા તે બધા સબાના બીજા પુત્ર કહેલાનના વંશજો હતા. આવો કયાસ એ બાબતથી બંધાય છે કે, મારિ'બ અને તેની આબાદીના સમયની વસાહતોની બરબાદીનાં ચિહ્નો કહેલાની કબીલાઓમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે અને હિમ્યર રાજ્યનો પાયો સબા રાજાઓની અને મા'રિબની બરબાદી પછી નંખાયો હતો. ઈ.સ. પૂર્વે ૧૧૫ના અરસામાં સબા રાજાઓનું વેરણછેરણ થઈ ગયું, પરિણામે એબિસિનિયામાં "અકસુમી" કબીલાએ, ઉત્તર અરબસ્તાન અર્થાત હિજાઝમાં ઈસ્માઈલી અર્થાત અદનાની અરબોએ

---

૫. કસસુલ કુરઆન-હફીઝુર્રેહમાન Vol. III પૃ. ૨૯૯-૩૦૦.

અને યમનમાં સબાના હિમ્યર કબીલાએએ પોતપોતાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. આથી મૌલાના હફીઝુર્રૈહમાનનું મંતવ્ય સાચું લાગે છે. તેમનું કહેવું છે કે, ઈ.સ. પૂર્વેના પહેલા સૈકામાં અલ્લાહ તરફથી ''સેલે અરિમ'' એટલે ભયંકર રેલ આવી હતી અને તેથી સબા રાજાઓ વેરવિખેર થઈ ગયા. અલ્લામા અબ્દુલ્લાહ યૂસુફઅલીનું કહેવું છે કે ઈ.સ. ૧૨૦ના અરસામાં આ ભયંકર રેલ, જેને પવિત્ર કુરઆનમાં ''સેલે અરિમ'' કહી છે તે આવી હતી અને તેથી મા'રિબનો બંધ તૂટી ગયો.[૭] મૌલાના મૌદૂદીનું કહેવું છે કે, મારિ'બના પ્રખ્યાત બંધમાં ઠેકઠેકાણે કાણાં પડી ગયાં અને તેથી છેવટે ઈ.સ. ૪૫૦-૪૫૧માં બંધ તૂટવાથી ભારે રેલ આવી, જેનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં કરવામાં આવેલો છે.'' મૌલાના મૌદૂદીનો આ મત બરાબર જણાતો નથી, કારણ તેઓ પોતે જણાવે છે કે ઈ.સ. પૂર્વે ૧૧૫ થી ઈ.સ. ૩૦૦ના સમયમાં હિમ્યર રાજાઓ ગાદીએ આવ્યા અને તેમણે મા'રિબને વેરાન કરી ''રયદાન'' ને પોતાનું પાટનગર બનાવ્યું.'' પવિત્ર કુરઆનથી સાબિત થાય છે કે મા'રિબ અને તેના બાગબગીચાઓ સેલે અરિમથી બરબાદ થયા હતા. હિમ્યર રાજાઓએ મા'રિબને બરબાદ નહોતું કર્યું. અલ્લામા અબ્દુલ્લાહ યૂસુફનો મત પણ આ હકીકતના કારણે બરાબર જણાતો નથી. ઈ.સ. ૧૨૦ના અરસામાં યમનમાં હિમ્યર રાજાઓ રાજ્ય કરતા હતા અને પવિત્ર કુરઆનમાં સબા રાજાઓ બરબાદ થયા તેવું સાબિત થાય છે. ઈ.સ. પૂર્વે ૧૦૦માં મા'રિબ આબાદ હતું એવું આગળ ટાંકેલા ઈતિહાસકારોના ઉતારાઓમાંથી ભાસ થાય છે. આ બધું જોતાં એમ લાગે છે કે ઈ.સ. પૂર્વેના પહેલા સૈકામાં આ મોટી રેલ આવેલી હોવી જોઈએ અને તેથી મા'રિબ વેરાન થઈ ગયું હોવું જોઈએ.

## ૨. સબા-પ્રજાની સમૃદ્ધિ

સબા પ્રજાના લોકોની આબાદી અને ઉન્નતિનો મુખ્ય આધાર (૧)

---

૬. કસસુલ-કુરાન હફીઝુ-ર્રૈહમાન Vol. III પૃ. ૩૨૭

૭. Trans. of The Holy Quran by Abdullah Yusuf Ali. Note 3813

ખેતીવાડી અને (૨) વેપાર પર હતો. તેમના દેશ યમનમાં બારે માસ વહેતી નદીઓ નથી. ઈ.સ. પૂર્વે ૮૦૦ના પહેલાં ખેતીનો મુખ્ય આધાર વરસાદ પર રહેતો હતો. ચોમાસામાં વરસાદનાં પાણી તથા પહાડો પરથી વહેતાં ઝરણાંઓનાં પાણી પહાડોની ખીણોમાં આવેલ રણપ્રદેશમાં સમાઈ જતાં હતાં. તેથી શકય તેટલી વરસાદનાં પાણી પર આધારિત સૂકી ખેતી કરતા હતા. આમ વરસાદનાં અને ઝરણાંઓનાં પાણી નકામાં વહી જતાં હતાં. સમય જતાં આ પાણીને ઉપયોગમાં લેવાનું તેમને સૂઝયું. ઝરણાંઓનાં પાણી રોકવા ઠેકઠેકાણે તેમણે સો જેટલા નાના મોટાં બંધ બાંધી તળાવો ઉભા કર્યા. આ તળાવોમાંથી નહેરો કાઢી ખીણોનાં ખેતરો અને શહેરોની વાડીઓ અને બાગ-બગીચાઓને પાણી સીંચતા હતા. પછી તો તેમણે સૌથી મોટો ''સદ્દે મા'રિબ'' અર્થાત ''મા'રિબનો બંધ'' તે સમયના પાટનગર મા'રિબ પાસે બાંધ્યો.

મા'રિબની દક્ષિણમાં ડાબા-જમણી બે પહાડોની હારો આવેલી હતી. આ પહાડો ''અબ્લક''ના પહાડો તરીકે ઓળખાતા હતા. આ બે પહાડોની હારો વચ્ચે એક લાંબી પહોળી ખીણ આવેલી હતી, જે ઉઝનિયાની ખીણ તરીકે ઓળખાતી હતી. જ્યારે વરસાદ વરસતો ત્યારે વરસાદનું પાણી તથા તેથી પહાડો પરથી વહેતાં ઝરણાંઓનું પાણી આ ખીણમાં આવતું એટલે આ ખીણ એક નદી બની જતી હતી. પછી ત્યાં એક સરોવર પણ બની જતું હતું. ખેતી માટે આ પાણીનો ઉપયોગ કરવા ઈ.સ. પૂર્વે ૮૦૦ના અરસામાં ઉપરોક્ત બે પહાડો વચ્ચે બંધ બાંધવાનું ''મકારિબે સબા'' અર્થાત ''પુરોહિત રાજાઓએ'' શરૂ કર્યું. ત્યારપછી કેટલાંયે વરસો સુધી આ બંધનું બાંધકામ ચાલ્યા કર્યું હતું. એક દંતકથા એવી પ્રચલિત છે કે આ બંધ બાંધવાની શરૂઆત સબા બિન યા'રિબે કરી હતી, પરંતુ તે તેને પૂરો કરી શકયો નહીં; તેના પુત્ર હિમ્યરે તેને પૂરો કર્યો હતો. આ દંતકથાના આધારે તો તેના બાંધકામની શરૂઆત ઈ.સ. પૂર્વે ૨૫૦૦ વરસ પૂર્વે ગણાય. આ બાબત શકય લાગતી નથી, કારણ ત્યારે વસ્તી એટલી ન હતી કે બંધ બાંધવાની જરૂરત પડે. બીજી દંતકથા એવી પ્રચલિત છે કે સબાની રાણી બિલ્કીસે તેને બંધાવ્યો હતો, અર્થાત ઈ.સ. પૂર્વે ૯૫૦ના અરસામાં. આ બંને દંતકથાઓમાં તથ્ય જણાતું નથી, કારણ તેની ભાંગી-તુટી દિવાલો પર બંધ બાંધનારા રાજવીઓનાં નામો કોતરેલાં હાલમાં ઉપલબ્ધ થયાં છે. તે ઉપરથી પુરવાર

થાય છે કે આ બંધ બાંધવાનો આરંભ ઈ.સ. પૂર્વે ૮૦૦માં મકારિબે- સબા અર્થાત પુરોહિત-રાજા સિબ્બ અમરબૈન બિન સમહલીએ કર્યો હતો; પરંતુ તેના રાજ્ય અમલમાં બંધનું બાંધકામ પૂર્ણ ન થયું એટલે તેના પછીના રાજવીઓએ તે કામ પૂર્ણ કર્યું. સિબ્બ અમરબૈન સિવાય જે નામો વાંચી શકાયાં તેમાં સમહલી નયૌફ બિન ઝમરઅલી અને કરમ એહલે બૈન બિન સિબ્બ અમરબૈન નામના મુકારિબે- સબા અર્થાત પુરોહિત રાજાઓનાં સમયમાં આ બંધ બાંધવાની શરૂઆત થઈ હતી તે સબા રાજાઓનાં સમયમાં પૂર્ણ થયો. એ પણ સિદ્ધ થાય છે કે સબા લોકો સ્થાપત્ય કળા અને ઈજનેરી કળામાં પ્રવીણ હતા. તેમનામાં સારા ઈજનેરો પણ હતાં. આ બાબતની સાબિતી એ હકીકત ઉપરથી પણ મળે છે કે તેમણે ૨૦ માળની ''કસરે ગુમદાન'' નામની ગગનચૂંબી ઈમારત બાંધી હતી. તેનો દરેક માળ ૩૬ ફૂટ ઉંચો હતો.

તેમના પાટનગર મા'રિબની દક્ષિણમાં ''અબ્લક'' નામના બે પહાડો હતા. આ શહેરની ડાબી અને જમણી બાજુઓએ આ પહાડોની હારમાળાઓ આવેલી હતી અને તેમની વચ્ચે એક મોટી વિશાળ ખીણ હતી, જે ઉઝનિયાની ખીણ તરીકે ઓળખાતી હતી. આ ખીણમાં આ બે પર્વતોની હારમાળા વચ્ચે મા'રિબનો આ પ્રખ્યાત બંધ બાંધવામાં આવ્યો હતો. તેના અવશેષો આજે પણ અસ્તિત્વમાં છે. ફ્રેન્ચ મુસાફર ટી.જે. આરનોડે ઈ.સ. ૧૮૪૩માં આ શહેર અને મા'રિબ-બંધના અવશેષો જોયા હતા અને જનરલ એશિયાટિકના જાન્યુઆરી ૧૮૭૪ના અંકમાં આ ગંજાવર બંધ અને ઉત્કીર્ણ લેખોનું વર્ણન કર્યું છે. આરનોડે લીધેલા માપ પ્રમાણે આ બંધનો પુસ્તો બે માઈલ લાંબો અને ૧૨૦ ફુટ ઊંચો હતો.[૮] આ બંધની પહોળાઈ ૫૦ ફૂટ હતી.[૯] આથી એવું જણાય છે કે બંધ માટીનો હતો પરંતુ તેની બંને બાજુએ માટી ધોવાઈ ન જાય તે માટે પથ્થરો ચણી લેવામાં આવ્યા હતા. આ પુસ્તામાં ઉપર નીચે ૩૦-૩૦ બારીઓના ત્રણ માળ રાખવામાં આવ્યા હતા. પાણીની સપાટી પ્રમાણે આ બારીઓ ઉઘાડીને સીંચાઈ માટે પાણી લેવામાં આવતું હતું. પુસ્તાની નીચે એક મોટો હોજ કે કુંડ હતો, તેમાં બંધનું પાણી લેવામાં આવતું હતું. આ

૮. Trans. of The Holy Quran by Yusuf Ali. Note 3813.

૯. કસસુલ-કુરઆન- હફીઝુર્રહમાન Vol. III પૃ. ૩૦૫

હોજની ડાબી અને જમણી બાજુએ લોઢાના બે મજબૂત દરવાજાઓ હતા. આ દરવાજાઓ સાથે બે મોટી નહેરો કાઢવામાં આવી હતી અને તેમાંથી અનેક નાની મોટી નહેરો કાઢી ખીણની ડાબી અને જમણી બાજુએ આવેલા ખેતરો, બાગ બગીચાઓ અને વાડીઓની સીંચાઈ માટે પાણી આપવામાં આવતું હતું. આશરે ૩૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં આ બંધના પાણીથી સીંચાઈ થતી હતી. એમ કહેવાય છે કે પુરાતન કાળમાં તેમના જેવી સીંચાઈ યોજના બેબિલોન અને મિસર સિવાય બીજે કયાંય ન હતી. આ સીંચાઈના કારણે ખીણની ડાબી તેમજ જમણી બંને બાજુઓએ ખજૂરીનાં ઝાડો, અનેક પ્રકારનાં ફળાઉ ઝાડો, ફૂલવાડીઓ, શાકભાજીની વાડીઓ તથા તજ, અગર, સુખડ, જાયફળ, બોરસલી, કેવડો વગેરે જેવાં સુગંધીદાર ઝાડોથી આખી ખીણ ઉપવન બની ગઈ હતી. જ્યાં જુઓ ત્યાં હરિયાળી જ હરિયાળી નજરે પડતી હતી અને તે એક સ્વર્ગ કે જન્નત સમી બની ગઈ હતી. આ અંગે પવિત્ર કુરઆનમાં પણ કહેવામાં આવ્યું છે કે :

"સબા માટે (અર્થાત સબા કોમના લોકો માટે) તેમના જ રહેઠાણમાં એક નિશાની મોજૂદ હતી. બગીચાઓની બે હારો ડાબી અને જમણી બાજુઓએ હતી. તેમને કહી દેવામાં આવ્યું હતું કે તમારા પરવરદિગારે આપેલી રોજી ખાઓ અને તેનો પાડ માનતા રહે; કેમકે તેમના જ રહેવા માટે આ શહેર છે જે ઉમદા અને પવિત્ર છે અને તેમનો પાલનકર્તા બક્ષિશ આપનારો છે." ૩૪:૧૫

આમ પવિત્ર કુરઆનમાં પણ આ દેશ ઘણો જ ઉપજાઉ હતો એમ સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. ત્યાં ફળાઉ ઝાડો એટલા અસંખ્ય પ્રમાણમાં થતાં હતાં કે ફળો પાકવાની મોસમમાં માથે ટોપલી મૂકીને કોઈક સ્ત્રીને આ ફળાઉ ઝાડોની નીચેથી પસાર થવાનું થતું તો પાકાં ફળો ઉપરથી આપમેળે પડતાં અને ટોપલી ભરાઈ જતી હતી. વળી તેમાં જાતજાતનાં અને ભાતભાતનાં ખુશબોદાર ઝાડો, ફૂલવારીના છોડવાઓ ઈત્યાદિથી આખો પ્રદેશ હરિયાળો અને લીલોછમ રહેતો હતો. તેથી આબોહવા ખૂબ જ ખુશનુમા રહેતી હતી; પરિણામે ત્યાં માંકડ, મચ્છર, સાંચડ કે માખીઓ અને બીજા જીવજંતુઓ થતા જ ન હતા. ઈર્ષ્યા ઉપજાવે તેવા તેમના જીવન માટે કેટલાક તે સમયના સમકાલીન ઈતિહાસકારોનાં વર્ણનો આ રહ્યાં :

ઈ.સ. પૂર્વે ૧૯૪માં થઈ ગયેલા ઈતિહાસકાર એરોટોસ્થિનીસ (Erotosthens) લખે છે કે, ''અરબસ્તાનની દક્ષિણની અંતિમ હદ પર આવેલા હિંદી મહાસાગર અને અરબી સમુદ્રની અડોઅડ સબા લોકોનો દેશ આવેલો છે. તેમનું પાટનગર મા'રિબ છે. ત્યાં ઉનાળામાં વરસાદ પડે છે ત્યારે નદીનાળાં વહેવા લાગે છે અને તેના પાણીથી મેદાનો અને તળાવો ભરાઈ જાય છે. તેથી જમીન એટલી ભેજવાળી અને ફળદ્રુપ બની જાય છે કે લોકો વરસમાં બે વાર પાક લે છે. હઝરમૌતથી સબા સુધી મુસાફરી કરતાં ૪૦ દિવસ લાગે છે; જ્યારે માઈનથી અકબામાં આવેલા ઈલા સુધી સફર ખેડતા વેપારીઓને ૧૭ દિવસ લાગે છે. હઝરમૌત, માઈન અને સબાના પ્રદેશો ઘણા જ આબાદ છે.''

ગ્રીસ ઈતિહાસકાર અગાથિરોસીડોસ (Agatheroshides) ઈ.સ. પૂર્વે ૧૪૫માં થઈ ગયો. તે લખે છે કે ''સબા લોકો અરબસ્તાનના એક સમૃદ્ધ પ્રદેશમાં વસેલા છે. તેમાં ઘણી જાતનાં સારાં સારાં બેશુમાર સ્વાદિષ્ટ ફળો થાય છે. દરિયાકિનારે થતાં બલસાનનાં અને બીજાં ઝાડો અતિશય રળિયામણાં લાગે છે. અંદરના ભાગમાં તજનાં, ખજૂરીનાં, તેજાનાનાં, લોબાનનાં ઝાડોનાં ગીચ જંગલો આવેલાં છે અને તે ઝાડોમાંથી આજુબાજુ મહેક પ્રસર્યા કરે છે. અનેક પ્રકારનાં એટલાં ઝાડો છે કે તેમનાં નામો જાણવાનું પણ મુશ્કેલ લાગતું હતું. તેમનામાંથી જે ખુશબો નીકળે છે તે સ્વર્ગની ખુશબો સમાન છે. તેના વખાણ શબ્દોમાં કરી શકાય તેમ નથી. જો આપણે જમીનથી થોડા અંતરે સમુદ્રમાં સફર કરતા હોઈએ અને જો તે વેળા હવા જમીન તરફથી સમુદ્ર તરફ ચાલતી હોય તો પેલાં ઝાડોની મહેકથી આપણે ખુશ ખુશ થઈ જઈએ અને એમ લાગે કે જાણે - આપણે અમર-જીવન માણતા ન હોય ! આ ઉપમા પણ અધૂરી લાગે છે.''

પ્રખ્યાત ઈતિહાસકાર આરટીમીડોરસ (Artimidoras) જે ઈ.સ. પૂર્વે ૧૦૦ના અરસામાં થયો તે લખે છે કે, ''સબાના રાજા મા'રિબમાં આવેલા તેના મહેલમાં રહે છે. આ શહેર ઝાડીથી ભરપૂર એક પહાડી પર આવેલું છે. આ પહાડી એક સ્વરુપવાન સ્ત્રી જેવી લાગે છે. ફળોની અતિશયતાના કારણે લોકો આળસુ અને બેકાર બની ગયા છે. તેઓ મહેકતા

ઝાડોનાં મૂળિયાંને લપેટાઈને પડી રહે છે. જલાઉ લાકડાંના બદલે તજ અને તેજાનાનાં ખુશબોદાર લાકડાં બાળે છે. કેટલાક લોકો ખેતી કરે છે. કેટલાક લોકો સ્થાનિક અને પરદેસી ગરમ મસાલાનો વેપાર કરે છે. સામે કિનારાના હબસી લોકોના દેશમાંથી આ ગરમ મસાલો ચામડાથી મઢેલી હોડીઓમાં લઈ આવે છે. વળી દેશમાંથી પણ વેપારીઓ માલ ખરીદે છે અને પાડોશીઓને વેચે છે. સિરિયા અને મિસર તથા તેના કિનારાના દેશો સુધી આ વેપારી માલ લઈ જાય છે.''

આગળ ઉપર આપણે જોઈ ગયા કે તેમનો બીજો મુખ્ય વ્યવસાય વેપારનો હતો. ભૌગોલિક દ્રષ્ટિએ તેમના દેશનું ખાસ વિશિષ્ટ અને સગવડભર્યું સ્થાન હતું અને તે પરિસ્થિતિનો તેઓ પૂરેપૂરો લાભ ઉઠાવતા હતા. હજારેક વરસો સુધી તેઓ વેપાર-વાહકો (Careers of Trade)રહ્યા હતા. તેમનાં એડન અને બીજાં બંદરોમાં ચીનનું રેશમી કાપડ, ઈન્ડોનેશિયા અને માલાબારના ગરમ મસાલા, ભારતનું સુતરાઉ કાપડ અને તેની તલવારો, પૂર્વ આફ્રિકાના હબસી ગુલામો, શાહમૃગનાં પીછાં, હાથીદાંત ઈત્યાદિ વસ્તુઓ તેમનાં જ વહાણો દ્વારા ઠલવાતી હતી અને ત્યાંથી આ વસ્તુઓ દરિયાઈ માર્ગે તેઓ મિસર, સિરિયા અને પેલેસ્ટાઈનના બજારોમાં લઈ જતા હતા. ત્યાંથી જરૂર પ્રમાણે ગ્રીસ, ઈટલી અને દક્ષિણ યુરોપના દેશોમાં પણ લઈ જતા હતા. આ પરદેશી વસ્તુઓ ઉપરાંત તેમના જ દેશમાં પેદા થતી સુગંધીદાર વસ્તુઓ જેવી કે લોબાન, અંબર, કસ્તૂરી, જાયફળ, જાવંત્રી, કાકફળ, તજ વગેરે વસ્તુઓને પણ તેઓ ઉપરોકત દેશોમાં લઈ જતા હતા. આ દેશોમાં આ વસ્તુઓની ભારે માંગ રહેતી હતી, તેથી આ વસ્તુઓ બજારમાં ચપોચપ વેચાઈ જતી હતી.

તેમના બે વેપારી માર્ગો હતા. (૧) જમીન- માર્ગ. પવિત્ર કુરઆનમાં આ જમીન માર્ગનો ઉલ્લેખ ''સબીલે મુકીમ'' અર્થાત હંમેશના આવવા-જવાનો માર્ગ અને ''ઈમામે મુબીન'' અર્થાત સરિયામ માર્ગ તરીકે ઉલ્લેખ થયેલો છે : જુઓ પવિત્ર કુરઆનની ૧૫:૭૬ અને ૧૫:૭૯ની આયતો જમીન-માર્ગ માટે તેમના દેશમા વેપારનું કેન્દ્ર તેમનું પાટનગર મા'રિબ હતું. મા'રિબમાં બંધના કારણે થતી સુગંધીદાર વસ્તુઓ, હઝરમૌતનો માલ અને

તેમનાં પોતાનાં બંદરોએ ઉતરેલો પરદેશી માલ એકત્ર થતો હતો. ત્યાંથી ઊંટોની વણજારો મક્કા, જિદ્દા, મદીના, અલ-ઉલા, તબૂક અને ઈલા થઈ પિટરા આવતી હતી. પિટરાથી આ માર્ગના બે ફાંટા પડતા હતા. એક માર્ગ મિસર જતો હતો અને બીજો માર્ગ જોર્ડન થઈ સિરિયા જતો હતો. મા'રિબથી સિરિયા સુધીના માર્ગની બંને બાજુએ આખા રસ્તે તજના, બલસાનનાં અને બીજાં તેજાનાનાં ગંજાવર ઝાડો હતાં, જેમનો છાંયડો આખો દિવસ રસ્તા પર રહ્યા કરતો હતો. વળી આ વેપારી-માર્ગની બંને બાજુએ મુસાફરખાનાં કે ધર્મશાળાઓ બનનાવવામાં આવેલી હતી. આ ધર્મશાળાઓ કે મુસાફરખાનાંઓની આજુબાજુ વસાહતો ઉભી થઈ ગઈ હતી. આ વસાહતો એટલી ગીચ બની ગઈ હતી કે એક વસાહતના છેડેથી બીજી વસાહત શરૂ થઈ જતી હતી. પોતપોતાના કાર્યક્રમ પ્રમાણે કાફલાઓ અને મુસાફરો વિશ્રાંતિ-ગૃહોમાં ગમે ત્યારે પહોંચી જતા હતા અને ત્યાં તેમને પીવા માટે ઠંડું મીઠું પાણી મળતું, ખાવા માટે તાજાં ફળો અને રસોઈ મળતી હતી. આ વેપારી-કાફલાઓને કે મુસાફરોને સફરની જરાયે મુશ્કેલી પડતી ન હતી. આરામથી લૂંટેરાઓની કોઈ પણ જાતની બીક વિના કે બીજી કોઈ ચિંતા વિના કાફલાઓ અને વટેમાર્ગુઓ ગમે ત્યારે ઉપડતા, અને આરામ કરતા હતા. આજે પણ આ વસાહતોનાં ઘણાં ચિન્હો મોજૂદ છે. ત્યાંના વિશ્રાંતિ-ગૃહોમાંથી સબા ભાષામાં કોતરાયેલા ઘણાલેખો પણ મળી આવે છે. આ વસાહતો અંગે પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, ''અને અમે તેમને (સબા લોકોને) અને જે રહેઠાણોને અમે સમૃદ્ધ બનાવ્યાં છે તેમની (અર્થાત સિરિયાના લોકોની) વચ્ચે ખુલ્લી રીતે દેખાઈ આવે એવા વસિયાણો ઉભાં કરી દીધાં અને આ વસિયાણો વચ્ચે (યાત્રાના પડાવ માટે) મંજિલો સ્થાપી દીધી કે જેથી નચિંતપણે રાત્રે કે દિવસે મુસાફરી કર્યા કરે.'' ૩૪:૧૮

દરિયાઈ માર્ગનો વેપાર પણ એક હજાર વર્ષ સુધી તેમના હસ્તક રહ્યો હતો. એક છેડે તેમનો વેપાર દરિયાઈ માર્ગે ભારત, લંકા, ઈન્ડોનેશિયા, મલાયા અને ચીન સાથે ચાલતો હતો; જ્યારે બીજા છેડે યમનથી સિરિયા મિસર, ગ્રીસ, ઈટલી અને યુરોપના દક્ષિણના દેશો સાથે ચાલતો હતો. આ વેપાર માટે વહાણો રાતા સમુદ્રમાં થઈને આવજાં કરતાં હતાં. રાતા સમુદ્ર પર વાતા ભયંકર પવનોથી, તેમાં પાણી નીચે પડેલા ખડકોથી અને વહાણો

થોભાવવાનાં સ્થળોથી આ લોકો ખૂબજ પરિચિત હતા. આ કારણે તેઓ આ માર્ગે સહીસલામત આવ જા કરી શકતા હતા. બીજી કોઈ પ્રજાનાલોકો આ ખતરનાક રાતા સમુદ્રમાં વહાણો લાવવા લઈ જવાનું જોખમ ખેડવા હિંમત કરી શકતા ન હતા. આથી જ આટલા લાંબા કાળ સુધી દરિયાઈ વેપારના વાહકો (CARRERS OF SEA TRADE) સબા લોકો રહી શકયા.

પ્રાચીન કાળમાં લોકોના મુખ્ય વ્યવસાય ખેતીવાડી અને વેપાર ગણાતા હતા. હુન્નર-ઉદ્યોગનો આધાર હાથ કારીગરી અને માનવ-બળ પર આધારિત હતો. તેમાં યાંત્રિક બળનો ઉપયોગ થતો ન હતો એટલ હુન્નર-ઉદ્યોગ વૈયકિતક હતો, આજના જેવો અગત્યનો મોટા પાયા પરનો ન હતો આ બે મુખ્ય વ્યવસાયના કારણે સબા લોકો ઘણા જ ધનવાન બની ગયા હતા. ગ્રીક ઈતિહાસકાર અગાથિરોસીડોસ કહે છે કે, ''આખા જગતમાં સબાના લોકો સૌથી વધુ ધનવાન છે, અન્ય દેશોમાંથી તેમના દેશમાં સોના-ચાંદીનો પ્રવાહ વહેતો રહે છે. દૂરનો દેશ હોવાથી ત્યાંના લોકોને હરાવી શકાતા નથી. વળી તેમના પાટનગરના લોકો સોના-ચાંદીના વાસણો અને થાળીઓ -વાટકા વાપરે છે. તેમના દીવાનખાનાઓના થાંભલા, મકાનોની છતો અને બારી-બારણાં સોના-ચાંદીના નકશીકામથી અત્યંત સુશોભિત બનાવવામાં આવે છે. આ નકશીકામ કરવામાં તેઓ સારી જેહમત ઉઠાવે છે અને તેમાં અતિસુંદર કારીગરીનું દર્શન થાય છે.''

## ૩. સબા લોકોની બરબાદી

એ તો આપણે જોઈ ગયા કે, સબા બિન યા'રબ આ પ્રજાનો આદિ પુરુષ હતો અને તેના નામ પરથી જ તેના વંશજો સબા લોકો કહેવાયા. એક રિવાયત એવી કહેવામાં આવે છે કે એક વેળા કોઈક સાથીએ આપ સલ્લ.ને પૂછયું કે, ''યા રસુલલ્લાહ ! શું સબા કોઈક દેશનું નામ છે કે કોઈક પુરુષ અથવા કોઈક સ્ત્રીનું નામ છે ?'' આપ સ.અ. મે જવાબ આપ્યો કે, ''સબા તો પુરુષનું નામ છે અને તેના વંશજોના ૧૦ કબીલાઓ થયા હતા, જેમાંના ૬ કબીલાઓ તેમની બરબાદી પછી પણ યમનમાં રહ્યા હતા અને બાકીના ૪ કબીલાઓ હિજરત કરીને બીજા દેશોમાં વસી ગયા હતા.'' આ સબા એક નેક માણસ હતો એવી રિવાયત આઈશહ સિદ્દીકહ રદી.એ કહી છે. આ

હકીકતને એ બાબતથી પણ ટેકો મળે છે કે મુહમ્મદ સ.અ.વ. જગતના આખરી પયગંબર તરીકે આવશે તેવી કેટલીક પંક્તિઓ સબાએ રચી છે. તેણે પોતાના વંશજોને એવી હિદાયત કરી હતી કે જ્યારે આ આખરી પયગંબર વ્યકત થાય ત્યારે તેમણે તેમને મદદ કરવી અને તેમની તાબેદારી સ્વીકારી લેવી. તે અંગેની સબાની પંક્તિ આ પ્રમાણે છે.[10]

متی یظهر فکونوا ناصریه ومن یلقاه یبلغه سلامی

"હે મારા વંશજો ! જ્યારે પયંગબરોના સરદાર વ્યકત થાય ત્યારે તમે તેમની મદદ કરજો અને તમારામાંથી જે કોઈ તેમને જોવા ભાગ્યશાળી થાય તેણે મારા સલામ તેમને પહોંચાડી દેવા."

આ હિદાયતના આધારે જ સબાના વંશજો પૈકી મદીનાના ખોજ અને ખજરજ કબીલાઓના લોકોએ આપ સલ્લ.ને પયગંબર તરીકે સ્વીકારવાની પહેલ કરી હતી. આથી પુરવાર થાય છે કે સબા વહદત અર્થાત એકેશ્વરવાદમાં માનનારો અને એક જ અલ્લાહની બંદગી કરનારો હતો. તેના પછીના કેટલાક વંશજો તેના ચીલે ચાલતા રહ્યા અર્થાત તૌહીદ પરસ્ત રહ્યા; પરંતુ વખત જતાં તેમણે અલ્લાહની બંદગી ત્યજી દઈ સૂર્યપૂજા અને ગ્રહ-પૂજા અર્થાત સિતારા-પરસ્તી કરવા લાગ્યા. ઈ.સ. પૂર્વે ૯૫૦ પહેલાં આ સબા લોકો સૂર્ય-પૂજા કરતા હતા તેનો પુરાવો પવિત્ર કુરઆનની ૨૭:૨૨ થી ૨૪ની આયતોમાંથી મળી રહે છે. હુદહુદ નામનું પક્ષી સુલૈમાન અલૈ.ની સેવામાં ઉપસ્થિત થાય છે ને તે વેળા તે કહે છે, "હું એક એવી વાત જાણી લાવ્યો છું જેની તમને ખબર નથી, હું તમારી પાસે સબા કોમની એક સાચી ખબર લાવ્યો છું. મેં ત્યાં એક સ્ત્રીને જોઈ જે તે લોકો પર રાજ્ય કરતી હતી..... વળી મને જણાયું કે તેણી તથા તેણીની પ્રજા અલ્લાહને છોડી દઈ સૂર્ય-પૂજા કરતી હતી." ૨૭:૨૨ થી ૨૪. આ ઉપરથી સુલૈમાન અલૈ.મે તેણીને એક જ અલ્લાહની બંદગી કરવાનો પત્ર પાઠવ્યો. આ પત્ર મળતાં તેણી સુલૈમાન અલૈ.ની તહેનાતમાં હાજર થઈ અને ત્યાં તેણીએ સૂર્ય-પૂજા ત્યજી દઈ એક જ અલ્લાહની બંદગી કરવાનો ઈસ્લામ ધર્મ અંગિકાર કરી લીધો. પુરાતન કાળમાં

૧૦. મવાહિબ ૩૪:૧૮ની તફસીર

સામાન્યપણે એવું બનતું હતું કે રાજા કે રાણીનો જે ધર્મ હોય તે ધર્મ તેની પ્રજા પણ પાળતી. સબાની આ રાણી બિલ્કીસે પોતાના દેશમાં આવીને આ ઈસ્લામ ધર્મ પોતે અંગિકાર કર્યો છે તેની જાણ પ્રજાને કરી એટલે સારી પ્રજાએ પણ આ ધર્મ અપનાવી લીધો અને કેટલાંયે વરસો સુધી આ ધર્મ પાળતી રહી; પરંતુ વખતના વહેણ સાથે તૌહીદ-પરસ્તીની પકડ ઢીલી પડવા લાગી અને આ પ્રજાની બહુમતિએ અલ્લાહની બંદગી તથા તાબેદારીને છોડી દીધી અને અન્યની પૂજામાં પડી ગઈ.

અન્યની પૂજામાં તેઓ ''અલમકા'' અર્થાત્ ચંદ્ર-દેવતાની ખાસ ઉપાસના કરતા હતા. તે ઉપરાંત પણ ઝોહરા નામના સિતારાની, જાતે બાદાન અર્થાત સૂર્ય-દેવતાની, હૉબસ, હરીમત ઈત્યાદિ દેવોની આરાધના કરતા હતા, પરંતુ ''અલમકા'' ઉર્ફે ચંદ્ર-દેવતા તેમનો મુખ્ય દેવતા હતો. અલમકાના પોતે પ્રતિનિધિ છે એવું સબાના રાજાઓ દ્રઢપણે માનતા હતા. રાજા ઈશ્વરનો પ્રતિનિધિ છે એટલે રાજાને ઈશ્વરી-હક (Divine Rights of Kings) પ્રાપ્ત થાય છે અને તે આધારે પ્રજાએ તેમની તાબેદારી કરવી જોઈએ એવું સબા રાજાઓ માનતા હતા. યમનમાંથી ઘણા શિલાલેખો મળી આવ્યા છે તે લેખો એ વાતની સાખ પૂરે છે કે આ કાળમાં યમનમાં અનેક દેવ-દેવીઓનાં અને ખાસ કરીને ''અલમકા''ના એટલે કે ચંદ્ર-દેવતાનાં મંદિરોથી આખો દેશ ભરપૂર હતો. તહેવારોની ઉજવણીના તથા બીજા વ્યક્તિગત પ્રસંગોએ જેવા કે પુત્ર-પ્રાપ્તિ, લગ્ન, વેપારમાં સારો નફો, ખેતીમાં સારો પાક ઈત્યાદિ પ્રસંગોએ આ દેવતાઓની મૂર્તિઓની આરાધના કરતા અને તેમનો જ આભાર પ્રદર્શિત કરતા હતા. આખો દેશ મંદિરોથી ભરપૂર હતો તેથી એવું સ્પષ્ટ થાય છે કે પ્રજાનો મોટો ભાગ મૂર્તિ પૂજામાં ડૂબેલો હતો.

આવી પરિસ્થિતિ હોવા છતાં કેટલાક શિલાલેખોથી એવું પ્રતિપાદન થાય છેકે સબા પ્રજામાં લઘુમતિ સમુદાય એવો પણ હતો જે એક જ અલ્લાહને માનતો હતો, તેની જ બંદગી કરતો હતો અને તેની જ તાબેદારી કરતો હતો. ઈ.સ. પૂર્વે ૬૫૦ના અરસાના સમયના મળેલા કેટલાક શિલાલેખો પરથી એવું તારણ નીકળે છે કે તે સમયે યમનનાં કેટલાંક સ્થળોએ એવાં પ્રાર્થના-ઘરો હતાં જેમાં ''ઝૂ-સમાની'' અર્થાત આસમાનોના માલિકની બંદગી થતી

હતી. આવાં કેટલાંક પ્રાર્થના-ઘરોમાં આ મા'બૂદ કે પૂજનિકનું નામ ''મવકન ઝૂ-સમવી'' અર્થાત ''તે બાદશાહ જે આસમાનોનો માલિક'' લખેલું મળી આવે છે. એકેશ્વરવાદમાં માનતો આ લઘુમતિ સમુદાય કેટલાયે સૈકાઓ સુધી જીવંત રહ્યો હતો એ અંગેનો પુરાવો એ બાબતોથી મળે છે કે (૧) ઈ.સ. ૩૭૮ના એક લેખમાં ''ઈલાહી ઝૂ-સમવી ના નામે એક પ્રાર્થના-ઘર સ્થાપવામાં આવ્યું હતું.'' ઈ.સ. ૪૬૫ના એક લેખમાં ''જે આકાશોનો અને ધરતીનો માલિક છે તે ખુદાનો સાથ અને સહાય માગું છું'' એવા શબ્દો આવે છે. ઈ.સ. ૪૫૮ના લેખમાં એજ ખુદા માટે રહેમાન શબ્દ વપરાયો છે.

ટુંકમાં પ્રજાનો નાનો સમુદાય એક જ ખુદાની બંદગી કરતો રહ્યો, પરંતુ મોટા ભાગના લોકોમાં હંમેશા એશઆરામ અને ધનદોલતના કારણે ધીમે ધીમે અહંકાર, ઘમંડ ઈત્યાદિ દુગુર્ણો પેદા થયા અને સાચો ધર્મ છોડી દઈ મૂર્તિ પૂજામાં રચ્યા પચ્યા રહેવા લાગ્યા અને ઈશ્વરપણામાં બીજાઓને ભાગીદાર ગણવા લાગ્યા. સુધરવા માટે અલ્લાહે તેમને પૂરતી તક આપી અને દસ જેટલા પયગંબરો તેમને હિદાયત આપવા મોકલ્યા. આ પયગંબરોએ તેમને સમજાવ્યું કે તમને આપવામાં આવેલી ન્યામત અને ધન-દોલતમાં તમારે મસ્ત થઈ પડયા રહેવું ન જોઈએ અને દુગુર્ણોમાં જીવન વ્યતિત કરવું ન જોઈએ : તમારે સદગુણો અપનાવવા જોઈએ, અને એક જ અલ્લાહની બંદગી કરવી જોઈએ : અલ્લાહના એશ્વર્યમાં કોઈને ભાગીદાર ગણવો ન જોઈએ. આ લોકોએ પણ અન્ય એવી પ્રજાઓના લોકોની જેમ પયગંબરોની સાચી હિદાયતને ઠોકરે મારી દીધી. આ નાફરમાનીના કારણે ખુદાએ તેમને બે પ્રકારની સજા કરી. પહેલી સજા એ કરી કે તેણે તેમની ખેતીવાડી બરબાદ કરી મૂકી. બન્યું એવુ કે જે બંધ માટે તેમને ભારે શ્રદ્ધા અને ગર્વ હતો અને જેના પ્રતાપે તેમના પાટનગરની બંને બાજુાએ ૧૦૦-૧૦૦ ચોરસ માઈલ સુધી ખૂબસૂરત અને સુંદર બાગ-બગીચા અને લીલાંછમ ખેતરો હતાં, તે બંધ તૂટી ગયો અને અચાનક ભારે રેલ આવી અને રેલનાં પાણી ચોતરફ ફરી વળ્યાં અને બધે જળબંબાકાર થઈ ગયું અને બંને બાજુાના બાગ બગીચાઓ અને ખેંતરોના પાક વગેરે કોહી ગયા અન બધું જ નષ્ટ થઈ ગયું. ધીમે ધીમે પાણી ઉતરી ગયા પછી ફળાઉ અને સુગંધીદાર ઝાડોના ઠેકાણે પહાડોની બંને બાજુાએ ઝાઉ, પીલુડી અને ચણીબોરની ઝાડી ઉગી નીકળી.

અલ્લાહના આ કોપને તે લોકો અટકાવી શકયા નહીં. ફરીથી બંધ બાંધવામાં કે તેને દુરસ્ત કરવાની તેમની હોંશિયારી કામે લાગી નહીં : પરિણામે પવિત્ર મા'રિબ શહેર અને તેની આડોશપાડોશને છોડી દઈ સબા લોકોને વેરવિખેર થઈ જવું પડયું. પવિત્ર કુરઆનમાં આ બાબત માટે ફરમાવવામાં આવેલું છે કે, ''પછી તેમણે પયગંબરોની હિદાયતથી મોઢું ફેરવી લીધું ત્યારે અમે તેમના ઉપર બંધ તોડી નાખીને ખેદાનમેદાન કરી મૂકે એવું ''સેલે અરિમ'' અર્થાત ભારે પૂર મોકલ્યું અને તેમના પહેલાંના બે બગીચાઓના સ્થળે બીજા બે એવા બગીચાઓ ઉપસ્થિત કરી મૂકયા જેમાં કડવાં અને અસ્વાદિષ્ટ ફળોનાં ઝાડોં, જેવાંકે ઝાઉ અને પીલુડીનાં ઝાડો અને ચણીબોરની ઝાડી ઈત્યાદિ ઉગી નીકળ્યાં. આ સજા અમે તેમને તેમના અનુપકારીપણાના કારણે આપી. અનુપકારી લોકોને અમે એવી જ સજા કરીએ છીએ.'' ૩૪:૧૫-૧૬

શું મા'રિબનો બંધ જીર્ણ થઈ ગયો હતો ? શું તેથી તે રેલના સપાટાઓથી તૂટી ગયો હતો ? ના, બંધ તો ઘણો જ મજબૂત હતો. આ બંધ સિવાય બીજા નાના મોટા ઘણા બંધ હતા. તેમના પર દેખરેખ રાખવા સેંકડો ઈજનેરો હતા. જો આ બંધ જર્જરિત થયો હોત તો આ ઈજનેરોએ તેને સમરાવી લીધો હોત : અથવા ત્યાં આવતા પાણીના વહેણને બદલી નાંખ્યું હોત કે જેથી વહેણના જોશને આધું કરી મૂકયું હોત. વળી તેઓ જાણતા હતા કે મા'રિબની આબાદીનો આધાર આ બંધ પર જ હતો, તેમાંથી થતી સિંચાઈથી જ ત્યાં પુષ્કળ પાક થતો હતો. તેથી ઈજનેરો બંધની પૂરતી દેખરેખ અને તકેદારી રાખતા હતા. આ પરિસ્થિતિ હોવા છતાં બંધ તૂટી ગયો. આમ કેમ બન્યું હશે ? પવિત્ર કુરઆનની ૩૪: ૧૫-૧૬ની આયતોથી સ્પષ્ટ થાય છે કે સબાના લોકો કૃતઘ્ની અર્થાત અલ્લાહના કરેલા ઉપકારને ભૂલી જનારા બની ગયા હતા. અલ્લાહનો ઉપકાર માનવાને બદલે અન્ય દેવતાઓનો ઉપકાર માનતા હતા. તેમને હિદાયત આપવા અને જીવનનો સાચો માર્ગ દેખાડવા આવેલા દસ-બાર પયગંબરોની તેમણે અવગણના કરી અને શિર્ક અથવા ઈશ્વરપણાની ભાગીદારીમાં રચ્યાપચ્યા રહ્યા, તેથી તેમને સજા કરવા આ ભયંકર ''સેલે અરિમ'' અર્થાત ભયંકર રેલ અલ્લાહે જ ઉપસ્થિત કરી અને મા'રિબને તથા તેના દરેક સ્થળે આવેલા ડાબા જમણી બાગ-બગીચાઓને ખેદાન-મેદાન કરી નાખ્યાં.

બંધ કેવી રીતે તૂટી જશે તે અંગેની ભવિષ્યવાણી સબા લોકોમાં પ્રચલિત હતી. બંધની બરબાદી ઘૂસ અથવા કોળ જેવા મોટા જાડા ઉંદરોથી થશે. એમ કહેવાય છે કે જ્યારે લોકોએ બંધના પાયામાં આવા કોળ ઉંદરોને દરો પાડતાં જોયા ત્યારે તેના પાયામાં અને થાંભલાઓમાં ઠેકઠેકાણે બિલાડીઓ બાંધી દીધી કે જેથી તેમને જોઈ આ કોળો નાસી જાય. અલ્લાહનો અઝાબ અથવા કોપ પાકી જવાનો થયો ત્યારે એટલા બધા કોળ પેદા થયા અને એવા નિડર બની ગયા કે બિલાડીઓથી બીવાના બદલે તેઓ તેમના પર હુમલા કરવા લાગ્યા અને ચોમાસા અગાઉ બંધના પાયામાં કાણાં પાડી તેને ખોખરો કરી નાંખ્યો. તેથી પરિણામ એ આવ્યું કે પાણીના વહેણના જોશથી બંધ તૂટી ગયો અને રેલનાં પાણી બધે ફરી વળ્યાં. બિલાડીઓ બાંધવાની સબા લોકોની આ યુક્તિ વિચિત્ર લાગે છે. બિલાડીઓ બાંધેલી અને કોળ છૂટા, એ સંભવિત લાગતું નથી. આ વાત ઈસરાઈલ લોકોએ જોડી કાઢેલી હોય એમ લાગે છે. એ બનવા જોગ છે કે કોળોએ ઠેકઠેકાણે દરો પાડીને બંધને જીર્ણ કરી નાંખ્યો હશે, તેથી રેલનાં પાણીના જોશથી તે તૂટી ગયો હશે.

બીજી દંતકથા એવી પ્રચલિત છે સબા કબીલાઓના કેટલાક વડીલો કે સરદારોને તેમની જૂની કિતાબો અને કાહિનો એટલે જિન્નાતોથી ખબરો મેળવી ભવિષ્યની વાતો કરનારા જોશીબુવાઓ મારફત આ સેલે અરિમની વિગતોની જાણ થઈ ગઈ હતી. તેથી આ બનાવ બનતાં પહેલાં જુદાં જુદાં બહાનાંઓ બતાવી અને જુદી જુદી યુક્તિઓ કરી યમનથી મદીના, સિરિયા, થામા, ઈરાક ઈત્યાદિ દેશોમાં જઈને વસી ગયા કહેવાય છે કે અમર બિન આમિર લહમી નામના કાહિનને અથવા તેની કાહિના પત્ની મારફત મા'રિબ-બંધ તૂટવાની અને તેથી ભારે બરબાદી થવાની જાણ પડી ગઈ હતી. બંધના તૂટતા પહેલાં તેના પાયામાં ઘણા કોળ કે ઘૂસ ઉંદરો પેદા થશે અને તેના પાયાને ખોખરો કરી નાંખશે. તેથી જ્યારે બંધ જીર્ણ થઈ જશે ત્યારે વરસાદના દિવસોમાં રેલનાં પાણીથી તૂટી જશે અને મા'રિબ, તથા તેનાં પાકથી લચલચતાં ખેતરો અને ફળોથી ભરપૂર બાગ-બગીચાઓ તારાજ થઈ જશે. આ કોળોને બંધના પાયામાં પહેલ વહેલા અમરે જોયા. તે ખૂબ પૈસાપાત્ર હતો. તેની પાસે સ્થાવર મિલ્કત સારી હતી. તે બરબાદ ન થાય તે માટે ત્યાંથી વેચી સાટીને નાસી જવાની તેણે એક યુક્તિ કરી.

તેણે પોતાના સૌથી નાના પુત્રને એકાંતમાં બોલાવી કહ્યું કે, ખાસ સંજોગો ઉભા થયા છે તેથી આવતી કાલે હું તને જેમ કહું તેમ તું કરજે. આવતી કાલે આપણા ત્યાં ઘણા લોકોને હું ભેગા કરીશ. તેમની સમક્ષ એક કામ કરવા હું તને આજ્ઞા આપીશ. તે કરવા તું ના પાડી દેજે. તેથી હું બનાવટ કરી ગુસ્સે થઈશ અને તને એક તમાચો મારી દઈશ. મારો માન મરતબો ત્યારે જાળવતો નહીં અને તું પણ મને એક તમાચો મારી દેજે. પછી હું જે કામ કરવા માગું છું તેમ કરી શકીશ.

પિતાની આ વિચિત્ર અને નિરાળી વાત પુત્રને ગળે તો ન ઉતરી, પરંતુ પિતાના આગ્રહને વશ થઈ તેમ કરવા તેણે હા પાડી. બીજા દિવસે પહેલેથી થયેલી મસલત પ્રમાણે પિતા-પુત્ર વર્ત્યા. પહેલેથી બાપ-બેટા વચ્ચે થયેલ સંતલસ પ્રમાણે જ્યારે અમરને તેના પુત્રે લપડાક લગાવી દીધી ત્યારે તેણે ઉશ્કેરાઈ જવાનો ડોળ કર્યો અને કહેવા લાગ્યો ''હું તને મારી નાંખ્યા વિના રહેવાનો નથી.'' ત્યાં આવેલા લોકો તેને જેમ જેમ શાંત પડવા સમજાવતા હતા તેમ તેમ તે વધુને વધુ ગુસ્સો દાખવતો હતો. છેવટે પુત્રના મામાથી રહેવાયું નહીં એટલે તે બોલી ઉઠ્યો, ''જો તું તારા પુત્રને મારી નાંખીશ તો હું તને મારી નાંખ્યા વિના જંપવાનો નથી'' આ વેળા ભારે ઉશ્કેરાટનો ડોળ કરી અમર કહેવા લાગ્યો, ''જ્યાં પુત્રની આવી વર્તણૂક માટે પિતા તેને સજા ન કરી શકે ત્યાં હું ઘડીભર પણ રહેવા માંગતો નથી. હું મારી સઘળી માલ-મિલકત વેચી સાટીને અહીંથી ગમે ત્યાં ચાલ્યો જઈશ.'' ત્યાં ને ત્યાં અમરે પોતાની મિલ્કત વેચવા માંડી. સસ્તા ભાવે મિલ્કત વેચાતી હતી તેથી લોકો આનંદમાં આવી ગયા અને તેમણે મિલ્કત ખરીદી લીધી. અમર પોતાના કુટુંબ-કબીલા સાથે પોતાનું વતન મા'રિબ છોડી નાસી ગયો. એવું કહેવાય છે કે જેમને મા'રિબ બંધ તૂટવાની આગાહી મળી હતી તે લોકો પણ અમરનો દાખલો લઈ ત્યાંથી પોતાની માલમિલ્કત વેચી સાટીને નાસી ગયા. આ હકીકતને કોઈ ઐતિહાસિક પુરાવો મળતો નથી ; કેવળ દંતકથારૂપે આ વાત પ્રચલિત રહી છે. વાત મનઘડત હોય એમ જણાય છે. પવિત્ર કુરઆનમાં બંધ તૂટવાના વર્ણન સાથે આ હકીકત બંધબેસતી નથી. કુરાન શરીફના આ અંગેના વર્ણનમાં પણ આ બાબતનો જરા સરખોયે ઈશારો નથી ; ઉલટું તેના વર્ણનથી સ્પષ્ટ લાગે છે કે આ બંધ તૂટયા પછી બરબાદી થઈ તેના કારણે

સબા-લોકોના કુટુંબ-કબીલાઓ વિખેરાઈ ગયા : બંધ તૂટતાં પહેલાં તો નહીં જ.

## (૨) સબા- લોકોને થયેલી બીજી સજા : તેમના વેપારની બરબાદી :

આપણે જોયું કે, ભારે રેલ ચડવાથી મા'રિબ બંધ તૂટી ગયો અને તેનું પાણી સર્વત્ર ફરી વળ્યું અને ત્યાંના બાગ બગીચાઓ, વાડીઓ, લીલાંછમ ખેતરો, મોટાં મોટાં ફળાઉ અને સુગંધીદાર તથા ઘટાદાર વૃક્ષો ઈત્યાદિ બધું જ ખેદાન-મેદાન થઈ ગયું. મા'રિબ શહેરના તથા તેની બંને બાજુઓના બાગોમાં અને ખેતરોમાં આવેલાં ગામડાંઓનાં લોકો બરબાદ થઈ ગયા. સ્વાદિષ્ટ-ફળો, જાતજાતની શાકભાજી અને ભાતભાતની ખુશબોથી તેઓ વંચિત થઈ ગયા; જ્યાં જુઓ ત્યાં પીલુડીની, ઝાઉની અને ચણીબોરડીઓની ઝાડીઓ ઉગી નીકળી. ઈસ્વીસનના ચોથા સૈકામાં થઈ ગયેલ પ્રવાસી-ઈતિહાસકાર હમદાની પોતાના આંખે દેખ્યા હેવાલમાં લખે છે કે કુરઆન શરીફમાં ''જન્નતાનિ-ઐં યમીનિંવ વ શિમાલ'' અર્થાત ડાબા જમણી આવેલ બાગો કહ્યા છે તેમની જગાએ આજે ત્યાં એટલાં પીલુડીનાં ઝાડો અને ઝાડીઓ છે કે બીજી કોઈ જગાએ તેટલાં નથી અને આ ઝાડો સાથે ઝાઉ અને કયાંક કયાંક ચણીબોરની બોરડીઓ જોવા મળે છે.''[૧૧] આથી જણાય આવે છે કે ફરીથી બંધ બાંધી ખેતી કરવા જેવી કે બાગ બગીચાઓ ઉછેરવા જેવી પરિસ્થિતિ રહી ન હતી એટલે લોકો મા'રિબ અને તેની દક્ષિણના ભાગમાંથી વિખેરાઈ ગયા. કેટલાક કબીલાઓ સિરિયા ઈરાક અને હિજાજ ચાલ્યા ગયા, પરંતુ મોટા ભાગના કબીલાઓ યમનના બીજા ભાગોમાં જઈ વસ્યા. હજુ તેમની બીજી સજા બાકી રહી હતી.

બંધ તૂટવાથી ખેતીની જે પાયમાલી થઈ હતી તેની ઝાઝી અસર વેપારી વર્ગ પર તથા યમન-સિરિયાના જાણીતા વેપારી-માર્ગની બંને બાજુઓના વસાહતી લોકો પર પડી ન હતી. આ વેપારી અને વસાહતી લોકો પેલા ખેડૂતો જેવા જ અહંકારી, અનુપકારી, મુશરિક અર્થાત બહુદેવવાદી અને મૂર્તિ-પૂજકો બની ગયા હતા. અલ્લાહની કૃપા-દ્રષ્ટિનો ઈન્કાર કરી બેઠા

૧૧. કસસુલ-કુરઆન હફીઝુર્રેહમાન. Vol. III પૃ. ૩૧૯

હતા. યમન- સિરિયાના વેપારી માર્ગથી મળતા આરામ અને રાહતથી તેઓ, ઈસરાઈલ લોકો જેમ મન્ન અને સલવાના જહેમત અને મહેનત વિના મળતા સ્વર્ગીય ખાણાથી કંટાળી ગયા હતા તેમ કંટાળી ગયા હતા. પ્રવાસની શું મુસીબતો હોય તેનાથી આ લોકો અંજાણ હતા. ખુશબોભર્યા બાગ-બગીચાઓનાં ઝાડો તથા ફળાઉ અને ઘટાદાર ઝાડો આ વેપારી માર્ગની બંને બાજુએ આવેલાં હોવાથી તાપ-તડકાથી કે ખાવા-પીવાની અને પડાવ નાંખવાની તકલીફોથી તદ્દન અંજાણ હતા. આ વેપારી-માર્ગે મુસાફરી કરતાં એવું પણ જણાતું ન હતું કે તેઓ સફરમાં છે કે ઘરમાં. આવા સુખથી તેમને કંટાળો ઉપજ્યો હતો. તેથી તેઓ એવું માનવા લાગ્યા હતા કે સફરમાં પાણીનું દુઃખ પડે, ખાવા-પીવાની વસ્તુઓ મેળવવા ભટકવું પડે, તાપ- તડકો વેઠવો પડે, ચાલતાં ચાલતાં થાકીને લોથ થઈ જવાય અને ગમે ત્યાં અને ગમે ત્યારે પડાવ નાંખવો પડે અને એવું લાગે કે દૂર દેશોની સફર ખેડવા નીકળ્યા છે ત્યારે જ સફર ખેડેલી કહેવાય. તેથી તેઓ દુઆ માંગતા હતા કે, ''હે અમારા પરવરદિગાર ! તું અમારી સફરના પડાવો વચ્ચે લાંબું અંતર કરી દે, આમ તેમણે જાતે પોતાના ઉપર જુલમ કર્યો.'' ૩૪-૧૯ માંગ્યા પ્રમાણે અલ્લાહે તેમને આપ્યું : અર્થાત અલ્લાહે તેમનો જમીન અને દરિયાઈ વેપાર નષ્ટ કરી નાંખ્યો. વેપારી-માર્ગની બંને બાજુએ આવેલાં ગામડાંઓ, કસબાઓ, સરાઈઓ અને વેપારી-મંડીઓ વગેરેની વસિયાણોને ઉજ્જડ વેરાન કરી નાંખ્યાં. પવિત્ર કુરઆનની ૩૪:૧૮-૧૯ની આયતોમાંથી આ પરિસ્થિતિનો ખ્યાલ મળી રહે છે. તેમાં ફરમાવવામાં આવેલું છે કે :

''અને અમે તેમની અને જે ભૂમિને અમે સમૃદ્ધ બનાવી હતી તેમની વચ્ચે (અર્થાત્ સબા લોકો અને સિરિયાના લોકો વચ્ચે) ખુલ્લી રીતે જોઈ શકાય તેવાં વસિયાણો ઊભાં કરી દીધાં અને આ વસિયાણો વચ્ચે (સફરના પડાવ માટે) મંજિલો સ્થાપી દીધી કે જેથી નચિંતપણે રાત્રે કે દિવસે મુસાફરી કર્યા કરે. છતાં તેમણે અરજ કરી કે, હે અમારા પરવરદિગાર ! તું અમારી સફરના પડાવો વચ્ચે લાંબું અંતર કરી દે. આમ તેમણે જાતે પોતાના ઉપર જુલમ કર્યો ; જેથી અમે તેમને લોકોક્તિ અથવા દ્રષ્ટાંત સમાન બનાવી મૂકયા અને અમે તેમને છિન્નભિન્ન કર નાંખ્યા. નિઃસંશય ધીરજ ધરનારાઓ માટે તથા ઉપકાર માનનારાઓ માટે આ બનાવ બોધ લેવા જેવો છે.'૩૪:૧૮-૧૯

તેમના વેપારની બરબાદી ઇસ્વીસનના પહેલા સૈકાથી થવા માંડી હતી. જ્યારે રોમન સામ્રાજ્યના પાયા દૃઢ થયા ત્યારે શૉર મચાવવા માંડયો કે અરબ-વેપારીઓ પાસે વેપારનો ઈજારો હોવાથી પૂર્વના પ્રદેશોની વસ્તુઓ તેઓ આપણા દેશોમાં ખૂબ જ મોંઘી વેચે છે, તેથી વેપાર આપણે હસ્તગત કરી લેવો જોઈએ; પરંતુ તેઓ અરબ- લોકોનો જમીન માર્ગનો વેપાર હસ્તગત કરી લેવા શક્તિમાન ન હતા, કારણ આ વેપારી માર્ગ અરબોએ તૈયાર કર્યો હતો અને તે અરબોના પહાડી પ્રદેશોમાં થઈને જતો હતો એટલે રોમનોના વેપારી કાફલાઓ અરબો લૂંટી લે અને રોમન વેપારીઓને મારી નાંખે એવી ધાક રોમનોને લાગ્યા કરતી હતી. આથી રોમન લોકો અરબોનો એટલે કે સબા લોકોના રાતા-સમુદ્રનો દરિયાઈ વેપાર હાથ કરી લેવા તૈયાર થઈ ગયા. ઈ.સ. પૂર્વે ૨૦૦૦ના અરસામાં મિસરના તે સમયના ફિરઑન રાજા સિસો સિતરીએ નાઈલ નદીને રાતા સમદ્ર સાથે જોડતી એક નહેર ખોદાવી હતી; પરંતુ ગમે તે કારણે આ નહેર પૂરાઈ ગઈ. ત્યાર પછી ૧૭સો વરસે ગ્રીક જાતિના મિસરના રાજા બતલીમૂસે ઈ.સ. પૂર્વે ૨૮૫-૨૪૬ના પોતાના રાજ્ય અમલ દરમ્યાન આ નહેરને ફરીથી ખોદાવી અને તેમાં થઈને મિસરના વેપારી દરિયાઈ કાફલા રાતા સમુદ્રમાં રવાના કર્યા, પરંતુ સબા લોકો સામે તે ફાવ્યા નહીં. પછી જ્યારે મિસર રોમન સામ્રાજ્યની આણ તળે આવ્યું ત્યારે રોમન રાજવીઓ વધુ બળવાન વેપારી કાફલા રાતા સમુદ્રમાં લઈ આવ્યા, જેમ કે ઈ.સ. પૂર્વે ૨૪-૨૫માં રોમન સમ્રાટ ઑગસ્ટસે એક મોટું સૈન્ય રોમન સેનાપતિ ઓલિયસ ગાલૂસ (Aelius Gallus) ના હાથ નીચે અરબસ્તાનના પશ્ચિમ કિનારે મોકલ્યું હતું કે જેથી દરિયાઈ માર્ગ પર સત્તા સ્થાપી શકે ; પરંતુ તેમાં તેને સફળતા ન મળી. પછી તેમની રક્ષા માટે મોટો લડાયક નૌકા કાફલો પણ રાતા સમુદ્રમાં મૂકી દીધો. આ ઉપરાંત રાતા સમુદ્રના કિનારે જગા જગાએ બંદરો સ્થાપી દીધાં અને ત્યાં વેપારીમંડીઓ અને વસિયાણો ઊભાં કર્યા. માલ એકત્ર કરવા આ બંદરોએ વેપારી કોઠીઓ પણ બનાવી અને શકય હોય ત્યાં લશ્કરી થાણાં સ્થાપી દીધાં. આવા બળવાન લડાયક નૌકા કાફલા સામે લડવાની સબા લોકોની હિંમત ચાલી નહીં. હવે રોમન લોકો પોતાનાં વહાણો મારફતે પૂર્વનો વેપારી માલ સિરિયા અને મિસરનાં બંદરો પર લાવવા લાગ્યા, એથી રાતા સમુદ્રનો દરિયાઈ વેપાર રોમન લોકોના હાથમાં ચાલ્યો ગયો. આગળ જતાં એવો પણ સમય

આવ્યો કે રાતા સમુદ્ર અને એડન પર રોમન લોકોની આણ વર્તવા લાગી; આથી સબા લોકોનો દરિયાઈ વેપાર છીનવાઈ ગયો એટલું જ નહીં પણ તેમના જમીન માર્ગના વેપારને પણ ધોકો લાગ્યો. આ જમીન માર્ગનો વેપાર પણ બીજા કારણોસર નષ્ટ થઈ ગયો. સૌથી પહેલાં નબ્તી (Nestorian) લોકોએ પિટરાથી અલ-ઉલા સુધીનાં વસિયાણોમાંથી સબા લોકોને હાંકી કાઢ્યા. વળી ઈ.સ. ૧૦૬માં આ નબ્તી લોકોનો પ્રદેશ રોમન લોકોએ જીતી લીધો અને પછી તેમણે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર હિજાઝના ઉત્તરના પ્રદેશો સુધી વધાર્યો. તેમણે સબા લોકોના આંતરિક કલહોનો પૂરેપૂરો લાભ લીધો અને તેમના મિસર, સિરિયા જતા કાફલાઓ બંધ કરી દીધા. પરિણામે તેમનો જમીન માર્ગનો વેપાર પણ નષ્ટ કરી નાંખ્યો. યમન સિરિયાના માર્ગ પર આવેલાં તેમના રાજ્યમાં પડતાં વસિયાણોને નાબૂદ કરી નાંખ્યાં. આ સરિયામ વેપારી માર્ગ પર પછી તો ધૂળ ઉડવા માંડી. આમ અલ્લાહ તઆલાએ ઉન્નતિના શિખરે પહોંચેલી સબા-પ્રજાને તેના અનુપકારના અને તેમણે માંગેલી દુઆના કારણે એવા ખાડામાં ફેંકી દીધી કે જ્યાંથી આ પ્રજા બહાર નીકળી શકી જ નહીં અને સબા પ્રજાનું નામ નિશાન પણ રહ્યું નહીં. યમન, સિરિયાની આજુબાજુના પ્રદેશો, હિજાઝની વસાહતો અને એબિસિનિયામાં એક સમયે સબા લોકોનું રાજ્ય પ્રવર્તતું હતું તે રાજ્ય પણ ઈ.સ. પૂર્વે ૧૧૫માં તેમના હાથમાંથી ચાલ્યું ગયું એટલે વેપારને મળતું રાજ-રક્ષણ આપમેળે બંધ પડયું.

જ્યારે ''સેલે-અરિમ'' અર્થાત ભારે રેલ આવી હતી અને તેથી મા'રિબનો બંધ તૂટી ગયો હતો અને ખેતીવાડી ખેદાન-મેદાન થઈ ગઈ હતી ત્યારે સબા લોકોના સઘળા કબીલાઓ વિખેરાઈ ગયા ન હતા, મા'રિબ શહેર અને તેની આડોશ-પાડોશમાં વસતા કબીલાઓ જે યમનના બીજા ભાગોમાં વસતા હતા તે પોતાની જગાએ કાયમ રહ્યા હતા.[૧૨] જ્યારે બીજો કોપ તેમના પર આવી પડયો અને તેથી તેમનો સમગ્ર વેપાર નષ્ટ થયો અને વેપારી માર્ગનાં વસિયાણો પણ નાબૂદ થયાં ત્યારે આખા યમનના કબીલાઓને વિખેરાઈ જવું પડયું. સબા લોકોના જે કબીલાઓ યમનથી નીકળીને આમતેમ વસી ગયા તેમની વિગત આપતાં ઈબ્ને કસીર કહે છે કે, ''સબાના કબીલાઓ પૈકી ગસ્સાની કબીલાની એક શાખા સિરિયામાં આવેલા બસરા ચાલી ગઈ

---

૧૨. કસસુલ કુરઆન- હફીઝુર્રેહમાન-Vol. III પૃ. ૩૨૦.

અને બીજી શાખા યસરબ જતાં તિહામહ પ્રદેશને ફળદ્રુપ જોઈ ત્યાં વસી ગઈ અને ઔસ અને ખજરજ યસરબ અર્થાત મદીનામાં સ્થાયી થયા. અઝદ કબીલાનો એક ભાગ અમ્માનમાં અને બીજો ભાગ સિરાતની ખીણમાં વસી ગયો. આમ સબા લોકોના કબીલાઓનું વેરણછેરણ થઈ ગયું.'' જ્યારે કોઈ કુટુંબ કે કોઈ પ્રજાનું વેરણછેરણ થઈ જાય છે ત્યારે અરબ લોકો કહે છે કે, ''સબા-લોકોની જેમ તેનું વેરણ-છેરણ થઈ ગયું.''[૧૩]

સબા લોકોની આ કહાણીથી એવો બોધ પાઠ મળે છે કે જો કોઈ પ્રજા સમૃદ્ધ અને બળવાન હોય તથા એશ-આરામ ભોગવતી હોય, પણ જો તે અલ્લાહની ન્યામતો માટે તેનો આભાર માનતી ન હોય, તેને છોડીને અન્યની પૂજા કરતી હોય તો તેના સુધાર માટે અલ્લાહ તઆલા પયગંબરો મોકલે છે જેઓ તેને સદમાર્ગ બતાવે છે; છતાં ન સુધરે તો તે પ્રજાને વેરવિખેર કરી નાંખે છે અથવા તેનો નાશ કરી નાંખે છે. અલ્લાહ પવિત્ર કુરઆનની ૭:૬૯ની આયતમાં ફરમાવે છે કે, ''અલ્લાહની ન્યામતોને યાદ કરતા રહેશો તો તમારું ભલું થશે.'' ચાલો ત્યારે આપણે પણ અલ્લાહની અનેક નાની મોટી ન્યામતો જે આપણને આપી છે તે માટે તેનો શુક્રિયા અર્થાત ઉપકાર માનીએ.

---

૧૩. કસસુલ કુરઆન- હફીઝુર્રહેમાન- Vol. III પૃ. ૩૨૧.

## ૧૬. અસહાબે ઉખ્દૂદ અથવા તુબ્બઅ કોમનો વિનાશ

''ખૂદ'' અરબી ભાષાનો શબ્દ છે તેનો અર્થ ખાઈ અથવા ખાડો થાય છે. ફારસી ભાષાનો જે શબ્દ ''ખુદ'' છે તેનો અર્થ પોતે જાતે એવો થાય છે. ''ખૂદ''નું બહુવચન ઉખ્દૂદ થાય છે એટલે ''અસહાબે ઉખ્દૂદ''નો અર્થ ''ખાઈઓવાળા'' થાય છે. તેમને ''ખાઈઓવાળા'' એટલા માટે કહેવામાં આવે છે કે તેઓ ધર્મિષ્ઠ લોકોને પોતાનો ધર્મ ત્યજી ન દેવાના અને તેમનો ધર્મ ન સ્વીકારવાના કારણે ખાઈઓમાં આગ સળગાવી જીવતા બાળી મૂકતા હતા અને તેઓ બેઠા બેઠા બળવાનો તમાશો જોતા હતા. પવિત્ર કુરઆનની ૮૫મી સૂરાએ ''બુરૂજ''માં ''ખાઈઓ-વાળાઓ''નો કેવળ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જેથી તેમના વિશે હકીકત જાણી લોકો બોધ ગ્રહણ કરે.

જગતમાં ધર્મિષ્ઠ લોકોને બાળી મૂકવાના ઘણા કિસ્સાઓ બન્યા છે. આવા કિસ્સાઓમાં એક તરફ ઈમાનવાળા, પરંતુ ગરીબ અને કમજોર લોકો હતા, પણ તેનામાં ઈમાન, સત્યતાનું બળ હતું અને અલ્લાહના નામ પર ફિદા કે આસકત થવાની શકિત હતી; જ્યારે બીજી તરફ બેઈમાન પરંતુ માલદાર અને બળવાન લોકો હતા એટલે ખૂબ જ શક્તિશાળી લોકો હતા. ઈમાનદાર લોકોને પેલા બેઈમાન લોકો ધર્માંતર કરવા ભારે દબાણ કરતા હતા અને જો તેમ કરવા ના પાડે તો તેમને જીવતા બાળી મૂકવામાં આવશે એવી ધાક ધમકી આપતા હતા; પરંતુ ઈમાનવાળા લોકો પોતાના ધર્મને ફંગોળી ન દેવા ખૂબ જ મક્કમ રહ્યા ; પરિણામે પેલા અધર્મી શક્તિશાળી લોકોએ તેમને ખાઈઓમાં નાંખી બાળી મૂકયા. એ અંગે પવિત્ર કુરઆનની સૂરાએ બુરૂજમાં આ પ્રમાણે ફરમાવવામાં આવેલું છે :

''નક્ષત્રોવાળા આકાશના સોગંદ તથા વાયદો કરવામાં આવ્યો છે તે (કયામતના) દિવસના સોગંદ તથા જે સાક્ષીઓ થવાના છે તેમના સોગંદ છે કે અસહાબે ઉખ્દૂદ (અર્થાત ખાઈઓવાળા) આગથી નાશ પામ્યા છે તે આગથી જેનાથી ખાઈઓ ભરપૂર હતી અને (તે વેળા નાશ પામ્યા) જ્યારે તેઓ ઈમાનવાળાઓ પર થતો અત્યાચાર ખાઈઓના કાંઠે બેઠા બેઠા નજરે

જોતા હતા અને કાફરો આ ઈમાનવાળાઓ પર એ કારણે વેર લેતા હતા કે ઇમાનવાળાઓની એ બાબત તેમને ખરાબ લાગતી હતી કે તેઓ અલ્લાહને માનતા હતા જે ઘણો જ પ્રભુત્વશાળી અને પ્રશંસાપાત્ર છે તથા જે આકાશો અને પૃથ્વીના રાજ્યનો સ્વામી છે અને જે કાફરોએ ઈમાનદાર પુરુષો અને ઈમાનદાર સ્ત્રીઓને તેમના ધર્મથી ચલિત કરવા માટે સતાવ્યા હતા અને ત્યારપછી પણ પ્રાયશ્ચિત ન કર્યું તેમના માટે જહન્નમ અર્થાત નરકની યાતના છે જેમાં ભભૂકતી અગ્નિ છે.'' ૮૫ : ૧ થી ૧૦.

ઉપરોક્ત આયતોમાં કહેવાનું તાત્પર્ય એ છે કે આકાશોમાં નક્ષત્રો છે. કયાતમનો દિવસ આવવાનો જ છે અને તે દિવસે ભલા-બૂરાનો બદલો આપવા અલ્લાહની અદાલત ઉભી થવાની છે અને જેમાં દરેકનાં કૃત્યો પૂરવાર કરવા અનેકાનેક સાક્ષીઓ જુબાની આપવાના છે. આ ત્રણે બાબતોમાં જેમ કોઈ પણ જાતની શંકા નથી તેમ ખાઈઓવાળા લોકો પોતે જ સળગાવેલી આગમાં બળી મૂઆ, તેમાં શંકા નથી તથા કયામતમાં તેમને જહન્નમની આગમાં બળવાનું નિશ્ચિત છે. ઈમાનવાળાઓને બાળી મૂકવાના જગતમાં અનેક કિસ્સાઓ બન્યા છે.

હદીસની કિતાબો (જે મુસલમાનોના સ્મૃતિગ્રંથો સમાન છે) માં એવા એક કિસ્સાનું વર્ણન સુહૈબ રૂમી રદી. નામના આપ સ.અ.વ.ના એક સાથી દ્વારા થયેલું છે. તેમાં આવે છે કે સિરિયાના એક બળવાન રાજાના દરબારમાં એક જાદુગર હતો. જાદુવિદ્યામાં તે ઘણો જ પ્રવીણ હતો. તેના જાદુના પ્રતાપે તેના રાજ્ય ઉપર ન તો બાહ્ય આક્રમણ થતું હતું કે ન તો આંતરિક બળવો થતો હતો. આ જાદુગર પોતાના જાદુના પ્રતાપે આક્રમણકારને મારી નાંખતો હતો અને આંતરિક બળવાખોરોને શરણાગતિ કરાવી રાજા સમક્ષ હાજર કરાવી દેતો હતો. આથી જાદુગરનું સારાયે રાજ્યમાં ભારે વર્ચસ્વ રહેતું હતું. જ્યારે તે વૃદ્ધ થયો ત્યારે તેણે રાજાને કહ્યું, ''હે રાજેશ્વર ! હવે હું ઘરડો થયો છું ; ઝાઝું જીવવાની મને આશા નથી માટે કોઈક હોંશિયાર બાળકને મારી પાસે મોકલો તો હું તેને મારી જાદુવિદ્યા શીખવું અને મારા મૃત્યુ પછી મારી માફક તે રાજ્યની રક્ષા કરે.'' રાજાએ પોતાના ગુલામોમાંથી એક હોંશિયાર છોકરાને આ જાદુગર પાસે મોકલવાનું શરૂ કર્યું.

આ છોકરો રાજમહેલમાંથી દરરોજ સવારે જાદુગર પાસે જતો અને સાંજ સુધી તેની પાસે પ્રત્યક્ષ રીતે જાદુ શીખતો. આમ કેટલાક દિવસ ચાલ્યું હશે તેવામાં એક ઘરમાંથી ઘણા માણસોને નીકળતાં તેણે જોયા. શા માટે આટલા બધા માણસો પેલા ઘરમાં જતા હશે તે જાણવાની તેને ઉત્કંઠા થઈ. તપાસ કરતાં જણાયું કે ઘરમાં એક ખ્રિસ્તી સન્યાસી પાસે લોકો બીમારીમાંથી સાજા થવા દુઆ કરાવતા હતા. બીજા દિવસે આ છોકરો તે ઘરમાં આવ્યો. અસલ ખ્રિસ્તી ધર્મ પાળતા આ સન્યાસીનો તેજસ્વી ચહેરો જોઈ તથા તેની અસરકારક અને મીઠી વાણી સાંભળી તે ઘણો જ પ્રભાવિત થઈ ગયો. પછી તો તેને સન્યાસીની લગની લાગી ગઈ. તેની પાસે ગયા વિના તેને ચેન પડતું નહીં. ધીમે ધીમે, આવતાં અને જતાં, બંને વેળા તે સન્યાસી પાસે બેસવા લાગ્યો. આથી તે સવારે અને સાંજે જાદુગર પાસે મોડો પડવા લાગ્યો. પૂછપરછ થતી ત્યારે તે જાદુગરને કહેતો કે મને રાજમહેલમાંથી નીકળતાં મોડું થાય છે અને રાજાને કહેતો કે મને જાદુગરના ત્યાંથી નીકળતાં મોડું થાય છે. વળી એવું પણ બહાનું કાઢતો કે રસ્તામાં બાળકોના આગ્રહને વશ થઈ તેમની સાથે રમવાનું થતું હોવાથી મોડું થાય છે. આમ થોડા દિવસ મામલો શાંત પડયો. તેવામાં એવું બન્યું કે તે જાદુગરના ત્યાંથી રાજમહેલ તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં એક બિહામણો અજગર પડેલો હતો. તેથી રસ્તો બંધ થઈ ગયો હતો અને બંને બાજુએ લોકોની ભીડ જામી ગઈ હતી. આ વેળા સન્યાસી સાચો છે કે જાદુગર તેની પરીક્ષા લેવાની તેને ઈચ્છા થઈ આવી. એક પથ્થર ઉઠાવી કહેવા લાગ્યો કે સન્યાસીનો ધર્મ જાદુગરના જાદુ કરતાં સાચો હોય તો આ પથ્થર વડે અજગરનું મોત થજો. આમ કહીને તેણે જોશથી અજગરને પથ્થર માર્યો અને તે ત્યાં જ મરી ગયો. લોકોએ તેના વાહવાહ પોકાર્યા અને કહેવા લાગ્યા કે ખરેખર આ છોકરાએ જાદુવિદ્યામાં કમાલ કરી છે. શહેરમાં ઠેર ઠેર આ બનાવની ચર્ચા થવા લાગી.

આ બનાવની ખરી હકીકત છોકરાએ સન્યાસીને કહી સંભળાવી. સન્યાસી કહેવા લાગ્યો, ''હે મારા બાલવીર તને ધન્યવાદ છે. એમ લાગે છે કે અલ્લાહ તારા પર પ્રસન્ન થયો છે : તે તારો માન-મરતબો વધારી મૂકશે. તે વેળા તારા ઉપર કોઈક ભારે સંકટ આવી પડશે, ત્યારે તું મારું નામ ન દઈશ.'' છોકરાએ નામ ન દેવાની બાંહેધરી આપી. પછી તેણે ખ્રિસ્તી ધર્મની

દીક્ષા લીધી. ઈંજીલ કંઠસ્થ કરી અને ઈશ્વર ભક્તિમાં રચ્યો પચ્યો રહેવા લાગ્યો : પરંતુ લોકો જાદુગર તરીકેની તેની ખ્યાતિ સાંભળી આપત્તિઓ કે બીમારીઓનો ઈલાજ માટે તેની પાસે આવવા લાગ્યા. અલ્લાહનું નામ લઈ તે પ્રાર્થના કરતો એટલે ઘણા લોકોને છૂટકારો મળતો હતો. લોકો તેથી તેના પરવરદિગાર પર પ્રભાવિત થવા લાગ્યા. આ પરિસ્થિતિમાં એક અંધ દરબારી તેની પાસે ભેટ સોગાત લઈ આવ્યો અને કહેવા લાગ્યો કે, ''મને આંધળાને તું દેખતો કરી દે.''

છોકરો કહેવા લાગ્યો, ''મારા મુરબ્બી ! આ કામ મારી વિસાતમાં નથી. આપત્તિ કે બીમારી મટાડવાનું કામ અલ્લાહના હાથમાં છે : પરંતુ જો તમે રાજાને તમારો માલિક ન ગણવાનું અને મૂર્તિપૂજા ન કરવાનું વચન આપો તો હું તમારા માટે પરવરદિગાર પાસે પ્રાર્થના કરૂં.''

પેલા દરબારીએ તેમ ન કરવા વચન આપ્યું અને તે જ વેળા ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધી. છોકરાએ અલ્લાહ પાસે પ્રાર્થના કરી એટલે તે જ ઘડીએ તેનો અંધાપો દૂર થયો અન તે દેખતો થઈ ગયો.

બીજા જ દિવસે તે દરબારમાં હાજર થયો. રાજાએ પૂછપરછ કરી ત્યારે તેણે કહ્યું . ''હે રાજેશ્વર ! મારા પરવરદિગારે મારો અંધાપો દૂર કર્યો છે.''

રાજાએ ક્રોધિત થઈ પૂછ્યું. ''મારા સિવાય તારો બીજો કોણ પરવરદિગાર છે ? આજ દિન સુધી તો તું મને જ તારો માલિક માનતો હતો. હવે કેમ મને તરછોડી દે છે ?''

દરબારીએ જવાબ આપ્યો. ''હે રાજાજી ! ક્રોધિત થવાનું કોઈ કારણ નથી. મારો પરવરદિગાર તે તમારો તથા સર્વનો પરવરદિગાર છે. તે જ સકળ સૃષ્ટિનો સર્જનહાર છે. તમે પણ આ વાત સ્વીકારી લો.''

આ સાંભળી રાજા ખૂબ જ ક્રોધાયમાન થઈ ગયો અને પેલા દરબારીને મારપીટ કરવા લાગ્યો. મારતો જતો હતો અને પૂછતો જતો હતો કે ''તું આ નવો અકીદો કોની પાસેથી શીખ્યો ? તું નહીં બતાવે ત્યાંસુધી માર પડતો રહેશે.'' મારપીટ સહન ન થવાથી તેણે પેલા ગુલામ છોકરાનું નામ કહી દીધું.

તત્કાળ રાજાએ તેને બોલાવ્યો અને કહેવા લાગ્યો, ''અમારા પ્રતાપે તું જાદુ શીખ્યો અને જાદુના પ્રતાપે તું બધાને સાજા કરે છે, છતાં તે બીજાને તારો માલિક કેમ બનાવ્યો ?''

છોકરાએ જવાબ આપ્યો. ''હે રાજાજી ! રોગ મટાડવાની શક્તિ તો મારામાં છે, ન તમારા જાદુગરમાં : એવી સર્વ શક્તિ અલ્લાહ તઆલામાં છે. જગતના સર્જનહાર અલ્લાહને તમારે પરવરદિગાર માનવો જોઈએ.''

આ જવાબ સાંભળી રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. વધુ તપાસ કરતાં જણાયું કે છોકરો જાદુગર પાસે નિયમિત જતો પણ ન હતો. રાજમહેલમાંથી તો તે નિયમિત ચાલ્યો જતો હતો અને સાંજે મોડો આવતો હતો; એટલે રાજાએ તેને માર મરાવવા માંડયો. તેને પૂછતો હતો કે આ અકીદો તું કોની પાસેથી શીખ્યો ? મારપીટ સહન ન થવાથી તેણે કહી દીધું કે આ અકીદો તે સન્યાસી પાસેથી શીખ્યો છે. રાજાએ તરત જ સન્યાસીને બોલાવી મંગાવ્યો અને તેનો ધર્મ છોડી દઈ મૂર્તિપૂજા સ્વીકારવા દબાણ કરવા લાગ્યો. રાજાએ એવી પણ ધમકી આપી કે જો તેમ નહીં કરે તો તેને કરવત વડે વહેરી નાંખવામાં આવશે. તેણે રાજાને માલિક તરીકે ગણવા અને તેની મૂર્તિ પૂજા કરવા ચોખ્ખી ના પાડી એટલે આરા વડે તેને ચીરાવી નંખાવ્યો.

પછી છોકરાને મારપીટ કરાવવા માંડી. તેણે પણ રાજાનો મૂર્તિપૂજાનો ધર્મ અંગિકાર કરવા ના પાડી ત્યારે તેને કોઈક પર્વતની ટોચ પરથી ગબડાવી દેવાનો હુકમ કર્યો. આ હુકમ મળતાં સિપાહીઓ તેને એક પહાડની ટોચ પર લઈ ગયા. ત્યાં છોકરાએ ખુદા પાસે પ્રાર્થના કરી કે ''હે મારા પરવરદિગાર! તું મને આ લોકોના જુલમથી છોડાવ.'' આ દુઆ માંગી તેટલામાં પવન જોશથી ફુંકાવા માંડયો અને આખો પર્વત ભૂકંપથી હાલ્યો, પરિણામે સિપાહીઓ ગબડી પડયા અને મરણ પામ્યા. પેલો છોકરો સહીસલામત રાજાની તહેનાતમાં હાજર થઈ ગયો. તેને જીવતો જોઈ રાજા ખૂબ જ ક્રોધે ભરાયો અને તેને સમુદ્રમાં ડુબાડી દેવાની આજ્ઞા કરી. સિપાહીઓ તેને દરિયા કાંઠે લઈ ગયા

અને તેને મધ દરિયે ડૂબાડી દેવા કેટલાક નાવિકોને સોંપી દીધો. હોડીમાં બેસાડી નાવિકો મધદરિયે આવ્યા ત્યારે વળી પાછી છોકરીએ તેમનાથી છૂટકારો મેળવવા ખુદા પાસે દુઆ માંગી. તરત જ ત્યાં એક તોફાન આવ્યું જેથી હોડી ઉંધી વળી ગઈ અને નાવિકો હોડી તળે દબાઈ જવાથી ડૂબી ગયા; પરંતુ પેલો છોકરો એકલો બચી ગયો. વળી પાછો તે રાજાની તહેનાતમાં હાજર થયો. રાજાએ તેને પૂછ્યું તો છોકરાએ બનેલી હકીકત કહી સંભળાવી, જે સાંભળી તે અચંબામાં પડી ગયો. તેની મુખમુદ્રા જોઈ છોકરો કહેવા લાગ્યો, ''રાજાજી ! શું તમે મને મારી જ નાંખવા માંગો છો ?''

રાજા બોલ્યો, ''હા, હું ગમે તે રીતે તારું કાસળ કાઢ્યા વિના રહેવાનો નથી. તે વિના મને જંપ વળશે નહીં. પરંતુ મને કોઈ ઈલાજ જડતો નથી.''

છોકરો કહેવા લાગ્યો, ''મહારાજ! મારું કાસળ કાઢી નાંખવાનો તમને કોઈ ઈલાજ મળે તેમ નથી : છતાં હું તે તમને બતાવું છું. શહેર બહાર મેદાનમાં સઘળા લોકોને એકઠા કરો. ત્યાં મને શૂળી પર ચઢાવજો. પછી બિસ્મિલ્લાહ રબ્બુલ ગુલામ અર્થાત્ ગુલામના રબનું નામ લઈ તીર મારજો, તો જ હું મરણ પામીશ.''

રાજાએ તેમ કરાવ્યું. તીર છોકરાની કાનપટીમાં વાગ્યું ત્યારે તે બોલી ઉઠ્યો, ''મને જોઈતું હતું તે મળ્યું. મારા પરવરદિગારના નામે હું શહીદ થયો.'' અને તે જ ક્ષણે કાનપટીને હાથ વડે દબાવતી સ્થિતિમાં તે મૃત્યુ પામ્યો. ત્યાં ભેગા થયેલા જન-સમુદાયે ગર્જના કરી મૂકી, ''આ છોકરાના રબ પર અમે ઈમાન લાવ્યા-ઈમાન લાવ્યા.[૧]''

આ જોઈ રાજાના સાથીઓ કહેવા લાગ્યા, ''હે રાજેશ્વર ! ઘણું જ ખોટું થયું. અમે જે બાબતથી ડરતા હતા તે જ પરિસ્થિતિ ઉભી થઈ ગઈ. લોકોને ખાત્રી થઈ ગઈ કે તમે તેમના માલિક નથી. સાચો માલિક તો આ

---

૧. આમન્ના બિ રબ્બિલ ગુલામ.

ગુલામનો પરવરદિગાર છે. તે અતિ સામર્થ્યવાળો છે. તમે તેની કોઈ વિસાતમાં નથી. તેથી હવે લોકો તમારા કાબૂમાં રહેવાના નથી. રાજ્યમાં તમારા વિરૂદ્ધ તોફાનો થયા કરશે.''

રાજા તો ડઘાઈ ગયો, પરંતુ પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા તેણે હુકમ સાદર કર્યો કે, ''સઘળા લોકોએ અહીં જ મારી સમક્ષ આવીને મને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા અને મને માલિક ગણવો અને મારો ધર્મ સ્વીકારવો.'' પરંતુ કોઈએ તેની વાત ગણકારી નહીં. આથી રાજા ક્રોધથી સમસમી ઉઠયો અને શહેરની ગલી-કૂંચીઓમાં ખાઈઓ ખોદાવવાનો, તેમાં લાકડાં સળગાવવાનો અને જે કોઈ તેના હુકમની અવગણના કરે તેને ખાઈઓમાં બાળી મૂકવાનો હુકમ કર્યો. સિપાહીઓ વારાફરતી લોકોને ખાઈઓમાં ભભૂકતી આગ પાસે લાવી તેમનો ધર્મ ત્યજી દઈ રાજાને રબ અર્થાત માલિક ગણવા ફરજ પાડવા લાગ્યા અને ધમકાવવા પણ લાગ્યા કે જો તેઓ તેમ નહીં કરે તો આગમાં જીવતા નાંખી દેવામાં આવશે. ઘણા લોકોએ રાજાનો હુકમ માનવા ના પાડી એટલે તેમને જીવતા આગમાં હોમી દેવામાં આવતા. આ દ્રશ્ય રાજા અને તેના દરબારીઓ ખાઈઓના કાંઠે બેસી નિહાળતા હતા.

એવામાં એક ચમત્કારિક અને કુતૂહલ ભર્યો બનાવ બન્યો. સિપાઈઓ એક યુવાન સ્ત્રીને તેના દૂધ પીતા બાળક સાથે ખાઈના ભડકા પાસે લઈ આવ્યા. આ વેળા પવન ફુંકાવો શરૂ થયો હતો એટલે ભડકા ખાઈઓની બહાર નીકળતા હતા. આ જોઈ પેલી સ્ત્રી ડરી ગઈ અને પાછી હઠી ગઈ. બાળક બોલી ઊઠયું. હે અમ્મા ! ડરો નહીં, તમે સાચાં છો, તમારા પરવરદિગારનું નામ લઈ આગમાં કૂદી પડો. તમે સ્વર્ગ પામશો.'' દૂધ પીતા પોતાના બાળકનો ચમત્કાર જોઈને તેણીને હિંમત આવી અને અલ્લાહનું નામ લઈ આગમાં બાળક સાથે કૂદી પડી. આ સમયે પવને જોર પકડયું અને ચોતરફ ઉંચા ઊંચા ભડકાઓ ફેલાવા લાગ્યા અને ચિનગારીઓ ઉડવા માંડી, પરિણામે ભડકાઓમાં રાજા, તેના દરબારીઓ અને સઘળા કાફરો સપડાઈ ગયા અને બળી મૂઆ. ઉડેલી ચિનગારીઓથી શહેરનાં મકાનો સળગી ઉઠયાં અને લગભગ આખું શહેર બળીને તારાજ થઈ ગયું. પહેલાં કાફરોએ ધર્મિષ્ઠ

લોકોને અર્થાત ઈમાનવાળા લોકોને જીવતા બાળી મૂકયા, પરંતુ તેમની જ સળગાવેલી અગ્નિમાં તેઓ પણ બળીને ભસ્મ થઈ ગયા.[૨]

ઈરાનમાં બીજો બનાવ બન્યો હતો. તેનું વર્ણન હજરત અલી રદી. એ આપેલું છે. ઈરાનના લોકો ઉપર એક ઈશ્વરદત્ત પુસ્તક કોઈક પયગંબર મારફત ઉતર્યું હતું, તેમના ધર્મમાં ભાન ભૂલી ન જવાય તેટલા પ્રમાણમાં દારૂતાડી પીવાની તેમના સમાજમાં ધાર્મિક છૂટછાટ હતી. તે સમયના ઈરાનના શાહે એક દિવસે વધુ પ્રમાણમાં દારૂ પી લીધો અને તેના નશામાં તે ભાન ભૂલી ગયો અને પોતાની સગી બહેન સાથે સંભોગ કરી બેઠો. પછી તો ભાઈ બહેનનો આ વ્યભિચાર ચાલુ રહ્યો. ભાઈ-બહેનના આ આડા વ્યવહારની જાણ લોકોમાં થઈ ત્યારે તેણે બહેન સાથે રીતસરનાં લગ્ન કરી લીધાં. લોકોને ભેગા કરી શાહે એલાન કર્યું કે જેમ પરમ પિતામહ આદમ (અલૈ.)ના સમયમાં સગી બહેન સાથે ભાઈ લગ્ન કરતો હતો તેમ મેં પણ સગી બહેન સાથે લગ્ન કર્યાં છે અને તેમાં કંઈ જ ખોટું કર્યું નથી. આપણા સમાજમાં પણ સગાં ભાઈબહેનનાં લગ્ન કરવાની ખુદાએ છૂટ આપી છે. માટે હવેથી તમારે તેમ કરવું. લોકો વિરૂદ્ધ ગયા અને આવી કોઈ બાબત માનવા ના પાડી. ઊલટા લોકો કહેવા લાગ્યા કે એ તો શાહની મનઘડત વાત છે. તેથી તેમણે તે પ્રમાણે વર્તવાની પણ ના પાડી. એવું એલાન લોકોએ કર્યું કે જે કોઈ સગી બહેન સાથે પરણશે, તો તે મહાપાપ લેખાશે. શાહ આથી ખૂબ ચિડાયો અને જે કોઈ તેના વિરૂદ્ધ જતો તેને સજા કરવા લાગ્યો. કોઈને કોરડા તો કોઈને ડંડા મરાવવા લાગ્યો. કોઈને આખો દિ' તાપતડકામાં ઉભો રાખતો, તો કોઈને જેલમાં પૂરી દેતો. આવા અનેક પ્રકારના અત્યાચાર ગુજાર્યા; પરંતુ નેક અને ધનિષ્ઠ લોકોએ તેની આ વાત ન સ્વીકારી તે ન જ સ્વીકારી આથી તેણે ખાઈઓ ખોદાવી, તેમાં લાકડાં સળગાવી તેમને અગ્નિથી ભરપૂર કરી નાંખી. જે કોઈ તેની વાત માનવા ઈનકાર કરતું તેને તે બળતા અગ્નિની ભઠ્ઠીમાં જીવતો બાળી મૂકતો હતો. આમ અનેક લોકોને તેણે જીવતા બાળી મૂકયા. બાળી મૂકવામાં જે લોકો મદદ કરતા હતા તેઓ અકસ્માતે તે ભઠ્ઠીઓમાં બળી મૂઆ. હજરત અલી રદી.નું કહેવું છે કે ત્યારથી પારસીઓમાં સગી

૨. આ કહાણી માટે જુઓ તફસીરે અઝીઝી અમ્માનો સિપારો પૃ. ૧૮૦.

બહેન સાથે લગ્ન કરવાનો રિવાજ પડયો હતો. આ ગંદા રિવાજના પરિણામે હો કે અગ્નિ-પૂજાનો અતિરેક થવાથી પારસીઓ તેમનું સામ્રાજ્ય ગુમાવી બેઠા છે અને આજે જગતમાં તેમની વસ્તી મુઠ્ઠીભર જ છે. અલ્લાહના કોપનું આ પરિણામ હોય એમ લાગે છે.[3]

ત્રીજો બનાવ ઈરાકમાં બન્યો હતો. આ બનાવને કેટલાક ઈતિહાસકારો ઈરાનનો બનાવ કહે છે. વાસ્તવમાં આ બનાવ બેબિલોનમાં બન્યો હતો એટલે તેને ઈરાકનો બનાવ જ કહેવો યોગ્ય છે. આ બનાવનું વર્ણન ઈબ્ને અબ્બાસ રદી. એ ઈસરાઈલ લોકોમાં પ્રચલિત થયેલી એક કથાના આધારે કર્યું હોય એમ લાગે છે. આ કથા ઈસરાઈલ લોકોમાં તૌરાતના આધારે પ્રચલિત થઈ હોય એમ જણાય છે; કારણ ઈબ્ને અબ્બાસ રદી.એ કરેલ વર્ણનનું મુખ્ય પાત્ર તથા તૌરાતની કથાનું મુખ્ય પાત્ર કોઈ નહીં પણ બેબિલોનનો સમ્રાટ બુખ્તેનસર અથવા નબૂખાદનેસ્સાર છે.[4] એ તો ઐતિહાસિક સત્ય ઘટના છે કે ઈ.સ. પૂર્વે ૫૮૬માં આ સમ્રાટે યરૂસાલેમ જીતી લીધું ત્યારે યહૂદીઓનું મુખ્ય ઈબાદતગાહ અર્થાત મસ્જિદે અકસા લૂંટી લીધી એટલું જ નહીં તેને તોડી પાડીને ખેદાન મેદાન કરી મૂકી અને પોતાની સાથે સિત્તેર હજાર યહૂદીઓને બૅબિલોન હાંકી લઈ ગયો. આ બાબતમાં તૌરાતના દાનિયેલ અધ્યાયમાંના ત્રીજા પ્રકરણમાં વર્ણન આવે છે કે, ''નબૂખાદનેસ્સાર રાજાએ સોનાની એક મૂર્તિ બનાવી. તે સાઠ હાથ ઊંચી અને છ હાથ પહોળી હતી. તેણે તેને બાબેલ પ્રાંતમાંના દૂરાના મેદાનમાં ઉભી કરી. પછી નબૂખાદનેસ્સાર રાજાએ પોતાના મુખ્ય હાકેમોને, સૂબાઓને, નાયબ સૂબાઓને, ન્યાયાધીશોને, ભંડારીઓને, મંત્રીઓને, અમલદારોને તથા પ્રાંતનના સર્વ અધિકારીઓને ભેગા કરવા (માણસો) મોકલ્યા જેથી નબૂખાદનેસ્સાર રાજાએ જે મૂર્તિ ઉભી કરી હતી તેની પ્રતિષ્ઠાને માટે તેઓ આવે.'' સઘળા અમલદારો, કાર્યકર્તાઓ અને કર્મચારીઓ તથા લોકો પણ આ મૂર્તિની પ્રતિષ્ઠા માટે એકઠા થયા અને મૂર્તિ સમક્ષ ઉભા રહ્યા, ત્યારે ચોબદારે પોકાર કર્યો, કે હે લોકો, પ્રજાઓ તથા (જુદી જુદી) ભાષાઓ બોલનાર માણસો ! તમને ફરમાવવામાં આવે છે

3. આ કિસ્સા માટે જુઓ તફસીરે અઝીઝી- અમ્માનો સિપારો પૃ. ૧૮૬
૪. મુસલમાનોમાં આ સમ્રાટ બુખ્તેનસર તરીકે ઓળખાયા છે. તૌરાતમાં નામ છે તેનો બીજો ઉચ્ચાર નેબુકદ્નેઝર પણ થાય છે.

કે, તમે રણશિંગડું, વાંસળી, વીણા, સિતાર, સારંગી મુરલી ઈત્યાદિ સર્વ પ્રકારનાં વાજિંત્રોનો નાદ સાંભળો તે વખતે તમારે સાષ્ટાંગ દંડવત પ્રણામ (સજદો)કરીને નબૂખાદનેસ્સાર રાજાએ પ્રતિષ્ઠિત કરેલી સોનાની મૂર્તિની પૂજા કરવી; જે કોઈ માણસ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને તેની પૂજા નહિ કરશે તેને તે જ ઘડીયે બળતા અગ્નિની ભઠ્ઠીમાં નાંખવામાં આવશે.''

જ્યારે ઉપર જણાવેલાં વાજિંત્રો વગાડી મૂર્તિની આરતી ઉતારવામાં આવી ત્યારે રાજા, દરબારીઓ, અમલદારો અને અધિકારીઓ તથા ત્યાંના સ્થાનિક લોકો, જેઓ ખાલદીઓ તરીકે ઓળખાતા હતા તેમણે બધાએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને મૂર્તિની પૂજા કરી; પરંતુ દાનિયેલ, શાદ્રાખ મેશાખ અને અબેદનેગો નામના ચાર યહૂદી આગેવાનો, જેઓ બાબેલ પ્રાંતના રાજકારભારીઓ હતા, તેમણે તથા કેટલાક યહૂદીઓએ પેલી મૂર્તિને સિજદો અર્થાત્ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા નહીં અને તેની પૂજા પણ કરી નહીં. આથી બધા યહૂદીઓને બળતા અગ્નિની ભઠ્ઠી આગળ લાવવામાં આવ્યા અને તેમને ચેતવણી આપવામાં આવી કે જ્યારે સઘળાં વાજિંત્રો વગાડી મૂર્તિની આરતી ઉતારવામાં આવે ત્યારે ''સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને મારી બનાવેલી મૂર્તિને પૂજવા તૈયાર થશો તો ઠીક, પણ જો તમે પૂજા કરશો નહિ તો તે જ ઘડીએ તમને બળતા અગ્નિની ભઠ્ઠીમાં નાંખવામાં આવશે.''તેમણે ઉત્તર આપ્યો કે ''હે નબૂખાદનેસ્સાર ! અમારો ખુદાવંદ જેની અમે ઉપાસના કરીએ છીએ તે અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી છોડાવવાને શક્તિમાન છે: અને જો નહિ છોડાવે તો પણ, હે રાજા ! આપે (ખચીત) જાણવું કે અમે આપે પ્રતિષ્ઠિત કરેલી સોનાની મૂર્તિને પૂજીશું નહિ.''

આ સાંભળી નબૂખાદનેસ્સારને રોમે રોમ ક્રોધ વ્યાપી ગયો ''અને તેણે પોતાના સૈન્યના નવ બળવાન પુરુષોને આજ્ઞા આપી કે તેઓને બળતા અગ્નિની ભઠ્ઠીમાં નાંખો, એટલે તમણે તે માણસોને તેમની ઈજારો, પાઘડીઓ, જામા તથા બીજાં વસ્ત્રો સહિત બાંધીને બળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખ્યા. તેઓ બળી મૂઆ પણ ત્યારપછી તરત જ ''જે પુરુષો યહૂદીઓને ઉંચકી લાવ્યા હતા તે નવ જણ અગ્નિના ભડકાઓથી બળી મૂઆ.'' जुल्मकी उम्र कोताह એ કહેવત અનુસાર રાજા નબૂખાદનેસ્સાર મરણ પામ્યો અને તેનું રાજ્ય પણ લાંબું ટક્યું નહિ. ઈ.સ. પૂર્વે ૫૩૯માં ઈરાનના શાહ સાયરસે

બૅબિલોનનું રાજ્ય જીતી લીધું અને તેને પોતાના રાજ્યમાં ભેળવી દીધું. આમ ખાલદીઓના સામ્રાજ્યનો અંત આવ્યો. સાયરસે યહૂદીઓને તેમના પોતાના વતન યરૂસાલેમમાં પાછા ફરવાની રજા આપી ત્યારે સિત્તેર હજાર લોકોમાંથી ઘણા થોડા પાછા ફર્યા હતા.

ચોથો આવો બનાવ ઈથોપિયામાં બન્યો હતો. એવું વર્ણન તફસીરે અઝીઝીમાં આવે છે. સિરિયાના કોઈક શહેરમાં, જ્યાં ઈસરાઈલ લોકો વસતા હતા ત્યાં એક વેળા ભયંકર દુકાળ પડયો. ખાવા માટે અનાજનાં અને પીવા માટે પાણીનાં સાસાં પડવા લાગ્યાં ત્યારે ઘણા ઈસરાઈલીઓ ત્યાંથી હિજરત કરીને ઈથોપિયાના પાટનગરમાં આશ્રય મેળવવા ચાલ્યા ગયા. ત્યાંના સ્થાનિક લોકોએ જાણ્યું કે હિજરતીઓ તેમનાથી જુદો ધર્મ પાળે છે ત્યારે તેમણે હબસી રાજાને ફરિયાદ કરી કે હિજરતીઓ પરધર્મીઓ છે અને જો તે લોકો અહીં રહેશે તો આપણને અનાજ પાણીની તંગી પડશે અને આપણા ત્યાં દુકાળ જેવી પરિસ્થિતિ ઉભી થઈ જશે : માટે તેમને અહીં આશરો આપવો ન જોઈએ. રાજાને પરધર્મીઓ શહેરમાં રહે તે વાત ગમી નહીં. તેણે હાથી જેવડી પોતાના દેવની એક મૂર્તિની એક મેદાનમાં પ્રતિષ્ઠા કરાવી. તેની પાસે ખાઈ ખોદાવી તેમાં લાકડાં સળગાવયાં. તેને બળતા અગ્નિની ભઠ્ઠી બનાવી દીધી. પછી હિજરતીઓને પકડી લાવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને મૂર્તિની પૂજા કરવા ફરમાન કર્યું. બધા સ્થાનિક લોકોએ તેમ કર્યું પણ હિજરતી ઈસરાઈલ લોકોએ તેમ કરવા સ્પષ્ટ ના પાડી. તેથી તેમને બળતા અગ્નિની ભઠ્ઠીમાં ફેંકી દીધા અને તેમને જીવતા બાળી મૂકયા.[૫]

જગતમાં આવા જીવતા બાળી મૂકવાના અનેક સામૂહિક તથા વ્યકિતગત બનાવો ભૂતકાળમાં બન્યા હતા. આ બાબતમાં સર્વમાન્ય મુફસ્સિર અર્થાત કુરાનના ભાષ્યકાર ઈબ્ને કસીર પોતાના ઈતિહાસમાં કહે છે કે :

''એ શકય છે કે આવા બનાવો જગતમાં ઘણાયે બન્યા હશે. અબી હાતિમનું બ્યાન છે કે ઉખ્દૂદનો એક બનાવ યમનમાં તુબ્બઅના સમયમાં બન્યો

---

૫. જુઓ તફસીરે અઝીઝી-અમ્માનો સિપારો પૃ. ૧૮૬

હતો. બીજો બનાવ કૉન્સટનટાઈનના સમયમાં કોન્સટેન્ટીનોપલ (હાલના ઈસ્તુંબલ)માં, અને ત્રીજો ઈરાકમાં બેબિલોનમાં બૂખ્તેનસરના સમયમાં બન્યો હતો. બૂખ્તેનસરે એક મૂર્તિ બનાવી હતી. તે લોકોને મૂર્તિને સિજદો કરવા અર્થાત્ સાષ્ટાંગ દંડવત પ્રમાણ કરવા લાચાર કરતો હતો અને જે લોકો તેમ કરવા ના પાડતા હતા તેમને અગ્નિમાં નાખી દેતો હતો.''[૬]

''અને મુકાતિલનું કહેવું છે કે, ઉખ્દૂદના ત્રણ પ્રસંગો બન્યા છે. એક યમનના નજરાન શહેરમાં બન્યો હતો. બીજો સિરિયામાં અને ત્રીજો ઈરાનમાં. આ બનાવોમાં મજલૂમ અર્થાત જુલમથી પીડિત લોકોને બળતા અગ્નિમાં નાંખી દેવામાં આવ્યા હતા. સિરિયાનો બનાવ અંતનાનુસ રૂમીના હાથે બન્યો હતો. ઈરાનનો બનાવ બુખ્તેનસર (નબુકદનેઝર)ના હાથે બન્યો હતો. નજરાનનો બનાવ યૂસુફ ઝૂન્નવાસના હાથે બન્યો હતો. ઈરાન અને સિરિયાના બનાવોનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં કરવામાં આવ્યો નથી. નિસં : શય નજરાનના બનાવનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં કરવામાં આવેલો છે.''

સિરિયાના બનાવનો ઉપરોક્ત મુકાતિલના વર્ણનમાં જે ઉલ્લેખ થયો છે તે કોન્સટન્ટાઈનના ફરમાન પ્રમાણે બનવા પામ્યો હતો. જ્યારે તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો ત્યારે તેણે મૂળ ખ્રિસ્તી ધર્મ જેમાં એક અલ્લાહની પ્રજા અને ઈસા અલૈ. એક પયંગબર છે. તેને અપનાવવાને બદલે બીજો પ્રચલિત ખ્રિસ્તી ધર્મ અપનાવાયો હતો જેમાં ત્રૈકનો સિદ્ધાંત (Doctrine of Trinity) ગ્રાહ્ય રાખવામાં આવ્યો હતો, અર્થાત્ અલ્લાહ જગતનો પિતા, ઈશુ ખ્રિસ્ત તેનો પુત્ર અને પવિત્ર આત્મા. આ ત્રૈકના સિદ્ધાંત અનુસાર પ્રાર્થના થતી હતી. વળી મૂળ ખ્રિસ્તી ધર્મમાં પ્રાર્થના વેળા મોં બયતુલ-મુકદ્દસ તરફ રાખવાના બદલે પૂર્વમાં રાખવામાં આવતું હતું. કોન્સટન્ટાઈને આખા રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો કે હવેથી દરેક પ્રજાજને આજનો પ્રચલિત ખ્રિસ્તી ધર્મ અપનાવવો. જે કોઈ તેમ કરવા ઈન્કાર કરશે તેને જીવતો બાળી મૂકવામાં આવશે..છઠ્ઠી સદીના આરંભમાં હજારો લોકોને જીવતા બાળી મૂકવામાં આવ્યા હતા.[૭]

---

૬. કસસુલ કુરઆન : હિફઝુર્રહમાન Vol. III પૃ. ૩૪૩-૩૪૪

૭. કસસુલ કુરઆન : હિફઝુર્રહમાન Vol. III પૃ. ૩૪૪.

જગતમાં આવા બનાવો વર્તમાન કાળમાં પણ બન્યા કરે છે. આ પ્રસંગો ઉપસ્થિત થવામાં કોઈ રાજકીય, આર્થિક કે સામાજિક કારણો ન હતાં; કેવળ ધર્માંધતાનું કારણ હતું.

અહીં આપેલ સઘળા બનાવોમાં એક જ અલ્લાહની બંદગી કરતા લોકોને અનેકની પૂજા કરતા લોકોએ જીવતા બાળી મૂકયા છે. પવિત્ર કુરઆનના બુરૂજ પ્રકરણમાં જે ઉલ્લેખ થયો છે તે આવા સર્વ-સામાન્ય પ્રસંગોને લક્ષમાં રાખી કર્યો હોય એમ આપણને લાગ્યા વિના રહેતું નથી; પરંતુ બધા ભાષ્યકારો કહે છે તેમ યમનમાં કોમે તુબ્બઅના રાજા ઝૂન્નવાસે કરેલા અત્યાચાર તરફ જ ઈશારો કરવામાં આવેલો છે. આ બનાવથી અરબ લોકો ખૂબ જ વાકેફ હતા. આ બનાવને આંખે જોનારા કેટલાક લોકો આપ સ.અ.વ.ના સમય સુધી જીવતા હતા. અરબ લોકોને ખાસ કરીને મક્કાના કુરેશ લોકોને પાઠ ભણાવવા અને જગતના લાકોને તેમાંથી બોધ લેવા માટે જ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અસહાબે ઉખ્દૂદ અર્થાત ખાઈઓવાળા લોકોએ ઈમાનવાળા લોકોને જીવતા બાળી મૂકયા એવો એક બનાવ હિમ્યરીવંશના રાજા અસરના સૌથી નાના પુત્ર ''જરઆ'' ના રાજ્યઅમલ દરમ્યાન યમનમાં આવેલા નજરાન નામના શહેરમાં ઈ.સ. ૫૨૩માં બન્યો હતો. જરઆ જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેણે યૂસુફ ઝૂન્નવાસ નામ ધારણ કર્યું હતું, તેથી આ બનાવ ઝૂન્નવાસના સમયના નજરાનમાં બન્યો હતો, એવું ઈતિહાસમાં નોંધાયું છે. પહેલાં કહી ગયા તેમ પવિત્ર કુરઆનમાં જે બનાવનો ઉલ્લેખ થયો છે તે આ બનાવ અંગેનો જ છે. આ વર્ણન સર્વ-સામાન્ય હોવાથી એવા બીજા બનાવોને પણ લાગુ પડે છે. નજરાનના બનાવનું વર્ણન આપણે વિસ્તારથી કરીશું.[૮]

હિમ્યર વંશના રાજાઓએ લગભગ અઢીસો વરસ સુધી અરબસ્તાન ઈરાક, સિરિયા અને આફ્રિકાના ઉત્તર-પૂર્વ કિનારાના પ્રદેશો પર ભારે દબદબાથી રાજ્ય કર્યું હતું. તમે જાણો છો કે રાતા સમુદ્રને અરબ લોકો ''બહરે અહમર'' કહે છે. અહમર શબ્દ ''હમરા'' નામના શબ્દમાંથી બનેલો છે જેનો

---

૮. તફસીરે હક્કાની Vol. IV બુરૂજની તફસીર જુઓ.

અર્થ ''રાતું'' થાય છે. યમની લોકો રંગે રાતા હોવાથી હબસી લોકો તેમને ''અહમર'' લોકો કહેતા હતા. વખત જતાં અહમરમાંથી હિમ્યર શબ્દ થઈ ગયો અને યમનના છેલ્લા રાજાઓ હિમ્યર તરીકે જાણીતા થયા. હબસી લોકો રંગે કાળા હોવાથી અરબ લોકો તેમને ''સુદાની'' કહેતા હતા. સુદાની શબ્દ ''સવાદ'' માંથી બનેલો છે જેનો અર્થ કાળો થાય છે. આમ અરબ લોકો ખાસ કરીને યમની લોકો હબસીઓને ''સુદાની'' કહેતા તેના જવાબમાં હબસીઓ તેમને ''અહમર'' કહેતા હતા.

હિમ્યર વંશના રાજાઓ ''તુબ્બઅ'' રાજાઓ તરીકે પણ ઓળખાય છે અને તેથી તેમના પ્રજાજનોને ''તુબ્બઅ'' પ્રજા પણ કહે છે. ઈ.સ.ના ત્રીજા સૈકા પછી સબા કબીલાઓ માંહોમાંહે ઝઘડવા લાગ્યા, તેમાં ખાસ કરીને ઝયદાની, હિમ્યરી ને હમદાની કબીલાઓ અંદરોઅંદર ખૂબ જ લડવા ઝઘડવા લાગ્યા. આથી પરદેશીઓએ તેમના દેશમાં પગપેસારો કર્યો, પરિણામે તેમનો દરિયાઈ તથા જમીન-માર્ગનો વેપાર ખોરવાઈ ગયો. વળી આમ થતાં પહેલાં મા'રિબનો ખ્યાતમાન બંધ રેલમાં તૂટી ગયો હતો તેથી તેમની ખેતીવાડી ખેદાન મેદાન થઈ ગઈ હતી અને કેટલાક કબીલાઓ યમનથી હિજરત કરી નાસી ગયા હતા.[૯] આમ યમનમાં અવ્યવસ્થા અને અંધાધૂંધી પ્રવર્તતાં હતાં તેનો લાભ લઈ હિમ્યર કુટુંબના હારિસ-અલ-રાઈશ નામના એક બળવાન સરદાર સત્તા જમાવીને રાજા બની ગયો. સબા પ્રાંતના બીજા કબીલાઓએ તેની આણ સ્વીકારી લીધી. તે સમયે યમનના સબા પ્રાંતમાં અને હઝરમૌતના પ્રાંતમાં બે જુદા જુદા રાજાઓ રાજ્ય કરતા હતા. હારિસે હઝરમૌત પ્રાંત જીતી લઈ તેને પોતાના રાજ્યમાં ભેળવી દીધો. આમ હારિસ બધા કબીલાઓને તથા બે પ્રાંતોને પોતાના ઝંડા તળે એકત્ર કરવા શક્તિમાન થયો તેથી લોકો તેને ''તુબ્બઅ'' કહેવા લાગ્યા. પછી તેના વંશજો પણ ''તુબ્બઅ'' રાજાઓ અને તેમના પ્રજાજનો ''તુબ્બઅ'' પ્રજા તરીકે ઓળખાયા. આપણે આગળ જોયું તેમ, તેમના રાજ્યનો વિસ્તાર ઘણો મોટો હતો. તુબ્બઅ રાજાઓએ ઘણા દબદબા અને ઠાઠમાઠથી અઢીસો વરસ રાજ્ય કર્યું અને ''તુબ્બઅ'' પ્રજા પણ મહાબળવાન લેખાતી હતી. ''તુબ્બઅ''નો અરબી અર્થ સરદાર થાય છે. અર્વાચીન શોધખોળ પ્રમાણે ''તુબ્બઅ'' હબસી શબ્દ છે જેનો અર્થ

---

૯. Ibid. જુઓ સબાનું પ્રકરણ.

સુલતાન કે સરદાર થાય છે. પવિત્ર કુરઆનમાં નીચે જણાવેલ બે જગાએ ''તુબ્બઅ'' પ્રજાનો ઉલ્લેખ થયેલો છે.

''શું આ લોકો (એટલે કે મક્કાના કુરેશ લોકો બળમાં) ચઢિયાતા છે કે તુબ્બઅ પ્રજા અને તેમની પહેલાંની પ્રજાઓ ? અમે તેમનો (અતિ બળવાન હોવા છતાં પણ) નાશ કર્યો કારણ કે તેઓ પાપી હતા ; (તો પછી હે કુરેશ લોકો !) તમારી શી વિસાત ?'' ૪૪:૩૭

''તેમની પહેલાં પણ (અર્થાત્ મક્કાના લોકો પહેલાં) નૂહની પ્રજાએ તથા રસ્સ લોકોએ સમૂદ જાતિના તથા આદ લોકોએ તથા ફિરઓને તથા લૂતના જાતિભાઈઓએ તથા અયકાવાળા લોકોએ તથા તુબ્બઅ પ્રજાએ બધાએ રસૂલોને જૂઠા ગણ્યા એટલે જ મારા અઝાબ અર્થાત કોપનો નિર્ણય તેમના માટે નિશ્ચિત થઈ ગયો.'' ૫૦:૧૨ થી ૧૪.

આ આયતોમાં તુબ્બઅ પ્રજા પર આવી પડેલી આપત્તિનો ઉલ્લેખ છે. બહુ બળવાન પ્રજા હતી છતાં તેનું વેરણ છેરણ થઈ ગયું : કારણ તેમણે જુલમ ગુજારી નજરાનના ઈમાનવાળા ખ્રિસ્તીઓને જીવતા બાળી મૂકયા હતા.

જ્યારે હિમ્યર કે તુબ્બઅ વંશનો રાજા અસદ રાજ્ય કરતો હતો ત્યારે તેણે પોતાના રાજ્યનો વિસ્તાર વધારવાનું નક્કી કર્યું. મોટું સૈન્ય લઈ મુલકો જીતવા તે નીકળી પડયો. ફરતાં ફરતાં તે મદીના આવી પહોંચ્યો. તે સમયે મદીનામાં અને તેની આજુબાજુના પ્રદેશોમાં યહૂદીઓ વસેલા હતા. બેબિલોનના રાજા બુખ્તેનસર ઉર્ફે નેબુકદનેઝરે ગુજારેલા જુલમથી જ્યારે ઈરાનના શાહ સાઈરસે તેમને છોડાવ્યા અને બેબિલોનથી પોતાના વતન યરૂસાલેમમાં પાછા ફરવાની છૂટ આપી ત્યારે કેટલાંક યહૂદી કુટુંબો મદીના અને તેની આસપાસનાં પ્રદેશોમાં વસી ગયાં હતાં. આથી એવું કહી શકાય કે મદીના અને તેની આસપાસના પ્રદેશોમાં યહૂદીઓ ઈ.સ. પૂર્વે ૫૪૦ના વરસથી વસેલા છે. ત્યારથી ફિદક, ખૈબર, કુરૈઝા, નઝીર, વાદી-ઉલ-કુરા, યંબુ ઈત્યાદિ વસાહતો યહૂદીઓની હતી. યહૂદીઓ ઉપરાંત મૂળ રહેવાસીઓ અરબો હતા અને તેઓ મૂર્તિપૂજકો હતા. રાજા અસદને મદીનાનો ફળદ્રુપ પ્રદેશ ગમી ગયો એટલે

મદીનાને ઘેરો ઘાલી જીતી લીધું. આ સમયે મદીનાનો સરદાર ખજરજ કબીલાનો અમર બિન તિયાં હતો. તેની જગાએ અસદે પોતાના એક પુત્રને રાજ્યવહીવટ સંભાળવા મૂકયો અને અસદ સૈન્ય લઈ ઉત્તર તરફ ઈરાક, સિરિયાના દેશો પર હુમલો કરવા ચાલ્યો ગયો. તેની ગેરહાજરીમા મદીનાવાસીઓએ તેના પુત્રને મારી નાંખ્યો અને રાજસત્તા પાછી હાથ કરી લીધી. આ ખબર સાંભળી ધૂંઆપૂંવા થતો અસદ સૈન્ય લઈ મદીના પાછો ફર્યો અને શહેરને સખ્ત ઘેરો ઘાલ્યો. કેમે કરી મદીના જીતાતું ન હતું એટલે તેણે કંઈક નમતું જોખવા નિર્ધાર્યું. મદીનાવાસીઓ પણ ઘેરાથી કંટાળી ગયા હતા એટલે તેમણે બે યહૂદી પંડિતોને રાજા અસદ સાથે વાતચીત કરવા મોકલ્યા. તેમણે કહ્યું, ''જહાંપનાહ ! તમે મદીનાને ઉજ્જડ કરી શકવાના નથી, તેમ જીતી શકવાના પણ નથી : કદાચ તમે થોડી ઘણી લૂંટ ચલાવીને ચાલ્યા જાઓ.''

રાજાએ ઉત્સુક થઈ પૂછ્યું, ''આમ શા ઉપરથી કહો છો ?'' યહૂદી પંડિતોએ જવાબમાં કહ્યું, ''ખુદાવંદે આ શહેરને સૌથી છેલ્લા પયગંબર માટે અનામત રાખ્યું છે. તેઓ મક્કામાં જન્મશે, પરંતુ તેમના ઉપર ઘણો જુલમ થશે ત્યારે ત્યાંથી હિજરત કરીને મદીનામાં વસવાટ કરશે. અમારા ધર્મગ્રંથ તૌરાતમાં આવું કંઈક ભવિષ્ય ભાખેલું છે.''

રાજાએ પૂછ્યું, ''તૌરાત શું છે ?''

પંડિતોએ જવાબ આપ્યો, ''તૌરાત અમારો ધર્મગ્રંથ છે. તેમાં આપેલ હિદાયત કે બોધ પ્રમાણે અમે વર્તીએ છીએ અને ખુદાવંદની ઈબાદત કરીએ છીએ. તમારી જેમ મૂર્તિપૂજા કરતા નથી.''

રાજા અસદ આથી ખૂબ જ પ્રભાવિત થયો. તેણે ઘેરો ઉઠાવી લીધો અને યહૂદી ધર્મ અપનાવી લીધો. પછી પેલા બે યહૂદી પંડિતોને લઈ પોતાની રાજ્યાની રયદાનમાં આવ્યો. તેણે પ્રજાજનોને આ નવો યહૂદીધર્મ સ્વીકારી લેવા ફરમાન કર્યું. તે સમયના સર્વ-સામાન્ય રિવાજ પ્રમાણે રાજા જે ધર્મ પાળતો તે ધર્મ જનતા પણ અપનાવી લેતી : એટલે ''તુબ્બઅ'' પ્રજા યહૂદી ધર્મ પાળવા લાગી. આ પ્રમાણે યમનમાં યહૂદી ધર્મ પ્રવેશ મેળવી સ્થાયી થયો. ઉખ્દૂદનો બનાવ બન્યો ત્યારે ''તુબ્બઅ'' પ્રજા યહૂદી ધર્મ પાળતી હતી.

અસરના ત્રણ પુત્રો હિસાન, અમર અને જરઆ નામે હતા, પરંતુ હજુ તેઓ સગીર વયના હતા ત્યારે તેમના પિતા અસદનું મરણ થયું. રાજગાદી ખાલી જેવી પડતાં બની લહમ કબીલાના રબીઆ બિન નસરે ગાદી પચાવી પાડી. તેના મરણ પછી લોકોએ અસરના પુત્ર હિસાનને ગાદીએ બેસાડયો. તે હિજાઝ, ઈરાક, સિરિયા વગેરે દેશોમાં વ્યવસ્થા કરવા ગયો ત્યારે લોકોએ અસદના બીજા પુત્ર અમરને ગાદીએ બેસાડયો. આ અમર ગાંડો થઈ મરી ગયો ત્યારે ખૈફ બિન આલમ નામના માણસે ગાદી પચાવી પાડી. તે ઘણો જ જુલમી અને દુષ્ટ હતો. તે છોકરાઓ સાથે સજાતિય- સંભોગ કરતો હતો. નવોઢાઓને તેના ત્યાં પહેલી રાત્રિ ગુજારવી પડતી હતી. ''તુબ્બઅ'' વંશનો છેલ્લો પુત્ર જરઆ ઘણો જ ખૂબસૂરત હતો. તેને ખૌફે સજાતિય સંભોગ માટે મહેલમાં બોલાવ્યો. એકાંતનો લાભ લઈ જરઆએ તેને ત્યાં જ ઠાર કર્યો. લોકોએ તેને ગાદીનો સાચો વારસ જાણીને યમનનો રાજા સ્વીકારી લીધો.[૧૦] ગાદીએ આવતાં તેણે યૂસુફ ઝૂન્નવાસ નામ ધારણ કર્યું.

યમનમાં ખ્રિસ્તી ધર્મનો પગપેસારો કેવી રીતે થયો તે જોઈએ. યમન પર ખ્રિસ્તી હબસીઓનો કબજો ઈ.સ. પરપમાં થયો હતો અને તે ઈ.સ. ૫૭૮ સુધી ચાલુ રહ્યો હતો. આ સમયમાં ખ્રિસ્તી મિશનરીઓએ યમનમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારનું કામ ઘણા જોરશોરથી કર્યું હતું. પરંતુ એ સમય પહેલાં ઈશુ ખ્રિસ્તના કોઈક વંશજોમાંનો ફેમીયુન (Faymiyun) નામનો સન્યાસી ફરતો ફરતો નજરાન શહેરમાં જઈ ચડયો. આજે ભારતમાં હિંદુઓ અનેક દેવદેવીઓની મૂર્તિઓની તથા પીપળા અને સમી જેવાં વૃક્ષોની પૂજા કરે છે તેમ તે સમયે નજરાનના લોકો પણ અનેક દેવ-દેવીઓની અને ખજૂરીનાં વૃક્ષોની પૂજા કરતા હતા. ખજૂરીનાં વૃક્ષો આગળ તેઓ નૈવેદ્ય ધરાવતા અને જાનવરોનું બલિદાન ચડાવતા હતા. ફેમીયુન સંતપુરુષ હતો. તે રાત્રિનો કેટલોક સમય પ્રભુપ્રાર્થનામાં ગાળતો અને દિવસનો કેટલોક સમય મહેનત મજૂરીમાં ગુજારતો હતો. આમ તે પોતાનું ગુજરાન ચલાવતો હતો. ફુરસદ મળતી ત્યારે લોકોને ઉપદેશ આપતો. વળી તે આજે આ ગામમાં તો કાલે બીજા ગામમાં જઈ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતો હતો. તેનામાં ચમત્કાર જોઈ

૧૦. આ કહાણી માટે જુઓ, તફસસીરે હક્કાની, Vol. IV પૃ ૯૦ બુરૂજની તફસીર.

સાજા થવા ઘણા લોકો તેની પાસે આવતા હતા. ધીમે ધીમે માંદા અને રોગીષ્ટ લોકોની તેની પાસે ઠઠ જામવા લાગી. એકવેળા તેણે એવો ચમત્કાર બતાવ્યો કે નજરાનની સઘળી મૂર્તિઓ જમીન પર ઢળી પડી ; એટલે ઘણા લોકો ખ્રિસ્તી બનવા લાગ્યા. પછી તો ઉઘાડા છોગે ઈંજીલનો ઉપદેશ આપવા માંડયો. તેની પાસે તે સમયના નજરાનના સરદાર તામુરનો પુત્ર અબ્દુલ્લાહ પણ આવતો જતો હતો. આ અબ્દુલ્લાહની કરામતો જોઈ નજરાનના ઘણા લોકો ખ્રિસ્તી બની ગયા હતા. વળી નજરાનના ખ્રિસ્તીઓ પણ ધર્મપલટા માટે લોકો પર બળજબરાઈ વાપરતા હતા. પરિણામે નજરાનના સઘળા લોકો ખ્રિસ્તી બની ગયા હતા અને તે ખ્રિસ્તીઓનું કેન્દ્ર બની ગયું હતું.

વળી નજરાનના ખ્રિસ્તીઓની વ્યવસ્થા પણ અનોખી હતી. આ વહીવટ ત્રણ ખ્રિસ્તી સરદારો કરતા હતા. એક સરદાર ''સૈયદ'' કહેવાતો હતો. કબીલાઈ લોકોમાં મોટો સરદાર હોય તેમ તે નજરાનનો સરદાર ગણાતો હતો. તેના હાથ નીચે સૈન્ય રહેતું હતું. પરદેશનીતિ તે ઘડતો અને સંધિઓ પણ તે કરતો હતો. બીજો સરદાર ''આકિબ'' કહેવાતો હતો, જે અત્યારના ગૃહ-મંત્રીના જેમ આંતરિક સલામતિ જાળવવાનું કાર્ય કરતો હતો. ત્રીજો સરદાર ''બિશપ'' ગણાતો હતો. જે સઘળી ધાર્મિક બાબતની વ્યવસ્થા કરતો અને દેખરેખ રાખતો હતો. દક્ષિણ અરબસ્તાનમાં આ સમયે નજરાનની અગત્યતા વિશેષ હતી. ત્યાં ટસરના કપડાંનાં, ચામડાં પકવવાનાં અને લડાઈનાં હથિયારો બનાવવાનાં ઘણાં કારખાનાં હતાં, વળી પ્રખ્યાત યમની લાંબો કોટ જે યમની ''હુલ્લા'' ના નામે ઓળખાતો હતો તે ત્યાં જ તૈયાર થતો હતો. આપણે પાછળ જોયું કે રયદાનનો રાજા ઝૂન્નવાસ અને તેની તુબ્બઅ પ્રજા યહૂદી ધર્મ પાળતી હતી, જ્યારે નજરાનના લોકો ખ્રિસ્તી ધર્મ પાળતા હતા. નજરાન જીતી લેવામાં આર્થિક અને રાજકીય કારણો આપણને જણાય છે, પરંતુ તે માટે તુબ્બઅ પ્રજાનો દોષ ન હતો : કેવળ ધર્માંધતા હતી. નજરાનના લોકો ખ્રિસ્તી ધર્મ પાળતા હતા તેથી તેમને દુશ્મની હતી. પવિત્ર કુરઆનની ૮૫:૮ની આયતમાં કહેવામાં આવ્યું છ કે, ''ઈમાનવાળાઓ સાથે તેમની દુશ્મનનું કારણ એ સિવાય બીજું કોઈ ન હતું કે તેઓ એક મહા-શક્તિશાળી અને સર્વ-સ્તુતિને પાત્ર એવા અલ્લાહ પર ઈમાન લાવ્યા હતા.'' નજરાનના ખ્રિસ્તી લોકો જોર જુલમથી ખ્રિસ્તીઓ બનાવે છે એવી ફરિયાદ નજરાનના

એક યહૂદીએ ઝૂન્નવાસનને કરી. તે કોઈક બહાનાની શોધમાં તો હતો જ અને તેને આ ફરિયાદ મળતાં ૫૦ હજારનું સૈન્ય લઈ નજરાનના લોકો પર ત્રાટકી પડયો.

સૌથી પ્રથમ તેણે ખ્રિસ્તીઓનું દેવળ બાળી નાંખ્યું અને ત્યાંના મુખ્ય સરદાર ''સૈયદ હારિસા'' જે Arethas પણ કહેવાતો હતો, તેનું કતલ કર્યો. તેની પત્ની ''રોમાં'' સમક્ષ તેની બે પુત્રીઓનો કતલ કરી અને તેમનું લોહી પીવાની રોમાંને ફરજ પાડી : છતાં પાછળથી તેની પણ કતલ કરી નાંખી. આગલા બિશપ પૉલનાં હાડકાં કબરમાંથી ખોદાવી બાળી નાંખ્યા અને જેમણે યહૂદી ધર્મ અંગિકાર કરવા ના પાડી તેવાં સઘળાં સ્ત્રી- પુરુષો, બાળકો અને વૃદ્ધજનોને, પાદરીઓ, સન્યાસીઓને બળતા અગ્નિની ખાઈઓમાં જીવતાં બાળી મૂકયાં. આ પ્રમાણે ૨૦ હજાર લોકોને ઝૂન્નવાસ અને તેના સૈનિકોએ જીવતા બાળી મૂકયા હતા. આ જીવતા બાળી મૂકનારા લોકો જ ''અસહાબે ઉખ્દૂદ'' કહેવાય છે. એમના સંબંધી પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે ''જેમણે ઈમાનદાર સ્ત્રી- પુરુષો પર ભારે અત્યાચાર ગુજાર્યો અને ત્યારપછી પણ તે માટે પશ્ચાતાપ ન કર્યો તેમના માટે ખચિત જ જહન્નમ અર્થાત નર્કનો અગ્નિકૂંડ છે : તે ઉપરાંત તેમને અહીં પણ બળવાની સજા ભોગવવાની છે.'' ૮૫:૧૦ આ આયતથી પૂરવાર થાય છે કે જે લોકો કેવળ ધાર્મિક કારણે નિર્દોષ લોકોને જીવતા બાળી મૂકે છે અથવા તેમને મારી નાંખે છે તેમને જહન્નમની આગમાં બળવાનું છે.

આમ ઝૂન્નવાસે વીસ હજાર ખ્રિસ્તીઓને આગમાં જીવતા હોમી દીધા; પરંતુ દૂસ ઝૂલગલબા નામનો એક ખ્રિસ્તી નજરાનથી જીવ બચાવીને નાસી છૂટયો અઅને સીધો સિરિયામાં રહેતા પૂર્વ રોમન સામ્રાજ્યના ખ્રિસ્તી સમ્રાટના દરબારમાં જઈ પહોંચ્યો અને નજરાનના ખ્રિસ્તીઓ પર ગુજારેલા અત્યાચારનું આબેહૂબ વર્ણન કર્યું જેથી સમ્રાટ પણ રડી પડયો. તેણે ઈથોપિયાના ખ્રિસ્તી રાજાને આ અત્યાચારનો બદલો લેવા એક પત્ર ઝૂલગલબાને લખી આપ્યો. આ પત્ર લઈ ઝૂલગલબા ઈથોપિયા આવ્યો અને હબસી રાજાને આંસુભીની આંખે હકીકત કહી સંભળાવી. હબસી રાજાએ ''રબાતા'' નામના એક સરદારને સેનાપતિ નીમી સિત્તેર હજારનું સૈન્ય આપી યમન રવાના કર્યો. આ

સૈન્ય રોમનોની હોડીઓ દ્વારા હઝરમૌત ઊતર્યું. આવડા મોટા સૈન્ય સામે હામ ભીડવાની ઝૂન્નવાસની હિંમત ચાલી નહીં એટલે તેણે દાવ-પેચ ખેલવા માંડયાં. તેણે રબાતાને શરણાગતિ સ્વીકારી લેવાનું કહેણ મોકલ્યું અને સાથોસાથ કેટલાક ખજાનાઓની કૂંચીઓ પણ મોકલાવી. રબાતાએ પોતાના રાજાની સંમતિ આવે ત્યાં સુધી વાટ જોવાનું ઝૂન્નવાસને લખી જણાવ્યું. સંમતિ આવે એ ગાળામાં ઝૂન્નવાસ રબાતાને ''સન્આ'' શહેરમાં લઈ આવ્યો અને ત્યાં તેની શાહી સરભરા કરી. આમ તેને સૈન્યથી વિખૂટો પાડી દીધો. તે સમયે સેનાપતિ વિનાનું સૈન્ય લડાઈ આપતું નહીં. આ હબસી સૈન્યને વેરવિખેર કરી નાંખવા ઝૂન્નવાસે પોતાના સેનાપતિને છૂપી ખબર મોકલાવી. ઓચિંતા હુમલાથી હબસી સૈન્યમાં નાસભાગ થવા લાગી અને તેમાં ઘણા હબસીઓ માર્યા ગયા. રબાતાને આ દગાની જાણ થતાં તે યુક્તિ-પ્રયુક્તિ કરી નાસી છૂટયો અને પોતાના રાજાની સેવામાં હાજર થઈ સઘળી હકીકતથી તેને વાકેફ કર્યો. તરત જ આ બાબતની જાણ રોમન સમ્રાટને કરવામાં આવી. રોમન સમ્રાટ જમીન માર્ગે કુમક મોકલી શકે તેમ ન હતો, કારણ વચમાં અરબસ્તાનનો હિજાઝ પ્રાંત આડે આવતો હતો. તેના આંટીઘૂંટીવાળા રસ્તાઓમાં આખું સૈન્ય કપાઈ જાય એવી પરિસ્થિતિ હતી. આથી તેણે હબસી સૈન્યની મદદે નૌકાસૈન્ય રવાના કર્યું. હબસી રાજાએ એક લાખનું સૈન્ય રબાતા અને અબ્રહા નામના બે સેનાપતિઓ હેઠળ રવાના કર્યું. આ તે જ અબ્રહા છે જે મક્કાના કાબાને જમીનદોસ્ત કરવા હાથીઓનું સૈન્ય લઈ આવ્યો હતો. તેના વિશે પાછળના પ્રકરણમાં વાંચવા મળશે. રોમન સૈન્ય અને હબસી સૈન્ય બન્ને યમન પર ત્રાટકી પડયાં અને આખો યમન દેશ ખ્રિસ્તીઓએ જીતી લીધો. ઈ.સ. ૫૨૫ માં ઝૂન્નવાસે પ્રાણ બચાવવા પોતાના ખાસ તરવૈયા ઘોડા મારફત સમુદ્રમાર્ગે નાસી જવા પ્રયત્ન કર્યો, પરંતુ તે તેના ઘોડા સાથે ડૂબી મુઓ. આમ હિમ્યર રાજ્યનો અંત આવ્યો અને યમન હબસીઓની આણ તળે ઈ.સ. ૫૭૮ સુધી રહ્યું.

અહીં તમે પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે નજરાનના મૂર્તિપૂજકો ફેમીયૂન સંતના સદ્બોધ અને ચમત્કારના કારણે ખ્રિસ્તી બની ગયા હતા : જ્યારે ઝૂન્નવાસના પિતા અને તુબ્બઅ જનતા પેલા બે યહૂદીઓના સદ્બોધથી

મૂર્તિપૂજકો મટી યહૂદીઓ બની ગયા હતા. બંનેએ મૂળ મૂર્તિપૂજકોમાંથી ધર્મપલટો કર્યો હતો, છતાં ઝૂન્નવાસ નજરાનના ખ્રિસ્તીઓને કેમ સાંખી શકયો નહીં ? યુરોપિયન ઈતિહાસકારો આ પ્રશ્નનો એવો ઉત્તર આપે છે કે તે સમયે રાજકીય અને વેપારી પરિસ્થિતિના કારણે પશ્ચિમ એશિયાના રાજ્યોમાં બે તડ પડી ગયાં હતાં. એક તડમાં રોમન સમ્રાટ અને ઈથોપિયાના હબસી રાજા બંને હતા તો ખ્રિસ્તીઓ, પરંતુ બંનેનું વેપારી હિત એક સરખું હતું. બીજા તડમાં યહૂદી હિમ્યરીઓ અને અગ્નિ-પૂજક ઈરાનીઓ હતા. આ બંને પ્રજાઓ જમીન માર્ગનો વેપાર સલામત રાખવા માંગતી હતી. બંને પ્રજાઓ ધર્મે જુદી હતી પરંતુ બંનેનું વેપારી હિત સામાન્ય હતું. આ કારણે સામા પક્ષનું વર્ચસ્વ પોતાની પાડોશમાં વધે તે ઝૂન્નવાસ સાંખી શકયો નહીં હોય. મને અંગત રીતે આ કારણ યોગ્ય લાગતું નથી. એમાં કંઈક તથ્ય છે; પરંતુ ખરું કારણ તો ખ્રિસ્તી અને યહૂદી ધર્મો વચ્ચેનું વૈમનસ્ય જણાય છે. ઈશુ ખ્રિસ્તને શૂળી પર ચઢાવનારા યહૂદીઓ હતા. તેથી યહૂદીઓ અને ખ્રિસ્તીઓ વચ્ચે પહેલેથી જ વેરઝેર બંધાયું હતું. નજરાનમાં ખ્રિસ્તીઓએ અડ્ડો જમાવ્યો હતો. નજરાનને કેન્દ્રમાં રાખી તેમનું મિશન કાર્ય પૂરજોશમાં ખ્રિસ્તીઓ ચલાવતા હતા. યહૂદીઓ ''રયદાનમાં'' પ્રચાર કાર્ય કરવામાં કચાશ રાખતા ન હતા. તેથી આ સમયે બંને પક્ષો મૂર્તિપૂજા સાંખી લેવા તૈયાર હતા પરંતુ સામા ધર્મને સાંખી લેવા તૈયાર ન હતા. ઝૂન્નવાસને જ્યારે નજરાનના કોઈક યહૂદી મારફત જાણ થઈ કે નજરાનના ખ્રિસ્તીઓ જોરજુલમથી ધર્મપલટો કરાવે છે ત્યારે નજરાનના ખ્રિસ્તી થાણાને નાબૂદ કરવા તે દોડી ગયો. આથી ઊલટું જ્યારે રોમન સમ્રાટે અને હબસી રાજાએ ખ્રિસ્તીઓ પર થયેલા સિતમની વાત જાણી ત્યારે તેઓ બંને યમનમાંથી યહૂદી રાજ મિટાવી દેવા દોડયા.

ઉખ્દૂદના બનાવની સાબિતી છઠ્ઠી સદીના કેટલાક ખ્રિસ્તી પ્રવાસીઓના લખાણો પરથી ઉપલબ્ધ થાય છે. આ બનાવ જેમણે આંખે દેખ્યો હતો તેમની પાસેથી સાંભળીને કેટલાક પ્રવાસીઓએ આ બનાવનું વૃત્તાંત આપ્યું છે. એ વૃત્તાંત આપનારા ત્રણ લેખકો છે. એક લેખક છે પરોકોપિયસ. બીજો છે કૉસમોસ ઈન્ડિકોપ્લૉસટિકસ (Cosmos Indico pleustics) આ લૅખક ઈથોપિયાના હબસી રાજા એલિસબોન (Elisboan)ના હુકમ પ્રમાણે કેટલાંક ગ્રીક પુસ્તકોનું ભાષાંતર કરતો હતો અને તે ઈથોપિયાના સમુદ્ર કિનારે

આવેલા એડોલિસ (Adolis)નામના શહેરમાં રહેતો હતો. ત્રીજો લેખક છે જહોન્નસ મલાલા (Johnnes Malala)જેના લખાણનો આધાર લઈ પછીના ઈતિહાસકારોએ ઊખદૂદના બનાવનું વર્ણન પોતપોતાના ઈતિહાસોમાં કર્યું છે. આ ત્રણ સમકાલીન લેખકો પછીના ઈફસીસના જોહન્નસે (Johannes of Ephesus) ઈ.સ. ૫૮૫માં પોતાના પુસ્તક ''ખ્રિસ્તી દેવળનો ઈતિહાસ''માં ઉખ્દૂદના બનાવનુ વૃત્તાંત આપ્યું છે. ઈફીસના જહોન્નસે આ બનાવ બિશપ સિમોન (Simeon) ના એક પત્ર પરથી લીધો છે. આ પત્ર બિશપ સિમોને ઍબટ વૉન ગાબલા (Abbot Von Gabla) ને લખ્યો હતો. સિમોને પત્રમાં બનાવ સંબંધી જે વૃત્તાંત લખ્યું છે તે આ બનાવ નજરે જોનારાઓ પાસેથી સાંભળીને લખ્યું છે. આ પત્ર ઈ.સ. ૧૮૮૧માં ઈટલીમાં અને ઈ.સ. ૧૯૯૦માં ''ખ્રિસ્તી શહીદો'' નામના પુસ્તકમાં પ્રગટ થયેલ છે. ધર્માધ્યક્ષ દીઓનીસિયસે (Patriarch Dyonysius) અને મીટીલીનના ઝકરિયાએ (Zacharia of Mitylene) સિરિયન ઈતિહાસમાં આ બનાવ વર્ણવ્યો છે. યાકૂબ સરૂજીએ લખેલ ''નજરાનના ખ્રિસ્તીઓ'' નામના પુસ્તકમાં પણ આ બનાવનું વૃત્તાંત લખેલું છે. એડિસા (Edessa) ના બિશપ પુલસે (Pulus) નજરાનના માર્યા ગયેલાઓ પર એક મરસિયો અર્થાત્ રાજિયો લખ્યો છે જે અત્રે ઉપલબ્ધ છે અને તે સિરિયાની ભાષાના મૂળ પુસ્તકમાંથી અંગ્રેજીમાં ભાષાંતર થયેલા ''અલ હિમ્યરીયન'' (Book of Himayarites) નામના લંડનથી ઈ.સ. ૧૯૨૪માં પ્રગટ થયેલા અંગ્રેજી પુસ્તકમાં છપાયેલ છે. આ મરસિયો મુસ્લિમ લેખકોની સચ્ચાઈ પુરવાર કરે છે. બ્રિટિશ મ્યુઝિયમમાં તે સમયના કેટલાક હબસી પત્રો મોજૂદ છે જે આ બનાવને ટેકો આપે છે. ફિલ્બીએ પોતાના સફરનામા (Arabian Highlands) માં લખ્યું છે કે જે સ્થળે ઉખ્દૂદ બનાવ બન્યો હતો તે સ્થળ નજરાનના લોકોમાં આજે પણ જાણીતું છે.

ઊખ્દૂદ જેવા બળતા અગ્નિની ભઠ્ઠીમાં બાળી મૂકવાના બનાવોમાં બનેલા બે કિસ્સાઓ અરબ લોકોમાં બહુ પ્રચલિત છે જે અહીં વર્ણવવામાં આવ્યા છે.

જ્યારે હજરત અબૂ મૂસા અશઅરીએ ઈસ્ફહાન જીતી લીધું ત્યારે શહેરની વિજયયાત્રા વેળા તેમણે એક જગાએ કોટની રાંગે દીવાલ તૂટેલી

જોઈ. તેને દુરસ્ત કરવાનો તેમણે હૂકમ કર્યો. તૂટેલી દીવાલ દુરસ્ત કરી પરંતુ તરત જ તે પાછી ગબડી પડી. બીજી વાર પણ દુરસ્ત કર્યા પછી તરત જ ગબડી પડી. આથી કેટલાક લોકોને એવો વિચાર આવ્યો કે તેની નીચે કોઈક પાક પવિત્ર કે સંત પુરુષની કબર હોવી જોઈએ. જ્યારે તેનો પાયો ખોદવામાં આવ્યો ત્યારે ઊભું દફન થયેલ એક શબ મળી આવ્યું. તેના હાથમાં તલવાર હતી અને તલવાર પર લખેલું હતું, ''હું હારિસ બિન મઝાઝ છું. જેણે અસહાબે ઉખ્દૂદ પર વેર વાળ્યું છે.'' પછી તો હજરત અબૂ મૂસાએ તેને કબ્રસ્તાનમાં દફન કરાવી દીધું.

હારિસ બિન મઝાઝ મક્કાના જુરહમ કબીલાનો એક બાદશાહ થઈ ગયો. તેણે નાબત બિન ઈસ્માઈલ અલૈ.ના વંશજો પાસેથી મક્કાની હકૂમત છીનવી લઈ રાજ્ય કર્યું હતું. આ હારિસ ઈસ્માઈલ અલૈ. પછી પાંચસો વરસે થઈ ગયો હતો; જેથી ઉખ્દૂદનો બનાવ ઘણા પ્રાચીન સમયનો લેખી શકાય; એટલે એ ઐતિહાસિક કિસ્સો ગણાય નહીં. કિસ્સા-કહાણીઓમાં ગણાય.[૧૧]

આવો બીજો કિસ્સો પ્રખ્યાત મુહદ્દિસ મુહમ્મદ બિન અબૂ બકર હજમે વર્ણવેલો છે. હજરત ઉમર રદી.ના સમયમાં નજરાનનો એક માણસ જમીનમાં ખાડો ખોદતો હતો ત્યારે એક કબર નીકળી આવી. તેમાં ડોકિયું કરીને જોયું તો એક શબ પોતાના બંને હાથમાં માથું પકડીને બેસેલી સ્થિતિમાં હતું. લોકોએ જ્યારે તેના હાથ માથા પરથી હઠાવી લીધા તો તેના માથામાંથી લોહી વહેવા લાગ્યું, પછી જ્યારે તેના બંને હાથ પહેલાંની જેમ માથા સાથે મૂકી આપવામાં આવ્યા ત્યારે લોહી વહેતું બંધ પડી ગયું. આ ખબર ખલીફા હજરત ઉમર રદી.ને આપવામાં આવી ત્યારે તેમણે હુકમ સાદર કર્યો કે તે શબને તેની મૂળ હાલતમાં દફન કરી દેવામાં આવે. લોકોએ તે પ્રમાણે શબને ફરીથી દફન કરી દીધું. લોકોમાં એ વાત પ્રચલિત થઈ ગઈ કે એ શબ અબ્દુલ્લાહ બિન તામરનું હતું.''[૧૨] તેના વિષે તમે આગળ વાંચી ગયા છો કે શૂળી પર ચઢાવીને ''બિસ્માલ્લાહ રબ્બુલ ગુલામ''નું નામ લઈ તીર માર્યું

૧૧. કસસુલ કુરાન : મૌ. હફીઝુર્રેહમાન Vol III પૃ. ૩૪૯-૩૫૦.
૧૨. કસસુલ કુરાન : મૌ. હફીઝુર્રેહમાન Vol III પૃ. ૩૫૦

જે તેની કાનપટીઓમાં વાગ્યું હતું અને તેથી મરણ પામ્યો હતો.

આ કહાણીથી એ બોધપાઠ મળે છે કે : જ્યારે કોઈ ઈન્સાન વૈયક્તિક અને સામૂહિક જીવનમાં ખુદાનો ડર રાખતો નથી અને પોતાની દોલત કે સત્તાના નશામાં એટલો મસ્ત કે અભિમાની બની જાય છે કે તેના નજરમાં બીજા લોકો વામણા લાગે છે ત્યારે તે ઈન્સાન કોઈ સારાં કૃત્યો કરવા પ્રેરાતો નથી; કેવળ પોતાના અંગત હિત સધાય તેવાં કામો સિવાય બીજાં કામોમાં તેને જરાયે રસ પડતો નથી. આ પરિસ્થિતિ આવે છે ત્યારે કુદરત તેને એવો નીચે ઉતારી પાડે છે અને એવો બેઆબરૂ બનાવી મૂકે છે કે સર્વ લોકો તેની ધૃણાની નજરે જોવા માંડે છે અને તેને ધિક્કારવા લાગે છે; ત્યારે તેની ઓલાદ, તેનાં ધન-દોલત કે તેની સત્તા કશા ખપમાં આવતાં નથી. તેની પડતીમાં કોઈ તેની પડખે ઊભું રહેતું નથી. આ અલ્લાહ તરફથી થાય છે ત્યારે બધાં જ કહેવા માંડે છે કે ''ઈન્ન-બત-શ રબ્બિ-ક લ-શદીદ'' અલ્લાહની પકડ એટલી સખત છે કે તેમાંથી કોઈ પોતાને છોડાવી શકતું નથી.

## ૧૭. અસ્હાબે ફીલની દુર્દશા

અસહાબે ઉખ્દૂદની કહાણીમાં તમે વાંચી ગયા કે, યમનના હિમ્યરી વંશના છેલ્લા યહૂદી રાજા ઝૂન્નવાસે નજરાનના ખ્રિસ્તીઓને બળતા અગ્નિની ખાઈઓમાં જીવતા બાળી મૂકયા હતા. તેનું વેર લેવા ઈથોપિયાના રાજાએ યમન પર હુમલો કરીને ત્યાંના હિમ્યરી રાજ્યનો અંત આણ્યો હતો. ઝૂન્નવાસ પોતાના તરવૈયા ઘોડા સાથે જીવ બચાવવા નાઠો ત્યારે, રાતો સમુદ્ર પાર કરતાં ડૂબી મર્યો હતો. રોમન સમ્રાટ જસ્ટીનિયન પહેલો અને ઈથોપિયાનો હબસી બાદશાહ અલ-અસ્બાહ,[1] બંનેના સાથ અને સહકારના કારણે આમ બનવા પામ્યું હતું. રોમન સમ્રાટ જસ્ટીનિયન અરબસ્તાનના હિજાઝ પ્રાંતમાં થઈને પોતાનું પાયદળ અને ઘોડેસ્વાર સૈન્ય યમન સુધી મોકલી શકે તેવી પરિસ્થિતિમાં ન હતો. હબસીઓ પાસે તે સમયે તેમના સૈન્યને રાતો સમુદ્ર પાર કરાવે તેવો નૌકા-કાફલો ન હતો. બંને ખ્રિસ્તીઓ હતા એટલે યહૂદી રાજા પર વેર લેવા સહકાર સાધી શકયા. નૌકા -કાફલો રોમન સમ્રાટે આપ્યો અને સૈન્ય હબસી રાજાએ તૈયાર કર્યું. આ નૌકા -કાફલા વડે એક લાખનું મોટું હબસી સૈન્ય યમન પર ઉતારી શકાયું.

આ વેળા યમન પર જે હબસી સૈન્ય ઉતારવામાં આવ્યું હતું તેના રબાત અને અબ્રહા નામના બે સેનાપતિઓ હતા. યમન જીત્યા પછી બંને સેનાપતિઓ વચ્ચે સત્તાની સાઠમારી શરૂ થઈ અને બંને વચ્ચે યુદ્ધ થતાં રબાતા માર્યો ગયો. આ ખબર સાંભળતાં હબસી રાજા અલ-અસ્બાહ ઘણો જ ક્રોધે ભરાયો અને સોગંદ લઈ બેઠો કે, ''અબ્રહાને કતલ કર્યા વિના હું રહેવાનો નથી અને તેની રાજધાનીના શહેરને મારા પગ તળે રગદોળ્યા વિના જંપવાનો નથી.'' આ સમાચારની અબ્રહાને જાણ થઈ ત્યારે તે ખૂબ જ ગભરાયો. પોતાના બદનમાંથી લોહી કાઢીને એક શીશી ભરી પોતાના રાજાની તહેનાતમાં મોકલાવી અને લખી મોકલ્યું કે, ''હું રબાતાની જેમ તમારે તાબે

---

૧. કસસુલ-કુરઆન : હફીઝુર્રહમાન Vol III પૃ. ૩૬૧.

અને વિશ્વાસુ રહીશ, પરંતુ જ્યારથી મેં સાંભળ્યું છે કે આપ નામદાર મારા ઉપર ઘણા જ ક્રોધે ભરાયા છો ત્યારથી મારા અજંપાનો પાર નથી, મારી નિંદ્રા ઊડી ગઈ છે. આપ નામદારના સોગંદ પૂરા થાય તે માટે મેં મારૂં લોહી અને યમનની માટી મોકલાવી છે. એ માટી પર મારૂં લોહી છાંટીને તેને આપશ્રી આપના પગ તળે રગદોળશો તો આપના સોગંદ પૂરા થએલા લેખાશે અને મને માફી આપી મારા પદ પર મને ચાલુ રાખશો.'' સમય પારખી હબસી રાજા અલ-અસ્બાહે તેને માફી આપી અને તેને તેના સુબાના પદ પર બહાલી આપી.

ગ્રીક અને સિરયાની ઈતિહાસકારો આથી ઊલટી વાત રજૂ કરે છે કે તેમનું કહેવું છે યમન પર જીત મેળવ્યા પછી સામે થનાર યમની સરદારોને એક પછી એક માત કર્યા અને કેટલાકને કતલ કરી નાંખ્યા. પરંતુ એસીમફ્યૂસ (Esympheus) નામનો યમની સરદાર પહેલેથી તાબે થઈ ગયો અને જિઝયાવેરો આપવાનું કબૂલ કરી હબસી રાજા અલ-અસ્બાહ પાસેથી યમનની સૂબાગીરી મેળવી લીધી. હબસી સૈન્યે અબ્રહાની ચઢામણીથી તેનો વિરોધ કર્યો અને અબ્રહાને સૂબો માન્ય રાખ્યો. અબ્રહા, ઈથોપિયાના બંદર (Adolis) એડોલિસના એક ગ્રીક વેપારીનો ગુલામ હતો. પોતાની હોશિયારી અને આવડતના કારણે હબસી સૈન્યમાં તેણે માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. હબસી રાજાએ તેને શિક્ષા કરવા હબસી સૈન્ય મોકલ્યું. યમન પહોંચ્યા પછી આ સૈન્ય ફરી ગયું અને અબ્રહાને મળી ગયું : અથવા અબ્રહાએ આ સૈન્યને હરાવી મૂકી તાબે કરી લીધું હોય. આ સમયમાં હબસી રાજા અલ-અસ્બાહ મરણ પામ્યો એટલે સમય પારખી તેના ઉત્તરાધિકારી રાજાએ અબ્રહાને યમનનો સૂબો માન્ય રાખ્યો. ગ્રીક ઈતિહાસકારો તેનું નામ અબ્રામિસ (Abrames) લખે છે જ્યારે સિરીયાની ઈતિહાસકારો અબ્રાહમ (Abraham) લખે છે. આથી એવું જણાય છે કે અબ્રહા તેનું હબસી નામ છે.

કેટલાક ઈતિહાસ કારોનું કેહવું છે કે અબ્રહા શાહી કુટુંબનો હતો પરંતુ તે અતિશય બેશરમ પ્રકૃતિનો હતો, તેથી અરબ લોકો તેને ''અબ્રહતુલ અશરમ'' અર્થાત ''બેશરમ અબ્રહા'' કહેતા હતા. વળી એવું પણ કહેવાય

છે કે તેનું નાક ચીબું હતું અરબીમાં ચીબાને "અશરમ" કહે છે તેથી અરબ લોકો "અબ્રહતુલ અશરમ" અર્થાત "ચીબો અબ્રહા" કહેતા હતા.[૨]

તેણે નામની જ હબસી રાજાની આણ સ્વીકારી હતી. દેખાવ પૂરતું તે "મૂફવ્વજ" અર્થાત્ "રાજાનો નાયબ" કહેડાવતો અને લખતો : પરંતુ ખરી રીતે તે યમનનો ખૂદ મુખત્યાર બની ગયો હતો. યમનમાં તેનું વર્ચસ્વ કેવું હતું અને તે કેટલી આપખુદ સત્તા ભોગવતો હતો તેનો ખ્યાલ આ પ્રસંગમાંથી મળી રહે છે. ઈ.સ. ૫૪૩માં મા'રિબના બંધની દુરસ્તી કરાવ્યા પછી તેની પૂર્ણાહૂતિમાં જશન મનાવતાં તેણે એક દરબાર ભર્યો હતો. તે દરબારમાં રોમન સમ્રાટ, ઈરાનના શાહ, હીરાના રાજા અને ગસ્સાના રાજવી વગેરેના એલચીઓ હાજર રહ્યા હતા. આથી કહી શકાય કે તે યમનનો સ્વતંત્ર બાદશાહ બની બેઠો હતો.

યમનમાં પોતાની આપખુદ સત્તા જમાવ્યા પછી તેણે તે કામ કરવા માંડ્યું જે માટે રોમન સલ્તનત અને હબસી હકૂમત ભેગાં મળ્યાં હતાં. અર્થાત ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને ફેલાવાનું કામ પુરજોશમાં તેણે શરૂ કર્યું. તે જાતે ધર્માંધ ખ્રિસ્તી હતો એટલે તેણે આ કાર્ય ઘણા ઝનૂનથી ઉપાડ્યું. તેણે યમનમાં ઠેર ઠેર ખ્રિસ્તી પાદરીઓ પ્રચાર માટે મોકલ્યા અને શહેરોમાં મોટાં મોટાં દેવળો બંધાવ્યાં, તેમાં ખાસ કરીને પોતાના પાટનગર "સના"માં ગંજાવર દેવળ બંધાવ્યું. અરબ લોકોમાં આ દેવળ "અલકલીસા" ના નામે ખૂબ ખ્યાતિ પામ્યું. આ દેવળ ઘણું મોટું હતું. તેની ઈમારત ઘણી જ ભવ્ય હતી. તેની ભીંતો સોનેરી કે રૂપેરી જરી કામથી શણગારવામાં આવી હતી. તેનાં બારી બારણાં અતિ સુંદર આબનૂસ લાકડામાંથી બનાવામાં આવેલાં હતાં. પાદરી માટેની વ્યાસપીઠ પણ આબનૂસની હતી અને તેને સોનારૂપાથી મઢવામાં આવી હતી. દેવળના ક્રોસ અર્થાત્ વધસ્તંભ હાથીદાંત કે આબનૂસના હતા અને તેમને સોનેરી-રૂપેરી જરીકામથી સુશોભિત બનાવવામાં આવેલા હતા. આ માટે સઘળાં નાણાં યમનના લોકોનાં વાપરવામાં આવ્યાં હતા. વળી તેને બાંધવામાં તેમની પાસેથી સખત વેઠ લેવામાં આવી હતી.

---

૨. કસસુલ કુરઆન. હફીઝુર્રહમાન Vol III પૂ. ૩૬૩

"અલ-કલીસા" ના બંધાઈ ગયા પછી તેણે પોતાના રાજાને એક પત્ર પાઠવ્યો કે, "મેં આપ નામદાર માટે સન્આમાં એક સુંદર અને ભવ્ય દેવળ બંધાવ્યું છે. જેનો જોટ આજના જગતમાં મળે તેમ નથી. આવું ભવ્ય દેવળ આથી પહેલાં કયાંયે બંધાયું નથી. હવે મારી એવી તમન્ના છે કે સઘળા અરબ લોકો મક્કાના કાબાની હજ-યાત્રા પ્રતિ વરસે કરે છે તેમ આ દેવળની જ હજયાત્રા કરે. અને તેમ કર્યા કરાવ્યા વિના હું જંપવાનો નથી." યમનમાં પગદંડો જમાવ્યા પછી ખ્રિસ્તી લોકોને એ પ્રયત્ન જારી રહ્યો હતો કે મક્કાના પવિત્ર કાબાના મુકાબલામાં બીજું કાબા સ્થાપે અને તેજ કેન્દ્ર બની રહે. આ માટે તેમણે પહેલાં નજરાનમાં કાબા બનાવ્યું હતું. પરંતુ તેનો ઝૂન્નવાસે નાશ કર્યો હતો, એ હકીકત તમે પાછલા પ્રકરણમાં વાંચી ગયા છો. બીજીવાર અબ્રહાએ સન્આમાં કાબા બને તેવું દેવળ બંધાવ્યું.

પછી તેણે પોતાના રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે હવેથી લોકોએ મક્કાના કાબાની યાત્રાએ જવું નહીં. તેના બદલે સનાના કાબાની યાત્રા કરવી. સનાના આ દેવળની મૂર્તિઓને સુંદર પોશાક પહેરાવી ઘરેણાંઓ પહેરાવી તેમને ભવ્ય બનાવી હતી. દેવળની ભીંત પર ગુલાબજળ અને અત્તર છંટાવી દેવળને મહેંકતું રાખતો હતો. વળી યાત્રાળુઓના ઉતારા માટે ધર્મશાળાઓ પણ બંધાવી હતી. આમ સઘળી રીતે યાત્રાળુઓ માટે સુખ-સગવડ કરવામાં આવી હતી. પરંતુ લોકો તો લગભગ ત્રણ-ચાર હજાર વરસથી મક્કાના કાબાની હજ-યાત્રાએ જવા ટેવાયેલા હતા એટલે અબ્રહાની વાત માનવા કોઈ તૈયાર ન થયું. લોકોનાં મન ફેરવી તોળવાનું કામ તે કરી શકયો નહીં, કારણ તેમ કરવાનું અલ્લાહ સિવાય કોઇના હાથમાં હોતું નથી. અબ્રહાના આ કૃત્યથી અરબ લોકો ખૂબ જ રોષે ભરાયા. મક્કાના કેટલાક જુવાનિયાઓ ગમે તેવું પગલું ભરવા તૈયાર થયા. બની કિનાના કબીલાનો એક જુવાનિયો સન્આના દેવળમાં ફરાસ તરીકે નોકર રહી ગયો. એક રાત્રે ઝાડે ફરીને દેવળને ઠેકઠેકાણે ગંદુ કરી નાંખ્યું. બીજા દિવસે તપાસ કરવામાં આવી તો જણાયું કે તે જુવાનિયો મક્કાનો હતો અને તેણે આ કામ જાણીબૂજીને કર્યું હતું. આ અપમાનિત કૃત્યથી અબ્રહા ઘણો જ ગુસ્સે ભરાયો અને મક્કાના

કાબાને કેવી રીતે અપવિત્ર અને અપમાનિત કરવું અને તેની આબરૂ કેવી રીતે બગાડવી તેની ગડમથલમાં પડ્યો. એવામાં આ દેવળને આગ લાગી ગઈ[૪] જેથી તેના મૂલ્યવાન પાથરણાં, તેનો કેટલોક સરસામાન અને વધસ્તંભો (Cross) ઈત્યાદિ બળી ગયું. વળી આગ અને ધુમાડાથી તેનું જરીકામ બગડી ગયું અને કાળું પડી ગયું. તપાસ કરતાં જણાયું કે આગ મક્કાના જુવાનિયાંઓ લગાડી ગયા છે. આથી અબ્રહાના રોષનો પાર ન રહ્યો. તેણે સોગંદ લીધા કે, ''મક્કાના કાબાને તોડી પાડ્યા વિના હું જંપવાનો નથી.''

પછી ઈ.સ. ૫૭૦-૫૭૧ માં ૬૦ હજારનું સૈન્ય અને ૧૩ હાથી લઈ પવિત્ર કાબા તોડી પાડવા તે નીકળ્યો. આ ખબર અરબ કબીલાઓમાં વાયુવેગે પ્રસરી ગઈ ત્યારે તેમના મનમાં ધ્રાસ્કો પડ્યો કે હવે શું થશે? શું આ ખ્રિસ્તી બાદશાહ કાબા તોડી પાડવા શક્તિમાન થશે? જો તેમ કરવા શક્તિમાન થાય તો તેટલેથી જ અટકશે? પછી જોરજુલમ કરી અમને વટલાવશે નહીં? તેમ કરતાં જે લોકો નહીં માને તેમને તે બળતા અગ્નિની ભઠ્ઠીમાં બાળી મૂકશે નહીં ? અબ્રહાએ તો એવી વાત ફેલાવી હતી કે તેનો ઈરાદો તો ફકત કાબાને જ તોડી પાડવાનો છે ! લોકોને તે છેડવા માંગતો નથી. લોકોએ ગભરાવાની જરૂર નથી. આમ છતાં યમનનો ઝૂ-નજર નામનો એક અરબ સરદાર તેની સામે થયો, પરંતુ હારી ગયો અને કેદ પકડાઈ ગયો. ત્યાંથી અબ્રહાનું સૈન્ય કૂચ કરતું કરતું આગળ વધ્યું અને જયારે તે ''ખુશમ'' નામના પ્રાંતમાં આવ્યું ત્યારે ખુશમ પ્રાંતનો સરદાર તુફેલ બિન હુબૈબ સામે થયો. તે પણ હાર્યો અને કેદ પકડાયો. ખ્રિસ્તી સૈન્યના ભોમિયા બનવાનું સ્વીકારી તુફેલે પોતાના પ્રાણ બચાવ્યા. તેની મદદથી અબ્રહાનું સૈન્ય મક્કાથી ૮૦ માઈલન અંતરે આવેલા ''તાએફ'' ના ફળદ્રુપ પહાડી પ્રદેશમાં આવી પહોંચ્યું. આવડા મોટા સૈન્યનો સામનો થઈ શકશે નહીં એવું સમજી તાએફના બની સકીફ કબીલાનો સરદાર મસ્ઊદ બિન મુઅત્તબ એક પ્રતિનિધિમંડળ લઈ અબ્રહાને જઈ મળ્યો અને તેને કહ્યું, ''આપણી વચ્ચે કોઈ ઝઘડો નથી અને તમારા સૈન્યની કૂચમાં અમે અવરોધ ઊભો કરવા માંગતા નથી: જો તમે અમારા મંદિર ''બયતુલ-લાત''ને તોડી ન પાડો તો અમે તમને મક્કાનો માર્ગ બતાવવા એક ભોમિયો આપીશું.'' અબ્રહાએ તેને ખાતરી આપી કે,

---

૩. તફસીરે હક્કાની Vol. IV સુરાએ ફીલની તફસીર. પૃ.૨૩૯

''બયતુલ-લાત''ના મંદિરને તોડી પાડવાનો અને ''લાત''ની મૂર્તિ ભાંગી નાંખવાનો મારો ઈરાદો કે મારી યોજના નથી. હું મક્કાના કાબાને તોડી પાડવા આવ્યો છું. તેને તોડી પાડવાથી તેની હુરમત કે તેની શાખ અને તેના પ્રભાવ ઈત્યાદિ ચાલ્યા જાય અને સમસ્ત અરબ પ્રજાનું વલણ આજે મક્કાના કાબા તરફ છે. તેવું વલણ ''સન્આના કાબા'' તરફ થઈ જાય એજ મારો મૂળભૂત હેતુ છે.'' આથી સકીફના કબીલાના પેલા પ્રતિનિધિમંડળે ''અબૂ રિગાલ'' નામના એક ભોમિયાને આ ખ્રિસ્તી સૈન્યને મક્કાનો માર્ગ દેખાડવા મોકલ્યો. મક્કાથી થોડાક માઈલના અંદરે આવેલા ''અલ-મુગમ્મસ'' નામના સ્થળે આ ભોમિયો અબૂ-રિગાલ મરણ પામ્યો. અરબ લોકો વરસો સુધી તેની કબર પર પથ્થર-મારો કરતા હતા. ''લાત''ના મંદિરને બચાવવા માટે ''બયતુલ્લાહ'' અર્થાત અલ્લાહના ઘર કાબા પર હુમલો લઈ આવનારને સાથ આપવા માટે અરબ લોકો વરસોના વરસો સુધી બની સકીફ કબીલાના લોકોને ટોણો મારતા હતાં.

''અલ-મુગમ્મસ'' માં પડાવ હતો ત્યારે અબ્રહાએ અસ્વદ બિન મકસૂદ નામના એક હબસી સરદારને મક્કા પર છાપો મારવા મોકલ્યો કુરેશ તથા બીજા કબીલાઓનાં ઊંટો અને ઘેટાં બકરાંનાં ટોળેટોળાં ચરતાં હતાં. તેમનાં ઘણાં ઊંટો અને ઘેટાં-બકરાં પકડીને અસ્વદ લઈ ગયો. ઊંટોમાં હજરત મુહમ્મદ સ.અ.વ.ના પિતામહ અબ્દુલ- મુત્તલિબનાં ૨૦૦ ઊંટો હતાં. અબ્રહાના મોટા સૈન્યની જાણ થઈ અને તે ''અલ-મુગમ્મસ'' એટલે મક્કા સુધી આવી પહોંચ્યો છે તેવા સમાચાર મળ્યા ત્યારે કુરેશ, કિનાના, હુઝેલ અને બીજા મક્કાના કબીલાઓના સરદારો ભેગા થયા અને અબ્રાહાનો સામનો કરવો કે કેમ તેની ચર્ચા -વિચારણા કરવા લાગ્યા. તેમની સંતલસમાં એવું નક્કી થયું કે ''સામનો કરવાની આપણી શક્તિ નથી, માટે મક્કા છોડી આસપાસની પહાડીઓમાં ભરાઈ જવું.'' હજુ લોકો મક્કામાં હતા ત્યારે ''ખબાતા-અલ હિમ્યરી'' નામના એક યમની સરદારને મક્કાવાસીઓ પાસે અબ્રહાએ પોતાના એલચી તરીકે મોકલ્યો. તેણે મક્કામાં આવી પૂછ્યું, ''તારો સરદાર કોણ છે?'' લોકોએ અબ્દુલ મુત્તલિબને બતાવ્યા. તેમને ઉદ્દેશીને સહુ કોઈના સાંભળતાં ખબાતા કહેવા લાગ્યો, ''હું અબ્રહા તરફથી આવ્યો છું. મારા બાદશાહે તેમનો સંદેશો પહોંચાડવા મને તમારી પાસે

મોકલ્યો છે. મારા બાદશાહે એવું પણ કહેવડાવ્યું છે કે અમારો ઈરાદો તમને કોઈ જાતનું નુકશાન પહોંચાડવાનો નથી. અમે તો કાબાને જ તોડી પાડવા આવ્યા છીએ. જો તમારો ઈરાદો અમને તેમ કરતાં અટકાવવાનો હોય તો તમે જાણો. અમે લડી લઈશું. પરંતુ કાબાને તોડી પાડવાના અમારા કામમાં આડે નહીં. આવો તો અમે તમને કોઈ સજા પહોચાડીશું નહીં. આ બાબતની વાટાઘાટો કરવા માટે અમારા બાદશાહને તમારા સરદાર મળશે તો તેઓ પ્રસન્ન થશે.''

અબ્દુલ- મુત્તલિબે જવાબ વાળ્યો કે, ''તમારી સાથે લડવાનો મુદ્દલે અમારો ઈરાદો નથી. તમારા મોટા સૈન્ય સાથે બાથ ભીડવાની અમારામાં શક્તિ નથી. આ કાબા તો ''અલ્લાહનું ઘર'' છે અને તે તેના પરમમિત્ર ઈબ્રાહીમની યાદગાર રૂપે છે. અલ્લાહને તેને બચાવવું હશે તો અવશ્ય તે બચાવીને જ રહેશે. જો તેને જ બચાવવું નહીં હોય તો અમે તેને બચાવી શકીએ તેમ નથી.''

આ સાંભળી એલચી કહેવા લાગ્યો, ''હે મક્કાવાસીઓના સરદાર ! તમે મારી સાથે અમારા બાદશાહ અબ્રહાને મળવા ચાલો.'' અબ્દુલમુત્તલિબને આ વાત યોગ્ય લાગી. એટલે એલચી સાથે અબ્રહાને મળવા ચાલ્યા ગયા. અબ્દુલ- મુત્તલિબ મોભાદાર માણસ હતા. તેમને શાનદાર દેખાવ જોઈ અબ્રહાએ તેમને પોતાની પડખે બેસાડ્યા. તેમની સાથે બની બકર કબીલાના સરદાર યા'મર બિન નફાસા અને બની હૈઝલ કબીલાના સરદાર ખુવૈલદ બિન વાસેલહ પણ હતા. આ બન્ને સરદારોને પણ અબ્દુલ મુત્તલિબના વ્યક્તિવમાં અંજાઈ જવાથી પોતાની સામેજ ઉચ્ચ જગાએ અબ્રાહાએ આસન આપ્યું. વાતચીત શરૂ થઈ ત્યારે અબ્દુલમુત્તલિબની સંબોધવાની છટાંથી તથા બોલવાની રીત ભાતથી અબ્રહા ખૂબજ અંજાઈ ગયો વાતચીત દરમ્યાન પ્રસંગ મળતા અબ્દુલમુત્તલિબે ફરીયાદ કરી કે '' આપશ્રીના સરદાર વિના કારણે અમારા ઊંટો અને ઘેટા બકરા પકડી લાવયા છે તેમાં મારા પણ ઊંટો છે આ મારા ઊંટો મને સોંપી દેવા મારી વિનંતી છે.''

અબ્રહા આ સાંભળી બોલી ઉઠ્યો, ''એ અબ્દુલમુત્તલિબ ! મને તો

એવો ભાસ પડયો હતો કે તમે ખૂબજ બુધ્ધિશાળી છો; પરંતુ તમારી આ માંગણીથી મને નવાઈ લાગી. હુ તો કાબા તોડી પાડવા આવ્યો છું[૪] એ વાત તમે જાણો છો છતાં તેના વિશે તમે એક શબ્દ બોલતા નથી. ઊંટોની માગણી કરી તમે એક નજીવી બાબત રજૂ કરી રહ્યા છો."

અબ્દુલ-મુત્તલિબે જવાબમાં કહ્યું : "હે બાદશાહ સલામત ! આ ઊંટો મારી માલિકીનાં છે એટલે મને પાછા સોંપી દેવા મેં માગણી કરી છે. આ કાબા મારૂં ઘર નથી. એ તો ખુદાનું પવિત્ર ઘર છે. તેનો સંભાળનાર તે જ છે. હું કોણ કે તેની સિફારસ કરૂં ! તેનો બચાવ તો અલ્લાહ જાતે કરી લેશે."

અબ્રહાએ જવાબ આપ્યો, "તેને હવે કોઈ બચાવી શકશે નહીં."

અબ્દુલ- મુત્તલિબ બોલી ઉઠ્યા : "તમે જાણો અને ઘરનો માલિક જાણે." આ વેળા અબ્રહાએ તેમના ઊંટ પાછા આપી દેવા હુકમ કર્યો. પછી ત્રણે સરદારો રવાના થવા ઊભા થયા, તે વેળા તેમણે અબ્રહા સમક્ષ દરખાસ્ત મૂકી કે, "જો તમે કાબાને તોડી પાડવાનું મોકુફ રાખશો તો અમે તમને આ તહામાના પ્રદેશની ઊપજનો ત્રીજો ભાગ આપની સેવામાં હાજર કરીશું." પરંતુ અબ્રહાએ આ વાત સ્વીકારી નહીં અને કાબા તોડી પાડવાના પોતાના ઇરાદામાં મક્કમ રહ્યો એટલે ત્રણે સરદારો પાછા ફર્યા.

મહાન ભાષ્યકાર ઈબ્ને અબ્બાસ રદી. ઉપરની બાબતથી જુદા પડે છે. તેમના વર્ણનમાં આવે છે કે ઊંટોની માગણીની કોઈ વાત થઈ જ ન હતી. જ્યારે અબ્રહા અને તેનું સૈન્ય અરફાત અને તાએફ વચ્ચેના પહાડોમાં આવેલા "અલ-સિફ્ફાહ" નામના સ્થળે આવ્યું ત્યારે અબ્દુલમુત્તલિબ જાતે તેની પાસે ગયા હતા. ત્યાં તેમણે અબ્રહાને કહ્યું કે, "બાદશાહ સલામત! આપ નામદારને જે કંઈ જોઈતું હતું તે માટે જો અમને જણાવ્યું હોત તો તે લઈ અમે આપની સેવામાં હાજર થાત." અબ્રહા બોલી ઊઠ્યો, "મેં સાંભળ્યું છે કે કાબા શાંતિનું ઘર (બયતુલ-અમન) ગણાય છે. હવે હું તેની શાંતિનો અંત લાવવા માંગુ છું."

---

૪. કસસુલ- કુરઆન-મો. હિફઝુર્રેહમાન Vol. III પૃ. ૩૬૬.

અબ્દુલ -મુત્તલિબે જવાબમાં કહ્યું, ''આ તો અલ્લાહનુ ઘર (બયતુલ્લાહ) છે. આજ સુધી અલ્લાહે તેના ઉપર કોઈનો કબજો થવા દીધો નથી : અને થવા દેશે નહીં એવું મારૂં માનવું છે.''

અબ્રહા ભવાં ચઢાવી બોલી ઉઠ્યો, ''એને ખેદાનમેદાન કરી નાંખ્યા વિના અમે પાછા ફરવાના નથી.''

અબ્દુલ-મુત્તલિબે નમ્રતાપૂર્વક કહ્યું : ''નામદાર ! આપને જે કંઈ જોઈએ તે અમારી પાસેથી લઈ લો અને પાછા ચાલ્યા જાઓ એમાં જ શ્રેય છે.'' અબ્રહાએ ના પાડી દીધી અને અબ્દુલ- મુત્તલિબને ત્યાં પડતાં મૂકી સૈન્યને કૂચ કરવાનો હુકમ આપી દીધો.

આ બન્ને વર્ણનો પરથી એટલું તો પુરવાર થાય છે કે મક્કા અને તેની આજુબાજુમાં રહેતા બધા કબીલાઓ અબ્રહાના આટલા મોટા સૈન્ય સામે લડીને કાબા બચાવી શકે તેવી પરિસ્થિતિમાં ન હતા, એટલે જ તેને રોકવા મક્કાના લોકોએ પ્રયત્ન કર્યો ન હતો. તેઓ વધુમાં વધુ દસ હજારનું સૈન્ય એકઠું કરી શકયા હોત, કારણ ''એહઝાબના યુદ્ધમાં'' કુરેશ લોકો મદીનાના મુસલમાનો સામે યહૂદીઓ અને અધર્મી અરબોનો સાથ મેળવ્યા છતાં દસ હજારનું સૈન્ય એકત્ર કરી શકયા હતા.

અબ્રહા પાસેથી પાછા ફર્યા પછી અબ્દુલ- મુત્તલિબે કુરેશ અને બીજા કબીલાઓના લોકોને ભેગા કર્યા અને અબ્રહા સાથે જે વાતચીત થઈ હતી તે તેમને કહી સંભળાવી. લોકોને તેમણે સલાહ આપી કે, ''તમે તમારાં બાળ-બચ્ચાંને લઈ પહાડોમાં ચાલ્યા જાઓ કે જેથી અબ્રહાના સૈનિકો તમારી પજવણી ન કરે કે તમારી કત્લે આમ ન કરે, તથા કાબાની બેઆબરૂ થાય તો તે તમારા જોવામાં ન આવે.'' આ સલાહ પ્રમાણે મક્કાના લોકો પહાડો પર જવા લાગ્યા ત્યારે અબ્દુલ-મુત્તલિબની આગેવાની હેઠળ કેટલાક સરદારો કાબામાં હાજર થયા અને ત્યાં સાંકળ પકડી નીચેની પંક્તિઓમાં દુઆ

માંગવા લાગ્યા :

لاهُمّ ان العبد يمنع رحله فامنع حلالك
وانصرنا على آل الصّليب وعابديه اليوم آلك
لايغلبن صليبهم محالهم غدوًّا محالك
ان كنت تاركهم و قبلتنا فامرما بدالك

હે ખુદા ! અમે અમારા ઘરની સંભાળ લઈએ છીએ. તું પણ તારા ઘરની સંભાળ લે. ક્રોસના અનુયાયીઓથી અને તેના પૂજનારાઓથી તું આજે તારા પોતાના અનુયાયીઓની અને તારી પોતાની બંદગી કરનારાઓની મદદ કર. તારી યુક્તિ-પ્રયુક્તિ પર ન તો ક્રોસની શક્તિ ફતેહમંદ થઈ શકે છે, ન તો ખ્રિસ્તીઓની યુક્તિ-પ્રયુક્તિઓ. જો તું તેમના હાથે આ કાબાને ખરાબ કરાવવા માંગતો હોય તો અમે કોણ? તને જેમ ઠીક લાગે તેમ કર.

ياربّ لاارجولهم سواك ياربّ فامنع منهم حماك
انّ عدوّالبيت من عاداك امنعهم ان يخربوافناك

"હે મારા માલિક! તેમની સામે તારા સિવાય હું બીજા કોઈની મદદની આશા રાખતો નથી. તું જ તેમનાથી આ પવિત્ર સ્થળ (કા'બા) નું રક્ષણ કર. જે આ ઘરનો દુશ્મન છે તે તારો પણ દુશ્મન છે. માટે આ ઘરની વસ્તીને બરબાદ થતી તું બચાવી લે."

આ સમયે કા'બામાં ૩૬૦ મૂર્તિઓ હતી છતાં આ પ્રાર્થનામાં આ મૂર્તિઓની અવગણના કરીને અલ્લાહ પાસે જ દુઆ માંગવામાં આવી હતી. આ દુઆમાં અલ્લાહ સિવાય બીજા કોઈનું નામ પણ લેવામાં આવ્યું ન હતું,

આ એક વિશિષ્ટતા છે. આથી પુરવાર થાય છે કે, બહુ દુ:ખદ પરિસ્થિતિમાં અરબ લોકો અલ્લાહ પાસે જ દુઆ માંગતા હતા.

અલ-સિફ્ફાહથી અબ્રહાનું સૈન્ય કૂચ કરતું કરતું મુજદલિફા અને મીના વચ્ચે આવેલી મુહસ્સની ખીણમાં આવેલા મહેસરના સ્થળે આવી પહોંચ્યું. મક્કાના લોકો પહાડો પર ચાલ્યા ગયા હતા. ત્યાંથી સઘળો બનાવ તેઓ નજરો નજર જોઈ રહ્યા હતા. મક્કાના લોકો પહાડો પર ચાલ્યા ગયા તેના બીજા દિવિસે મક્કા પર હૂમલો કરવાનો હુકમ અબ્રહાએ પોતાના સૈન્યને કર્યો; સૈન્યની આગળ હાથીઓની પ્રથમ હરોળ હતી, પરંતુ સૌથી મોખરે ''મહમૂદ'' નામનો મહાન હાથી હતો તેના ઉપર અબ્રહા સવાર હતો. થોડુંક ચાલ્યા હશે તેટલામાં આ ''મહમૂદ'' હાથી અટકી ગયો. આગળ ચલાવવાનો પ્રયત્ન મહાવત કરતો ત્યારે તે પાછળ હઠી જતો અને ઘૂંટણિયે પડી જતો. તેને અંકુશ પર અંકુશ મારવામાં આવતા પરંતુ તે આગળ ડગ ભરતો જ નહીં. મહાવત જ્યારે તેને ઉત્તર, દક્ષિણ કે પૂર્વ તરફ ચલાવવાનો પ્રયત્ન કરતો ત્યારે તે તરત જ દોડવા માંડતો; પરંતુ જો તેને પશ્ચિમમાં મક્કા તરફ હંકારવામાં આવતો તો તે ઘુંટણિયે પડી જતો અને એકે ડગલું ભરતો નહીં. આ પ્રસંગથી એવું સૂચન મળતું હતું કે કાબા તોડી પાડવાનું અબ્રહાનું પગલું કુદરતનને ગમતું ન હતું છતાં અબ્રહા સમજ્યો નહીં. તેણે હાથીઓને પડતા મૂકી સિપાહીઓને આગળ વધવાનો હૂકમ આપ્યો.

સિપાહીઓ મક્કા તરફ વધવાની તૈયારી કરતા હતા તેવામાં જ પશ્ચિમમાં દરિયા કિનારે આવેલા જિદ્દહ શહેર તરફથી મોટાં મોટાં લીલાશ પડતાં રંગનાં, લાંબી લાંબી ચાંચવાળાં પક્ષીઓનાં ટોળેટોળાં ઉમટી આવ્યાં અને અબ્રહાના સૈન્ય ઉપર વાદળાંની જેમ છ્વાઈ ગયાં. પવિત્ર કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે,''અમે તેમના ઉપર પક્ષીઓનાં ટોળે ટોળા[૫] મોકલી

---

૫. પવિત્ર કુરઆનમાં ''તૈરન અબાબીલ'' શબ્દોનો ઉપયોગ થયો છે. ઊર્દૂમાં નાનાં ચકલાં જેવાં કાળા રંગનાં એક પ્રકારનાં પક્ષીઓને અબાબીલ કહે છે, તેથી સામાન્ય રીતે ભારતના મુસલમાનો એવું માની બેઠા છે કે અબ્રહાના સૈન્ય પર અબાબીલ પક્ષીઓએ કાંકરા ફેંકયા હતા. અરબી ભાષામાં ''અબાબીલ'' એટલે જુદી જુદી દીશાઓએથી એક પછી એક આવતાં ટોળે ટોળાં : એવો અર્થ થાય છે, પછી ભલેને તે ટોળે ટોળાં માણસોનાં હોય કે જાનવરો અથવા પક્ષીઓનાં હોય. તેથી ઉપરોકત આયતમાં પક્ષીઓમાં ટોળેટોળાં, એવો અર્થ કરવામાં આવ્યો છે.

આપ્યા'' ૧૦૫:૩ આ પક્ષીઓ જિદ્દહ પાસે આવેલા રાતા સમુદ્રના કિનારા પરથી આવ્યાં હતાં. ત્યાં આ પક્ષીઓનું રહેઠાણ ન હતું. એ પક્ષીઓ અરબ લોકોએ પહેલાં કયારેય જોયાં ન હતાં; તેમનું તો એવું કહેવું છે કે તેવાં પક્ષીઓ કોઈએ પહેલાં કે પછી જોયાં જ નથી. સમુદ્ર કિનારે આવાં પક્ષીઓ કે એનાં જેવાં બીજાં પક્ષીઓ થતાં જ નથી એમાં તથ્ય નથી. એ પક્ષીઓ જેવાં લાંબી ચાંચવાળાં પક્ષીઓ દરિયા કિનારે, ખાસ કરીને ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના બારા વિભાગના દરિયા કિનારે જોવા મળે છે. સ્થાનિક લોકો તેને ''કોલારીઓ'' કહે છે. ચોમાસામાં ખાસ કરીને ભાદરવા માસમાં સારા પ્રમાણમાં આ પક્ષીઓ જોવા મળે છે. એકે એક પક્ષીના દરેક પંજામાં એકેક અને ચાંચમાં એક એમ દરેક પક્ષી ત્રણ ત્રણ કાંકરા લઈને આવ્યું હતું. આ કાંકરા ચણા જેવડા હતા અને તે ઈંટો પકવતાં ખંગાર પાકે છે તેમાંથી અર્થાત્ ખંગારના બનેલા હતા. અબ્રહાને ચેતવણી આપતાં ન હોય તેમ તેમણે આવતાંની સાથે એકી સાથે અવાજ કર્યો કે તે અટકે તો સારું, નહીં તો તેનું અને તેના સિપાહીઓનું આવી જ બન્યું છે. આ વેળા સખત પવન ફુંકાવા લાગ્યો. કુદરત સામે થવામાં તેને કદી પણ સફળતા મળવાની નથી એવી ચેતવણી મળ્યાં છતાં અબ્રહા સમજ્યો નહીં. હવે પેલાં પક્ષીઓએ ચારે બાજુએથી કાંકરાઓનો વરસાદ વરસાવવા માંડયો. બંદૂકની ગોળીઓની માફક આ કાંકરા તેમને વાગવા માંડયા. જેને આ કાંકરો વાગતો, તેનું શરીર વીંધીને તે પાર નીકળી જતો હતો.વળી આ કાંકરા એટલા ઝેરી હતા કે લાગતાંની સાથે આખા શરીર પર ફોલ્લીઓ ઊઠતી અને ખંજવાળ લાગવા માંડતી હતી. જેમ જેમ તે ખંજવાળતો તેમ તેમ ફોલ્લીઓ ફૂટી જતી અને તેમાંથી પરુ કે પાણી વહેવા માંડતું, માંસની નાની પેશીઓ ખરી પડતી અને તેનાં હાડકાં પાંસળાં નીકળી આવતાં હતાં. કેટલાકને આવું બનવું અશકય લાગતું હશે. તમને કદાચ એવો જાત અનુભવ થયો હશે કે માંકડી- કૂકડીના મૂતરથી તમારા શરીરે ફોલ્લા ઉઠયા હશે. વળી અર્વાચીન યુગમાં ઝેરી વાયુના એવા બૉંબ બનાવવામાં આવ્યાં છે કે જેને ફોડવાથી ઝેરી વાયુ ઉત્પન્ન થાય છે અને તે વાયુથી માણસોની શરીર પર ફોલ્લા ઊઠી આવે છે. આ દ્રશ્ય ઘણાના જોવામાં આવ્યું નહીં હોય એટલે કદાચ એ વાત ન માને એ સ્વાભાવિક છે. તોફાને ચઢેલાં લોકોનાં ટોળાંઓને વિખેરવા અશ્રુ-શેલ ફોડતાં પુલિસને ઘણાએ જોયા હશે. અશ્રુ-શેલના ફૂટવાથી તરત જ આંખોમાંથી પાણી વહેવા

લાગે છે અને દેખાતું બંધ થઈ જાય છે એટલે તોફાન અટકી જાય છે અને ટોળાં વિખેરાઈ જાય છે. તેવી જ રીતે આ કાંકરા એવા ઝેરી હતા કે તેમના શરીરમાં જવાથી આખા શરીરે ફોલ્લીઓ ઊઠતી હતી અને બદનના અવયવો સડીને ખરી પડતા હતા.

વળી તમે એ પ્રશ્ન પણ ઉઠાવવા પ્રેરાશો કે ચણા જેવડા કાંકરા ઉપરથી પડે તે માણસના શરીરમાંથી કેવી રીતે પાર નીકળી જાય ? બંદૂકમાં ભરેલા કારતૂસમાંનો દારૂગોળો ફૂટતાં ખૂબ ગરમી ઉત્પન્ન થાય છે. તેથી સીસાની ગોળી મહાવેગે બહાર ધસતી નીકળે છે અને જ્યારે તે કોઈ માણસ કે જાનવરને લાગે છે ત્યારે કાણું પાડી તેના શરીરમાં ઘૂસી જાય છે. તેવી જ રીતે આ કાંકરાઓને અલ્લાહ તઆલાના રોષ (કહેર)ની ગરમી પ્રાપ્ત થતી હતી તેથી તે મહાવેગે ઉપરથી પડતા હતા અને લાગતાંની સાથે શરીરની આરપાર નીકળી જતા હતા. આ કાંકરા વાગવા માંડયા એટલે અબ્રહાના સૈનિકો નાસભાગ કરવા લાગ્યા. આ નાસભાગમાં તેઓ ગમે ત્યાં ધબ દઈને પડી જતા અને મરણને શરણ થતા હતા. અબ્રહાની દશા પણ બીજાઓના જેવી જ થઈ હતી. તે પોતાનું શરીર ખંજવાળતો ત્યારે તેના શરીરમાંથી માંસની પેશીઓ ખરી પડતી હતી. જ્યાંથી આ પેશીઓ ખરી પડતી હતી ત્યાંથી પીપ અને લોહી વહેવા માંડતું હતું. કેટલાક લોકોનું કહેવું છે કે અબ્રહા નાસતો નાસતો ખુશમના પ્રદેશમાં આવ્યો ત્યારે તે ત્યાં મરી ગયો. કેટલાક લોકોનું કહેવું છે કે તેનું સૈન્ય યમન તરફ ભાગતું હતું ત્યારે રસ્તામાં જ તેનો નાશ થયો હતો. અબ્રહા આ લશ્કર સાથે ભાગતો હતો. તેના લશ્કરમાંથી તેના સિવાય બીજાં કોઈ ''સન્આ'' પહોંચવા પામ્યું નહીં. તે પણ ત્યાં પહોંચતાં જ મરણ પામ્યો. એમ કહેવામાં આવે છે કે, અબ્રહાની ફોજમાંથી એક સિપાહી નાસીને રાતા સમુદ્રમાં થઈ ઈથોપિયા પહોંચ્યો અને પોતાના હબસી રાજાને આ બાબતની સઘળી હકીકત કહી સંભળાવી. હબસી રાજાએ તેને પૂછયું, આખા સૈન્યનો નાશ કર્યો એવાં તો કયાં પક્ષીઓ હતાં ? ''તે વળી તેની પછવાડે પડેલું એક પક્ષી તેના માથા ઉપર ઘૂમરડી લેતું હતું, તેને બતાવી તેણે રાજાને કહ્યું, ''તેમાંનું એક પક્ષી આ રહ્યું.'' તે જ વેળા પેલા પક્ષીએ સિપાહીના માથા પર એક કાંકરો ફેંકયો. ત્યાં ને ત્યાં જ તે સિપાહી રાજાના પગ આગળ મરી ગયો. આમ મક્કાથી લઈ યમનની રાજધાનીના

શહેર ''સન્આ'' સુધીના પ્રદેશમાં ઠેર ઠેર અબ્રહાના ૬૦ હજાર સૈનિકોની લાશો ગમે ત્યાં પડી હતી. લાશો સડેલી તો હતી જ. અડકતાંની સાથે જ તેમનું માંસ ઘાસના ભરભરા ભૂકા જેવું થઈ જતું હતું એટલે તેમાંથી દુર્ગંધ ફેલાતાં કોઈક બીમારી ફૂટી નીકળવાની પૂરેપૂરી શકયતા હતી, પરંતુ કુદરતે સારો એવો વરસાદ વરસાવ્યો કે જેથી રેલ ચઢી અને તેમાં તેમનાં સડેલાં મડદાં તણાઈને સમુદ્રમાં ચાલ્યાં ગયાં અને રોગચાળો પણ ફાટી ન નીકળ્યો. અબ્રહાને રસ્તો દેખાડનાર તાએફના સકીફ કબીલાના સરદાર તુફેલ બિન હુબૈબે આ બનાવ નજરે જોયો હતો. તેણે આ બનાવનું વર્ણન કર્યું છે તેમાંની બે પંકિતઓમાં તે કહે છે કે, ''મેં જ્યારે પક્ષીઓ જોયાં ત્યારે મેં ખુદાનો આભાર માન્યો, પણ જ્યારે કાંકરા વરસવા માંડયા ત્યારે અમારા પર કાંકરા પડે તેવી બીક અમને લાગવા માંડી. ૬૦ હજાર સૈનિકોમાંથી કોઈપણ પોતાના વતન પાછો ફરી શકયો નહી; અને પાછા ન ફરનારાઓમાં તેમનો સરદાર પણ હતો.''

આગળ અમે જણાવી ગયા છીએ કે મુઝદલિફા અને મિના વચ્ચે આવેલી મુહસ્સરની ખીણમાં આ બનાવ બન્યો હતો. આપ સ.અ.વ. હજયાત્રા વેળા મુઝદલિફાથી મિના જતા હતા ત્યારે આ મુહસ્સરની ખીણમાં આવ્યા તો તેમણે પોતાની ચાલવાની ગતિ ખૂબ જ વધારી દીધી હતી. આ ઉપરથી એવું સૂચન મળે છે કે આ ખીણમાં આવો ત્યારે ઉતાવળે ઉતાવળે તેને પસાર કરી લો; ભલે મુઝદલિફામાં મુકામ કરો પણ આ ખીણમાં મુકામ કરવો ઉચિત નથી. એ હકીકત પણ આગળ ઉપર આવી ગઈ કે મક્કાના લોકો પહાડોમાં આમ તેમ ભરાઈને આશ્રય લઈ રહ્યા હતા. તેમણે આ બનાવ નજરો નજર જોયો હતો. પવિત્ર કુરઆનનું અસહાબે ફીલનું પ્રકરણ મક્કામાં ઉતર્યું તે સમયે પહાડો પરથી આ બનાવ નજરે જોનારા કેટલાક કુરેશ લોકો હયાત હતા. કેટલાયે એવા લોકો હયાત હતા જેમણે નજરે જોનારાઓ પાસેથી આ બનાવનું વર્ણન સાંભળ્યું હતું. તેમાંના કેટલાક લોકો પાસે અસહાબે ફીલના સૈન્ય પર મારેલા ખંગારના કાંકરા જાળવી રાખેલા હતા. જે વરસમાં આ બનાવ બન્યો તેને અરબ લોકો ''આમુલ-ફીલ' અર્થાત ''હાથીઓવાળું વરસ'' કહેવા લાગ્યા. તે જ વરસમાં મક્કા શહેરમાં હજરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જન્મ થયો હતો. ઈતિહાસકારો અને મુહદિસો (હદીસના

વિદ્વાનો) નો સર્વ સામાન્ય એવો મત છે કે અસહાબે ફીલનો બનાવ મોહર્રમ મહિનામાં બન્યો હતો અને આપ સ.અ.વ.નો જન્મ ૧૨મી રબી-ઉલ-અવ્વલના દિવસે થયો હતો. એમ કહેવામાં આવે છે કે આપ સ.અ.વ.ના જન્મના ૫૦ કે ૫૫ દિવસ પહેલાં આ બનાવ બન્યો હતો. પવિત્ર કુરઆનનું ''અસહાબે ફીલ''નું પ્રકરણ ઉતર્યું ત્યારે આ બનાવ બન્યાને ૪૦ કે ૪૫ વરસથી વધારે સમય વીત્યો ન હતો એટલે આ બનાવ ઘણા પ્રાચીન કાળનો અથવા લાંબા સમયનો ન હતો. મક્કા શહેરના પુખ્ત વયના સ્ત્રી-પુરુષો તો શું નાનાં નાનાં બાળકો પણ તેનાથી પરિચિત હતાં. સામાન્યપણે સઘળા અરબ લોકોમાં એ વાત પ્રચલિત હતી કે પવિત્ર કાબાનું રક્ષણ કોઈ દેવ કે દેવીએ કર્યું ન હતું, અલ્લાહે જ તેનું રક્ષણ કર્યું હતું. કુરેશ લોકોએ અબ્દુલ-મુત્તલિબની રાહબરી નીચે તેનું રક્ષણ કરવાની દુઆ અલ્લાહ તઆલા પાસે માંગી હતી. ખરેખર અલ્લાહે જ્યારે નવાઈ પમાડે એ રીતે કાબાને જાળવી લીધું ત્યારે મક્કાના લોકો એટલા બધા પ્રભાવિત થયા હતા કે તેમણે ૭ કે ૧૦ વરસ સુધી અલ્લાહ સિવાય બીજા કોઈની બંદગી કે ભક્તિ કરી ન હતી.[૬] ટૂંકમાં આપ સ.અ.વ.ના સમયમાં આ પ્રકરણ ઉતર્યું ત્યારે અરબ લોકોમાં તેની યાદ તાજી હતી તેથી તેની વિગતો આપવાની જરૂર ન હતી અર્થાત હાથીવાળા લોકો કોણ હતા, કયાંથી આવ્યા હતા. તેમનો સરદાર કે રાજા કોણ હતો, કયારે આવ્યા ઈત્યાદિ વિગતો આપવામાં આવી નથી. ફકત આ પ્રસંગને યાદ દેવડાવવાનું જ પ્રયોજન હતું અને તે એટલા માટે કે સામાન્યપણે અરબ લોકો અને ખાસ કરીને કુરેશ લોકો એવું સમજી લે કે હજરત મુહમ્મદ સ.અ.વ.ના ઉપદેશનો મુખ્ય ઉદ્દેશ એ છે કે લોકો અન્યની અને ખાસ કરીને મૂર્તિ પૂજા છોડી દે અને જગતના સર્જનહાર અલ્લાહની જ બંદગી કરે : આ કાર્યમાં રોડાં અટકાવી તેને દાબી દેવાની યુક્તિઓ પ્રયુક્તિઓ કરવામાં આવશે તો અસહાબે ફીલની માફક તેમના ઉપર અલ્લાહનો કોપ ઉતરી આવશે અને તેમને નષ્ટ કરી નાંખવામાં આવશે. આ પ્રકરણમાં એ પ્રસંગને આ પ્રમાણે યાદ દેવડાવવામાં આવ્યો છે :

''(હે રસૂલ !) શું તમે જોયું નથી કે તમારા પરવરદિગારે હાથીવાળા લોકો સાથે કેવું (વર્તન) કર્યું ? શું તેણે તેમના દાવપેચ નિરર્થક બનાવી નથી

૬. હજરત ઉમ્મે હાની અને હજરત ઝુબેર બિન અલ-કવામ રદી.ની આ બાબતમમાં રિવાયત છે.

મૂકયા ? તેણે તેમના ઉપર પક્ષીઓનાં ટોળેટોળાં મોકલી આપ્યાં જે તેમના ઉપર ખંગારના કાંકરા ફેંકતા હતાં. પછી અલ્લાહે તેમને ઢોરોએ ચાવી નાંખેલા સૂકા ઘાસના ભૂસા જેવા કરી નાંખ્યાં.'' પવિત્ર કુરઆન : પ્રકરણ : ૧૦૫.

એ તો હકીકત છે કે પવિત્ર કુરઆન નર્યું સત્યથી ભરપૂર છે. આ બનાવનો પવિત્ર કુરઆનમાં ઉલ્લેખ થયો એટલે એ બનાવ ખરેખર બન્યો હતો તેમાં શંકાને કોઈ સ્થાન નથી. તે માટે બીજી દલીલોની આવશ્યકતા નથી ; પરંતુ જે લોકો પવિત્ર કુરઆનને માનતા નથી અને એટલું જ માને છે કે એ તો મુસલમાનોનો ધાર્મિક-ગ્રંથ છે, તેમના માટે બનાવની સત્યતા બીજી રીતે પુરવાર કરવાની જરૂર છે. અરબ લોકોમાં અને ખાસ કરને કુરેશ લોકોમાં આ બનાવ એટલો જાણીતો હતો કે આપ સ.અ.વ.ના જન્મ પછી ૪૦ કે ૪૫ વરસ કેડે પવિત્ર કુરઆનનું આ ''અસહાબે ફીલ''નું પ્રકરણ આવ્યું અને તેમાં તેનો સમાવિષ્ટ થયો ત્યારે અરબસ્તાનમાં મૂર્તિ-પૂજક અરબો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓની વસ્તી ઠીક ઠીક પ્રમાણમાં હતી. તેઓ બધાને આપ સ.અ.વ. સાથે કટ્ટર દુશ્મનાવટ હતી છતાં આ પ્રકરણ આવ્યું ત્યારે આ બનાવનો કોઈએ વિરોધ કે ઈનકાર કર્યો નથી, તેમ જ તેમાં આપેલી કોઈ વિગત ખોટી છે તેવું પણ કોઈએ કહ્યું નથી : એટલે એથી એવું સિદ્ધ થાય છે કે આ બનાવ બન્યો હતો અને પવિત્ર કુરઆનનું આ પ્રકરણ તદ્દન ખરું છે એમ તેમણે સ્વીકારી લીધું હતું. આ બનાવથી આપ સ.અ.વ.નું તથા મક્કાના અરબોનું માન અને ગૌરવ વધી જતું હતું તેથી ખ્રિસ્તીઓ, યહૂદીઓ અને મૂર્તિપૂજકો બધા અરબ જાતિના હોવાથી કોઈએ તેનો વિરોધ કર્યો નહીં, એવું માનવા કદાચ તમે પ્રેરાઓ; પરંતુ એ માન્યતા પણ ખોટી ઠરે છે. તે સમયે નજરાન ખ્રિસ્તીઓનું ધામ હતું. તેઓ મક્કાના અરબોના દુશ્મનો હતા. આ બનાવથી તેમનું અર્થાત ખ્રિસ્તીઓનું ગૌરવ હણાતું હતું. આ પરિસ્થિતિ હતી. જો આ બનાવ બન્યો ન હોત તો આ ખ્રિસ્તીઓ આ પ્રકરણનો વિરોધ કે ઈનકાર કર્યા વિના રહેતા નહીં. આ ઉપરાંત યહૂદીઓ પણ તેમના એટલે કે અરબોના એટલા કટ્ટર વિરોધીઓ હતા કે તેઓ મુસ્લિમ અરબોની કોઈ વાત સાંભળવા માંગતા ન હતા. આ પરિસ્થિતિ હોવા છતાં તેમણે પણ આ પ્રસંગના વિરોધમાં એકે શબ્દ ઉચ્ચાર્યો નથી. એથી એમ પુરવાર થાય છે કે આ બનાવ તદ્દન સાચો હતો. ઈતિહાસમાંથી પણ એવું છે કે નજરાનથી ખ્રિસ્તીઓનું એક

પ્રતિનિધિ મંડળ આપ સ.અ.વ.ની જાંચ કરવા અર્થાત આપ સ.અ.વ.ના પયગંબરપદની ખાતરી કરવા આવ્યું હતું. આ મંડળે ઈસ્લામના વિરોધમાં જે જે નુકતા-ચીની કરી હતી અર્થાત જે જે ટીકાઓ કરી હતી તેમાં તથા આપ સ.અ.વ. અને પવિત્ર કુરઆન બંનેને જૂઠાં કે ખોટાં પાડવા જે દલીલો કરી હતી તેમાં આ પ્રસંગનો કયાંયે ઉલ્લેખ કર્યો નથી. આ વેળા મંડળે જે ટીકાઓ કરી હતી તેમને ખ્રિસ્તીઓએ આજે પણ જાળવી રાખી છે. જો આ બનાવ અર્થાત ''અસહાબે ફીલ'' સંબંધી કોઈ પણ છિદ્ર શોધ્યું હોત તો ખ્રિસ્તીઓએ તેને આજ પર્યંત જાળવી રાખ્યું હોત, પરંતુ એ બનાવ અંગે આ મંડળે એકે શબ્દ ઉચ્ચાર્યો નથી. એ રીતે પણ આ બનાવ સાચો છે એમ પુરવાર થાય છે.

પવિત્ર કુરઆનમાં થયેલા ઉલ્લેખથી તથા આ બનાવ બન્યો તે સમયના લોકોએ કરેલા વર્ણનો આધારિત અરબ લોકોમાં પ્રચલિત લોકકથાથી આ બનાવ સાચો પુરવાર થાય છે, પરંતુ તેનાથી ખ્રિસ્તીઓનું ગૌરવ હણાય છે, તેમની ધર્માંધતા માલૂમ પડે છે તેથી કેટલીક સૈકાઓ પછી વાતો ઉપજાવી કાઢવામાં પારધા યુરોપિયન ઈતિહાસકારો તેમના વિરૂદ્ધના આ બનાવને ફેરવી તોળે છે. તેઓ વ્યવહારમાં રહી વાંકું બોલે છે. તેઓનું કહેવું છે કે, આ બનાવમાં એટલું જ બન્યું હતું કે અબ્રહા રોમનોને મદદ કરવા લશ્કર લઈ નીકળ્યો ત્યારે તેના સિપાહીઓ ઓચિંતા શીતળામાં સપડાયા અને મરણ પામ્યા. આમ ફેરવી તોળવામાં તેમની પાસે કોઈ ઐતિહાસિક પુરાવો નથી કે નથી કોઈ લોકકથાનો પુરાવો. અરબ ઈતિહાસકાર મુહમ્મદ ઈબ્ને ઈસ્હાકના આ વાકય ''તે વરસે અરબસ્તાનમાં શીતળાની બીમારી ફૂટી નીકળી'' તે પરથી યુરોપિયન ઈતિહાસકારોએ આ વાત ઉપજાવી કાઢી. કોઈ પણ કારણ આપ્યા વિના આ બનાવનો ઈનકાર કરી દે છે. કોઈ પણ કારણ આપ્યા વિના આ એક વાકયનો અર્થ બદલીને બનાવમાં ફેરફાર કરી દે અને નવી વાત ઉપજાવી કાઢે છે. આમ કરવામાં તેમણે ઈતિહાસનું ગૌરવ જાળવ્યું નથી.

ઈબ્ને ઈસ્હાકે કાંઈ ખોટું કહ્યું નથી કે તે વરસે અરબસ્તાનમાં શીતળાની બીમારી ફૂટી નીકળી હતી. ત્યારપછીના કેટલાક તહિદોનું કહેવું છેકે તે વરસે પ્રથમ વેળા અરબસ્તાનમાં શીતળા નીકળવા લાગ્યા હતા. એ પણ વાત સાચી છે કે તે જ વરસે યમન અને ઈથોપિયામાં પણ શીતળાની બીમારી ફેલાઈ હતી; પણ તેથી એવું પુરવાર થતું નથી કે અબ્રહા કાબાને તોડી

પાડવા નીકળ્યો ન હતો, તે તો રોમનોને મદદ કરવા નીકળ્યો હતો તથા એ પણ પુરવાર થતું નથી કે અબ્રહાનું સૈન્ય પક્ષીઓએ ફેંકેલા ખંગારના કાંકરાથી નાશ પામ્યું ન હતું, તે તો શીતળા નીકળવાથી નાશ પામ્યું હતું. યુરોપિયન ઈતિહાસકારોએ અહીં ઈતિહાસનું ખૂન કર્યું છે, એમ કહેવામાં જરાયે ખોટું નથી.

''અસહાબે ફીલ''ના બનાવમાં આપણને કુદરતનો ચમત્કાર જોવા મળે છે. પહેલાં કે પછી કયારેય પણ જોવામાં આવેલાં નહીં એવાં નાનાં નાનાં પક્ષીઓનાં ટોળેટોળાં કોણ જાણે કયાંથી ઓચિંતા વાદળાંની માફક આવી ચડયાં અને અબ્રહાના જ લશ્કર ઉપર ચકરાવો લેવા લાગ્યાં; દરેક પક્ષીએ લશ્કરના સિપાહીઓને તથા જાનવરોને ખંગારના બનેલા ત્રણ કાંકરા માર્યા : આવા કાંકરા કયાંય ન હતા છતાં પક્ષીઓ પાસે હતા, એ ચમત્કારિક રીતે મળ્યા હતા ને ! આ એવા કાંકરા હતા કે લાગતાંની સાથે બંદૂકની ગોળાની માફક લાગેલા અવયવમાંથી આરપાર નીકળી જતા હતા અને સાપનું ઝેર આખા શરીરમાં વ્યાપી જાય છે તેમ આ કાંકરાઓનું ઝેર આખા શરીરમાં વ્યાપી જતું અને તરત જ આખા શરીરે ફોલ્લીઓ ઉઠતી અને આખું શરીર સડી જતું હતું. નાનામાં નાના પક્ષીઓએ મોટામાં મોટાં જાનવર હાથીઓનો, ઊંટો અને ઘોડાઓ તથા સુસજ્જ બખ્તર પહેરેલા સૈનિકોનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો, આ એક અજાયબ પમાડે તેવી જ બાબત ગણાય ને ! આખા સૈન્યને ઢોરોએ ખાધેલા ભૂસા જેવા બનાવી મૂકયા હતા, એ કુદરતની એક કરામત જ હતી ને ! તેમનાં શરીર સડીને એવાં બની જતાં કે હાથ અડકાડતાંની સાથે ઢોરોએ ખાધેલા ભૂસાની માફક ચૂરેચૂરા થઈ વેરાઈ જતાં હતાં. વળી નવાઈની વાત તો એ હતી કે ત્યાંથી નાસી ગયેલા પાછળ આ પક્ષીઓ પડતાં અને તેમને કાંકરા મારી હલાક કરી નાંખતા હતાં. આમ અબ્રહાના સૈન્યને નાબૂદ કરી અલ્લાહ તઆલાએ પોતાના ઘર કાબાની રક્ષા કરી અને તેનો મોભો જાળવી રાખ્યો. કાબા અલ્લાહનું ઘર છે તેથી એવું સમજવાનું નથી કે તે તેનું રહેણાક ઘર છે. જો તેવું માનવામાં આવે તો તેથી એવું ફલિત થશે કે અલ્લાહને પણ કોઈક ઘરની જરૂર પડે છે. અલ્લાહ તો આવી બાબતોથી વરા- ઉલ-વરા અર્થાત પર છે. ન તો તેને કોઈ ઘરની જરૂર છે કે ન કોઈ સ્થળની. આપણા જગતમાં હવા વ્યાપક છે તેવી જ રીતે સારીયે સૃષ્ટિમાં આકાશો અને પૃથ્વીમાં તે સર્વ-વ્યાપક છે. ઈન્સાનને કેટલીયે બાબતોમાં

કોઈક સ્થળ કે કોઈક ઘરની જરૂરત રહે છે. તૌહીદ-પરસ્તી માટે કોઈક જગાની માનવોને આવશ્યકતા છે કે જેથી તે જગા કે તે ઘરમાં અલ્લાહની બંદગી કે ઉપાસના કરનારાઓ માટે કેન્દ્ર સમું બની રહે. પવિત્ર કાબા તૌહીદ-પરસ્તીનું કેન્દ્ર છે, એ દ્રષ્ટિએ તે અલ્લાહનું ઘર છે.

અબ્રહાની ચડાઈ કુરેશ લોકોને બરબાદ કરવા માટે ન હતી. તે તો કાબાની બરબાદી માટે આવ્યો હતો. કાબાને તોડી પાડીને તેની પ્રતિષ્ઠા અને તેની પ્રતિભાનું ખંડન કરવા તે આવ્યો હતો. અલ્લાહ કાબાનું રક્ષણ કરવા માંગતો હતો, તેનો માન-મરતબો જાળવી રાખવા માંગતો હતો. તે કુરેશ લોકોનું રક્ષણ કરવા કટિબદ્ધ થયો ન હતો, પરંતુ કાબાનું રક્ષણ કરવામાં કુરેશ લોકોનું પણ આપમેળે રક્ષણ થઈ ગયું. આપ સ.અ.વ.ના હયાતિ કાળમાં કાબાની પ્રતિષ્ઠા અને પ્રતિભા જાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. આ પ્રસંગનું વર્ણન બુખારી રહે. એ પોતાના પુસ્તકમાં આ પ્રમાણે આપ્યું છે :

મદીનાથી મુસલામનો આપ સ.અ.વ.ની આગેવાની હેઠળ પવિત્ર કાબા બયતુલ્લાહ અર્થાત અલ્લાહના ઘરની ઉમરા-યાત્રા કરવા આવ્યા હતા. કુરેશ લોકો સાથે લડવાનો તેમનો મુદ્દલે ઈરાદો ન હતો, પરંતુ કુરેશ લોકો એવું સમજી બેઠા કે મુસલમાનો યુદ્ધ કરવા જ અહીં આવ્યા છે. હજુ ઈસ્લામનો સ્વીકાર કર્યો ન હતો તેવા વિખ્યાત સેનાપતિ ખાલિદ બિન વલીદ સિપાહીઓની એક ટુકડી લઈ મુસલમાનોનો રસ્તો રોકવા આવ્યા. આ જોઈ અબૂબકર રદી. બોલી ઊઠયા, ''અલ્લાહના સોગંદપૂર્વક કહું છું કે અમારો આશય કાબાની ઉમરા- યાત્રા કરવા સિવાય બીજો કોઈ નથી. પણ જો મક્કાના લોકો અમારા આશયની આડે આવશે તો અમે નિઃસંશય સામનો કર્યા વિના રહેવાના નથી.'' આ સાંભળી આપ સ.અ.વ. એમ મુસલમાનોને હુકમ કર્યો કે, ''રસ્તો બદલી નાંખો કે જેથી આપણી ભાળ મળે નહીં.'' આ હુકમ પ્રમાણે મુસલમાનોએ રસ્તો બદલી નાંખ્યો અને એક એવી પહાડી પર આવી ચડયા કે જ્યાંથી ખાલિદના સિપાહીઓની ટુકડી પર સહેલાઈથી હલ્લો કરી શકાતો હતો. આ વેળા રસૂલૂલ્લાહ સ.અ.વ.ની ઊંટણી ''કસ્વા'' ઓચિંતી બેસી ગઈ. બધા સાથીઓ તેને ઉઠાડવા લાગ્યા પરંતુ તે ઉભી જ ન થઈ. આથી સાથીઓ

કહેવા લાગ્યા કે ''ઊંટણી ભડકી ઉઠી છે અને કાબૂ બહાર થઈ ગઈ છે.'' આપ સ.અ.વ.એ જવાબ આપ્યો કે, ''કસ્વા ન તો ભડકી છે, ન તો બેકાબૂ બની ગઈ છે : ન તો તેની તેવી કોઈ ટેવ છે. તેને તો તે પરવરદિગારે અટકાવી રાખી છે જેણે હાથીવાળાઓને અટકાવી રાખ્યા હતા. જેના હાથમાં મારો જાન છે તેના સોગંદ લઈ કહું છું કે મક્કાના મુશિરકો અર્થાત ઈશ્વરપણાની ભાગીદારીમાં માનનારાઓની કાબાની અર્થાત અલ્લાહના ઘરની પ્રતિષ્ઠા અને પ્રતિભા જાળવી રાખવા માટે જે કોઈ શરત કે વાત રજૂ કરશે તેને હું કબૂલ રાખીશ.'' આ પછી ''કસ્વા''ને ઉઠાડી તો તરત જ ઉઠી ગઈ અને હુદેબિયાના મેદાનમાં છેવટના કિનારે જઈ પહોંચી.

આ પ્રસંગ બનવાનું મૂળ કારણ વહી દ્વારા આપ સ.અ.વ. સમજી ગયા હતા એટલે આપ સ.અ.વ.મે પહેલાં ઊંટણી બેસી જવાના પ્રયોજનનો ઈશારો કર્યો અને પછી કાબાની પવિત્રતા તથા તેનો મોભો જાળવી રાખવાનું પોતાના સાથીઓ રૂબરૂ જાહેર કર્યું. આમ કાબાની પવિત્રતા, અલ્લાહના ઘરની પ્રતિષ્ઠા, તેની પ્રતિભા વગેરે જાળવી રાખવાનો વાયદો અલ્લાહ તરફથી લેવાનું કાર્ય પૂરું થયું ત્યારે ઊંટણી આપમેળે એક જ ડચકારાની સાથે ઉભી થઈ ગઈ. પછી મક્કાના કુરેશ લોકો સાથે વાટાઘાટો શરૂ થઈ. તેમાં મુખ્ય શરત એ હતી કે મુલસમાનોએ ઉમરા-યાત્રા કર્યા વિના પાછા ફરવું. આ ઉમરા-યાત્રા કરવા માટે તો તેઓ આવ્યા હતા અને તેમ કર્યા વિના પાછા ફરવાની શરત ઘણી જ આકરી લાગે એ સ્વાભાવિક છે અને તેથી માનભંગ કરનારી શરત પણ લેખી શકાય; છતાં પવિત્ર કાબાની પવિત્રતા, પ્રતિષ્ઠા, પ્રતિભા કે મોભો જાળવી રાખવા માટે આપ સ.અ.વ.મે પોતાના સાથીઓને આ શરત જરાયે ગમતી ન હતી તો પણ તેનો સ્વીકાર કરી લીધો.

વળી ''મક્કાની જીત'' વેળા કાબાની પવિત્રતા, તેની પ્રતિષ્ઠા અને મોભો જાળવી રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. આપ સ.અ.વ.ના કેટલાક સાથીઓ એવું માની બેઠા હતા કે મક્કાની જીત થાય તે માટે કાબાની પવિત્રતા અને પ્રતિભા પ્રત્યે આંખ આડા કાન કરવાની પરવાનગી આજે અલ્લાહ તઆલાએ આપ સ.અ.વ.ને આપી છે. આવેલા મુસ્લિમ સૈન્યના સેનાપતિ હજરત સઅદ રદી. હતા. તે પણ આવું જ માની બેઠા હતા. જ્યારે

હજરત સઅદ રદી. ઝંડો ફરકાવતા ફરકાવતા આવતા હતા ત્યારે અબૂ સુફયાનનો તેમને ભેટો થઈ ગયો. તરત જ હજરત સઅદ રદી.એ અબૂ સુફયાનને ટકોર કરી કે, ''આજે તો યુદ્ધનો દિવસ છે. આજે કાબાની પવિત્રતા અને પ્રતિષ્ઠા જોખમાઈ જાય એવું બને.'' આ બાબતની ફરિયાદ અબૂ સુફયાને આપ સ.અ.વ.ને કરી. આ ફરિયાદ સાંભળી આપ સ.અ.વ.બોલી ઊઠ્યા કે, ''સાઅદે જે કંઈ કહ્યું છે તે ખોટું છે. ઊલટું આજે અલ્લાહ તઆલા કાબાની પ્રતિષ્ઠામાં ઓર વધારો કરી મૂકશે. તેની પવિત્રતા અને પ્રતિષ્ઠા જેવી ને તેવી કાયમ રહેશે. શહેરમાં લડાઈ થશે નહીં અને લોહી રેડાશે નહીં. કાબાનો મોભો ઓર વધી જાય તે માટે આજે તેના પર ગલેફ ચઢાવવામાં આવશે.'' આમ કહ્યા પછી સઅદ રદી.ને પોતાની પાસે બોલાવ્યા અને તેમને ઠપકો આપ્યો તથા તેમને સેનાપતિ પદેથી દૂર કર્યા. તે દિવસે આપ સ.અ.વ.મે ખુતબામાં કહ્યું કે, ''અલ્લાહ તઆલાએ મક્કાને હાથીઓના હુમલાથી બચાવ્યું હતું. આજે તેનો કબજો અલ્લાહના રસૂલ અને મુસલમાનોને આપી દીધો છે. એટલે અલ્લાહના આ ઘરની પવિત્રતા, પ્રતિષ્ઠા પહેલાંના જેવી જ જાળવી રાખવાની છે. આ હકીકત જે લોકો અહીં હાજર છે તેમણે જેઓ હાજર નથી તેમને પહોંચાડી દેવી.'' આથી કાબાની પ્રતિષ્ઠા, પ્રતિભા, પવિત્રતા અને મોભો જાળવી રાખવાની પ્રત્યેક મુસલમાનની ફરજ થઈ પડે છે.

અસહાબે ફીલની આ કહાણીમાં કુદરતની એક નિશાની જોવા મળે છે. એ નિશાની એ છે કે જ્યારે અલ્લાહનો કોપ ઊતરી આવે છે ત્યારે કોઈનું કંઈ ચાલતું નથી. તુચ્છમાં તુચ્છ પક્ષીઓએ ફેંકેલા કાંકરાઓનો માર હાથી જેવા મોટાં મોટાં પ્રાણીઓ અને બખ્તરમાં સુસજ્જ થયેલું ૬૦ હજારનું સૈન્ય પણ સહન કરી શક્યું નહીં. આ કહાણીથી એવું પણ સૂચન મળે છે કે અલ્લાહના ઘર કાબાને તોડી પાડી તેની પ્રતિષ્ઠા અને પ્રતિભાનો વિચ્છેદ કરવાની વૃત્તિએ જ અલ્લાહને કોપાયમાન કર્યો હતો, પરિણામે અબ્રહા, તેના હાથીઓ, ઊંટો, ઘોડાઓ, આખું ૬૦ હજારનું સૈન્ય નષ્ટ પામ્યું. અલ્લાહે આપેલા ઈસ્લામ ધર્મ માટે નિર્માણ થયેલા રસૂલ હજરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને

દુ:ખ આપવામાં આવશે, તેમનું અપમાન કરવામાં આવશે તો અલ્લાહ કેટલો કોપાયમાન થાય અને તેનો કોપ શું નું શું કરી બેસે તેનો ખ્યાલ આ કહાણીઓમાંથી મળી રહે છે. આ નિશાની હોવાના કારણે તેમ જ તેમાં એક અલ્લાહની બંદગી થતી રહે તેમાં કાબાની પ્રતિષ્ઠા સમાયેલી છે.

અહીં જે પ્રજાઓ, જાતિઓ કે લોકોની કહાણીઓ આપવામાં આવેલી છે તે ઉપરાંત ઈબ્રાહીમ અલૈ.ની કોમ છિન્ન ભિન્ન થઈ ગઈ અને તે કોમના સમ્રાટ નમરૂદના લશ્કરનો નાશ કેવી રીતે થયો તેની કહાણી ત્રીજા મણકામાં આપવામાં આવી છે. ત્યારપછી મિસરમાં ફિરઓન અને તેની કોમે મૂસા અલૈ.ને જૂઠા ગણ્યા. તેથી તેના લશ્કરને સમુદ્રમાં ડૂબાડી દેવામાં આવ્યું તેની કહાણી ચોથા મણકામાં આવે છે.

## ૧૮. દ્રવિડ પ્રજાનું પતન


સલામાન્ય પણે એવું માનવામાં આવે છે કે માનવીએ પોતાના વસવાટનો આરંભ મહાન નદીઓના તટ પ્રદેશોથી કર્યો હતો, તેથી માનવ સંસ્કૃતિનો ઉષા:કાળ ત્યાં પ્રગટ્યો હતો. એમ કહેવામાં આવે છે કે જગતની પ્રાગૈતિહાસિક કાળની પહેલી ચાર સંસ્કૃતિઓનો વિકાસ આવી મહાન નદીઓના તટ પ્રદેશોમાં થયો હતો: જેમકે નાઈલ નદીના તટ ઉપર મિસરની સંસ્કૃતિનો, પશ્ચિમ એશિયામાં યુફ્રેટિસ અને ટાઈગ્રિસ નદીઓના દોઆબામાં સુમેરિયન, અસિરિયન, ખાલ્ડિયન અને ખાસ કરીને બેબિલોનિયન સંસ્કૃતિનો, ચીનમાં યાંગત્સેકયાંગ અને હોઆંગહોના તટ પ્રદેશમાં ચીની સંસ્કૃતિનો અને ભારતમાં સપ્ત સિંધુના પ્રદેશમાં દ્રવિડ સંસ્કૃતિનો વિકાસ થયો હતો. આમાં તથ્ય તો છે, પરંતુ તેમાં પૂરેપુરું તથ્ય નથી. બીજી કેટલીયે સંસ્કૃતિઓ નદીઓના તટ પ્રદેશો સિવાય પણ અન્ય સ્થળોએ વિકસી છે.

એ તો તમે જાણો છો કે માનવ- જીવનનાં મંડાણ આદમ અલૈ.થી થયાં છે અને તેમણે લંકાની મધ્યમાં આવેલા આદમના પહાડની તળેટીમાં વસવાટ કર્યો હતો. સગળી સંસ્કૃતિઓના આદ્ય પિતા તેઓ છે એટલે માનવ-સંસ્કૃતિની શરૂઆત તેમનાથી થઈ છે અને તે લંકાના પહાડની તળેટીમાંથી થઈ છે. તેમની ચોથી પેઢીના માહલાલએલે યુફ્રેટિસ- ટાઈગ્રિસ નદીઓના દોઆબાના પ્રદેશોમાં બેબિલોન શહેર વસાવ્યું હતું. અને ત્યાંજ રહેવાનું રાખ્યું હતું. વળી તેમના પછી પાંચમી પેઢીએ પરંતુ આદમ અલૈ.ની દસમી પેઢીએ થયેલા નૂહ અલૈ. અને તેમના કોમે પણ ત્યાંજ રહેવાનું પસંદ કર્યું હતું. આ હકીકત આપણે પાછલા પ્રકરણોમાં વાંચી ગયા છીએ. આ બાબતને લક્ષમાં લઈએ તો માનવ-સંસ્કૃતિનાં બીજ આ દોઆબામાં વવાયાં હતાં એમ કહી શકાય અને એ આધારે જગતની સૌથી પહેલી સંસ્કૃતિ આ દોઆબાની જ ગણાય. કેટલાક ઈતિહાસકારો મિસરની સંસ્કૃતિને સૌથી પ્રાચીન ગણે છે એ બરાબર નથી. મિસરમાં માનવ વસવાટ નૂહ અલૈ.ના જળ-પ્રલય પછી થયો હતો. જ્યારે જળ-પ્રલય પછીનો સૌથી પહેલો વસવાટ આ દોઆબામાં નૂહ અલૈ.મે વસાવેલા ''સમાનિયા'' નામના ગામમાં થયો હતો. એ રીતે પણ આ દોઆબાની સંસ્કૃતિ સૌથી પ્રાચીન ગણી શકાય.

આપણે એ પણ વાંચી ગયા કે, ઈદ્રીસ અલૈ.મે પોતાના પૂર્વજોનું વતન બેબિલોન ત્યજી દઈ ફિનિશિયામાં વસવાટ કર્યો હતો. આ દેશ પશ્ચિમ એશિયામાં સિરિયા હાલ છે તેની પશ્ચિમે ભૂમધ્ય સમુદ્રના કાંઠે આવેલો હતો. ત્યાં આવી કોઈ નદીઓ નથી, કદાચ વરસાદના પાણીની સારી જોગવાઈ હશે તેથી તથા ત્યાં વસેલા લોકોને ઉપદેશ આપવાનો અલ્લાહ તઆલાનો આદેશ હશે તેથી તેઓ ત્યાં જઈ વસ્યા હશે. આમ ઈદ્રીસ અલૈ.મે ફિનિશિયન સંસ્કૃતિનાં બીજ વેર્યાં. એ સંસ્કૃતિ પણ ઘણી વિકાસ પામી હતી. એ હકીકત પણ તમે વાંચી ગયા છો કે, આદ-પ્રજા અરબસ્તાનની દક્ષિણે આવેલા અહકાફ નામના પ્રદેશમાં ઊઠી હતી. આ પ્રદેશમાં ત્યારે અને આજે પણ નદીઓ નથી, છતાં આ પ્રજા પોતાના સમયમાં સૌથી વિશેષ બળવાન અને સભ્ય પ્રજા હતી. તેના પછી સોએક વરસે મદીનાથી ઉત્તરના પહાડી પ્રદેશ ''વાદી-ઉલ-કુરા'' એટલે કે કુરાના ખીણમાં સમૂદ પ્રજાનો ઉદયાસ્ત થયો હતો. ત્યાં પાણીની ઘણી તંગી હતી, પ્રદેશ પહાડી હતો છતાં આ પ્રજાએ પોતાની સંસ્કૃતિ વિકસાવી હતી આ વાદી- ઉલ-કુરાની ઉત્તરે અને મૃત સરોવરની દક્ષિણે આવેલા લીલી વાડીઓના પ્રદેશમાં લૂત પ્રજાનો ઉદયાસ્ત થયો હતો. અકબાના અખાતની બંને બાજુએ મદયન પ્રજાએ વેપારી સંસ્કૃતિ ખીલવી હતી. આ પ્રદેશોમાં નદીઓ ન હતી. આથી એવું કહી શકાય કે માનવ-સંસ્કૃતિઓનો વિકાસ મહાન નદીઓના તટ પ્રદેશોમાં થયો, એ કથન બરાબર નથી. એ તો હકીકત છે કે, આવી નદીઓના તટ પ્રદેશોમાં વસતી ઘણી જ ગીચ હતી એટલે ત્યાં સામ્રાજયો ઊભા થયાં, જેથી તેમની સંસ્કૃતિ વધારે પ્રમાણમાં વિકાસ પામી હશે અને તેનો પ્રભાવ મોટા વિસ્તારમાં પડ્યો. હશે : પરિણામે નદીઓના તટ પ્રદેશોને સંસ્કૃતિ ખૂબ જ ખ્યાતિ પામી, જયારે બીજી સંસ્કૃતિઓ ભૂતકાળના ગર્તમાં દટાઈ ગઈ. આવી એક સંસ્કૃતિ સપ્ત સિંધુના પ્રદેશમાં વિકસી હતી, પરંતુ તે ખ્યાતિ પામી નહીં. ''એને સિંધુ ખીણની સભ્યતા' પણ કહેવામાં આવે છે. એ સંસ્કૃતિને વિકસાવનારા દ્રવિડ લોકો હતા.

આ દ્રવિડ સંસ્કૃતિની માહિતી ઘણા લાંબા સમય સુધી ભૂતકાળના ગર્તમાં દટાઈ રહી હતી. તેના તરફ સૌથી પહેલું ધ્યાન કનિંગહામ નામના

એક અંગ્રેજ વિદ્વાનનું ગયું હતું. ત્યારપછી પચાસેક વરસે ભારતના પુરાતત્વ ખાતાના વડા સર જહોન માર્શલે પંજાબમાં હડપ્પા આગળ ખોદકામ કરાવ્યું ત્યારે આ સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા. લગભગ એજ અરસામાં એટલે કે ઇ.સ. ૧૯૨૨માંજ પુરાતત્વ ખાતાના શ્રી રખાલદાસ બેનરજી તેમના અધિકારી સિંધના લારખાના જિલ્લામાં એક ટીંબામાં બૌદ્ધ સ્તૂપ નજીક ખોદકામ કરાવી રહ્યા હતા ત્યારે અચાનક જ તેમને પ્રાચીન સંસ્કૃતિના અવશેષો હાથ લાગ્યા. આ સ્થળ મોહેંજો-દડોના નામે ખ્યાતિ પામ્યું છે. એનો અર્થ ''મરેલાંઓનો ટેકરો'' થાય છે. હડપ્પા અને મોહેંજો-દડો બંને શહેરો હતાં. એમ આ અવશેષો જોતાં સાબિત થાય છે. આ શહેરોના અવશેષો સિંધુ નદીના તટ પ્રદેશમાં છે. અને બંને વચ્ચે ૫૬૦ કિ.મી. જેટલું અંતર છે, તેમ છતાં બંને શહેરોમાં મકાનો, નગરયોજના, ઈંટો, માટીનાં વાસણો કે રમકડાં, લિપિ, ચિત્રો વગેરેમાં ઘણું સામ્ય લાગે છે. તેથી આ સંસ્કૃતિ ઘણા મોટા વિસ્તારમાં ફેલાયેલી હશે એવું અનુમાન પુરાત્ત્વ વિદોને લાગ્યું એટલે તેમણે ઘણા વિસ્તારોમાં આવેલા ટીંબાઓનું ખોદકામ કરાવ્યું. ઘણા ગામડાંઓની સીમમાં આવા નાના મોટા ટીંબાઓ આજે પણ આપણને જોવા મળે છે. જેમકે જંબુસર તાલુકાના દેવલા ગામની સીમમાં ''હોંદરાઈનો ટેકરો'' આવેલો છે. તેમાંથી સોનાચાંદીના આભૂષણો, માટીનાં રમકડાં, લાકડાંના તોલમાપ, ચાંદીના સિક્કાઓ વગેરે વસ્તુઓ મળી આવેલ છે. ઈ.સ. ૧૯૭૪ના દુકાળમાં લોકોએ તેમાંથી નીકળતાં હાડકાં વેચવા ખોદકામ કર્યું તો તે હાડકાં જાનવરો અને માણસોનાં જણાયાં. આ ગ્રામ્ય સંસ્કૃતિના અવશેષો લાગે છે. બધાં ઘરો માટીનાં હશે, કારણ ઈંટોનું કોઈ મકાન મળ્યું નથી. લોકો પશુપાલન અને ખેતી કરી ગુજરાન કરતા હશે એમ ચોક્કસ લાગે છે. ખોદકામના પરિણામે પુરાતત્વવિદોને સિંધ, પંજાબ અને બલુચિસ્તાનનાં ઘણાં સ્થળોએ, સૌરાષ્ટ્રમાં રંગપુર અને રોઝડી, કચ્છમાં દેશળપર અને ગુજરાતમાં ધંધુકા પાસે આવેલ લોથલ વગેરે સ્થળોએ આ દ્રવિડ સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે. આ અવશેષો પરથી આ સંસ્કૃતિનો વિસ્તાર ઉત્તરે હિમાલયની તળેટીથી માંડીને દક્ષિણે નર્મદા નદી સુધી અને પશ્ચિમે બલુચિસ્તાનથી માંડીને પૂર્વે ગંગાના તટ સુધી થયેલો માનવામાં આવે છે.




આ સંસ્કૃતિનાં સર્જકો કોણ હતા તે વિશે વિદ્વાનોમાં મતભેદ છે. એમના વિશે પવિત્ર કુરઆનમાં કોઈ ઉલ્લેખ નથી. આ લોકો આર્યો તો નો'તા જ, કારણ ઋગ્વેદમાં આર્યોની સંસ્કૃતિનું વર્ણન છે તે ઉપરથી જણાય છે કે, આર્યોની સંસ્કૃતિથી દ્રવિડની સંસ્કૃતિ બહુ જ જુદી પડે છે. આર્યોની ગ્રામ-સંસ્કૃતિ હતી જ્યારે દ્રવિડોની શહેરી-સંસ્કૃતિ હતી. આર્યોનો મુખ્ય ધંધો ખેતી અને પશુ-પાલનનો હતો જ્યારે દ્રવિડ લોકોનો મુખ્ય વ્યવસાય વેપારનો હતો. આથી કહી શકાય કે દ્રવિડ લોકો નૂહ અલૈ.ના પુત્ર યારફેથ ઉર્ફે ઈરિયનના વંશજો ન હતા. નૂહ અલૈ.ના બીજા પુત્ર સામના વંશજો પશ્ચિમ એશિયાના ઈરાક, સિરિયા, લેબનોન, પેલેસ્ટાઈન અને અરબસ્તાનમાં વસી ગયા હતા અને ત્યાંથી આફ્રિકાના મિસર, ટ્રિપોલી, અલજિરિયા, મોરોક્કો વગેરે દેશોમાં ફેલાયા હતા. વળી આ લોકો રંગે ગૌરવર્ણા હતા જ્યારે દ્રવિડ લોકો રંગે શ્યામવર્ણા હતા. આથી એવા અનુમાન પણ આપી શકાય કે દ્રવિડ

લોકો નૂહ અલૈ.ના પુત્ર સામના વંશજો પણ ન હતા. એ તમે વાંચી ગયા કે નૂહ અલૈ.ના હામ, સામ અને યાફેથ ઉર્ફે ઈરિયન એમ ત્રણ પુત્રોનો જ વંશવેલો ચાલ્યો છે એટલે કહી શકાય કે દ્રવિડ લોકો હામના વંશજો હોવા જોઈએ. દ્રવિડ લોકો રંગે કાળા તો છે પરંતુ હબસીઓ જેટલા નહીં. વળી હબસીઓ જેવા તેમના હોઠ લબડતા અને જાડા હોતા નથી. અને વાળ પણ હબસીઓ જેવા વાંકડિયા હોતા નથી. આ હકીકતમાં એવું તારતમ્ય નીકળે છે કે દ્રવિડ લોકો અને હબસી લોકો હામના વંશજો હશે. પરંતુ તેમના ફાંટા હામના પુત્રો કે પૌત્રોમાંથી ચાલ્યા હશે. આથી એવું જણાય છે કે દ્રવિડ લોકો હામના પુત્ર સિંધમાંથી ઉતરી આવ્યા હશે. કેટલાક ઈતિહાસવિદોનો એવો મત છે કે, આ લોકો એક જાતિના નહીં, પરંતુ ઓસ્ટ્રિક તથા ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાં વસતી જાતિઓની બનેલી મિશ્ર જાતિના લોકો હતા. આ મત બરાબર લાગતો નથી, કારણ આ માન્યતા ધરાવનારા ઈતિહાસવિદોનો એવો મત છે કે આ દ્રવિડ સંસ્કૃતિ મિસર અને સુમેરિયન સંસ્કૃતિની સમકાલીન હતી. ત્યાર પહેલાં ઓસ્ટ્રિક અને ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાં ઝાઝા લોકો વસેલા ન હતા. હામના પુત્રો હિંદ અને સિંધ, સિંધુ નદીના પાંચઆબામાં વસી ગયા હશે એવો અંદાજ બાંધી શકાય છે.

આદમ અલૈ. પછી લગભગ ૨૨૦૦ વરસે નૂહ અલૈ. થઈ ગયા અને નૂહ અલૈ. પછી ઈબ્રાહીમ અલૈ. ૨૬૪૦ વરસે થઈ ગયા એવું કેટલાક ઉલેમાઓનું કહેવું છે. આ ૪૮૪૦ વરસનો સમય પ્રાગૈતિહાસિક કાળમાં ગણાય છે. ઈબ્રાહીમ અલૈ.ના જન્મથી માંડીને ઇસા અલૈ.ના જન્મ સુધીનો ૨૨૦૦ વરસનો સમય પ્રાચીન યુગમાં, પરંતુ ઐતિહાસિક યુગમાં ગણી શકાય. ઇસા અલૈ.ના જન્મને આજે ૧૯૭૬મું વરસ ચાલે છે. એટલે ઇસ્વીસન ૧૯૭૬મું વરસ અત્રે ચાલુ છે. આમ માનવ વસવાટને એકંદરે ૨૨૦૦+૨૬૪૦+૨૨૦૦+૧૯૭૬=૯૦૧૬ વરસ થયાં એમ ઉપરોક્ત ગણતરીએ કહી શકાય. દ્રવિડ સંસ્કૃતિના પ્રારંભ માટે વિદ્વાનો આશરે ઈ.સ. પૂર્વે ૪૦૦૦ અને અંત માટે ઈ.સ.પૂર્વે ૨૫૦૦નો સમય આપે છે. આથી એવું જણાય છે કે આ દ્રવિડ સંસ્કૃતિનો આરંભ આજથી લગભગ ૬૦૦૦ વરસ પહેલાં અને અંત આશરે ૪૫૦૦ વરસ પહેલાં થયો હોવો જોઈએ. આ ઉપરાંત મોહેંજો-દડો અને હડપ્પામાં થયેલા ઉત્ખનનોમાંથી મળી આવેલી

સાધન-સામગ્રીના આધારે સિંધુ ખીણની સભ્યતાની અર્થાત દ્રવિડ પ્રજાની કાલ-મર્યાદા નક્કી કરવામાં આવી છે. તે આધારે એની ઉત્તર કાલમર્યાદા ઈ.સ. પૂર્વે આશરે અઢી હજાર વરસની સ્વીકારવામાં આવે છે. આ દાસ-સંસ્કૃતિનો ઇ.સ.પૂર્વે ૨૫૦૦ની આસપાસ નાશ થયો એવો પણ એકમત છે.[૧] આમ બંને રીતે જોતાં જણાશે કે આ સંસ્કૃતિનો ઉદયાસ્ત ઈબ્રાહીમ અલૈ. પહેલાં અને હૂદ તથા સાલેહ અલૈ. પછીના કાળમાં થયો હતો.

આ લોકોની સૌથી વધુ ધ્યાન ખેંચે એવી વિશિષ્ટતા તેની વ્યવસ્થિત નગર રચના હતી. શહેરોના રસ્તાઓ ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ બંધાયેલા હતા. અને તે આશરે ૩૫ ફૂટ પહોળા અને નવાઈ પમાડે તેવા સીધા હતા. નાના નાના રસ્તાઓ મોટા રસ્તાઓને કાટખૂણે મળતા હતા. તેથી આખા શહેરના ચોરસ અને લંબચોરસ એવા બ્લોક પડી જતા હતાં. શેરીઓમાં અમુક અંતરે જાહેર કૂવાઓ અને દીવાબત્તી માટેના થાંભલાઓ પણ હતા. તેની બીજી વિશિષ્ટતા તેની ગટર-યોજના હતી. શહેરનું ગંદુ પાણી વહી જવા માટે ૩થી ૬ ફૂટ ઊંડી ગટરો બનાવવામાં આવી હતી નાની ગટરોનું પાણી મોટી ગટરોમાં ચાલ્યું જતું હતું. વળી ગટરો પર અમુક અંતરે ઢાંકણાં રાખવામાં આવતાં હતાં જેથી ગટરો સાફ કરવાની સગવડ પડતી હતી.

આ શહેરોના મકાનો ઉંચા ઓટલાઓ પર ઈંટ ચૂનાનાં બાંધવામાં આવતાં હતાં. શ્રીમંતોના મકાનો બે માલનાં બનાવેલાં હતાં. મકાનની બારીઓ સરિયામ રસ્તાઓ પર નહીં, પરંતુ નાની શેરીઓ કે ગલીઓમાં પડતી હતી. દરેક મકાનમાં રાંધણી, કૂવો, બાથરૂમ વગેરેની સગવડ રહેતી હતી. વળી જાહેર મકાનો પણ હતાં જેમાં મોટા મોટા ખંડ રાખવામાં આવતા હતા. આ લોકો આભૂષણોના ખૂબજ શોખીન હતા. પુરુષો પણ ઘરેણાં પહેરતાં હતા. તેમનાં ઘરેણાઓ વીંટીઓ, સોનાના હાર, કડાં એરિંગ, બંગડીઓ કંદોરા, બ્રેસલેટ, ઝાંઝર વગેરે હતાં. તેઓ શૃંગાર માટેનાં સાધનોનો પણ ઉપયોગ કરતા હતા. ઘરવપરાશની ચીજોમાં વિવિધ પ્રકારનાં ચિતરેલાં માટીના વાસણો

૧. ગુજરાત ઈતિહાસ પરિષદના આઠમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી કે. કા. શાસ્ત્રીએ કહેલા સંબોધનના આધારે. આ સંબોધન ''વાસરિકા'માં પ્રસારિત થયેલું છે.

અને રમકડાં પથ્થરની ઘંટીઓ હાથીદાંતની સોય, દાતરડાં, કરવતો, મેજ, ખુરશી, પલંગ, મીણબત્તી મૂકવા માટે શમાદાની અને શાહીના ખડિયા વગેરે ખોદકામ કરતાં મળી આવ્યાં છે.

મળી આવેલા અવશેષો ઉપરથી દ્રવિડ લોકો શાંત- વેપારી-ખેડૂત પ્રજા હતી એવું અનુમાન તારવી શકાય છે. તેમનો મુખ્ય વ્યવસાય તો વેપાર હતો, પરંતુ તેઓ ખેતી અને પશુપાલન પણ કરતા હતા. તેઓ ઘઉં, જવ, ચણા-વટાણા, તલ, રાઇ અને કપાસની ખેતી કરતા હતા. તે સમયે બેબિલોનમાં ભારતનું કાપડ ''સિંધુ' અને ગ્રીસમાં ''સિંદ'' નામે ઓળખાતું હતું. એ નામો જ સૂચવે છે કે ભારતનું કાપડ સપ્ત સિંધુના તટ પ્રદેશમાં વણાતું હશે એ ત્યાંથી ઉપરોક્ત દેશોમાં જતું હશે. એમ કહેવાય છે કે કાપડ બનાવવા માટે રૂનો સૌથી પ્રથમ ઉપયોગ તેમણે કર્યો હતો, મિસરમાં પણ ભારતીય કાપડ વપરાતું હતું તે ''મમી'' ને વીંટાડેલા કાપડ ઉપરથી જણાય છે. આ બધું જોતા જણાય છે કે તેઓ બીજા દેશોમાં પણ કાપડની નિકાસ કરતા હતા. કાંતણકામ અને વણાંટકામ ઉપરાંત કુંભારીકામ, સુથારીકામ, કડિયાકામ, શિલ્પકામ, સોનીકામ, લોંખડ સિવાયનું ધાતુકામ, હાથીદાંતકામ વગેરે ધંધાઓ વિકસ્યા હતા. વળી તેઓ કાપડ ઉપરાંત બીજી વસ્તુઓનો અફઘાનિસ્તાન, અરબસ્તાન, ઈરાન, ઈરાક, અર્થાત બેબિલોન, સિરિયા, ગ્રીસ, મિસર વગેરે જેવા દૂર દૂરના દેશો સાથે જમીન તથા જળ માર્ગે વેપાર કરતા હતા. આ જોતાં એવું લાગ્યા વિના રહેતું નથી કે દ્રવિડ લોકો ઘણા જ સમૃદ્ધ હતા અને સુખમય જીવન ગુજારતા હતા.

અલ્લાહ તઆલા પવિત્ર કુરઆનમાં ફરમાવે છે કે, ''દરેક કોમ માટે એક ઉપદેશક મોકલવામાં આવ્યો છે.'' ૧૩:૭ ''અને અમે પ્રત્યેક પયંગબરને ખાસ કરીને એટલા માટે મોકલ્યા છે કે અલ્લાહની આજ્ઞાઓ અનુસાર તેની તાબેદારી કરવામાં આવે.'' ૪: ૬૪ વળી આ પ્રજાનો વિનાશ થયો છે એટલે તેમને પહેલેથી તેમની અવજ્ઞા માટે સચેત કરવા કોઈક પયંગબર અલ્લાહે મોકલેલા હોવા જોઈએ. આ અંગે પવિત્ર કુરઆનમાં સ્પષ્ટતાપૂર્વક કહેવામાં આવ્યું છે કે, ''અને અમે કોઈ પ્રજાનો નાશ ત્યાં સુધી નથી કરતા જ્યાં સુધી તેમને સચેત કરવા કોઈ પયંગબર ન મોકલવામાં આવે.'' ૧૭:૧૫ આ આયતોથી ફલિત થાય છે કે કોઈ પણ પ્રજાના માર્ગદર્શન કે સચેત થવા માટે પયગંબર મોકલવામાં ન આવ્યા હોય એ અસંભવિત છે. અલ્લાહ તઆલાએ આ પ્રજા માટે પણ કોઈક પયગંબર મોકલ્યાજ હોવા જોઈએ. પરંતુ કયા અને

કેટલા પયગંબરો મોકલ્યા તેનો ઉલ્લેખ કે ઈશારો કુરઆને કરીમમાં કયાંયે મળતો નથી. એવા કેટલાયે પયગંબરો થઈ ગયા જેમના વૃત્તાંતો પવિત્ર કુરઆનમાં નથી. આ બાબતનો ખુલાસો કુરઆન શરીફની નીચેની આયતોમાંથી મળી રહે છે.

''અને (અમે બીજા) એવા પયગંબરો મોકલ્યા છે જેમનાં વૃત્તાંતો અમે તને પહેલાં કહી સંભળાવ્યા છે અને એવા પયગંબરો પણ મોકલ્યા છે જેમનાં વૃત્તાંતો હજી સુધી અમે તને વર્ણવ્યા નથી. '' ૪:૧૬૮

''અને જયારે નૂહની કોમે રસૂલોને જૂઠલાવ્યા ત્યારે અમે તેને ડૂબાડી દીધી અને લોકો માટે તેને ધડારૂપ બનાવી... અને (તેવીજ રીતે) આદ, સમૂદ અને રસ્સ લોકો અને તેમની વચ્ચે (ના કાળમાં) થઈ ગયેલી કેટલીયે પેઢીઓનો પણ નાશ કર્યો.'' ૨૫:૩૭-૩૮

આ કોમના લોકોની વાત અથવા તેના માર્ગદર્શન માટે મોકલેલા પયગંબરોની વાત પવિત્ર કુરઆનમાં આપવામાં આવી નથી તેથી જરા સરખોયે ફેર પડતો નથી. મુખ્ય મુદ્દો તો આવી કોમો પરથી ધડો કે શિખામણ લેવાનો છે. તેમાં કંઈ ફેર પડતો નથી. હજરત અબૂઝર રદી.થી રિવાયત છે કે ''કુલ પયગંબર અર્થાત નબીઓ, રસૂલો અને ઉપદેશકો એક લાખ ચોવીસ હજાર થઈ ગયા. જેમાં ૩૧૩ રસૂલો, આઠ હજાર નબીઓ થઈ ગયા.[૨] આ આઠ હજાર નબીઓ પૈકી ચાર હજાર બની ઈસરાઈલ માટે હતા. કુરઆન કરીમમાં ૨૫ પયગંબરોના વૃત્તાંતો અથવા તેમના જીવન-પ્રસંગો વર્ણવવામાં આવેલા છે.[૩] અહીં તમે પ્રશ્ન પૂછવા પ્રેરાશો કે જેમનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં કરવામાં આવ્યો નથી તેવા લોકોની કહાણી શા માટે લેવામાં આવી છે?

---

૨. મવાહિબ ૪ :૧૬૪ની આયતની તફસીર જુઓ.

૩. (૧) આદમ અલૈ. (૨) ઈદ્રીસ અલૈ. (૩) નૂહ અલૈ.
(૪) હૂદ અલૈ. (૫) સાલેહ અલૈ. (૬) ઈબ્રાહીમ અલૈ.
(૭) લૂત અલૈ. (૮) ઈસ્માઈલ અલૈ. (૯) ઈસ્હાક અલૈ.
(૧૦) યઅકૂબ અલૈ. (૧૧) યૂસુફ અલૈ. (૧૨) શુઐબ અલૈ.
(૧૩) મૂસા અલૈ. (૧૪) હારૂન અલૈ. (૧૫) યૂનુસ અલૈ.
(૧૬) દાવૂદ અલૈ. (૧૭) સુલૈમાન અલૈ. (૧૮)અલ-યસઅ અલૈ.
(૧૯) ઝકરિય્યા અલૈ. (૨૦) યહયા અલૈ. (૨૧) ઈસા અલૈ.
(૨૨) ઝુલ-કિફ્લ અલૈ. (૨૩) અય્યૂબ અલૈ. (૨૪) ઈલ્યાસ અલૈ.
(૨૫) હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

પાછળ તમે પવિત્ર કુરઆનની ૪:૧૬૪ની આયત વાંચી ગયા છો. તેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, "- એવા પયગંબરો પણ મોકલ્યા છે જેમનાં વૃત્તાંતો હજુ સુધી અમે તને વર્ણવ્યા નથી." આથી એવું કહી શકાય કે દ્રવિડ કોમ એવા પયગંબરોની કોમ કે જાતિની છે જેનું વર્ણન પવિત્ર કુરઆનમાં કરવામાં આવ્યું નથી એ તો હકીકત છે કે આ કોમ કોઈક સમયે અસ્તિત્વમાં હતી જ., એ દ્રષ્ટિએ એની કહાણી અહીં લેવામાં આવી છે. વળી અહીં એનું વૃત્તાંત આપવામાં એવા "પયગંબરો જેમનાં વૃત્તાંત પવિત્ર કુરઆનમાં આપવામાં આવ્યા નથી." એ કુરાનિક આયાતને બાહ્ય પુરાવો મળી રહે છે. તેથી આ કહાણી આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. આ દ્રવિડ કોમના અવશેષો ભારતના પુરાતત્વ ખાતાએ ખોદાવીને ઈ.સ. ૧૯૨૨ પછીના સમયમાં બહાર કઢાવ્યા છે એટલે હવે એ અવશેષો જોવાના ઘણા પ્રસંગો ભારતવાસીઓને ઉપલબ્ધ થાય છે, તેથી આપણે ભારતવાસીઓ બોધ લેતા રહીએ તે કારણે પણ આ કહાણી લેવામાં આવી છે. પવિત્ર કુરઆનમાં તે પ્રજાઓ અને જાતિઓના કિસ્સાઓના બોધદાયક પ્રસંગો લેવામાં આવ્યા છે. જેમનાથી અરબ લોકો સુમાહિતગાર હતા તથા તેમનાં રહેઠાણોનાં ખંડિયેરોમાં તેમની અવર જવર રહ્યા કરતી હતી. દ્રવિડ પ્રજાથી અરબ લોકો સાવ અજાણ હતા એટલે તેમાંથી બોધ લેવાનું તેમના માટે ઘણું અઘરૂં હતું. એટલે જ તેનો ઉલ્લેખ પવિત્ર કુરઆનમાં કરવામાં આવ્યો નથી. તે ઉપરાંત આ પ્રજાના રહેઠાણોના અવશેષો હજારો વરસો સુધી જમીનમાં દટાયેલાં પડી રહ્યાં હતાં. હવે તે પરિસ્થિતિ રહી નથી., આ અવશેષો જોઈ આપણને બોધપાઠ કે ઈબરત મળે તે માટે આ પુસ્તકમાં આ કહાણીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સંસ્કૃતિ ઇ.સ. પૂર્વે. ૪૦૦૦ થી માંડી ઈ.સ. પૂર્વે ૨૫૦૦ સુધી એટલે કે ૧૫૦૦ વર્ષ સુધી અસ્તિત્વમાં રહી. આટલા લાંબા સમય સુધી તેનું અસ્તિત્વ ટકી રહ્યું તેથી એવું કહી શકાય કે આ પ્રજા શરૂઆતમાં તૌહીદ પરસ્ત હોવી જોઈએ અને તેમાં થઈ ગયેલા પયગંબરોની આજ્ઞાઓના અને ઉપદેશકોના ઉપદેશ પ્રમાણે લોકો વર્તતા હોવા જોઈએ. પછી તૌહીદ-પરસ્તીમાંથી ગબડી પડીને મૂર્તિ પૂજામાં પડી ગઈ એમ ખોદકામમાંથી મળેલી મુદ્રાઓ પરથી માલુમ પડે છે. આ અવશેષોમાં અનેક પ્રકારની માટીની, તાંબાની તથા ખડીના નરમ પથ્થરની ચોરસ અને લંબચોરસ મુદ્રાઓ મળી

આવી છે. એ મુદ્રાઓ ઉપર માણસો, પ્રાણીઓ અને ઝાડોની આકૃતિઓ છે તથા તેમના ઉપર ચિત્રલિપિમાં લખાણ કરવામાં આવ્યું છે. આવી એક મુદ્રા પર પદ્માસન વાળીને યોગભાવમાં બેઠેલા ત્રણ મુખવાળા એક પુરુષની આકૃતિ છે. વિદ્વાનો આ પુરુષને શિવ માને છે. આ ઉપરાંત દેવીની મૂર્તિઓ પણ મળી આવેલી છે, જે પાર્વતીની હોવી જોઈએ. કેટલીક મુદ્રાઓ પર પીપળા, લીમડાના ઝાડોને મળતી આકૃતિઓ છે. તેથી એવું લાગે છે કે તેઓ ઝાડોની પૂજા પણ કરતા હોવા જઈએ. વળી કેટલીક મુદ્રાઓ પર ખૂંધવાળા અને ખૂંધ વિનાના બળદોની આકૃતિઓ દોરેલી છે. તેથી આ લોકો પ્રાણીઓની પણ પૂજા કરતા હશે એમ લાગ્યા વિના રહેતું નથી. આજે હિંદુઓમાં શિવ-પાર્વતીની, પીપળા અને સમીનાં વૃક્ષોની અને ગાયની પૂજા થાય છે, તેથી એવું ફલિત થાય છે કે આર્યોએ પરાજિત પ્રજાના દેવ-દેવીઓને પૂજાપાઠમાં અપનાવી લીધા. શિવ તો ખાસ કરીને અનાર્યોનો મુખ્ય દેવ હતો. આર્યોએ તેને અપનાવી લીધો છે એ હકીકત બધા જાણે છે.

વળી એવું પણ જણાય છે કે, આ પ્રજા જ્યારે ખૂબ જ સમૃદ્ધ બની ગઈ હશે ત્યારે તેનામાં ઘમંડ પ્રગટ્યું હશે. તેમના ઉપર વરસતી અલ્લાહની ન્યામતોને ભૂલી જઈ પોતાના બાહુબળ અને અક્કલ-હોશિયારીથી જ તેઓ સમૃદ્ધ અને સુખી બન્યા એવો ખ્યાલ તેમનામાં ઘર કરી બેઠો ત્યારે તેમણે એકજ અલ્લાહની બંદગી ત્યજી દઈ અન્યની પૂજા જેમ કે, શિવ, શક્તિ, ભૂમિ, વૃક્ષ, પથ્થર; પ્રાણીઓ જેવાં કે વાઘ, હાથી, ગેંડો; વૃક્ષો જેવા કે પીપળો, લીમડો, સમી અને સૂર્ય તથા નાગની પૂજા કરવા લાગ્યા. આ લોકો શક્તિમાં, ચાતુર્યમાં અને પોતાની પાછળ યાદગીરી મૂકી જવામાં પાવરધા બની ગયા ત્યારે ઈંટ- ચુનાનાં પાકાં મકાનો, શહેરને ફરતા પથ્થરના મજબૂત કિલ્લાઓ, જાહેર સ્નાનાગારો અને જાહેર મકાનો બાંધવામાં રચ્યાપચ્યા રહેતા હશે આવા ઘમંડમાં અલ્લાહને ભૂલી જઈ અન્યની આરાધના કે ભક્તિ કરવા લાગ્યા હશે ત્યારે મૂર્તિપૂજામાં સાંગોપાંગ ડૂબી ગયા હશે આ પરિસ્થિતિ હશે ત્યારે તેમને સચેત કરવા પયગંબરો તો આવ્યા જ હશે. જે બાબત પવિત્ર કુરઆનની ૬:૧૩૧ થી સાબિત થાય છે. તેમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, ''આ પયગંબરો મોકલવાનો ઉદ્દેશ એ છે કે તારો પરવરદિગાર કોઈ પ્રજાને કે જાતિને જોરજુલમથી ત્યાંના લોકો બેખબર હોય તેવી

પરિસ્થિતિમાં નાશ કરી નાંખતો નથી.'' અલ્લાહ તઆલા ત્યારે જ શિક્ષા કરે છે જ્યારે ''જે કોઈ અલ્લાહ અને તેના પયંગબરોનો વિરોધ કરે છે તો, નિ:સંદેહ અલ્લાહ તેને સખત શિક્ષા આપે છે.'' ૮:૧૩ દ્રવિડ રાજાના સઘળા લોકોએ (તેમના પર મોકલેલા.) પયગંબરોને જૂઠા માન્યા હશે ત્યારે ''તેઓ અલ્લાહના કોપને યોગ્ય ઠર્યા'' હશે. ૩૮:૧૪ અલ્લાહનો કોપ તેમના પર ઓચિંતો ઉતરી પડ્યો હશે.

આ પ્રજા ઉપર કેવા પ્રકારનો કોપ ઉતર્યો અર્થાત્ દ્રવિડ સંસ્કૃતિનું અધ:પતન કેવી રીતે થયું. તે માટે વિદ્વાનો કેટલાંક કારણો આપે છે. (૧) નદીઓમાં ભયંકર પૂર આવ્યાં હોય અને તેથી લોકો કાયમને માટે આ શહેરો છોડી ચાલ્યા ગયા હોય. આ કારણ યોગ્ય જણાતું નથી. ભયંકર પૂરમાં લોકો તથા તેમનું રાચરચીલું તણાઈ જાય અને મકાનો પડી જાય. લોકોનાં શબ પાણીમાં ફૂલીને કોહી જાય, તેવાં શબો મળ્યાં નથી. એક જ ઓરડામાંથી એકી સાથે ૧૪ શબ મળી આવ્યાં છે. એક શેરીમાં નાસવાને પ્રયત્ન કરતાં હોય તેવી હાલમતાં સ્ત્રીઓ-બાળકો સહીત ૬ શબો મળ્યાં છે. પાણીની રેલથી આવી સ્થિતિ સર્જાય નહીં. વળી આ સંસ્કૃતિનાં અવશેષો આગળ જોઈ ગયા તેમ બલુચિસ્તાન, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી પણ મળેલાં છે. ત્યાં નદીઓ ન હતી એથી સ્પષ્ટ પુરવાર થાય છે કે આ લોકો નદીઓના પાણીના પૂરથી નાશ પામ્યા નથી. (૨) આ શહેરો ઉપર કોઈક બળવાન જાતિના લોકોએ આક્રમણ કર્યુ હોય તેથી દ્રવિડોનો નાશ થયો હશે. આ કારણ પણ માનવા જેવું નથી. જો આક્રમણ થયું હોય તો તેમનાં સુંદર મકાનો કેમ પાડી નાખે. તેમને ગુલામ જ બનાવે અને તેમની પાસેથી કામ લે અને તેમના જ મકાનોમાં વિજયી પ્રજા વસી જાય.

એમના પર અલ્લાહનો કોપ ઊતર્યો એ હકીકત છે એટલે ભારે ભૂકંપ થયો હોવો જોઈએ અને તે ભૂકંપ આ પ્રજા જયાં જયાં વસતી હતી ત્યાં ત્યાં પણ થયો હોવો જોઈએ. ૧૯૩૦ના અરસામાં બિહારમાં ભારે ભૂકંપ થયો હતો ત્યારે તેના આંચકા ગુજરાતમાં પણ લાગ્યા હતાં તેના તો મારા જેવા ઘણા જાતઅનુભવના સાક્ષીઓ આજે પણ હશે. આવા ભારે ભૂકંપથી આ પ્રજા નાશ પામી હશે.

વિધ્વસ્ત પ્રજાઓની કહાણીઓ વાંચતાં એવું તારતમ્ય નીકળે છે કે,

"દરેક પ્રજા ત્રણ અવસ્થા ભોગવે છે. પ્રથમ ઉત્થાન, પછી ઉત્થાનના પરિણામ રૂપે ઘમંડ, કૃત્ઘ્નતા અને અન્યાય, અને અંતે પતન." ઉત્થાનની દશામાં જે તે પ્રજા તૌહીદ-પરસ્તી અર્થાત અલ્લાહની બંદગી કરતી રહે છે તથા તેની આપેલી ન્યામતોનો ઉપકાર માનતી રહે છે, પછી જ્યારે ઘમંડી દશામાં આવે છે ત્યારે અલ્લાહ તઆલાને ભૂલી જઈ શિર્ક અર્થાત્ ઈશ્વરપણાની ભાગીદારીમાં માનતી થઈ જાય છે અને અન્યની પૂજા કર્યા કરે છે, ત્યારે વળી તે પ્રજા અન્યાયથી વર્તે છે. અને અલ્લાહતઆલાએ બક્ષેલી ન્યામતો માટે તેનો ઉપકાર માનતી નથી, છેવટે તેનું પતન થાય છે. અલ્લાહ ત્યારે ખૂબ જ કોપાયમાન થાય છે અને કોઈક અઝાબ અર્થાત આપત્તિ નાંખી તેનો નાશ કરે છે.

પવિત્ર કુરઆનમાં અલ્લાહ તઆલા જાતે ફરમાવે છે કે, "જે પાપી હતી તેવી કેટલીયે પ્રજાઓનો અમે નાશ કરી નાંખ્યો અને પછી અમે બીજા લોકો પેદા કર્યા." ૨૧:૧૧

"અને નૂહની પછી અમે કેટલાંયે પેઢીઓનો નાશ કરી નાંખ્યો." ૧૭:૧૭

"અમે કેટલીયે વસ્તીઓનો નાશ કરી ચૂકયા છીએ." ૭:૪

કઈ કઈ પેઢીઓનો તથા કઈ કઈ પ્રજાઓનો કે જાતિઓનો નાશ થયો છે તેમની પૂરી નામાવલિ પવિત્ર કુરઆનમાં કયાંય આપવામાં આવી નથી. પરંતુ નાશ કરવામાં આવેલી કેટલીક પેઢીઓનો, કેટલીક પ્રજાઓનો કે જાતિઓનો ઉલ્લેખ થયેલો છે: જેમકે "અને (હે રસૂલ ! ) જો આ લોકો (અર્થાત્ મક્કાવાસીઓ) તને જૂઠલાવે તો આશ્ચર્ય પામતો ના: કારણ તેમની પહેલાં નૂહની કોમે અને આદ પ્રજાએ તથા સમૂદ જાતિએ અને ઈબ્રાહીમની પ્રજાએ તથા લૂતની કોમે અને મદયન લોકોએ (એટલે કે શૂઐબની કોમના લોકોએ) પોતપોતાના પયગંબરોને જૂઠલાવ્યા હતા અને મૂસાને પણ જૂઠલાવવામાં આવ્યા હતા. પછી આવા ઈમાન ન લાવનારાઓને અમે પૂરતી તક આપી હતી અને ત્યારપછી અમે તેમની ધરપકડ કરી હતી. જોઈ લો. તેમનાં ખરાબ વર્તનના કારણે મારો પ્રકોપ એવો તો પ્રગટ્યો કે તેમની હાલતનું પરિવર્તન કરી નાંખ્યું. એવી બીજી કેટલીયે પ્રજાઓનો મારી નાફરમાની કરવાના કારણે મેં નાશ કરી નાંખ્યો. " ૨૨:૪૨ થી ૪૫.

વળી ૫૦:૧૨થી ૧૪ની આયતોમાં પણ નાશ કરવામાં આવેલી પ્રજાઓનો ઉલ્લેખ થયેલો છે; "તેમની પહેલાં નૂહની કોમે તથા અસહાબે રસ્સ લોકોએ તથા સમૂદની જાતિએ જૂઠલાવ્યું હતું અને આદ પ્રજાએ તથા ફિરઓનની જાતિએ તથા લૂતની કોમે પણ જૂઠલાવ્યું હતું અને અસહાબે અયકા અને તુબ્બ પ્રજાએ પણ. આ સઘળાઓએ રસૂલોને જૂઠલાવ્યા પછી અમારા અઝાબનો અર્થાત પ્રકોપનો વાયદો પૂર્ણ થઈને રહ્યો."

આ પ્રજાઓ નાશ પામી તેવીજ રીતે તેવાંજ કારણોસર આ દ્રવિડ પ્રજા પણ નાશ પામી. આજે તેની જગાએ બીજા લોકો વસેલા છે. એ તો આપણે નજરે નિહાળીએ છીએ. ત્યારે આ કહાણીથી આપણે એવો બોધપાઠ લઈશું કે, અલ્લાહ સિવાય બીજા કોઈની બંદગી આપણે કરવી જોઈએ નહીં. અને આપણા સમયના પયગંબરે જે હિદાયત આપી છે તે પ્રમાણે વર્તીશું. આપણા પયંગબર અર્થાત આજના સર્વ લોકોના પયગંબર હજરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) છે. તેઓ આખરી પયગંબર છે.[૪] તેમના પછી કોઈ પયંગબર થવાના નથી એ બાબત પવિત્ર કુરઆનમાં સ્પષ્ટતાથી આપવામાં આવી છે. તેમણે આપેલો સંદેશ સર્વ કાલીન (Eternal) છે એટલે તેમના સંદેશામાં સમાવિષ્ટ થયેલા માર્ગદર્શન પ્રમાણે જીવનમાં પ્રત્યેક પ્રજાજને આચરણ કરવું ઘટે. જો તેમ કરવામાં કોઈપણ ધર્મના લોકો કે કોઇ પણ પ્રજાજન અલિપ્ત રહેશે તો તેમને દોઝખના અગ્નિકુંડમાં સદા સર્વદા બળ્યા કરવું પડશે. એ નિશ્ચિત બાબત છે.

જગતભરની કોઈપણ વાત કુરઆનની વાતોથી બહેતર નથી. તથા ૭:૧૭૬ ની આયતમાં આપેલા આદેશ " (હે રસૂલ!) આ કિસ્સાઓમાં (અમારી નિશાનીઓ જૂઠી ગણે છે) તેમને સંભળાવતા રહો, કદાચિત તેઓ વિચાર કરે." આ બાબતોને લક્ષમાં લઇ વિધ્વસ્ત પ્રજાઓની કહાણીઓ કહેવામાં આવી છે. કે જેથી તેમાંથી લોકો બોધપાઠ લે અને વિચારીને વર્તે.

---

૪. જુઓ ૩૩:૪૦ની આયત.